
કુમાર



'લખ્યંત ખાક પડી આંહી કોઈના લાડકવાયાની'
કલાકાર એસ. એન. વાઘેલાના મોઝેઈક ચિત્રનો એક ભાગ
(જુઓ આ અંકની કલાવાર્તા)

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૮મું · અંક ૫મો · માહે મે · ઈ. ૧૯૭૧ · સળંગ અંક ૫૬૯



ગૌરવ અને પ્રતિષ્ઠામાં પગલાં

કલાકાર
મોહન સામંત

કલાકારે આ ચિત્રનું (અંગ્રેજીમાં) ઉપર્યુક્ત નામ આપ્યું છે. એમને એમ કહેવું લાગે છે કે ગૌરવ અને પ્રતિષ્ઠાવિહીન યૌવન નિરર્થક છે. જીવનન
એક નવા તબક્કામાં પ્રવેશતા નવયુવાન નાયકને આલેખીને તેમણે આસપાસ એની યોગ્યતાનાં પાસાં સૂચવ્યાં જણાય છે. ડાબી બાજુ મથાળે
પંખો નાખતી દાસી ઐશ્વર્યનું, જમણી બાજુ મથાળેના આલેખનમાં પુસ્તક દર્શાવીને અભ્યાસશીલતા કે જ્ઞાનનું, સ્ત્રીપાત્રો દ્વારા સંસારસુખ
તેની પાછળ મૂકેલા સર્પ દ્વારા તેનાં ભયસ્થાનોનું સૂચન કર્યું હશે? યૌવનમાં પુરુષાર્થ તો ડગલે ને પગલે આવશ્યક છે. શું એટલે જ ચિત્રકા
નાયકના પગ પાસે ધનુર્ધારી પાત્રો મૂક્યાં તેનું સૂચન કર્યું હશે? જીવનના વ્યાપમાં આ બધાં ક્ષેત્રો પર નાયકને પદાર્પણ કરવાનું થશે એ સૂચવવ
કલાકારે ફરીફરીને પગલાં આલેખ્યાં હશે? હકીકતે ચિત્રકારના જે વિચારો હોય તે, પણ છ વર્ષના વિદેશવાસ દરમિયાન પશ્ચિમની અનેકવિધ
આધુનિક શૈલીઓના પરિચયમાં [illegible] ભારતીયતાથી ચલિત થયા નથી એ તો આ ચિત્રનાં સંયોજન

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાનાં પ્રકાશનો

જીવનચરિત્રો

દલપતરામ : એક અધ્યયન	૬-૨૫
શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી	૬-૩૮
મીરાંબાઈ – એક મનન	૬-૭૫
ટૉમસ આલ્વા એડીસન	૩-૨૪
શ્રી હરિભદ્રસૂરી	૮-૫૦
कै रा. पो. माणिकराव	૧-૦૦
ભારત-રત્ન	૧૨-૦૦
પ્રો. ત્રિ. કે. ગજ્જર	૫-૫૦

પ્રવાસવર્ણન ને ભૌગોલિક

ઉત્તરાપથ	૪-૦૦
દક્ષિણ કૈલાસદર્શન	૬-૭૫
રેવાને તીરે તીરે	૬-૫૦
કૈલાસ	૧૦-૦૦
અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા	૪-૨૫
બહુચરાજી	૨-૫૦
ગુજરાત : એક દર્શન	૧૨-૦૦

વિજ્ઞાન

વિજ્ઞાનવિનોદ	૨-૭૫
આપણું વિશ્વ	૬-૮૦
આપણી ખનિજ-સંપત્તિ	૩-૦૦
વનસ્પતિશાસ્ત્ર	૫-૦૦
પેટ્રોલિયમ	૧૦-૦૦

ધર્મવિષયક

ધર્મવર્ણન	૩-૨૫
હિન્દુ વેદધર્મ	૪-૭૫
આનંદમીમાંસા	૪-૦૦
નીતિશાસ્ત્ર	૭-૪૦
પંચદશી-તાત્પર્ય	૪-૬૦

સ્ત્રીવિષયક

हिंदु कायद्यांत स्त्रियांचें स्थान	૧-૧૩
ભારતના સમાજમાં વિધવાનું સ્થાન	૩-૪૦

બાલોપયોગી

વરદાન	૧-૧૦
શકુંતલા	૧-૫૦
તરવાની કળા	૧-૮૦
જીવનસુવાસ	૧-૦૦
રમકડાં પોથી	૫-૫૦
હિતોપદેશની વાર્તાઓ ભા. ૧-૨	૨-૪૦
પંચતંત્રની વાર્તાઓ ભા. ૧-૨	૪-૪૫

સાહિત્યવિષયક

કાવ્યની શક્તિ	૩-૫૦
સાહિત્ય વિમર્શ	૩-૫૦
ગુજરાતી ભાષાશાસ્ત્ર ભાગ ૨ : ખંડ ૩	૮-૦૦
વડોદરા રાજ્યની સાહિત્ય-પ્રવૃત્તિઓ	૩-૨૫
ઐતિહાસિક લેખસંગ્રહ	૧૪-૦૦
સાહિત્યમીમાંસાના બે પ્રશ્નો	૦-૫૦
ફારસી સાહિત્યનો ઇતિહાસ	૪-૫૦
સિંહાસન બત્રીસી	૧૨-૦૦

ઐતિહાસિક

મહાગુજરાતના મુસલમાનો ભા. ૧-૨	૧૩-૦૦
ઓખા-મંડળના વાઘેર	૧૦-૦૦

બાલવાડી માટે

બાળકો માટે વાનગીઓ	૦-૭૫
બાળકોમાં શિસ્તપાલન	૦-૪૪
બાળકોને જાતિયજ્ઞાન	૦-૫૦
રમકડાં પોથી	૫-૫૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર કૃત

સોવિયેટ નવજુવાની	૧-૭૫
કવિતાશિક્ષણ	૨-૨૫
ગોપીહૃદય	૨-૨૫
આપણી કવિતાસમૃદ્ધિ	૩-૦૦
વિવિધ વ્યાખ્યાનો	
,, ગુચ્છ ૧	૧-૭૫
,, ગુચ્છ ૨	૧-૭૫
નિરુત્તમા	૨-૦૦
વિક્રમોર્વશી	૧-૭૫
પ્રયોગશાળા ૧-૨-૩	૧-૫૦
કાલિદાસનાં નાટકો	૦-૧૯
પ્રવેશકો, ગુચ્છ ૧	૩-૫૦
,, ,, ૨	૨-૪૦
મ્હારાં સૉનેટ	૩-૦૦
નવીન કવિતા	૩-૦૦
અખંડ વિદ્યાધર રાસ	૩-૦૦
પ્રો. બ. ક. ઠાકોરની દિન્કી ભા. ૧	૧-૫૦
પ્રો. બ. ક. ઠાકોર : અધ્યયનગ્રંથ	૧૨-૦૦

અન્ય પ્રકાશનો

ભારતીય સમાજશાસ્ત્ર	૩-૪૪
ભારતીય સંસ્કૃતિ (સંક્ષિપ્ત)	૩-૦૦
સમાજવિદ્યા તરફ એક નવો દૃષ્ટિકોણ	૪-૦૦
માનવસર્જિત વસ્ત્રતંતુઓ	૮-૦૦
પુરાવસ્તુવિદ્યા	૭-૫૦
પ્રમાણશાસ્ત્ર	૭-૫૦
ભારતીય સૌંદર્યશાસ્ત્ર	૨-૭૫
કુદરતની રીતે વધુ આરોગ્ય	૫-૬૦
ગુજરાતી સ્વર-વ્યંજનમાળા	૧-૭૫
આર્થિક આયોજન	૬-૦૦
ખેતી સુધારણની વાતો	૩-૨૫
અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ	૧૮-૦૦

ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય-ગ્રંથશ્રેણી

નાટ્યશિક્ષણનાં મૂળ તત્ત્વો	૩-૫૦
ગુજરાતી બિનધંધાદારી રંગભૂમિનો ઇતિહાસ	૨-૫૦
નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય	૨-૫૦
અભિનેય નાટકો	૪-૦૦
સં. ભારત નાટ્યશાસ્ત્ર	૩-૦૦
ગુલાબ	૨-૦૦
નાટ્યપ્રયોગ શિલ્પ	૫-૦૦
सितार-दर्पण	૪-૦૦
ભવાઈના વેશની વાર્તાઓ	૨-૪૦

યુનિવર્સિટી પબ્લિકેશન્સ સેલ્સ યુનિટ, રાજમહાલ દરવાજા પાસે, વડોદરા

મે ૧૯૭૨ • અંક ૫૬૯

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ: રૂ ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ ૧-૭૫.

વાચકો લખે છે

"ગયા ઑક્ટોબર મહિનામાં જ મારે જેમની સાથે પત્રવ્યવહાર દ્વારા પરિચય થયો છે અને જેમના વિષે વધુ જાણવાની ઉત્કંઠા જાગી હતી તે શ્રી રૂબીન ડેવિડનું ચરિત્ર 'કુમાર'માં આવી ગયું તેથી મને અત્યંત આનંદ થયો."

અમારા મકાનમાં જમીનથી ૧૧ ફીટ ઊંચેના છજા ઉપર કુળિયામાંથી વેલ ચડાવી છે અને તેની પાછળ એક ઢેલે છ ઈંડાં મૂક્યાં હતાં. લગભગ આખો દિવસ અને રાત ઢેલ ઇંડાં સેવવા તેના ઉપર બેસી રહેતી. મારી પુત્રી નયના દરરોજ અગાસી ઉપરથી આ જોયા કરતી અને કહેતી કે બચ્ચાં થાય તેમાંથી એક મોર આપણે પાળશો છો! મને મનમાં ભય હતો કે આ જગ્યાએ ઇંડાં અથવા બચ્ચાં બિલાડીની નજરથી બચશે નહિ અને વહેલાંમોડાં તેનો શિકાર થઈ જ જવાનાં. અને એક દિવસ સવારે ખરેખર બિલાડીએ તરાપ મારી, ને ઢેલ ચીચિયારી કરતી ઊડી ગઈ. અગાસી ઉપર જઇ જોયું તો બિલાડી ઇંડાં ઉપર લાંબા પગ કરી બેસી ગઈ હતી. લાકડી લઇ બિલાડીને ભગાડી તો ઇંડાં સાબૂત હતાં, પરંતુ હવે કેટલા દિવસ ઢેલને અને ઇંડાંને બચાવી શકાશે અને બચ્ચાં નીકળે ત્યારે શું કરવું જરૂરી ગણાય તે મોટો કોયડો થઈ પડ્યો. અમદાવાદના ઝૂ-સુપરિન્ટેન્ડેન્ટની સિદ્ધિઓ માટે દૈનિક પત્રોમાં બે-ત્રણ વાર લખાણ આવેલું તે મને યાદ આવ્યું (તેમનું નામ તો યાદ નહોતું રહ્યું). એટલે આ બારામાં સલાહ માગવા તેમને પત્ર લખવાનો વિચાર કરતો જ હતો, ત્યાં 'ગુજરાત સમાચાર'માં 'વન્યપ્રાણી સપ્તાહ' અંગેનો તેમનો લેખ વાંચવામાં આવ્યો અને મેં શ્રી ડેવિડને ઢેલ, ઇંડાં અને બિલાડીની બધી વિગત લખી મોકલી. તેમનો જે ઉત્તર આવ્યો તે આ સાથે મોકલાવું છું.

મારા જેવી સાવ અપરિચિત વ્યક્તિને શ્રી ડેવિડે લખેલા આ પત્રમાં ઝીણી વિગતો માટેની તેમની ચીવટ, મદદરૂપ થવાની તત્પરતા, તેમના વિષયમાં તેમની પારંગતતા અને છતાં અત્યંત વિનમ્ર એવા તેમના આખા વ્યક્તિત્વનું પ્રતિબિંબ દેખાઈ આવે છે. આપને યોગ્ય લાગે અને આ પત્ર છાપશો તો 'કુમાર'ના વાચકોને શ્રી ડેવિડનો સીધો પરિચય થવા ઉપરાંત મોર વિષે રસિક માહિતી પણ મળશે.

શ્રી ડેવીડનો પત્ર મળ્યા પછી બીજે જ દિવસે ઈંડાંમાંથી છ બચ્ચાં નીકળ્યાં હતાં. તેઓની સૂચનાનું પાલન કરી બચ્ચાંઓને તરત છજા ઉપરથી લઈ લીધાં હોત તો છ યે છ બચ્ચાં જીવી ગયાં હોત. પરંતુ મેં તેમ ન કર્યું, અને પહેલી રાત્રે જ બિલાડીએ પાંચ બચ્ચાંનો શિકાર કરી નાખ્યો. એક બચ્ચું ન સમજી શકાય તેવી રીતે બચી ગયું અને સવારે એક પાછલા કુળિયામાંથી મળી આવ્યું. શ્રી ડેવિડની સલાહ અને સૂચનો મુજબ અમે તેને ઉછેરીએ છીએ. એક અઠવાડિયા પછી તે બે મહિનાનું થશે. તેઓએ હજુપણ મોરના આ બચ્ચાના ઉછેરમાં રસ લઈ મારા પાત્રોના ઉત્તર લખવાનું અને સલાહ-સૂચનો આપવાનું ચાલુ રાખ્યું છે.



નયનાના હાથમાં મોરનું બચ્ચું

શ્રી રૂબીન ડેવિડનો પરિચય કરાવવા માટે શ્રી વિજયગુપ્ત મૌર્યને અને આપને મારા હાર્દિક ધન્યવાદ.

(રાજકોટ) —કિશોર કા. ગોહિલ

શ્રી ડેવિડનો પત્ર

આપે મોર બાબતમાં પુછાવેલી હકીકત બાબતમાં જણાવવાનું જે, મારી સમજમાં આવતું નથી કે આટલી ઊંચાઈવાળા રહેઠાણમાં ઢેલે કેવી રીતે ઈંડાં મૂક્યાં. સામાન્યરીતે ઢેલ ખેતરોમાં ઝાડીવાળી ગીચ જગ્યાએ જ્યાં બીજાં પશુ પક્ષીઓથી ઇંડાં અને બચ્ચાંઓનું રક્ષણ થઈ શકે તેવી સુરક્ષિત જગ્યામાં ઈંડાં મુકીને બચ્ચાંનો ઉછેર કરે છે. તમારા મકાનમાં આટલી ઊંચાઇએ ઈંડાં મૂકેલાં છે, જેથી મારા મતે બચ્ચાંઓ માળામાંથી પડી જઇ તે મરી જવાનો ભય રહે છે. તેમજ આટલી ઊંચાઇએ તેમને ખોરાક પણ ન મળી શકે. મોરનાં બચ્ચાંઓને બીજાં પક્ષીઓની માફક માદા અગર નર ચાંચ વતીથી ખવડાવતાં નથી, પણ મોરનાં બચ્ચાં જન્મથી પોતાની મેળે ઝીણી જીવાત, દાણા વ૦ ખાય તેવાં સ્વાવલંબી હોય છે. પણ જો આપને તેનો ઉછેર કરવો હોય તો ક્યાંકથી કડક મરઘી (broody hen) મેળવી ગરમી મળી શકે તેવા રૂમમાં આ મરઘી નીચે ઇંડાં સેવવા મૂકી દેવાં. મોરનાં ઈંડાં ૨૯ દિવસ સેવાયા બાદ તેમાંથી બચ્ચાં નીકળે છે. એટલે કદાચ આપને ત્યાં પણ આ બચ્ચાંઓ ઈંડાંમાંથી નીકળી ગયાં હશે અને ન નીકળ્યાં હોય તો કદાચ ઇંડાં ખરાબ થઈ ગયાં હશે તેમ હું માનું છું. બચ્ચાં ઇંડાંમાંથી નીકળ્યા બાદ ૨૪ કલાક સુધી તેની ખોરાકની કોઈ પણ જરૂરત રહેતી નથી, ફક્ત તેને ગરમીની જરૂર રહે છે. પછીથી તેને ૩ થી ૪ દિવસ સુધી બાફેલા ઇંડાની દાળ (yolk of hard boiled egg) હાથથી મસળી, ભૂકો કરી દિવસમાં ત્રણ વખત આપવી અને પીવાના પાણીનું વાસણ પણ છીછરું મૂકવું જેથી બચ્ચાં પાણીમાં ડૂબી ન જાય. ત્યાર બાદ તેમને ઝીણી ભરડેલી બાજરી દિવસમાં બે વખત આપવી. બાજરીનું પ્રમાણ એટલું રાખવું કે તે સવારમાં ૮ વાગ્યે આપી હોય તો ૧૦ વાગ્યા સુધી ખાઈ જાય અને બપોરે પણ આ રીતે આપવી. જેમ બચ્ચાંઓ મોટાં થતાં જાય તેમ ભરડેલી બાજરી બંધ કરી આખી બાજરી મૂકવી. રાજકોટમાં મળી શકતું હોય તો હિન્દુસ્તાન લીવર લિ.નું બનાવેલું ચીકન મેશ (chicken mesh) બાજરીને બદલે આપો તો સારું. આ ઉપરાંત એ રૂમમાં પાલખની ભાજી અગર તાંદળજાની ભાજીની ઝૂડી બાંધી રાખવી જેથી બચ્ચા પોતાની જાતે તેમાંથી ભાજી તોડીને ખાશે. જેમ જેમ બચ્ચાં મોટાં થતાં જાય તેમ તેમ તેમના ખોરાકના પ્રમાણમાં વધારો કરવો અને આ રીતે રૂમમાં બચ્ચાં ઉછેરશો તો જ અકસ્માત અગર જંગલી બિલાડી વગેરેથી તેમનો બચાવ થઈ શકશે. મને ખાત્રી છે કે આટલું માર્ગદર્શન આપને ઉપયોગી નીવડશે. ભવિષ્યમાં કોઈ માહિતીની જરૂર હોય તો વિના સંકોચે જણાવશો. મોર અને મોરની જાતો નાનાં પક્ષીઓ માફક ઊડી શકતાં નથી પરંતુ ખોરાક, રહેઠાણ અને સલામતીને ખાતર ટૂંકા અંતરે ઊડી શકે તેવું પક્ષી છે. બચ્ચાં અઠવાડિયાનાં થતાં થોડું ઊડી શકે છે.

તા. ક. બિલાડીની બાબતમાં જણાવવાનું કે રાની બિલાડીઓ હોય તો ઢેલનો શિકાર કરીને મારી નાખે પણ સામાન્ય બિલાડી હોય તો ઢેલ તેના ઉપર હુમલો કરીને નસાડી મૂકે. તમે જે બિલાડી બાબતમાં જણાવ્યું છે તે કદાચ ઇંડાંની ગરમીની હૂંફ લાગવાથી તેના ઉપર બેસી ગઈ હોય. બિલાડી આટલું મોટું ઈંડું હોય તો તોડી ન નાખે, પણ ફૂટેલું હોય તો તેમાંથી નીકળતી જરદી ખાઈ જાય.

—રૂબીન ડેવિડ

થોડા દિવસ પહેલાં હું હૈદરાબાદ ગએલો ત્યારે ત્યાંથી ગોણોસોએક માઈલ દૂર વરંગલનો કિલ્લો અને તેનાથી થોડે દૂર રામપ્પાનાં મંદિરો જોવાનો મને લાભ મળ્યો હતો. કિલ્લો અને મંદિરો આંધ્રના પ્રાચીન કાકતીય રાજવંશના રાજવીઓએ બંધાવેલાં છે. કિલ્લો તો ખંડેર થઈ ગયો છે, ને મંદિરોમાં એક હજી ઊભું છે,–બીજાં જીર્ણ થઈ ગયાં છે. કિલ્લાની ચારે દિશાના ચાર દરવાજા હજી ઊભા છે. દરવાજાઓ પર બન્ને બાજુ એકેક પક્ષી બેસાડવામાં આવ્યું છે. મને એ કૂકડા જેવું લાગ્યું; મારા સાથીને એ મોર જેવું લાગ્યું; અને હૈદરાબાદના બે તેલુગુ વિદ્વાનોએ કહ્યું કે એ હંસ છે. ચાલુક્યો ને કાકતીયો વચ્ચે કશોક સંબંધ હોવાનું પણ એ વિદ્વાનોએ કહ્યું. આ જો સાચું હોય તો કુક્કટને અને આ શિલ્પને કંઈ સંબંધ હોઈ શકે ખરો?

કિલ્લામાંનું મંદિર અને રામપ્પાનાં મંદિરો શિવમંદિર છે, પણ કિલ્લામાં મહાવીર અને બુદ્ધની મૂર્તિઓ પણ છે; અને રામપ્પાના મંદિરની પૅનલ પર, કંઈ નહિ તો આઠદસ સ્થળે મહાવીર જોવા મળે છે. રામપ્પાની પૅનલમાં નૃસિંહાવતાર, સમુદ્રમંથન, માતૃકાઓ, કૂર્માવતાર, બંસીધર કૃષ્ણ વગેરે પણ છે. हस्तिना ताड्यमानोऽपि न गच्छेत् जिनमंदिरम्-માં વ્યક્ત થતું, જૈનો અને બ્રાહ્મણો વચ્ચેનું, આપણી તરફ જૂના વખતમાં જોવામાં આવતું વૈમનસ્ય આંધ્રના આ તરફના ભાગમાં નહિ હોય? શિવમંદિરમાં જૈન અને વૈષ્ણવ પ્રતિમાઓનું આ સ્થાન ધાર્મિક સહિષ્ણુતાને લીધે હશે? ઇતિહાસ અને પુરાતત્ત્વના કોઈ અધિકારી વિદ્વાન આ વિષય પર પ્રકાશ ફેંકશે તો આભારી થઈશ.

૫૯૮મા અંકના પૃ. ૧૨૬ ઉપર જે શરણાગત મંત્ર છાપ્યો છે તેમાં ચાર ભૂલો છે: (૧) परित्राणपरायणी નહિ, પણ परित्राणपरायणे જોઇએ; (૨) शरणागतदीनार्त्त ને परित्राण परायणे બે શબ્દો નથી, એક જ શબ્દ છે. (૩) બીજી પંક્તિમાં देवी નહિ, પણ देवि જોઇએ; ને (૪) नारायणी નહિ, પણ नारायणि જોઇએ.

(વિલે પારલે) —મનસુખલાલ ઝવેરી

જાન્યુ. '૭૧ના 'કુમાર'માં ચાર્લ્સ દ ગૉલનું ચરિત્ર સરસ છે. પરંતુ એક વસ્તુ ખૂંચી. 'કુમાર' હંમેશાં પરદેશી ભાષાના ઉચ્ચારોની બાબતમાં ખૂબ ચોક્કસ હોય છે. અને કદાચ સૌપ્રથમ વાર Parisનો ખરો ઉચ્ચાર પારી(સ) એણે જ વાચકો સમક્ષ મૂક્યો છે. આ લેખમાં પણ વર્દું વગેરે બરાબર લખાયા છે, પરંતુ પૃ. ૭ પર જમણી બાજુ પહેલા જ પૅરામાં 'ઇકોલ દ ગ્યુરે' છપાયું છે, તે ખોટું છે.

ફ્રેન્ચ ભાષામાં યુદ્ધ માટેના શબ્દ Gurreનો ઉચ્ચાર 'ગેર' થાય છે. મેં દ' ગૉલના ચરિત્રમાં ગ્યુરે વાંચ્યું ત્યારે જ થયું હતું કે આમાં કંઈક ભૂલ છે, પરંતુ લેખમાં મૂળ ફ્રેન્ચ અપાયું નહોતું અને મારી પાસે બીજી કોઈ વિગતો નહોતી. પણ હમણાં ૨૨ નવેમ્બર, ૧૯૭૦નું પારી(સ)થી પ્રગટ થતું ફ્રેન્ચ સાપ્તાહિક L' Express જોયું, તેમાં દ' ગૉલના ચરિત્રમાં આ શાળાનો ઉલ્લેખ છે. શાળાનું નામ છે 'L' ecole Superieure de Guerre' જેનો ઉચ્ચાર "લે' કોલ સુપેરીઅર દ ગેર'.'

(ઘાટકોપર) —બાબુભાઈ કારાણી

ફેબ્રુઆરી 'કુમાર'માં શ્રી દેવજીભાઈ વાજા 'વાચકો લખે છે' વિભાગમાં સતીના પાળિયાના ચાર પ્રકાર ગણાવે છે તે બરાબર નથી. સતીનો હાથ એ જ એક પ્રકાર છે. ક્યાંક હાથ સાથે જ્યોત કે ચાંદોસૂરજ હોય છે. ખાંભી ને કેશ જેવા અણઘડ પથ્થરો પણ સતીની સ્મૃતિ અર્થે મૂકેલા, પૂજાતા જોવા મળે છે.

હા, આ હાથવાળા પાળિયામાં બે પ્રકાર છે: એક પતિ પાછળ સતી થએલીના ને બીજા ભાઈ પાછળ સતી થએલીના. સૌરાષ્ટ્રમાં ભાઈ પાછળ સતી થએલીના બે પાળિયા પોરબંદર પુરાતત્ત્વ સંશોધન મંડળે નોંધ્યા છે, જે વિસાવાડા અને મિયાણીમાં આવેલા છે. કૂવે પડીને કે સર્પદંશથી થએલાં મૃત્યુ પાછળ મુકાતા પાળિયા 'અવગતિયાના પાળિયા' ગણાય છે, જે મુ. શ્રી મણિભાઈએ યોગ્ય જ બતાવ્યું છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

અંક ૫૬૬ના પૃ. ૫૫–૫૬ ઉપર 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં વિષય ૫૩૩માં સહજ નામફેર થઈ ગયાં છે તે નીચે મુજબ જોઇએ: ત્રીજી લીટીમાં 'નાથાભાઈ દેસાઈભાઈ' લખ્યું છે તેને બદલે 'દેસાઈભાઈ નાથાભાઈ' જોઈએ; ને વિષય ૫૩૭માં 'મિ. આર્મસ્ટ્રૉંગ' લખ્યું છે તેને બદલે 'સર ટૉમસ સ્ટ્રૅન્ગમૅન જોઈએ'.

(અમદાવાદ) —જ. દ. પંડ્યા

હાલ થોડા સમયથી ડૉ. શિવપ્રસાદની લેખમાળા શરૂ થએલ છે તે ખૂબ જ સરસ છે. મારું એ વિષે એક નમ્ર સૂચન છે કે, આ લેખમાળામાં ડૉ. શિવપ્રસાદ (લ્યુકોરિયા શ્વેતપ્રદર)-નો મુદ્દો વિસ્તારપૂર્વક ચર્ચે. મારે તેના માટેનું યોગ્ય માર્ગદર્શન જોઈએ છે. આ સૂચન માટે ઘણા સમયથી વિચારતી હતી; હવે યોગ્ય તક મળી છે તેથી મને આનંદ થયો છે. બીજું ફેબ્રુઆરી અંકમાં 'મોઢાનાં ચાંદાં' માટે ઉપાયો બતાવેલા છે. તેને તાત્કાલિક મટાડવા માટે

'ફટકડીના કોગળા' ઉત્તમ છે. મને વારંવાર મોઢામાં ચાંદાં થઈ આવતાં તેના માટે મેં ઘણા પ્રયત્નો કર્યા, પણ સંતોષકારક રાહત મળતી ન હતી. પણ ફટકડીથી તરત જ મટી ગયાં.

—શ્રીમતી બારોટ કે. એચ.

આપણા ગુજરાત રાજ્યમાં 'વનપર્યટન સંઘ' ચાલે છે, એ બહુ ઓછા યુવાન મિત્રોને ખબર હશે. આગામી મે ૨૦ થી ૩૧ સુધી સંઘની એક ટુકડી વન્ય સૃષ્ટિના અભ્યાસ માટે સાસણ(ગિર)નાં જંગલોમાં જનાર છે. આવી ટુકડીઓ ત્યાં માચડા (મચાન) બાંધી આઠ દિવસ સુધી દિનરાત નિવાસ કરશે ને વન્યસૃષ્ટિનો અભ્યાસ કરશે. આ પ્રવૃત્તિ તદ્દન અહિંસક છે. ગુજરાતના યૌવનધનને સાહસ-ક્ષેત્રે પ્રેરણા બક્ષવાનું સંઘનું મૂળ ધ્યેય છે.

જે કોઈ યુવાન ભાઈબહેનો (૧૯ વર્ષથી ઉપરનાં) આ સંઘમાં જોડાવા ઇચ્છતાં હોય, અને સંઘ વિષે વિસ્તૃત માહિતી મેળવવા ઇચ્છતાં હોય, તેમણે પચાસ પૈસાની ટિકિટો બીડી, સેક્રેટરી 'ગુજરાત રાજ્ય વનપર્યટન સંઘ' ધાહભવન—જોરાવરનગર (સૌ૦) એ સરનામે લખવાથી સંઘનું બંધારણ ને માહિતી મોકલાશે.

(જોરાવરનગર) —કનૈયાલાલ રામાનુજ

'કુમાર'માં કેટલાક સમય પહેલાં શ્રી મોહનલાલ પટેલની આકર્ષક અને કલાત્મક લઘુકથાઓ આવતી હતી. આ લઘુકથાઓએ 'કુમાર'ના વાચકોમાં કલાપીપાસા જાગૃત કરી છે. પરંતુ હવે એવી લઘુકથાઓ આવતી નથી. તો 'કુમાર'માં પ્રકાશિત થએલી લઘુકથાઓ 'કુમાર' તરફથી કે અન્ય રીતે ગ્રંથસ્થ થાય* તથા 'કુમાર'ના દરેક અંકમાં શ્રી મોહનલાલ પટેલની એક લઘુકથા વાંચવા મળે એવી વિનંતી છે.

(પિલવાઇ, ઉ. ગુ.) —પ્રા. સી. પી. પટેલ

[* 'પ્રત્યાલંબન' નામથી પ્રકટ થઈ ગઈ છે.]

જાન્યુ. અંક(૫૬૫)માં 'માધુકરી' વિભાગમાં હાજીમહમદ અલારખિયાને અંજલિ આપવામાં શ્રી રસિક ઝવેરીના 'મુંબાઇ સમાચાર'ના લેખનું અવતરણ આપ્યું છે. તેમાં ૩૨મા પાને 'અને એ રંગત મહેલમાં લોકો પણ આવતા કેવા કેવા?—' પૅરેગ્રાફનું લખાણ એ રીતે લખ્યું છે કે જાણે શ્રી રસિક ઝવેરી પોતે એ બેઠકોમાં હાજરી આપતા હશે. 'કોને ગણાવું? કોને મેલું?' એમ તેઓ પૂછે છે. એ પૅરેગ્રાફમાં વળી એમણે જણાવ્યું છે કે "૧૯૨૦માં રામુ ઠક્કરનો એક લેખ 'વીસમી સદી'માં પ્રગટ થયો હતો એ વેળા એ બાદશાહી રોનકની ઝાંખી કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થએલું."

આ ઝવેરીસાહેબની ૧૯૨૦માં વય કેટલી? મુંબાઈમાં 'મુંબાઈ સમાચાર'ના ગ્રાહકો એમની ષષ્ઠિપૂર્તિ ઊજવવા માગે છે. એ હિસાબે તો શ્રી ઝવેરી ૧૯૨૦માં દસ વર્ષના કિશોર હશે! ૧૯૨૧માં હાજીમહમ્મદ ગુજરી ગયા ત્યારે એમની વય ૧૧ વર્ષની હશે. છતાં આટલું બધું અંગત રીતે એ કેવી રીતે લખ્યે રાખે છે? આ પ્રોડિજી વિષે વધુ માહિતી મળે ખરી કે?

(કલકત્તા) —રશીદ કલકત્તાવાળા

અંક ૫૬૫માં ૨૨મા પાને બ્રહ્માજીની મૂર્તિઓ વિષે લખ્યું છે કે બ્રહ્માની મૂર્તિ નર્મદા, તાપી ને તેની નીચેના ગુજરાતના પ્રદેશમાં એકે નથી; પરંતુ નવસારીમાં એક ભવ્ય મૂર્તિ છે, જેના ઉપર એક દેરી પણ છે.

મારા સાંભળ્યા મુજબ સરસ્વતી બ્રહ્માની પુત્રી થાય; પરંતુ 'કુમાર'માં તેમની પત્ની ગણાવી છે તો સત્ય શું છે?

(મુંબાઇ) —કાન્તિલાલ મોતીલાલ કાપડિયા

'તારુણ્યની તકલીફો' લેખમાળા બદલ અભિનંદન! 'કુમાર'માં આ વિષે મેં પાંચેક વર્ષ પર કરેલું સૂચન આખરે જાણ્યે-અજાણ્યે આકાર પામી રહ્યું છે તે જોઇને આનંદ થયો. જ્યારે જર્મની, બ્રિટનમાં ચલચિત્રો દ્વારા જાતીય શિક્ષણ આપવાની વિચારણા ચાલતી હોય ત્યારે આવી લેખમાળા દ્વારા તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન આપણે કોઈ બાબતમાં પહેલ કરી હોય એવું ગૌરવ તો નથી જ આપી શકતો. જો કે એથી ઘણાં વર્ષોથી જરૂરી એક વસ્તુની ખોટ પુરાઈ રહી છે એનો સંતોષ થાય છે ખરો! ગુજરાતનાં અનેક યુવક-યુવતીઓને અવશ્ય એનો અમૂલ્ય લાભ મળશે એમાં શંકા નથી.

સેક્સના મહત્ત્વના ઇન્કારનો કોઈ પ્રશ્ન નથી. જો જીવન-રથને બે પૈડાં હોય તો સેક્સ તેની ધરી છે અને તેથી જ તેના વિષેનું વૈજ્ઞાનિક જ્ઞાન, શારીરિક તેમજ માનસિક દૃષ્ટિકોણથી હોવું ખૂબ જ જરૂરી છે. એ વિષય જેટલો ગંભીર છે તેથી યે અનેક ગણો નાજુક છે. માટે જ એની માવજત ખૂબ જ કાળજી માગી લે છે. ડૉ. ત્રિવેદી આગળ પર શું શું આપવાના છે એનો તો ખ્યાલ નથી, પણ સેક્સને લગતાં સુંદર અંગ્રેજી/ગુજરાતી પુસ્તકો પણ જિજ્ઞાસુ અને અભ્યાસી વાચકો માટે સૂચવતા જાય તો સારું.

એક સૂચન કરવાનું મન થાય છે. જગતનાં શ્રેષ્ઠ ચલચિત્રોનાં કથાવસ્તુ અને કલાને લગતા લેખ 'કુમાર'માં ન આપી શકાય?

(વડોદરા) —'નિશીથ'

યુવાનોના જીવન-ઘડતરમાં 'કુમાર' એના વૈવિધ્યથી અગત્યનો ફાળો આપે છે. છેલ્લા

અગત્યનો સુધારો

આ અંકમાં પૃષ્ઠ ૧૬૪ ઉપર બીજા કૉલમમાં લખાણની છઠ્ઠી લીટીમાં "ઈ. પૂર્વે ૪૦૫માં યુરિપીડિસે લખેલા" એવા શબ્દો છે તેને બદલે "સોફોક્લિસે લખેલા" એમ વાંચવું.

કેટલાક અંકોમાં શ્રી મુકુંદરાય મહેતાની લેખમાળા 'અભ્યાસ કેમ કરવો'. વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકમિત્રોને અત્યંત ઉપયોગી થઈ પડી છે—થઈ પડશે. પરિચય પુસ્તિકાની માફક એની પુસ્તિકા છપાવી ન શકાય? કે જેથી એ દરેક શાળાને પણ ઉપયોગી થઈ પડે.

બીજું એક નમ્ર સૂચન: શરૂઆતના પાન પર જે નવાં કાવ્ય આવે છે એ કાવ્યો અંગે 'જન્મભૂમિ-પ્રવાસી'માં વિવરણ સાથેનું કાવ્ય આપે છે. એવું એકાદ બે કાવ્યો માટે ન થઇ શકે? ધારું છું વિદ્યાર્થીઓને અને બીજાઓને એ રીતે કાવ્ય સમજવામાં સરળતા રહેશે.

(સિનોર) —બાલુભાઈ પટેલ

નવે૦ '૭૭ અંકમાં 'નિશીથ' નામે મહેશ જોશીની સુંદર કવિતા છે, જે એક વ્યાકરણદોષને કારણે ભાજનમાં કાંકરીના અનુભવ કરાવે છે.

મધરાતે ચંદ્રોદયથી અધસ્પષ્ટ થતી નદીને વર્ણવી ઉત્પ્રેક્ષાથી કવિની ગિરા સાથે સરખામણી કરે છે ત્યાં 'મધુમય શું ગિરા' ને બદલે 'મધુમય શી ગિરા' જોઇએ. તેથી વ્યાકરણદોષ મટે છે અને છંદની પ્રવાહિતા પણ સચવાય છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

∞

'વાચકો લખે છે'માં કોઈક વાચકો 'કુમાર'થી અસંતોષ પામે છે. આજનું રંગીલું, સિનેમા સુપ્રિનું, ડિટેક્ટિવ સાહિત્ય જેટલું મનરંજન 'કુમાર' ન આપતું હોય તે એક કારણ હોઈ શકે. પણ એ 'કુમાર' કેવી રીતે કરી શકે! 'કુમાર' તો અદ્વિતીય જ્ઞાનભરપૂર માસિક છે.

હું લગભગ ૧૯૪૧થી 'કુમાર'ના ગ્રાહક છું. તેની પહેલાંના મળ્યા તે બધા અંકો ખરીદી લીધા છે. 'કુમાર'ની બરોબરીનું મને કોઈ પણ સાપ્તાહિક કે માસિક મળ્યું નથી. અમારા જીવનઘડતરમાં 'કુમાર'ના નાનોસૂનો ફાળો નથી. ઘણા મહાપુરુષો 'કુમાર'ની પ્રેરણા મેળવીને આગળ વધ્યા છે (પંડ્યા બ્રધર્સ, કબાડી વગેરે) તથા ઘણા મહાન લેખકોનો 'કુમાર'ના વાચકોને લાભ મળ્યો છે ને તેવો જ લાભ જીવનચરિત્રોમાંથી દુનિયાના મહાપુરુષોનો મળ્યો છે.

'કુમાર'ના અક્ષર બહુ નાના હોવાની ફરિયાદ કરનારે ધ્યાનમાં રાખવું જોઈએ કે વધતી જતી મોંઘવારીના એક ઉપાય તરીકે 'કુમારે' નાના અક્ષર કરીને કદ જાળવી રાખવાનો નમ્ર પ્રયાસ કરેલો છે. આજકાલના હલકા સાહિત્યને લીધે 'કુમાર' જેવાં માસિકો તરફ આકર્ષણ ઓછું રહે તે સ્વાભાવિક છે. બાકી 'કુમાર' આદિથી અત્યાર સુધી એકધારું ઉચ્ચ શિક્ષણાત્મક સાહિત્ય પીરસવામાં અજોડ રહ્યું છે. આવતી કાલનાં નાગરિકોના માસિકની તેની ઉદાત્ત ભાવના છે.

(પીપલોદ) —જસવંત ગિ. ત્રિવેદી

∞

દર વખતે 'કુમાર'માં સુંદર ચિત્રો ને માહિતીપૂર્ણ લેખો આવે છે. માર્ચ અંકમાં આર્ટપેપર પર છાપેલ ચિત્ર નં. ૨ 'નવયૌવનની લાવણ્યરેખા' એ શરીરના કયા ભાગનું નિદર્શન છે? 'કુમાર'ના અંકમાંના બધા જ લેખો હું વાંચી જાઉં છું. હમેશાં કંઈક નવું જ જાણવા મળતું રહે છે.

(કરનાલી) —વિનુભાઈ પંડ્યા

[*પેટ અને બે સાથળનું. જે રેખાઓ એ જ અંકના પૂઠા ઉપર પણ વિશદતાથી આપી છે.]

∞

માર્ચ અંકમાં નીચેના ફોટો જોઈને સાશ્ચર્ય દુઃખ થયું: (૧) નવયૌવનની લાવણ્યરેખા (૨) બાલદેહનું લાલિત્ય. કેમ કે આ માસિક શાળામાં આવે છે તેથી વિદ્યાર્થીઓના કુમળા માનસ પર ખરાબ અસર પડે એમ અમને લાગે છે. તમારે 'કલા' રજૂ કરવી હોય તો યૌવનની, બાલ દેહની, મુખની, બાહુની રેખાઓ આપી શકાય છે.

(કેવડા) —આચાર્ય, વિનયમંદિર

∞

મારી પાસે 'કુમાર'નાં વર્ષ ૧૪થી ૪૫ સુધી કુલ વર્ષ ૩૨ના અંકો છે તે વાજબી કિંમતે આપી દેવા છે. રસ હોય તે નીચેને સરનામે લખે:

Parshotam Madbavjr 9 / 204 Old Flagastaff Road Calicat (Kerala stata) (South India).

∞

તાજેતરમાં પગાર લેતાં મારા પગારમાં રૂ. બેની એક નોટ મળી. (સામાન્ય રીતે નોટોના ક્રમાંક જોવાની. તેના આંકડાના સરવાળા બાદબાકી કરી જોવાની મને ટેવ છે. તેમાં ક્યારેક ગણિતની ગમ્મત માણવા મળે છે.) આ ક્રમાંક D/30 666666 છે. સામાન્ય રીતે આવી એકસરખી અંકમાળા ચલણી નોટમાં જલદી જોવા મળતી નથી. કોઈ સંગ્રાહક બધા જ આંકડા ૧૧૧૧૧૧, ૨૨૨૨૨૨, ૩૩૩૩૩૩, ૪૪૪૪૪૪, ૫૫૫૫૫૫ હોય તેવો સંગ્રહ કરી રહ્યા હશે! હું તેને ઉપયોગી થઈ શકું! 'કુમાર' મારફત મને તેવા સંગ્રાહકને સહાય કરવાની તક મળે તે સારુ આ છાપી આભારી કરશોજી.

(ગાંધીનગર) —મગનલાલ આર. ઉપાધ્યાય

∞

જાન્યુઆરી અંકમાં અમદાવાદના શ્રી. એચ. સી. મહેતાના પત્ર વાંચી આશ્ચર્ય થયું છે. પોતાનું નામ ગ્રાહકની યાદીમાંથી કાઢી નાખવાનાં જે કારણો શ્રી મહેતાએ બતાવ્યાં છે તે મારી દૃષ્ટિએ બરાબર લાગ્યાં નથી. તેમની બેત્રણ ફરિયાદ બાબતો વિષે જ હું લખીશ: (૧) અનિયમિતતા: વર્ષો પહેલાં 'કુમાર' ખૂબ અનિયમિત પ્રકટ થતું હતું. હવે તો તે અનિયમિતતા દૂર થઈ છે; (૨) કિંમતમાં ભારે વધારો: 'કુમાર'માં દર મહિને ૩૦ થી તે ૪૦ પાનાંનું વાચન અપાય છે, કોઈ અંકમાં એથી પણ વધારે હોય છે. આ ૪૦ પાનાં એટલે પુસ્તકના કદના હિસાબે ૮૦ પાનાં; ઉપરાંત ઝીણા ટાઈપ અંગે કેટલું મૅટર સમાવાય છે તે દરેક વાચક જાણે છે. અત્યારના બજાર ભાવ પ્રમાણે આટલું મૅટર કોઈ નવલકથા કે નવલિકાસંગ્રહમાં અપાતું હોય તો તેની કિંમત ઓછામાં ઓછી રૂ. ૪થી ૫ હોય. સાદાં તથા ત્રિરંગી ચિત્રોની કિંમત આમાં ગણી નથી. હવે છૂટક કિંમતના હિસાબે અંકના ૧/૭૫ અને વાર્ષિક લવાજમના હિસાબે રૂા ૧/૫૦થી પણ ઓછું થાય. આને કઈ રીતે મોઘું ગણાયું તે સમજાતું નથી,

જ્યાં વિષયોનું વૈવિધ્ય હોય ત્યાં અમુક વિષય કોઈ વાચકને ન ગમે તે સ્વાભાવિક છે. હું ન ભૂલતો હોઉં તો થોડા સમય પહેલાં કોઈ વાચકે શ્રી રવિભાઈના આત્મકથાનકને બંધ કરવાનું લખ્યું હતું. ત્યારે હું તો 'કુમાર'માં આત્મકથાનક પહેલું જ વાંચું છું. તેમાં ભૂતકાળની કેટલીક રસદાયક બાબતો જાણવા મળે છે. જો આમાં તે ન વર્ણવી હોત તો તે વિસ્મૃતિ ગર્તામાં દટાઈ જાત. અત્યારે તો આટલું પૂરતું છે.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

∞

I have received your address from your friends. I am 15½ years old and I go to higher secondary school. My hobbies are: Classical & Modern Music, Painting, Sports, Modern Literature and Customs and Religions of foreign countries.

I want to correspond with a boy of 16 to 18 years old who speaks either German or English.

My address: Juliane Lenz, 825, Dorfen, Isener Str. 7, (Dentschland) Germany.

રાગસારણી (અંક ૫૯૬ના અનુસંધાને ચાલુ) આ સારણીમાં આપેલા આરોહાવરોહ સ્વરૂપ સંગ્રાહકે પ્રાપ્ય સામગ્રી પરથી ઉદ્ધૃત કરેલાં હોઈ તેમાં મતમતાંતરને અવકાશ છે. વર્જ્ય સ્વરોમાં જે સ્વરો કૌંસમાં મૂક્યા છે તે એ રાગમાં લેવા વિષે બે મત દર્શાવે છે. સંગીતની સ્વરલિપિને તેની કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓને કારણે અહીં છાપકામમાં ઉતારવી અગવડભરી હોઈ આ સારણીમાં કોમળ સ્વરોને 'બ્લૅક' (ઘેરા) ટાઈપમાં લીધા છે. તાર ષડ્જ તથા તીવ્ર મધ્યમ અને તાર સપ્તકના સ્વરોને તેની પાસે લોપકચિહ્ન મૂકીને (આ રીતે સા' અને મ'), કોમળ સ્વરો આમ, **રે ગ ધ નિ**; મંદ સ્વરો સ્વરની ઉપર મીંડું મૂકીને આમ, **નિં** (કોમળ મંદ નિ) દર્શાવેલ છે.

પ્રેષક : કનૈયાલાલ રામાનુજ-'પર્ણ'

ક્રમ	રાગનું નામ	થાટ	જાતિ	વાદી	સંવાદી	કોમળ-તીવ્ર	વર્જિત સ્વરો આરોહ	વર્જિત સ્વરો અવરોહ	આરોહ	અવરોહ	ગાવાનો સમય
૧૪૫	રાગેશ્વરી	ખમાજ	ઔડવ પાડવ	ગ	નિ	બન્ને નિ	પરે	પ	સાગ મધનિસા'	સા'નિધમ ગરેસા	રાત્રીનો બીજો પ્રહર
૧૪૬	રામકલી	ભૈરવ	સંપૂર્ણ	પ	સા	રે ધ અને મનિબંને	૦	૦	સા ગ મપ ધ નિસા'	સા'નિધ પમ' પ ધ નિ ધ પગ મરે સા	પ્રાતઃકાળ
૧૪૭	રામદાસી મલ્લાર	કાફી	સંપૂર્ણ	મ	સા	ગ નિ બન્ને	૦	૦	સારેપ મગમ પનિધનિસા'	સા'ધનિમપ મગમરેસા	વર્ષાકાળ
૧૪૮	રૈવતી (કાનડા)	કાફી	ઔડવ સંપૂર્ણ	પ	સા	ગ નિ	નિ ગ	૦	સા રેમપ ધમપ સા'	સા' ધ નિ પ મપ મગરેસા	પ્રાતઃકાળ
૧૪૯	રેવા	પૂર્વી	ઔડવ	ગ	પ	રે ધ	મ નિ	નિ મ	સા રે ગપ ધસા'	સા' ધ પ ગ રે સા	સાયંકાળ
૧૫૦	લચ્છા સાખ	બિલાવલ	સંપૂર્ણ	ધ	ગ	બન્ને નિ	૦	૦	સા રે ગમ પધ નિસા'	સા' નિધ પધનિધપ ગમરેસા	પ્રાતઃકાળ
૧૫૧	લલિત	મારવા	પાડવ	મ	સા	રે અને બન્ને મ	પ	પ	નિંરેગમ મ'મગ મ'ધસા'	રે'નિધ મ'ધ મ'મગ રેસા	રાત્રીનો છેલ્લો પ્રહર
૧૫૨	લલિત ગૌરી	પૂર્વી	સંપૂર્ણ	મ	સા	રે અને ધ મ બંને	૦	૦	સારેગમ મ'મગ પધનિસા	સા'નિધપ ધમ' મગ મ'રેસા	સાયંકાળ
૧૫૩	લલિત પંચમ	ભૈરવ	પાડવ સંપૂર્ણ	મ	સા	ધ રે અને બન્ને મ	પ	૦	સારે સાગમ મ'ગમધ નિસા	સા'નિધપ ધમ'મ પગ રેસા	રાત્રીનો છેલ્લો પ્રહર
૧૫૪	લક્ષ્મી કલ્યાણ	કલ્યાણ	સંપૂર્ણ	રે	પ	બન્ને મ	૦	૦	સા રેગમરે મ'પ ધ નિસા'	સાનિધપ મ' મ ગમરેસા	સાયંકાળ
૧૫૫	લાજવંતી	બિલાવલ	સંપૂર્ણ	પ	સા	૦	૦	૦	નિસા ગરે મગ પધમપસા'	સા'પ ધમ પગ મપરેસા	મધ્ય રાત્રી
૧૫૬	વસંત	પૂર્વી	પાડવ સંપૂર્ણ	સા	મ	રે ધ બન્ને મ	પ	૦	સાગ મ'ધ રે'સા	રે'નિ ધપ મ'ગમ'ધ મ'ગરેસા	રાત્રી છેલ્લો પ્રહર
૧૫૭	વૃંદાવની સારંગ	કાફી	ઔડવ	રે	પ	બન્ને નિ	ગધ	ધગ	નિસા રે મપ નિસા'	સા' નિપ મરે સા	મધ્યાહ્નકાળ
૧૫૮	વરાટી	મારવા	સંપૂર્ણ	ગ	ધ	મ' રે	૦	૦	સારેગ પમ'ગ પધનિસા'	સા' નિધપ મ'ગ રેસા	સાયંકાળ
૧૫૯	વિભાસ (ભૈરવ)	ભૈરવ	ઔડવ	ધ	ગ	રે ધ	મ નિ	નિ મ	સારેગ પ ધ પસા'	સા' ધપ ગપધપ ગરેસા	પ્રાતઃકાળ
૧૬૦	વિભાસ (મારવા)	મારવા	સંપૂર્ણ	ધ	ગ	રે મ'	૦	૦	સા રેગ મ'ગ પધનિસા'	સા' નિધ મ'ધ મ'ગરેસા	પ્રાતઃકાળ
૧૬૧	વૈજયંતી	કલ્યાણ	ઔડવ	પ	રે	મ'	ગધ	ગધ	નિસારે મ'પ નિસા'	સા'નિ પમ'રેસા	સાયંકાળ
૧૬૨	શહાના	કાફી	સંપૂર્ણ	પ	સા	નિ ગ	૦	૦	નિંસા ગમપ નિધપસા'	સા'નિધનિ પમપ ગમરેસા	રાત્રીનો ત્રીજો પ્રહર
૧૬૩	શહાના (કાનડા)	કાફી	પાડવસંપૂર્ણ	પ	સા	ગ નિ	ધ	૦	સારેગ મધનિસા'	સા'નિધપ મપ ગરેસા	મધ્ય રાત્રી
૧૬૪	શ્યામ કલ્યાણ	કલ્યાણ	ઔડવ સંપૂર્ણ	સા	મ	બન્ને મ	ધ	૦	નિસા રે મ'પ ધપ નિસા'	સા'નિધ મ'પગમરે નિસા	રાત્રીનો પહેલો પ્રહર
૧૬૫	શ્યામ કેદાર	ખમાજ	પાડવ	મ	સા	મ નિ બન્ને	ગ	ગ	સા રે સામ રેમ' પ ધનિસા'	સા'નિધપ ધનિધપમરેસા	રાત્રીનો બીજો પ્રહર
૧૬૬	શિવરંજની	કાફી	ઔડવ	પ	સા	ગ	મ નિ	મ નિ	સારેગપ ધસા'	સા' ધપ ગ રેસા	મધ્ય રાત્રી
૧૬૭	શિવમત ભૈરવ	ભૈરવ	સંપૂર્ણ	ધ	રે	રે ધ બન્ને ગ નિ	૦	૦	સારે ગ મપધનિસા'	સા'નિધ પમ ગરેસા	પ્રાતઃકાળ
૧૬૮	શુક્લ બિલાવલ	બિલાવલ	સંપૂર્ણ	મ	સા	બન્ને નિ	(રે)	૦	સાગ મપ ધનિસા'	સા'નિધ નિધપ મગમરેસા	પ્રાતઃકાળ
૧૬૯	શુદ્ધ કલ્યાણ	કલ્યાણ	ઔડવસંપૂર્ણ	ગ	ધ	મ'	મનિ	૦	સા રેગ પધસા'	સા'નિધપ મ'ગ રેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૧૭૦	શુદ્ધ સારંગ	કાફી	પાડવ	રે	પ	મ નિ બન્ને	ગ	ગ (ધ)	સારેમપ મ'પનિસા'	સા'નિપમ' પધપમરેનિંસા	દિવસનો બીજો પ્રહર
૧૭૧	શંકરા	બિલાવલ	ઔડવ પાડવ	ગ	નિ	૦	રે મ	મ	સાગ પ નિધસા'	સા'નિપ નિધ ગપ ગરેસા	રાત્રીનો બીજો પ્રહર
૧૭૨	શ્રી રાગ	પૂર્વી	ઔડવ સંપૂર્ણ	રે	પ	રે મ' ધ	ગધ	૦	સારેમ'પનિસા'	સા' નિધપ મ'ગરેસા	સાયંકાળ
૧૭૩	શ્રી કલ્યાણ	કલ્યાણ	ઔડવ	પ	સા	મ'	ગ નિ	ગનિ	સારે મ'પધપ સા'	સા'ધપ મ'પ રેસા	રાત્રીનો પ્રથમ પ્રહર

ચૈત્રની સવાર / રાજેન્દ્ર શાહ

લીમડાની મંજરીની ગ્હેકથી અડે રે
મારા પ્રાણને સવારના પ્હોરે
ચઈતરની નીતરેલી આરત, બોલાવે
મેલી ઝાકળની ઓઢણી કોરે.

અરધી તે ઊંઘમાં આ સોણલું નિહાળું
કે આછેરે અંજવાશ જાગું!
આઘેની કુંજમાંહી ઓસરતે સૂર જાણે
ગાય છે હજી ય કોઈ ફાગુ!

રતને હિલોળે ચડયો પંચમ રેલાય
એનાં જલની ઝકોર લાગે આંખે;
એડી અડે ને તેજી ઊડે અંકાશની
ફાળે પવંનની પાંખે.

આભમાં લકીર પ્હેલી ઊગે ને
લાગણી હૈયામાં ચંદનભીની;
એ રે છવાય તરુ પાને પાને ને
ધૂળમાંહી છવાય ધરણીની.

લીમડાની કુંજ કને વ્હેતી રહેતી
નાની નમણું વંકાઇને વરાંસી
ચૈતરી સવાર મારી એનાં તે નીરનાં
ઊંડા એકાન્તમાં સુહાતી.

રેલો / શશિશિવમ્

નહીં નદી નિર્ઝર ના સરોવર;
રેલો વહેતો થઈ ઓરડેથી
શેરી વળોટી લઘુ, બ્હાર રસ્તે
પ્હોંચ્યો; નદી-સાગર-સ્રોત દર્શન!

એ ઝંખના કેવળ એક જલ્પના.
ભળી ગયો ધૂળ વિશે ખૂણે કો,
માટી મહીં હેજ ક્ષણેક મૂકી
કરી જરી ફોરમતી, સુકાઇ ને
વિલુપ્ત; ના ચિહ્ન કશાં હવે અહીં.

....છું / ભગવતીકુમાર હ. શર્મા

પંખી બની ઊડું છું હું રેતીના પટ ઉપર,
કલ્પું છું કે નદી છે; પ્રતિબિમ્બ જોઉં છું.

ઝરણું હો પગ તળે અને કંઠે તરસ ન હો,
એવી પરિસ્થિતિમાં યે ક્યારેક હોઉં છું,

બળબળતી આંખ કેરી જો છલના વધી પડે,
મૃગજળની છાલકોથી હું ચહેરાને ધોઉં છું.

તારા વિરહમાં ફૂલ જે ખીલ્યાં નથી હજી,
સ્વપ્નામાં એની ગ્હેકની માળાઓ પ્રોઉં છું.

ટહુકાની પેલે પાર જે નિ:શ્વાસ ઓગળ્યો,
એમાં થીજી જઇને હું ચૂપચાપ રોઉં છું.

ઝાકળ ને ઝાંઝવાંમાં તફાવત નથી હવે;

'આપણું' ગીત / માધવ રામાનુજ

આપણે તો ભૈ રમતારામ!
વાયરો આવે-જાય એણે ક્યાં ય બાંધ્યાં ના હોય ગામ.

ઓઢવાને હોય આભ, ઉશીકાં હોય શેઢાનાં, પાથરેલી હોય રાત;
શમણાંના શણગાર સજીને ઊંઘ આવે,
ને પાંખડીઓ શા પોપચે આવે મલકાતું પરભાત,
ઝાકળમાં ખંખોળિયું ખૈ ને હાલતા થાઇ પૂછતા નવાં નામ...
આપણે તો ભૈ રમતારામ!

વાદળ કેવું વરહે, કેવું ભીંજવે, એવું ઊગતા દિ'નું વ્હાલ!
આછેરો આવકાર મળે, બે નેણ ઢળે બસ
એટલામાં તો છલકી થાઇ ન્યાલ!
મારગે મળ્યું જણ ઘડીભર અટકે ચલમ પાય ને પૂછે
કઇ પા રેવાં રામ?...
વાયરો આવે-જાય એણે ક્યાંય બાંધ્યાં ના હોય ગામ!

શિશુક પગલાં / માણેકલાલ પટેલ

· શિખરિણી ·

જતાં પોઢી ભોળાં શિશુ, અનુભવું શાંતિ ભવને,
ઝરે બારીએથી અમૃતમય ચાન્દી શિશુમુખે;
ઠરીને બેઠો છે શશિયર જરી ઝાકળહૃદે
અને હું યે સૂતો પ્રહર પરણોના મૃદુ ઝૂલે.

મને યે પંપાળે ઝરમર થતી સૌખ્ય ઝલકો,
હવાની હોંસોના અગણિત તરંગે લહરતો
ભરી લૌં આખું યે નભ નયનમાં, અંતરરસે
વહી, જાઉં જંપી!

મધુર સ્મરણે સ્વપ્ન છલકે—
સ્મિતે, શબ્દે, સાદે તરબતર થૈને ઊભરતી
બૂમો, દોટંદોટો કુદરડી બધું એમ જ ફરી
ફરી જાગે!

—જાગી ઉરધબકના સ્હેજ થડકે
વળી પાછાં જોઉં શિશુક પગલાં એ જ ગતિએ!
પળો ભીનાભીની મુખરિત થતા વિસ્મયરસે!

વિચારવિશેષ (અનુ. પાછલા પાનેથી) અનુભવતી આવી છે. એટલે એના પ્રત્યે સૂગ-શરમ કેળવવાની કે ચિંતા કરવાની જરૂર નથી. પણ પ્રથમ ઋતુસ્રાવ સાથે જ તમે આપમેળે જ સમજી જાઓ છો કે હવે તમે કન્યા મટી પુખ્ત સ્ત્રીત્વના ઉંબરે પહોંચી ગયાં છો. આ જ સમય દરમિયાન તમે લગભગ તમારી જ વયના કિશોરોથી એકદમ અલગ પડી જાઓ છો. આ ગાળામાં કિશોરોને નચિંત અને મુક્તપણે જીવતા જોઈ તમને તમારામાં પ્રકટ થતું સ્ત્રીત્વ કદાચ બંધનરૂપ પણ લાગે. પણ આ દૃષ્ટિબિંદુ બરાબર નથી. કન્યાના સ્તનની ગ્રંથિઓ તેની સુંદરતા અને સ્ત્રી તરીકેની તેની કામગીરીની દૃષ્ટિએ જ્યારે પૂર્ણત્વને પામી રહી હોય અને ઋતુસ્રાવની પ્રક્રિયા જ્યારે એની માતા બનવા માટેની શક્તિને પૂર્ણત્વ ભણી દોરી જતી હોય ત્યારે એથી બેચેન બનવાની શી જરૂર છે? ખરી રીતે તો એ તમારું શરીર આંતરિક રીતે ખોડખાંપણ વિનાનું પૂર્ણ બની રહ્યાની સાબિતી છે. જો આમ ન બનવા પામે તો જ એ કદાચ વિચારવા જેવું કહેવાય. પણ કોઈ કન્યાને પોતે સ્ત્રી નથી એમ કહેવડાવવું ગમશે? ખરી રીતે તો પુરુષ સમજી જ ન શકે એવું એ કંઈક પામી છે—પત્ની જ નહિ મા બનવાને એ લાયક બની રહી છે. એટલે તમે

તમારો તારુણ્યપ્રવેશ

તમારામાંના ઘણા તારુણ્યમાં પ્રવેશતા હશે. એમને પોતાના શારીરિક–અને તે સાથે સંકળાએલા માનસિક વિકાસનું પૂરતું ને યોગ્ય જ્ઞાન કદાચ ન પણ હોય. પરિણામે તમારી આ વય અનેક રીતે મૂંઝવણભરી બની રહે. તમારી ઉમરનો આ એક એવો ગાળો છે કે વાતચીત ને વ્યવહારમાં તમારા સંદર્ભમાં હવે 'સ્ત્રી' કે 'પુરુષ' શબ્દનો ઉપયોગ વધવા માંડે.

છેક બાળપણથી માંડી અત્યાર સુધીમાં તમે વત્સલતા, મૈત્રી અને પ્રેમની ભૂખ તથા અવનવા જ્ઞાનની પિપાસા જેવી કેટલીક જીવનમાં પાયાની જરૂરિયાતો અનુભવી હશે જ. આ બધી ભૂખ જાગવી સારી છે અને એની તૃપ્તિમાં લાભ છે. પણ તમે હવે કંઈક મોટા થયા છો, ઘણું શીખ્યા છો અને વિકાસ પણ સાધ્યો છે. છતાં ક્યારેક તમને સ્પષ્ટપણે સમજાય નહિ. તો યે આ બધી ભૂખ તમને આડે માર્ગે દોરી જતી હોવાનું પણ કદાચ તમે અનુભવ્યું હશે. જો એ બેકાબૂ બની ગઈ હશે તો એણે તમારે માટે કંઈક ચિંતા પણ પેદા કરી હશે. એનાથી જ પ્રેરાઈને તમે ક્યારેક કજિયો વહોર્યો હશે, કદાચ જૂઠું પણ બોલ્યા હશો અને ક્વચિત નજીવી એવી ચોરી પણ કરી હશે. કાચી ઉમરમાં આ બધું સ્વાભાવિક છે. ઓછાવત્તા પ્રમાણમાં દરેકના જીવનમાં આવા તબક્કા આવ્યા જ હોય છે. તમને જ નહિ, બધાંને આવા અનુભવો થાય છે; પણ એ અનુભવો કઈ રીતે થાય છે તેના પર તમારા વ્યક્તિત્વના ઘડતરનો મોટો આધાર છે. કદાચ અમુક સંજોગોમાં એની માઠી અસર પણ થઈ શકે. એટલે હવે તમારે તમારા વ્યક્તિત્વને ઘડવાનો––તમારા જીવનને યોગ્ય માર્ગે વાળવાનું વિચારવાનો સમય આવી ગયો છે. જો આ કાળ ચૂક્યા તો પછી એ કાર્ય બહુ મુશ્કેલ બની જશે અને આગળ જતાં કદાચ બહુ મોડું થઈ ગયાનું પણ લાગશે.

તમારી વયના આ જ ગાળામાં છેક જન્મથી માંડીને તમારી અંદર ધીરેધીરે વિકસતી જતી જાતીય વૃત્તિ હવે લગભગ પૂર બહારમાં ખીલી રહી છે. અનેક રીતે એ તમારામાં પોતાનું અસ્તિત્વ દર્શાવતી જણાશે. એને વિષેનું અધૂરું કે ખોટું જ્ઞાન તમારી સમક્ષ અનેક પ્રશ્નો પેદા કરતી હશે કેમકે તમે એને હજી સ્પષ્ટપણે કદાચ સમજી શકતા નથી.*

પણ ધીરેધીરે જણાશે કે માણસના જાતીય જીવન સાથે બીજી પણ અનેક બાબતો સંકળાએલી છે. પ્રથમ તો જીવનમાં સ્ત્રી-પુરુષ બંનેને એકબીજાની શારીરિક જરૂર છે, જે એમને પ્રજોત્પત્તિ પ્રતિ દોરી જાય છે. આ જરૂરતનું એક અન્ય પાસું લાગણીઓનું પણ છે. આને લીધે જ સ્ત્રી-પુરુષ એકબીજાને ઇચ્છે એ સાથે એના પ્રતિ પ્રેમભાવ પણ દાખવે છે.

બીજું પાસું છે ચારિત્ર્યનું. જો સ્ત્રી ને પુરુષે સાથે મળીને જીવન ગુજારવાનું હોય તો એમની વચ્ચેના સંબંધની–તેમાં એ સંતોષ પામ્યાં હોય કે નહિ તો યે એની–અસર એમનાં વલણો, ખાસિયતો ને ચારિત્ર્યના ઘડતર પર પણ પડે છે.

એટલે તમે જોશો કે તમારી પુખ્તતાના આરંભના આ કાળ દરમિયાન જ્યારે જાતીયતા તમારામાં પ્રબળ બનતી જાય છે ત્યારે તેની સાથે સંકળાએલી અનેક બાબતો–તમારું શરીર તમારી લાગણીઓ, તમારું ચારિત્ર્ય વગેરે તમારા અંતરમાં અનેક ગડમથલો પેદા કરી રહી છે. તારુણ્યની આ તકલીફો છે.

અત્યાર સુધી તમારા શરીરમાં વૃદ્ધિ પામવાની ક્રિયાનું જ સૌથી વધુ મહત્ત્વ હતું. જન્મ સમયે અઢી-ત્રણ કિલોગ્રામના તમે આજે તો, વધુ નહિ તો લગભગ તમારા માતાપિતાના કદને આંબી જવા આવ્યા છો. પણ હવે તમારી વૃદ્ધિમાં એક નવો વળાંક આવે છે. તમે હવે પુખ્ત જીવન માટે શારીરિક રીતે પૂર્ણત્વ પામવા તરફ જઈ રહ્યા છો. તમારી જાતીય પુખ્તતાના આરંભના ચિહ્ન રૂપે તમારા બસ્તિપ્રદેશ પર વાળ ઊગ્યા છે; પછી બગલમાં અને જો તમે કિશોર હશો તો થોડા સમય પછી તમને મૂછનો દોર પણ ફૂટશે. તમારો અવાજ પણ ફાટીને કિશોર જેવો ન રહેતાં પૌરુષના એક નવો જ રણકો ધારણ કરવા લાગશે. તમારાં જાતીય અંગો એમની કુદરતી કામગીરી માટે લગભગ તૈયાર થઈ જવા આવ્યાં હશે. જો તમે કન્યા હશો તો તમારો સ્તનપ્રદેશ વિકસવા સાથે તમારું શરીર એક નવું જ રૂપ ધારણ કરવા લાગ્યું હશે. આ ઉપરાંત પણ બીજાં કેટલાંક આગવાં લક્ષણો તમારામાં પ્રકટ થતાં અનુભવતાં હશો.

અલબત્ત, વ્યક્તિ દીઠ આ બધા ફેરફારો થવાનો કાળ થોડો આગળ-પાછળ હોઈ શકે. તેનો આરંભ ૧૧ વર્ષની વયે પણ થઈ શકે અને ૧૫-૧૬ની વય સુધી યે આ ફેરફાર જોવા ન પણ મળે. પણ સામાન્યતઃ કન્યાઓમાં કિશોરો કરતાં આ ફેરફારો વહેલા આરંભાતા જોવા મળે છે. પણ તમારામાં એ મોડા દેખાય તો એથી ગભરાવાની કંઈ જરૂર નથી. કુદરત પોતાનું કામ ધીરેધીરે કે ઝડપથી પણ જારી તો રાખે જ છે.

તમે તમારા આ શારીરિક અને જાતીય વિકાસની ક્રિયાપ્રક્રિયાઓથી કદાચ જ્ઞાત હશો. એના વિષે કંઈ ન જાણવા કે ન જણાવવાનો ખયાલ તો વાહિયાત છે એથી ઘણી વાર તો કેટલીક ગેરસમજ પેદા થઈ અનેક માઠાં પરિણામો નીપજે છે. દા. ત. વયમાં આવતી કન્યાના સ્તનના વિકાસના આરંભમાં ઘણી વાર છાતીમાં પોતાને ન સમજાય તેવો દુખાવો તે અનુભવે છે. કોઈ એને એનું સાચું કારણ ન સમજાવી શકે કે ન સમજાવે, અને 'કંઈ નથી' કહી તેના પ્રશ્નનો જવાબ ટાળી દે એવું બહુધા બને છે. પણ 'કંઈ નથી' એટલે ? પોતે જે અનુભવી રહી છે તેને એ 'કંઈ નથી' એમ કેમ ગણી શકે ? એના મનમાં આ પ્રશ્ન થાય જ છે અને ખરા કારણથી અજ્ઞાત હોવાથી છાતીના દુખાવાનાં એ પોતે જાણતી હોય તે બધાં દર્દોની સંભવિતતા પોતાને વિષે કલ્પવા લાગે છે.

અલબત્ત, આ દુખાવા પાછળ હાનિકર એવું કંઈ નથી જ. એના શરીરમાંની જાતીય પ્રક્રિયાઓ હવે કાર્યરત બની છે. કન્યા મટી હવે એ સ્ત્રીત્વ તરફ જવા લાગી છે. એ સ્ત્રીત્વ માટે જરૂરી એવી એના સ્તનની ગ્રંથિઓ હવે કામે લાગ્યાનું આ એક ચિહ્ન છે. બેએક વર્ષમાં પેલો છાતીનો ન સમજાએલો દુખાવો ભુલાઈ જશે ને એનું શરીર એક નવો જ આકાર ધરી રહેશે. તારુણ્યની આવી કેટલીક તકલીફો તો, જેનાથી પુરુષ વંચિત છે એ પરમ સંતોષદાયક માતૃત્વ પામવા ચૂકવવી પડતી નજીવી કિંમત છે.

જો તમે કન્યા હો તો, અને પ્રથમ ઋતુસ્રાવ વખતે શરીરમાં શી પ્રક્રિયા ચાલે છે તેનાથી અજ્ઞાત હો તો તમે એક અજાણ ભયમિશ્રિત મૂંઝવણ પણ અનુભવશો. આ મૂંઝવણની સાથે અટકાવ આવવા વિષેની ખોટી શરમભરેલા વિચિત્ર ખયાલો પણ ભળે, તો સંભવ છે કે એથી શારીરિક પીડાની સાથે માનસિક ભારણ પણ અનુભવવું પડશે. તમે એ તો જાણતાં હશો કે કેટલીક પ્રક્રિયાઓમાં મન અને શરીર એકબીજા સાથે ગાઢ સંકળાએલાં છે. એટલે ઋતુસ્રાવ પ્રત્યેનું તમારું માનસિક વલણ પણ ક્યારેક પીડાનું કારણ બની શકે. કેટલીક કન્યાઓને આ સ્રાવ કંઈક વધુ પ્રમાણમાં આવે છે તો કોઈને થોડી વધુ તકલીફ પણ પડે છે ને વધુ બેચેની વરતાય છે. પણ આ સ્થિતિ તો શરીરમાં આરંભાયેલી નવી પ્રક્રિયાથી શરીર ટેવાઈ જાય ત્યાં સુધીની જ છે. તમારા શરીરની આ એક તદ્દન સ્વાભાવિક અને જરૂરી પ્રક્રિયા છે. છેક આદિ કાળથી તમારી માફક પ્રત્યેક કન્યાઓ આ

(અનુસંધાન પાછળના પાના પર)

* 'કુમાર'માંની કાયાકરામતની ચિત્રમાળા તથા ડૉ. શિવપ્રસાદની લેખમાળા આ અંગે વિગતે માહિતી આપી રહેશે.

પ્રતિકૂળતાને અનુકૂળતામાં પલટાવી અને સામાન્ય સંજોગોમાં અસામાન્યની સ્થાપના કરી જીવનસાફલ્ય પ્રાપ્ત કરનાર વિરલ વિભૂતિ

"મુજ નેન ભલે જળપૂર વહે, મન તે થકી ના પરિતાપ લહે;
હરું અન્ય તણાં જળ લોચનથી, ઈશ! એટલું યાચું પૂરા મનથી."


ઈ. સ. ૧૯૯૮ના જૂનમાં પ્રગટ થએલી 'સંન્યાસી' નામક એક નવલકથાની આ છે અર્પણપંક્તિઓ. અન્યનાં લોચનજળ લૂછવાની આત્મશક્તિ અર્થે આવી અભ્યર્થના કરનાર હતા સ્વાર્પણબુદ્ધિ સાધુ-પુરુષ નારાયણ હેમચંદ્ર. ઈ. ૧૮૫૫માં મુંબાઈના એક નાનકડા ઘરમાં બ્રહ્મક્ષત્રીય કુટુંબમાં એમનો જન્મ. દાદા શિવચંદ રોજગારી માટે દીવથી મુંબાઈ આવેલા અને કાપડના છાપકામનો વ્યવસાય આરંભેલો. પિતા હેમચંદ્રે લેથનું કામ શીખવા સરકારી ગોદીના કારખાનામાં વ્યવસાય-જીવનનો પ્રારંભ કરેલો. પછીથી તો એમણે કામ શીખી કમાણી પણ શરૂ કરી અને જાતમહેનતે અંગ્રેજી શીખી એમણે યંત્રવિદ્યાને લગતાં અંગ્રેજી પુસ્તકોનો અભ્યાસ કરી ઈજનેર બન્યા. એ વખતે ઈજનેરો ઓછા, એટલે હેમચંદ્રને રૂપિયા ત્રણસો પગાર મળતો. પરિશ્રમ અને પરમ બુદ્ધિબળે એમણે ધનવૃદ્ધિ કરવા માંડી. બનેવી પાસેથી વ્યાજે નાણાં લઈ રૂ સાફ કરવાનું કારખાનું નાખ્યું. મુંબાઈમાં એ વખતે આવાં કાર-ખાનાં આંગળીને વેઢે ગણાય એટલાં, તેથી રોજના રૂપિયા ત્રીસ-ચાલીસ-ની આવક થવા લાગી. પછી તો એમણે ઘંટી કરી અને કાગળનું કારખાનું ય કર્યું. ધન વધવા લાગ્યું અને હેમચંદ્રની ગણના ધનિકોમાં થવા લાગી. છતાં અભિમાન કે આડંબર જરા ય નહિ. એ જ નાનકડું ઘર અને એ જ સાદો સરળ જીવનવ્યવહાર. પિતાની તીવ્ર બુદ્ધિશક્તિ ને આવો નમ્ર જીવનવ્યવહાર, અથાક શ્રમ અને અજોડ સાહસવૃત્તિ, નિર્દંભ સરળતા અને નિર્બંધ સ્વભાવ નારાયણને વારસામાં મળેલાં.

માતા દેવકોરબહેન સોપારાનાં. સોરઠી-મરાઠી મિશ્ર ભાષા એ બોલતાં. પ્રકૃતિએ દયાળુ અને ધર્મપરાયણ દેવકોરને લખતાંવાંચતાં નહોતું આવડતું. પતિના મૃત્યુ પછી એવો વખત આવ્યો કે ઊનની ટોપીઓ ભરીને એ પરિવારનું પોષણ કરતી. એની સૌન્દર્યલક્ષી દૃષ્ટિનો પાશ ટોપી-ઓનાં ભરતકામ અને રંગપસંદગીમાં વર્તાયા વિના ન રહેતો. ગરીબોને એ યથાશક્તિ દાન કરતી. નારાયણને પ્રાપ્ત થએલી પરોપકાર અને પ્રભુશ્રદ્ધા, પરિશ્રમ અને ઉદ્યોગશીલતા, કરુણા ને કૃપા, સંતોષ ને સત્ય-પ્રિયતા જેવા સદ્‌ગુણોની સોગાત એ માતૃદીધી હતી.

માબાપના આ વચેટ પુત્રનું સાધારણ વર્ગનાં સંતાનની જેમ પાલન-પોષણ થએલું. મોટા ભાઈ મૃત્યુ પામતાં માતપિતાના વાત્સલ્યનો અખૂટ અમૃતસ્રોત નારાયણ તરફ વળેલો. નાનો ભાઈ વિઠ્ઠલ એ જ રીતે નારા-યણના ભ્રાતૃસ્નેહથી પરિપ્લાવિત રહેતો. નારાયણની જિજ્ઞાસુ વૃત્તિએ માબાપ, દાદા ને સગાં-સ્નેહીઓને પ્રશ્નો પૂછી નાનપણથી જ ફંફવરાવેલાં.

સાતમે-આઠમે વર્ષે ધામધૂમથી સરસ્વતીનાં પૂજા-અર્ચન કરીને નારાયણને મહેતાજી જેઠાલાલની ગામઠી નિશાળમાં મૂકવામાં આવ્યો. પણ આ ભાઇને ભણવું ગમે નહિ! ત્યાં જ શીતળા નીકળ્યાં અને અભ્યાસ અટક્યો. ઘાત તો ગઈ, પરંતુ મોં પર ડાઘ અને જીભ પર થોથવાટ મૂકતી ગઈ. સાજા થતાં ફરી પાછા એ જ મહેતાજીની શાળાનું શરણું લેવું પડ્યું. નિશાળે જવાની પૂર્વવત્ આડાઈ. માર ખાઈને નિશાળે જાય તો ત્યાં પણ જેઠાલાલ માસ્તરની સોટી તૈયાર જ હોય. આમ એ થોડા આંક ને અક્ષરો શીખ્યો. નવમે વર્ષે તેને મુંબાઈ ખેતવાડીમાં આવેલી ફરામજી નસરવાનજી પટેલની અઁગ્લોવર્નાક્યુલર શાળામાં દાખલ કરવા-માં આવ્યો. ત્યાં એણે પરાણેપરાણે પાંચ ચોપડી પૂરી કરી. ભણવાનું તો ભાઈસાહેબને ગમે જ નહિ એટલે શાળાને નામે બહાર ફરવા ચાલ્યા જાય. એવામાં માતાનું મૃત્યુ થતાં મામાને ત્યાં રહેવા વારો આવ્યો.

આ મામાને ત્યાંથી જ નારાયણની ખરી તાલીમ-શાળા શરૂ થઈ. નિ-



સ્વાર્પણબુદ્ધિ સાધુપુરુષ
નારાયણ હેમચંદ્ર

સચ્ચારિત્ર્ય, સત્યપ્રિયતા, સન્નિષ્ઠા અને સમભાવ એમ-ની આચારસંહિતા હતી. આદર્શ આચારવિચાર સાથે વ્યવહારપટુતાનો એમનામાં વિરલ સંયોગ થયો હતો. જ્ઞાનપ્રાપ્તિની અવિરત ઝંખના સંતોષવા એમણે આજીવન બ્રહ્મચર્ય સ્વીકાર્યું હતું. અંગ કરતાં આત્માની માવજત પર, દેહ કરતાં દિલના સૌંદર્ય પર, વિત્તવૃદ્ધિ કરતાં ચિત્ત-સમૃદ્ધિ પર અને પાર્થિવ પ્રલોભનો કરતાં અલૌકિકની અભીપ્સા પર જ એમણે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. સાદાઈ અને સરલતા, નિખાલસતા અને નિસ્પૃહીપણું, વિચાર અને આચારશુદ્ધિ, મતચર્યા માટે મનમોકળાશ અને સદ્‌ચર્યા માટે જીવનમોકળાશ આ બધી લાક્ષણિકતા-એ એમને સાધુચરિતનું બિરુદ અપાવ્યું હતું.

લેખક • ધીરુભાઈ પરીખ

શાળ કરતાં વ્યવહારશાળાના પાઠ એને વધુ વહાલા લાગ્યા. તેથી માસિક રૂપિયા પાંચના વેતનથી શેઠ સોરાબજી બંગાળીના કારખાનામાં મામાએ ઈજનેરી કામ શીખવા ભાણેજને મૂક્યો. ત્યાંથી જી. આઈ. પી. રેલવેની વર્કશૉપમાં તે ગયો. અહીં એનો વાચનનો નાદ બેશુમાર વધ્યો. જે



નારાયણ હેમચંદ્ર યુવાવસ્થામાં

મોં પર શીતળાનાં ચાઠાં ને જીભે થોથવાટવાળો, નિશાળે-થી નાસી જનારો અને માંડ પૂરું ગુજરાતી ભણેલો એક અદનો આદમી શ્રમ, સાદાઈ, સંકલ્પબળ ને શ્રદ્ધાથી લોક-સમુદાયને સદ્વિચાર અને સદાચારને માર્ગે વાળનારું સાહિત્યપૂર સર્જી ગયો અને પોતાના સાધુચરિતથી નર-સિંહરાવ જેવા વિદ્વાન, દયાનંદ સરસ્વતી જેવા ધર્મધુરં-ધર ને ગાંધીજી જેવા મહાત્માનો પ્રશંસાભાવ કમાઈ ગયો.

પૈસા મળતાં તેમાંથી પુસ્તકો ખરીદી તેણે વાચન-મનન વધાર્યું.

એ વાચનમાંથી જે ગુણો કેળવાયા તેમાં કિશોર નારાયણને સાદાઈનું ખાસ આકર્ષણ થયું, તે એટલે સુધી કે ઈસ્ત્રીવાળાં કપડાં પણ એ ચોળીને જ પહેરે! સ્ત્રીઓની એને ભારે શરમ. આથી તો એણે લગ્નનો પ્રસ્તાવ પણ નકારી કાઢેલો. પિતાના કારખાનામાંથી અને દાદાની છાપકામની દુકાનમાંથી ઉદ્યોગજ્ઞાન મેળવવાની એની જિજ્ઞાસા નાનપણથી જ છતી થઈ ગઈ હતી. નિશાળે જતાંઆવતાં વચમાં લુહાર, મોચી, સોની, કસબી, કંસારા, વગેરેની દુકાને ઊભો રહી તે તે ઉદ્યોગની જાણકારી મેળ-વવાની જિજ્ઞાસા એ રોકી શકતો નહિ. મામાએ એની આ શક્તિ પાર-ખીને ઘડિયાળનું કામ શીખવા તેમજ નિકલનો ઢોળ ચડાવવાની કલા હસ્તગત કરવા આગ્રહ કરેલો. પરંતુ નારાયણ એકે ય ધંધામાં ઠરી ઠામ થાય નહિ. આથી હિતેચ્છુ મામાએ ઠપકાનાં બે ત્રણ કહ્યાં અને નારાયણ મામાનું ઘર છોડી પૂના નાઠો. પણ બે જ દિવસમાં એ પાછો આવ્યો.

આ મોસાળવાસે નારાયણના વ્યક્તિત્વને ઘડવામાં સારો ફાળો આપ્યો. મામાને ત્યાં જ કરસનદાસ મૂળજીનો 'દેશાટન' નિબંધ વાંચ્યો અને પરિભ્રમણની ઝંખનાનાં બી રોપાયાં. એ અરસમાં એમણે લગભગ બસો પુસ્તકો વાંચી નાખ્યાં. આ તેમજ કેટલાંક સામયિકોનાં વાચનની એમના જીવનવિકાસ પર ખૂબ અસર પડેલી. આમાં મુખ્યત્વે ડોસાભાઈ ફરામજી કૃત 'ગ્રેટ બ્રિટનની મુસાફરી', એલ્ફિન્સ્ટન કૃત 'હિન્દુસ્તાનનો ઇતિહાસ' ને 'ઇરાનની તવારીખ', કરસનદાસ કૃત 'યુરોપનો પ્રવાસ' એ પુસ્તકો તેમજ 'વિદ્યાસાગર', 'જગત પ્રેમી', 'જ્ઞાનપ્રકાશ', 'આર્યમિત્ર', 'રાસ્ત ગોફ્તાર', 'દાંડિયો' આદિ સામયિકોનો પ્રભાવ પ્રબળ નીવડ્યો.

એ જ અરસામાં જુદીજુદી સભાઓમાં જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો સાં-ભળવા એ અચૂક જતો. પાયધૂનીમાં ચાલતી 'સત્યશોધક સભા', માંડવીની 'ખોજા જનરલ મીટિંગ', 'મરાઠી જ્ઞાનપ્રસારક મંડળી', 'પ્રાર્થનાસમાજ', 'હરિચિંતક ભક્ત સમાજ', ધોબી તળાવ પરની 'ગુજરાતી જ્ઞાન પ્રસારક મંડળી' વગેરેમાં નારાયણની હાજરી હોય જ. પ્રાર્થનાસમાજ અને હરિચિંતક ભક્ત સમાજે એની ધર્મવિચારણા પર ઊંડી અસર કરેલી ને એકેશ્વરવાદી દષ્ટિબિંદુ વિકસાવેલું. ગુજરાતી જ્ઞાન પ્રસારક મંડળીમાં કેખુશરૂ કાબરાજીએ લિવિંગ્સ્ટન પર ભાષણ આપેલું તેની અસર તળે નારાયણને લિવિંગ્સ્ટન જેવું મહાનવ્યક્તિત્વ ખીલવવાની કામના જાગેલી.

વાચન અને જ્ઞાનસભાઓનો આ શોખ એટલો બધો વધતો ચાલ્યો કે એને માટે નવી અનુકૂળ નોકરીની શોધમાં એ પડ્યા. ત્યાં જ સ-વારના નવથી સાંજના ચાર વાગ્યા સુધીની માસિક રૂપિયા ત્રીસની નોકરી એમને મળી ગઈ. પણ થોડા વખતમાં આ નોકરી પણ એમને પ્રતિકૂળ પ્રતીત થવા લાગી અને એ છોડીને વિદ્યાપ્રાપ્તિની પ્યાસ અને હુન્નરભૂખ સંતોષવા એ સવારના સાડા સાતથી રાતના નવ વાગ્યા સુધી ભૂખ અને થાકની દરકાર કર્યા વગર મુંબાઈમાં રખડપટ્ટી કરવા લાગ્યા. હુન્નરનું જ્ઞાન લોકોમાં વધે એ આશયથી નાના નાના હુન્નરના અખતરાઓ 'જગદારશી આર્ય'ના તખલ્લુસથી 'નૂરે એલમ' સામયિકમાં પ્રગટ કરવા માંડ્યા.

એ જ ગાળામાં કેટલીક શોધખોળ કરી પેટન્ટ લેવાની ઇચ્છા પણ દઢમૂલ કરી. બપોરીઆં અને આપમેળે ચાલે તેવા પંખાની શોધનો વિચાર કર્યો. પ્રથમ પાણીની ગતિથી ચાલે તેવો પંખો શોધવાના પ્રયત્નો કર્યા પરંતુ સફળતા મળી નહિ. ધન ખોયું પણ ધીરજ ખોઈ નહિ. હાર મળી પણ હિમ્મત ચળી નહિ. પરાજયે એમના પુરુષાર્થને પોરસાવ્યો. ત્યાં જ માતાની ટોપીઓના જૂના ગ્રાહક મોહનલાલ વિઠ્ઠલનો ભેટો થઈ ગયો. એણે ચાંદ ઘડિયાળીનો સંપર્ક કરાવી આપ્યો. નારાયણ ચાંદ પાસે ઘડિયાળ સમી કરવાનું કામ શીખ્યા. છતાં ય રિપીટિંગ ઘડિયાળનું સમાર-કામ ચાંદે શીખવ્યું નહોતું. પણ જંપે તો નારાયણ શાનો? ઘરે જઈ રિપીટિંગ ઘડિયાળના યંત્રની આકૃતિ વારંવાર પાટી પર દોરી, અને અંતે સતેજ કલ્પના દ્વારા નક્કી કર્યું કે આ પ્રકારની ઘડિયાળ અંદરથી આવી જ હશે! એ યંત્રની આકૃતિ એણે ચાંદને બતાવી. ચાંદ છક થયો ને ખુશ થયો, અને એણે નારાયણને એ ઘડિયાળની આખી રચના બતાવી દીધી. આમ જે કોઈ ઉદ્યોગમાં નારાયણ પડતો ત્યાંથી પીછેહઠ કરતો નહિ. હોમિયોપથીનો પણ એને આવો જ છંદ લાગેલો અને એ ક્ષેત્રમાં સારું એવું જ્ઞાન મેળવેલું. આ રીતે એણે અનેક ગૃહોદ્યોગો હસ્તગત કર્યા હતા, અનેક હુન્નર-ઉદ્યોગો વિષે વિવિધ લેખો પણ પ્રસિદ્ધ કર્યા હતા.

પ્રાર્થનાસમાજે એમને 'ધર્મશિક્ષણ' નામક બંગાળી પુસ્તકના અનુ-વાદ વિઠ્ઠલ ખાંડેકરની ઓળખાણ કરાવી આપી. ખાંડેકરે જણાવ્યું કે બંગાળીમાં અનેક ઉત્તમ ગ્રંથરત્નો છે. નારાયણને આથી બંગાળી શીખવાની વૃત્તિ થઈ અને બંગાળી પુસ્તકોનું ભાષાંતર કરી જનતાને ધર્મલાભ આપવાની એમને ચાનક ચઢી. એવામાં એક શ્રી માધવરાવને ત્યાં 'જ્ઞાનવિસ્તાર' નામનું સામયિક જોવામાં આવ્યું. એમાં બંગાળી સ્વર-વ્યંજનો આપ્યા હતા. લાગલા જ નારાયણે અહીંથી બંગાળી શી-ખવાના શ્રીગણેશ માંડ્યા. દરમિયાન પ્રાર્થનાસમાજના અનન્ય પ્રવ-ર્તક બાબુ નવીનચંદ્રરાયનો પરિચય થયો. એમણે નારાયણને ખરા ખંતથી બંગાળી શીખવવા માંડ્યું. રોજ સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી તેઓ એને બંગાળી શીખવે અને ત્યાર બાદ નારાયણનો સમવયસ્ક બંગાળી વિદ્યાર્થી મહેન્દ્રનાથ ચૅટરજી એને શીખવે. આ રીતે એક અઠવાડિયા-માં તો એણે બંગાળી પહેલી ચોપડી શીખી લીધી અને એ વખતનું સુપ્રસિદ્ધ બંગાળી સાપ્તાહિક 'પ્રતિધ્વનિ' વાંચતા પણ થઈ ગયા!

આ બાબુ નવીનચંદ્રનું ઓળખાણ નિરાધાર નારાયણને આગળ જતાં પિતૃછાયા સમ બની રહ્યું. બાબુએ પણ નારાયણને પુત્રવત્ ગણી અપાર પ્યાર આપ્યો. તેની આવી પ્રકૃતિ ને પ્રવૃત્તિને અનુરૂપ નોકરી અંતે તેને આર્યસમાજમાં મળી ગઈ. પણ ત્યાં એક વાર એણે લખ્યું 'વેદ, બાઈબલ, કુરાન, કોઈ પણ પુસ્તક ઈશ્વરકૃત નથી.' આર્યસમાજના મહા-મંત્રી આથી ક્રોધે ભરાયા. એમણે આવું વાક્ય ન લખવા સૂચવ્યું. નારા-યણે તો જવાબ આપી દીધો: 'હું કાંઈ મતનો ગુલામ નથી. મારો મત હું કહેવાને તથા પ્રકટ કરવાને કેદી નથી. મારી મરજી પ્રમાણે હું લખી

રાખું છું.' વાત વધી પડી અને સ્વમાની નારાયણને નોકરી છોડવી પડી.

ત્યાંથી એ પ્રાર્થનાસમાજમાં જોડાયા. આ નોકરીએ એમની ઘણા મોટા પ્રવાસની તક પૂરી પાડી. પ્રાર્થના સમાજની લેખન આદિની આ નોકરી અર્થે એઓ બાબુ નવીનચંદ્ર રાય સાથે અલ્લાહાબાદ જવા રવાના થયા. ઈ. ૧૮૭૪ થી ૧૮૮૧ સુધીનાં લગભગ સાત વર્ષ એમણે બાબુ સાથે પ્રવાસમાં ગાળ્યાં. ઉત્તર ભારતની યાત્રાનો લાભ આ રીતે નારાયણને સાંપડ્યો. એમાં બાબુ નવીનચંદ્રના નિકટતમ પરિચયમાં એ આવ્યા. નારાયણની ઉન્નતિમાં નવીનચંદ્રનો ફાળો અવિસ્મરણીય રહેશે. પહેલું આખું ય વર્ષ એમણે બાબુની સાથે ધર્મજ્ઞાનવૃદ્ધિમાં ગાળ્યું અને પછી બંગાળી પુસ્તકોના ગુજરાતી અનુવાદ કરવાની પ્રવૃત્તિ હાથ ધરી. એમાં બ્રહ્મસમાજનાં કેટલાંક પુસ્તકોનાં ભાષાંતર પણ કર્યાં.

એમના એ અનુવાદો બંગાળી-સંસ્કૃત-મરાઠી મિશ્રિત ગુજરાતીમાં થયા હોઈ તેમાં ભાષાકીય ક્ષતિઓ સહેજે જડી આવશે; છતાં બંગાળી સાહિત્યનો ગુજરાતને પરિચય કરાવવાનો પ્રથમ યશ નારાયણને ફાળે જાય છે. ધર્મ-ઈતિહાસ-સાહિત્ય-સમાજ-સુધારો આદિ બસોએક ગ્રંથોના એમણે બંગાળીમાંથી અનુવાદ કરેલા. એમની વાતચીતની ઢબમાં ખરબચડાપણું હતું. પણ છતાં લખાણમાં એમનો ઉમદા આત્મગુણ પ્રગટ થતો. આથી જ ગોવર્ધનરામ ત્રિપાઠીએ એમના વિષે લખેલું: **'Some people talk like idiots, and write like angels'** (કેટલાક લોકો વાતચીત બુદ્દુઓની જેમ કરે છે અને લખે છે દેવદૂતોની જેમ.) નારાયણ વિષેનો આ અભિપ્રાય નરસિંહરાવ પણ અનુમોદતા. આ જ ગુણને લઈને રમણિક અ. મહેતાએ એમને **'mighty mind of a hero'** (પ્રચંડ મનોઘટનાશાળી વિભૂતિ) તરીકે ઓળખાવ્યા હતા.

'બાબુ નવીનચંદ્ર ધર્મજ્ઞ, પંડિત અને ચતુર પુરુષ હતા. નારાયણના જીવનમાં એઓ ધ્રુવતારક બની ગયા હતા. નિઃસ્વાર્થી અને નિર્ક્રોધી પ્રકૃતિ, નિર્વ્યાજ અને નિષ્કામ સ્નેહ, નિરહંકાર અને નમ્રતા, સદ્‌વિચાર અને સદાચાર વગેરે સદ્‌ગુણોને નારાયણે બાબુના સંગથી સેવ્યા હતા. વળી, નવીનચંદ્ર સ્વાશ્રય અને પુરુષાર્થથી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા ગયા હતા તેની પણ નારાયણ પર ગહેરી અસર પડી હતી. આથી જ એમણે નવીનચંદ્રને ગુરુપદે સ્થાપ્યા હતા.

સાત વર્ષ સુધી નવીનચંદ્ર સાથે રહી નારાયણે પ્રયાગ, આગ્રા, નાશકત્ર્યંબક, જબલપુર, ચિતોડ, લાહોર, હિમાલય, સીમલા વગેરે સ્થળોનો પ્રવાસ કર્યો. એમાં ધર્મસ્થાનોના પાખંડ જોઈ અંધશ્રદ્ધા પરની એમની ઘૃણા વધી, રાણી વિકટોરિયાના રાજ્યાભિષેક નિમિત્તે દિલ્હીમાં થનાર ઉજવણીમાં ભાગ લેવા નવીનચંદ્રની સાથે નારાયણ પણ ગયા. ત્યાં સુભાગ્યવશાત્ કેશવચંદ્રસેન અને દયાનંદ સરસ્વતીની એમને મુલાકાત થઈ. નારાયણને થયું કે જો બ્રહ્મસમાજ અને આર્યસમાજ સમાન સિદ્ધાંતો પર આવી જાય તો લોકોનું વધુ કલ્યાણ થાય. એટલે તેણે એક રાત્રે કેશવચંદ્ર, દયાનંદ અને નવીનચંદ્રને ભેગા કર્યા. ત્યાં ધર્મચર્ચા થઈ; પરંતુ દયાનંદે પોતાનો મતાગ્રહ ન છોડતાં કશું જ પરિણામ આવ્યું નહિ. નારાયણના આ પ્રયાસથી બ્રહ્મસમાજ અને આર્યસમાજ એક થયા હોત તો કદાચ નવી જ દિશા ઊઘડી હોત!

આ જ વખતે એમને રાજા રામમોહનરાયનું જીવનચરિત્ર વાંચેલું તે યાદ આવ્યું. અને એમની જેમ તિબેટ જઈ ધર્મ જાણવાની તાલાવેલી જાગી. બાબુ નવીનચંદ્રના મિત્ર લાલા શ્રદ્ધારામ પાસેથી ત્રીસ રૂપિયા લઈ તે તિબેટ, ચીન અને જપાન જવા ઊપડયા. પણ જ્યાં સીમલા પહોંચ્યા ત્યાં જ પોલીસે પાસપોર્ટ નહીં આપતાં અટકાવ્યા આથી એમને લાહોર પાછા ફરવું પડયું અને ત્યાં ફરી વિદ્યાવૃદ્ધિ અને ધર્મજ્ઞાનના અભ્યાસમાં લાગી ગયા. તેના પરિણામે પ્રથમ 'હિન્દુ ધર્મનીતિ' નામક પુસ્તક રચ્યું અને એ જ રીતે ખ્રિસ્તી, પારસી, ઈસ્લામ વગેરે ધર્મોના મહત્ત્વના શ્લોકો તારવી તે તે ધર્મનીતિનું પુસ્તક તૈયાર કરવાની એમણે યોજના કરી. તદનુસાર 'આર્યધર્મનીતિ' તૈયાર કર્યું. આ રીતે નારાયણ ઉદારમતવાદી અને સર્વ ધર્મ સારગ્રાહી ધર્મપુરુષ બન્યા. માનવકલ્યાણનો જ એમને મન મોટો ધર્મ મહિમા હતો. આ બાબતમાં કોઈના પણ પ્રભાવમાં આવ્યા વગર પોતાનો સ્વતંત્ર મત નિર્ભીતપણે પ્રકટ કરતાં એ અચકાતા નહિ.

આ સાથે નારાયણની વ્યવહારકુશળતા અને વહીવટદક્ષતા પણ નવીનચંદ્રે પારખી લીધી હતી. આથી જ લુસંગાબાદ જિલ્લામાં એક નાનકડું ગામ ખરીદી એને વિકસાવવા માટે એમણે નારાયણને મોકલ્યા, આગ્રાથી ખેડૂતો મજૂરો અને ઢોરઢાંખર લઈ નારાયણ ત્યાં પહોંચ્યા. અહીં ખૂબ સાદાઈમાં રહી પરિશ્રમપૂર્વક એમણે ગામ વિકસાવ્યું. આ ગામ તે બમનગામ (બ્રાહ્મગ્રામ). કરકસર અને કુનેહથી એમણે આમ વેરાનમાં વાડી ઊભી કરી. આ જંગલમાં યે એમનું વાચન-મનન-લેખન તો ચાલુ જ હતું. અહીં એમણે 'ખ્રિસ્તી ધર્મનીતિ', 'કઠોપનિષદ્‌નો સાર' તથા 'ગીતાનો સાર' પુસ્તકો તૈયાર કર્યાં. નારાયણની પરિશ્રમવૃત્તિ અને વહીવટી કુશળતાનો નવીનચંદ્રને અહીં પૂરો પરિચય થઈ ગયો.

આ જ પ્રવાસમાં નારાયણના સદ્‌ચારિત્ર્યને પડકારનારા પણ કેટલાક પ્રસંગો બની ગયા. બાબુ નવીનચંદ્ર ૧૮-૧૯ વર્ષની કુસુમ નામની ત્યક્તાને પોતાના અનાથાશ્રમમાં લઈ આવ્યા હતા. કુસુમ નારાયણ પ્રત્યે આકર્ષાઈ. બાબુએ નારાયણ પાસે કુસુમ સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. નારાયણે એ પ્રસ્તાવ સાભાર નકાર્યો તો ખરો, પણ થોડા જ વખતમાં તેને આકર્ષણ જન્મ્યું. પણ વિષયસુખથી ભાગનાર ને આજન્મ બ્રહ્મચારી રહેવાના સંકલ્પવાળા નારાયણ તરત ચેતી ગયા. એ લખે છે: 'યુવાવસ્થા ઘણી ખરાબ અવસ્થા છે...જુવાની જ માણસને પોતાના સદ્‌ગુણોનો નાશ કરાવે છે...તેનાથી બચવાનો સારો ઉપાય ઈશ્વર પાસે બળ માગવાનો છે...જો આયુષ્યને મધુમય કરવું હોય તો જુવાનીમાં ખરા અંતઃકરણથી ઈશ્વરની પાસે બળની યાચના કરવી. જો આયુષ્યને નિષ્કલંક કરવું હોય તો નાનપણથી જ ખરાબ સંગત ત્યાગી ઈશ્વરની પ્રાર્થના કરતાં શીખવું જોઇએ.' એક વાર રાત્રે બાર વાગ્યે કુસુમ નવાં વસ્ત્રો પરિધાન કરી બનીઠની ને નારાયણના ઝૂપડામાં પ્રવેશી. નારાયણે ચિત્તવૃત્તિને ચળવા દીધી નહિ. આ પ્રસંગ વિષે એ લખે છે: 'મારી તો ખાતરી છે કે ઈશ્વરની પ્રાર્થના આ જગતમાં બધું કરે છે. કેટલાક નાસ્તિકો તથા સંદેહવાદીઓ પ્રાર્થનાની જરૂર માનતા નથી, પણ મારા જીવનમાં હું દરેક વેળાએ પ્રાર્થનાનું બળ અનુભવું છું.' આમ સાચી પ્રભુશ્રદ્ધા અને પ્રાર્થનાપ્રાબલ્યે એમને જીવનમાં ઉન્નતમાર્ગી બનાવ્યા હતા. આગ્રા આવતાં માર્ગમાં કોઈ કાળી કુલટાએ દેહભૂખ સંતોષવાની કરેલી માગ સામે, અંબાલાલની ધર્મશાળામાંની કેટલીક વેશ્યાઓના નેત્રકટાક્ષ સામે કે મુંબાઈની વારાંગનાઓના મુજરા સામે આ સદ્‌ચારિત્ર્યની ઢાલથી જ એઓ ઝઝૂમેલા.

નારાયણ અજબ પ્રવાસી પણ હતા. સમગ્ર ભારતનો પ્રવાસ તો એમણે કર્યો જ હતો, પરંતુ વિદેશના પ્રવાસની યે એમને નાનપણથી ખ્વાહેશ હતી. સૌપ્રથમ એ મૂળજી નામના ભાટિયાની સાથે વિલાયત જવા નીકળ્યા હતા; પરંતુ મામાના મામા શિવશંકરના કહેવાથી ન ગયા. ત્યાર બાદ નવીનચંદ્રે સ્થાપેલા અનાથાશ્રમનો વહીવટ કરનાર રામજીદાસ સાથે પૃથ્વીના પરિભ્રમણે નીકળ્યા. પરંતુ રામજીદાસની સ્વાર્થી અને વિચિત્ર પ્રકૃતિને લઈને પાછા વળ્યા. તે પછી વળી ૧૮૮૮માં વ્રજરાય સંતોષરાય દેસાઈને ત્યાં મુંબાઈ ગૅઝેટમાં સમાચાર વાંચ્યા કે અંગ્રેજી નહિ જાણનાર એક કાબૂલી પાણી પીવાની, ખાવાની, સૂવાની વગેરે ચિઠ્ઠીઓ ખિસ્સામાં લઇને યુરોપમાં સફળતાથી ફરે છે. આથી નારાયણને પરદેશ જવાની પુનઃ પ્રેરણા મળી. ત્યાં જ પારી(સ)માં પ્રદર્શન ભરાયાની જાહેરાત વાંચી એ જોવા જવાની ઝંખના જાગી. એવામાં કચ્છના દીવાન

મોતીલાલ લાલભાઈ અને જૂનાગઢના નાયબ દીવાન પુરુષોત્તમરાય સુંદરજી ઝાલા મુંબઈ આવ્યા. નારાયણે એમને મળી ઇંગ્લેંડ જવાની ઉત્કંઠા વ્યક્ત કરી પુરુષોત્તમરાયે રૂપિયા દોઢસોની મદદ કરવાનું વચન આપ્યું. મોતીલાલે પણ કચ્છના મહારાવને પૂછી કંઈક સહાય કરવાનું આશ્વાસન દીધું. નારાયણની આકાંક્ષા વધી. આથી તે ભાવનગર ગયા અને ત્યાં લલ્લુભાઈ શામળદાસે પણ રૂપિયા દોઢસોની મદદ કરી. જૂનાગઢના દીવાન હરિદાસે રૂપિયા પચાસ આપ્યા. કચ્છના મહારાવ ખેંગારજીએ પણ રૂપિયા દોઢસો આપ્યા. નારાયણની આકાંક્ષા હવે આકાર લેવા લાગી. સાવ સાદાં ખપજોગાં કપડાં, એક થેલો અને થોડાં પુસ્તકો લઈ નારાયણે પરદેશના પ્રવાસનો પ્રારંભ કર્યો. ભારત છોડતાં પહેલાં એમણે સત્યેન્દ્રનાથ ટાગોર, રમેશચંદ્ર દત્ત, નવીનચંદ્ર રાય, બહેરામજી મલબારી, ઝવેરીલાલ યાજ્ઞિક, મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી વગેરે મહાનુભાવોના અભિપ્રાયપત્રો પોતાની સાથે લીધા. અને આમ ઈ. ૧૮૮૯ની આખરમાં એઓ ઇંગ્લંડ જવા રવાના થયા.

ઇંગ્લૅન્ડ ગયા ત્યાં સુધી એમને અંગ્રેજી આવડતું નહોતું. તેની આવી અસહજતાથી ત્યાંના 'નૅશનલ ઇંડિયન એસોસીએશન'વાળાં કુ. મૅનિંગે તો નારાયણના હિંદમાંના એક મિત્રને લખી જણાવ્યું કે તમે આને પાછો તેડાવી લો. પરંતુ નારાયણ જેનું નામ! એ તો રઢ કરીને રહ્યા જ રહ્યા. ધીમે ધીમે ભાંગીતૂટી અંગ્રેજી શીખી લીધી. પરિણામે અંગ્રેજીમાંથી ચુનંદાં સૂત્રોનો એક સંગ્રહ 'Sayings of Sages' (સંતોની સૂક્તિઓ) નામે બહાર પાડ્યો. વધારામાં સ્પૅનિશ અને ફ્રેન્ચ ભાષા પણ એમણે ખપપૂરતી શીખી લીધી ને જર્મની જઈ જર્મન ભાષા પણ ઠીકઠીક શીખ્યા.

એ જ કુ. મૅનિંગને ત્યાં ગાંધીજી એ વખતે નારાયણના પરિચયમાં આવ્યા. ત્યાંના ફૂલફટાક સમુદાય વચ્ચે બેડોળ પાટલૂન, કરચલીવાળો મેલો પારસી ઢબનો કોટ અને માથે ફૂમતાવાળી ઊનની ટોપી સાથે ફગફગતી દાઢીવાળા નારાયણ વિચિત્ર લાગતા હતા. પણ આંતર વ્યક્તિત્વના ઓજસના-આરાધક નારાયણને કાયાની કુરૂપતા ને વસ્ત્રોની વિચિત્રતા સાલે તેમ નહોતાં. ગાંધીજી પાસે એમણે અંગ્રેજી શીખવા માંડ્યું. અને એમની સ્નેહગાંઠ દૃઢ થતી ગઈ. નારાયણની સાદાઈ, સંકલ્પબળ શ્રદ્ધા અને શાકાહાર ગાંધીજીને સ્પર્શી ગયાં.

સાધુપુરુષ, દરિદ્રતાથી કાર્ડિનલ મૅનિંગનું નામ એ વખતે સર્વત્ર આકર્ષણ જમાવતું હતું. ગાંધીજીની ઇચ્છા એ મહાન પુરુષને મળવાની હતી પણ હિંમત ચાલતી નહિ. નારાયણે એ બીડું ઝડપ્યું અને ત્યાંની મજૂર હડતાલમાં કાર્ડિનલે જે પ્રશસ્ય કામગીરી કરી હતી તે બદલ અભિનંદન આપવાને નિમિત્તે નારાયણે ગાંધીજીને કાર્ડિનલની મુલાકાત કરાવી આપી. તદ્દન સાદો પોશાક અને અંગ્રેજીના અજ્ઞાનની સહેજ પણ દરકાર કર્યા વગર અજબ આત્મશ્રદ્ધા અને વ્યવહારચાતુર્યથી એમણે આ કામ પાર પાડ્યું. એમના લઘરવઘર દેખાવથી ત્યાંના કિશોરો એમની પાછળ પડી ચીડવતા યે ખરા, પણ નારાયણ ત્યાં ચીડાવા ક્યાં ગયા હતા?

પારી(સ) જઈ એમણે ફ્રેંચનો વધુ અભ્યાસ કર્યો અને ફ્રેંચ પુસ્તકોના અનુવાદો શરૂ કર્યા. ત્યાંથી એ અમેરિકા પણ ગયા. ત્યાં માત્ર ધોતિયું અને પહેરણ પહેરીને ફરતા નારાયણને અસભ્ય પોશાક પહેર્યાના ગુનેગાર તરીકે પકડવામાં આવ્યા પણ પાછળથી છોડી દીધા. ઈ. ૧૮૯૪માં ઇંગ્લૅન્ડ-અમેરિકાથી પાછા ફર્યા ત્યારે પણ વિદેશયાત્રાના ઘમંડ રહિત એ જ સાદગી અને સરળતા એમનામાં હતાં. ઔપચારિક દંભે એમનામાં સહેજ પણ પ્રવેશ કર્યો નહોતો. કપરા ને પ્રતિકૂળ સંજોગોમાં પણ નારાયણે વિદેશયાત્રાની પોતાની અદમ્ય આરઝૂ આ રીતે પાર પાડી તે તેમની સક્રિય મહત્ત્વાકાંક્ષા અને સુદૃઢ મનોબળના પ્રેરણાત્મક પુરાવો છે.

આ ઉપરાંત નારાયણને અનેક સજ્જનો, સાધુપુરુષો અને મહાત્મા-પંડિતોનો પરિચય થએલો. એ સહુ પાસેથી ઠીક લાગતું તે અપનાવતાં તે સહેજ પણ સંકોચાતા નહિ અને છતાંય કોઈની ય શેહ કે શરમમાં આવવાનું એ લેશ પણ શીખ્યા નહોતા. દયાનંદ સરસ્વતી સાથે પણ એ વેદધર્મ, બ્રહ્મસમાજ, આદિ અંગે ખુલ્લા મનથી ચર્ચા કરતા. આથી જ એ સંસારસુધારા તરફ અને નાતજાતના ભેદભાવના વિરોધ તરફ વળેલા. કેશવચંદ્ર સેન સાથે પણ એમણે આર્યસમાજ અને બ્રહ્મસમાજની વિસ્તૃત ચર્ચા કરેલી. ભોળાનાથ સારાભાઇને મુંબાઇમાં મળ્યા પછી એ અમદાવાદ આવ્યા ત્યારે એમની સાથે પણ પ્રાર્થનાસમાજ વિષે ચર્ચા કરતો પત્ર-વ્યવહાર અવારનવાર કરતા. મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર સાથે પણ એમણે ધર્મચર્ચાઓ કરેલી. ઉપરાંત ગુજરાતમાં મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, નવલરામ લક્ષ્મીરામ પંડ્યા, લાલશંકર ઉમિયાશંકર, નરસિંહરાવ વગેરે વિદ્વાનોનો પણ એમણે સારો સંપર્ક રાખેલો. મહિપતરામ રૂપરામ જેવા સંસારસુધારક, અંબાલાલ સાકરલાલ જેવા અર્થનીતિજ્ઞ, અને ગુજરાત મિલઉદ્યોગના આદિપુરુષ રણછોડલાલ છોટાલાલ જેવા ઉદ્યોગપતિઓનો પણ એમને સમાગમ હતો. આમ વિવિધ ક્ષેત્રના વિચારપુરુષોને એઓ મળતા અને પોતાની જ્ઞાનક્ષુધાને સંતર્પતા.

નરસિંહરાવ સાથે તો એમને સારી મૈત્રી પણ થએલી. નરસિંહરાવના પ્રથમ કાવ્યસંગ્રહ 'કુસુમમાળા'ના નિમિત્ત તરીકે નારાયણે મહત્ત્વનો ફાળો આપેલો. નરસિંહરાવની કવિત્વશક્તિને એમણે જ પુનઃ સર્જનરાહે વાળી હતી ને આનો ઋણ સ્વીકાર પણ નરસિંહરાવે 'કુસુમમાળા'નું અર્પણ નારાયણને કરીને દાખવ્યો છે. જોકે સાહિત્યકાર તરીકે નારાયણની મર્યાદાઓ સમજીને નરસિંહરાવે એમના સર્જન સાતત્યને અનુલક્ષીને 'સાહિત્યના કારખાના'નું બિરુદ આપેલું! પણ નારાયણે તો સાહિત્યકારમાં ખપવાની સહેજ પણ ખેવના વગર જુદી જુદી ભાષાના સત્ત્વશીલ વિચારોને ગુજરાતી પ્રજા સમક્ષ મૂકવાની એકમાત્ર મુરાદથી જ પોતાનું એ 'કારખાનું' સતત ચલાવ્યે જ રાખ્યું. બંગાળીમાંથી 'મહાશય' શબ્દ ગુજરાતીમાં પ્રથમ લઈ આવવાનું માન નારાયણને ફાળે જાય છે. નરસિંહરાવને 'હ' શ્રુતિના ઉપયોગનો આગ્રહ કરનાર પણ એ જ. સમાજસુધારક તરીકે અને ખાસ કરીને સ્ત્રી-ઉદ્ધારક તરીકે નારાયણે પોતાના સાહિત્ય દ્વારા સારી સેવા કરી હતી. અને સ્ત્રી-ઉપયોગી ગ્રંથ-પ્રકાશન શ્રેણી શરૂ કરી હતી. તેનું પ્રથમ પુસ્તક તે 'સ્ત્રી જાતિની સત્કીર્તિ'નો પહેલો ખંડ. અજ્ઞાન સમાજમાંની અંધશ્રદ્ધા, ધર્મધતિંગ, ક્રિયાકાંડ વગેરે ઉપર પણ એમણે આકરા પ્રહારો કરેલા. સદ્‌વિચાર અને સદાચારના સન્માર્ગ પર લોકસમુદાયને લાવવાનો આજીવન મનોરથ હતો.

આવા સાધુચરિત નારાયણનું વ્યક્તિત્વ નિરાળું હતું. ધર્માડંબરને છોડી ધર્મતત્ત્વ પર એમની દૃષ્ટિ હમેશાં સ્થિર રહેતી. પ્રભુશ્રદ્ધા ને પ્રાર્થના અજબ જીવનબળ આપે છે એવી એમની દૃઢ પ્રતીતિ હતી. એકેશ્વરવાદમાં શ્રદ્ધા ધરાવનાર નારાયણને મન સર્વ ધર્મસંપ્રદાય સમાન હતા. જગતના સહુ માનવો ભાઇઓ છે એવી વિશ્વપ્રેમની ભાવના એમના હૈયે હરદમ જાગ્રત રહેતી. સદ્‌વિચાર, સચ્ચારિત્ર્ય, સત્યપ્રિયતા, સન્નિષ્ઠા અને સમભાવ એમની આચારસંહિતા હતી. વ્યવહારપટુતા, વહીવટદક્ષતા ને આદર્શ આચાર-વિચારનો એમનામાં વિરલ સંયોગ થયો હતો.

એમનું મૃત્યુ પણ એમના નિસ્વાર્થી નેહભીના ઋજુ વ્યક્તિત્વનો પરિચય આપી જાય છે. નાનો ભાઈ વિઠ્ઠલ માંદગીથી ખાટલાવશ હતો. નારાયણ તન, મન ધનથી એની સેવાચાકરીમાં રોકાએલા હતા એવામાં જ પ્લેગ ફાટી નીકળ્યો. મરકીના ઉંદરો ઘરમાં મરવા લાગ્યા છતાંય અનુજની પથારી છોડી નારાયણ ન ખસ્યા તે ન જ ખસ્યા. ત્યાં જ દુર્ભાગ્યે નારાયણ પણ મરકીના રોગનો ભોગ થઈ પડ્યા. તરત એમને ચેપી રોગના દવાખાનામાં ખસેડવામાં આવ્યા પણ ભ્રાતૃસ્નેહનું ઉમદા ઉદાહરણ પૂરું પાડતા નારાયણનું એ ઇસ્પિતાલમાં જ ઈ. ૧૯૦૯માં નિધન થયું. પ્રતિકૂળતાને સાનુકૂળતામાં પલટાવી સામાન્ય સંજોગોમાં અસામાન્યની સાધના કરી જીવનસાફલ્ય પ્રાપ્ત કરનાર (એમની આત્મકથા 'હું પોતે'ના નાયક) નારાયણ ખરે જ એક વિરલ વિભૂતિ હતા. □

સંગીતસમજ-૨૧

રાગ બિલાવલ

સાધુરામ ન્યામતરામ યોધ

ગયે વર્ષે પંદરમા અંકમાં આપણા રાગોની વહેંચણી જે દસ 'થાટ'માં કરવામાં આવી છે તેની વિસ્તૃત સમજ આપી હતી. હવે અહીં પ્રથમ બિલાવલના થાટ મુખ્ય રાગ 'બિલાવલ' વિષે જાણીએ.

રાગ 'બિલાવલ' એક પ્રાચીન અને લોકપ્રિય રાગ છે, છતાં આશ્ચર્ય જેવું એ છે કે આપણાં ફિલ્મી ગીતોમાં તેનો આધાર જવલ્લે જ લેવાયો જણાય છે. તાજેતરમાં તો માત્ર 'મહલ'માં કિશોરકુમારે ગાએલા 'અય દુનિયાવાલે પૂછેંગે' ગીતમાં બિલાવલની આછી શી છાયા દેખાય છે.

પણ ઉચ્ચ સંગીતના જે રસિકો છે, અથવા જેમને ઉચ્ચ સંગીત માણવાની આકાંક્ષા છે તેમણે આ રાગનું સાચું સ્વરૂપ સમજવા 'દૈયા કહાં ગયે લોગવા બ્રિજ કે બસૈયા' જેવી વિલંબિત એકતાલની ચીજ સાંભળી હશે. ધમ્મારની 'એ તારી ડફ બાજત' કે આગરા ઘરાણાની મરહૂમ ઉસ્તાદ ખાંસાહેબ વિલાયતહુસેનની રેકૉર્ડમાં 'તું ઇસે જપા કર' એ ચીજ પણ હૃદયંગમ છે. બદાયૂંના ઉસ્તાદ નિસારહુસેનખાંની એલ. પી. (લૉંગ પ્લેઇંગ) રેકૉર્ડમાંની 'સુમિરન કર ભજ રામનામ કો' પણ બિલાવલનું સુંદર ઉદાહરણ છે. મરહૂમ ઉસ્તાદ અબ્દુલ કરીમખાંની એલ. પી. રેકૉર્ડમાં પણ બિલાવલની એક એવી જ મધુર ચીજ છે. બિલાવલ રાગનો ખરો ખયાલ મેળવવા સંગીતના ચાહકોએ એ જરૂર સાંભળવી જોઇએ. આ બધી જૂની ચીજો રાગનું સ્વરૂપ આબેહૂબ રજૂ કરે છે.

સ્વ. વિદ્વાન રત્નમણિરાવના મત પ્રમાણે ગુજરાતીઓમાં જે મૂળગત સંગીતપ્રેમ છે તેના એક દ્યોતક રૂપ આ બિલાવલ રાગ છે. આ રાગનું ઉદ્‌ગમસ્થાન હાલનું પ્રભાસપાટણ ક્ષેત્ર છે એમ તેઓએ કહ્યું છે. સંસ્કૃત ગ્રંથોમાં બિલાવલને 'વેલાવલ' કે 'વેલાવલિ' કહ્યો છે. હાલના વેરાવળનું મૂળ નામ છે 'વેલાકુલ'. અહીં ભગવાન લકુલેશાચાર્યે સોમ સંપ્રદાય સ્થાપેલો અને ભૈરવની આરાધના કરેલી. તે સાથે સંગીતકલાની આરાધના પણ થતી. આના ફલરૂપે ભૈરવ, વેલાવલ, સૌરાષ્ટ્ર ટંક, દેસ, સોરઠ વગેરે અહીંથી જ પ્રચારમાં આવ્યા એમ મનાય છે. જેમ ગુર્જરી તોડી, જૌનપુરી, મુલતાની, ભીમપલાસી વગેરે રાગનામ સ્પષ્ટપણે સ્થળસૂચક છે તેમ જ બિલાવલ પણ વેલાવલ–વેલાકુલનું સૂચન કરે છે એ સ્વ. રત્નમણિરાવનો અભિપ્રાય અયુક્ત લાગતો નથી. જે પ્રદેશમાં નાયક, ભોજક, તરગાળા, બજાણિયા, રાવળિયા, ઢાઢી જેવી સંગીત પર નિર્વાહ કરતી જાતિઓ હોય; જ્યાં લગ્નાદિ શુભ પ્રસંગો ઉપરાંત રોજિંદા જીવનમાં પ્રભાતિયાં, ખાયણાં, રાસ-ગરબા અને મૃત્યુ જેવા કારમા પ્રસંગે યે રાજિયા કે મરશિયા ગવાતા હોય ત્યાંની પ્રજાનું સંગીત હીન કઈ રીતે ગણાય?

બિલાવલ દિવસના પ્રથમ પ્રહરમાં ગવાતો રાગ છે. તેના બધા જ સ્વરો શુદ્ધ છે. એક મત એવો છે કે આ રાગ શંકરાભરણ થાટમાંથી ઉત્પન્ન થયો છે, પણ આપણે તેને બિલાવલ થાટના જનક રાગ તરીકે ગણી તેનો પરિચય કરીશું. 'સાં, નિધ, પધનિધપ, મગ, મ, રેસા' આ રીતે અવરોહમાં આટલા સ્વરો લેતાં જ બિલાવલ પ્રકટ થાય છે. આ સ્વરાવલિ બિલાવલ રાગની એક લાક્ષણિક ને નિશ્ચિત સ્વરાવલિ છે એમ પણ કહી શકાય. આ રાગમાં અવરોહમાં મધ્યમ (મ) કદી વર્જ્ય થતો નથી. એમ કરવાથી તેમાં 'દેશકાર રાગ'ની છાયા પેદા થાય છે. વળી પ્રભાતકાલીન રાગ હોવાથી બિલાવલમાં ધૈવતનું પ્રમાણ અધિક રહે છે. ગાયકો બિલાવલને 'પ્રભાતનો યમન' પણ કહે છે, કેમ કે આ બંને રાગોના સ્વરસ્વરૂપમાં 'મધ્યમ' સિવાય બધા જ સ્વરો શુદ્ધ છે.

બિલાવલ – અલ્હૈયા બિલાવલ

મૃદુ મધ્યમ તીવર સૂર સોહતે જેહિ માંહી–
ધગ વાદી સંવાદી હૈ કહત બિલાવલ તાહી.
મૃદુ મધ્યમ સબ તીખ સૂર મધ્યમ સે ન ચઢૈયો,
કછુ નિષાદ કોમલ લગત ધ ગ સંવાદ અલ્હૈયા.

બિલાવલ રાગ બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે. એની જાતિ સંપૂર્ણ, વાદી સ્વર ધૈવત, અને સંવાદી ગાંધાર છે. આ રાગના બધા જ સ્વરો શુદ્ધ છે. ગાવાનો સમય દિવસનો પ્રથમ પ્રહર મનાય છે. બિલાવલમાં ગાંધાર તથા નિષાદ સ્વરો વક્ર છે. આ રાગનું સ્વરૂપ કલ્યાણને મળતું હોવાથી ઘણા એને 'સવારનો કલ્યાણ' પણ કહે છે. બિલાવલમાં આરોહમાં મધ્યમ વર્જ્ય કરી અવરોહમાં થોડા પ્રમાણમાં કોમલ નિષાદ લેવાથી 'અલ્હૈયા–બિલાવલ' નામનો એનો બહુ જાણીતો પ્રકાર સર્જાય છે. પ્રચારમાં 'શુદ્ધ બિલાવલ' કરતાં 'અલ્હૈયા બિલાવલ' જ વધુ જાણીતો છે.

આરોહાવરોહ સ્વરૂપ

બિલાવલ

સા, રે, ગ, મ, પ, ધ, નિ સાં   સાં નિધ, પમગ, રે સા

અલ્હૈયા બિલાવલ

સા, રે, ગરે, ગપ, ધ, નિધ, નિસાં   સાંનિધ, પ, ધનિધપ, મગ, મરે, સા

અલ્હૈયાની પકડ

ગ રે, ગ પ, ધ, નિ સાં

અલ્હૈયા બિલાવલની ચીજ

(૧)

એક તાલ - વિલંબિત

દૈયા કહાં ગયે લોગવા બ્રિજ કે બસૈયા

(૨)

ત્રિતાલ મધ્ય લય

સ્થાયી

સુમિરન કર ભજ રામ-નામ કો
જો કછુ હોવે ભલા તેરા બંદે

અંતરા

એક દિન વહાં પર જાના હોગા
સોચ સમજ અપને જ્ઞાન ધ્યાન કો.

અબ્દુલ કરીમખાંની રેકર્ડ BEX264 'પ્યારા નઝર નહિ આવૈંદા' અને વિલાયતહુસેનખાંની BEX269 'તુ ઇસે જપા કરે મન' પણ ઇચ્છુકોએ જરૂર સાંભળવા જેવી છે.

બિલાવલના અવરોહમાં 'પ ધ નિ ધ પ' એ સ્વરાવલિમાં 'નિ' કોમળ લેવાય છે. આ જ રીતે 'સા, રેસા, ગ, રે ગ પ' સ્વરો લઈ આરોહમાં 'મધ્યમ' વર્જ્ય કરીને પણ ઘણા બિલાવલ ગાય છે. આ સ્વરૂપ સારીપેઠે પ્રચારમાં છે અને ગાયકો તેને 'અલહૈયા બિલાવલ' કહે છે. શુદ્ધ બિલાવલમાં આરોહમાં મધ્યમ વર્જ્ય ન કરવો તેવું ગાયકો માને છે.

ગાયકો બહુધા અલ્હૈયા બિલાવલ જ ગાય છે, પણ જો તેમને શુદ્ધ અને અલ્હૈયા બિલાવલનો તફાવત પૂછીએ તો કહેશે કે શુદ્ધ બિલાવલમાં આરોહમાં મધ્યમ વર્જ્ય થતો નથી, કારણ કે યમનની માફક બિલાવલ પણ સંપૂર્ણ રાગ છે. અલ્હૈયા બિલાવલમાં આરોહમાં મધ્યમ વર્જ્ય કરી અવરોહમાં થોડો કોમલ નિષાદ લેવાય છે. છતાં મોટા ભાગના ગાયકો શાસ્ત્રાધારે શુદ્ધ બિલાવવનું સ્વરૂપ પૂર્ણ સફળતાથી દર્શાવી શકતા નથી.

આટલા માટે ખાંસાહેબ અબ્દુલકરીમખાંની 'પ્યાર નઝર નાહીં આવેંદા' એ શુદ્ધ બિલાવલની ચીજ સૌએ સાંભળવી જોઇએ.

બિલાવલની સાથે અન્ય પ્રસિદ્ધ રાગોનું મિશ્રણ કરી ગાયકોએ તેના અનેક નવા પ્રકારો સર્જ્યા છે. તેમાં યમન કલ્યાણનું ખાસ અંગ ઉમેરી 'યમની બિલાવલ' જેવો મિશ્ર રાગ રજૂ કરે છે. આ રીતે બિલાવલના પૂર્વાંગમાં બિહાગ, જયજયવંતી, છાયાનટ, નટ, ગૌડ વગેરે રાગોના અંગ ભેળવીને બિલાવલના અનેક સ્વતંત્ર પ્રકારો સર્જાયા છે. જે શુક્લ બિલાવલ, નટ બિલાવલ, કુકુભ બિલાવલ, જેત બિલાવલ, બંગાલ બિલાવલ, ખોખર વગેરે તરીકે ઓળખાય છે. સ્વતંત્ર રીતે આ દરેક પ્રકાર લોકપ્રિય છે.

પારિતોષિક માટે નિમંત્રણ

આવતી કાલનાં નાગરિકોને જીવનનાં ઉચ્ચ મૂલ્યોનાં ઘડતર અને જાળવણીમાં, તેમજ સ્વસ્થ, ધીરવીર અને સંસ્કારસંપન્ન નાગરિક તરીકેનું વ્યક્તિત્વ ખીલવવામાં પ્રેરણા રૂપ થઈ પડે તેવા માનવરત્નનું જીવનચરિત્ર, કે એવા ભાવની મૌલિક વાર્તા 'કુમાર'-માં લખનારને દર માસે રૂ. ૫૦નું પારિતોષિક હરિઃૐ આશ્રમ તરફથી આપવામાં આવે છે તેમાં સૌ લેખકોને નિમંત્રણ છે.

'કુમાર'ના લેખકો માટે
એક નવું પારિતોષિક

જીવસટોસટનાં સાહસો, વિકરાળ પ્રાણીઓના સામનો, જંગલની જીવસૃષ્ટિ, પંખી-પ્રાણીઓનો પરિચય એવા વિષયો પરના 'કુમાર'માંના લેખો કે વાર્તાઓ પૈકી વર્ષભરમાં શ્રેષ્ઠ ગણાનારને રૂ. ૨૫)નું પારિતોષિક આપવા માટેની બે વર્ષ સુધીની રકમ 'ગોંડલના એક ગૃહસ્થ' તરફથી મળી છે. લેખકોને એ માટે નિમંત્રણ છે.

વારતા ૧૦

વૈતાળ પચ્ચાસી

ઓળખ

વિનોદ ભટ્ટ

–અને મડાને ખાંધે નાખી ફરજેણી બાણી ડગ માંડતા રાજા વિક્રમને મડાએ આ વારતા કહી:

'એકદા સ્વર્ગના એક પ્રવક્તાએ દેવરાજ ઇન્દ્રને જણાવ્યું કે પૃથ્વી ઉપરની અહલ્યા નામની સ્ત્રી જેટલું સૌંદર્ય તો સ્વર્ગમાં ય કોઈની પાસે નથી.' આ સાંભળીને રંભા, મેનકા અને ખુદ ઇન્દ્રાણી પણ ઝંખવાઈ ગઈ. ઇન્દ્રે આ અહલ્યાને રૂબરૂ જોવાનું નક્કી કર્યું, પણ ત્યાં કેમ પહોંચવું એ પ્રશ્ન હતો, કેમ કે અહલ્યાના પતિ મહર્ષિ ગૌતમ અત્યંત ક્રોધી સ્વભાવના હતા. એટલે તેમની ઉપસ્થિતિમાં ત્યાં જવાનું જોખમ ખેડવું એ બહુ ધાસ્તીભરેલું કામ હતું. છેવટે ઇન્દ્રે મહર્ષિ ગૌતમની ગેરહાજરીમાં ગૌતમના જ વેશમાં અહલ્યા પાસે જવાનું નક્કી કર્યું.

ગૌતમ ઋષિ દરરોજ નિયમિત વહેલી સવારે તપ માટે ઘરની બહાર નીકળી જતા. ઇન્દ્રને તેની ખબર પડી એટલે એક દિવસ એમના બહાર જવાની રાહ જોતા ઇન્દ્ર ઋષિના ઘર સામે છુપાઇને ઊભા.

સમય થતાં ગૌતમ બહાર નીકળ્યા. પછી થોડી જ વારમાં ગૌતમનું રૂપ ધરીને ઇન્દ્ર ઋષિની ઝૂંપડીમાં દાખલ થયા. દાખલ થતા ઇન્દ્રનો ચહેરો પણ અહલ્યાએ નો'તો જોયો છતાં માત્ર ઇન્દ્રના પ્રવેશ પરથી અહલ્યા પામી ગઈ કે આગન્તુક પોતાનો પતિ તો નથી જ...'

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ, ઇન્દ્રને પૂરા જોયા વિના જ અહલ્યાએ કેમ જાણી લીધું કે એ તેનો પતિ નથી?'

'આદર્શ પતિઓ હમેશાં ઘરના ઉંબરા પાસે રાખેલા પગલૂછણિયા પર પગ લૂછ્યા પછી જ ઘરમાં પ્રવેશ કરે છે; જ્યારે ઇન્દ્રદેવ તો પગ લૂછ્યા વગર સીધા જ ઘરમાં પ્રવેશ્યા હશે એ પરથી.' રાજા વિક્રમે જવાબ આપ્યો. –અને મડું ઊડીને સિદ્ધવડ પર લટકી ગયું.

ટિકિટ સંગ્રહ

ભારતની નવી ટિકિટો



ગઈ તા. ૧૦મી ફેબ્રુઆરીએ ભારતની બે ખાસ ટપાલટિકિટો બહાર પડી. એક કાશી વિદ્યાપીઠની સુવર્ણજયંતી નિમિત્તની ને બીજી કાશીમાં જ આશરે ૧૫મી સદીમાં જન્મેલા સંત રવિદાસની યાદમાં એ બહાર પડી છે. મૂર્તિપૂજા નહિ પણ આત્માની સાચી ઓળખને જ તેમણે ઈશ્વર-સાક્ષાત્કાર ગણાવેલો. 'શબદો' નામક એમની રચનાઓ દૈવી જ્ઞાનથી ઓતપ્રોત છે. ત્રીજી ટિકિટ સુધારક દેશનેતા આચાર્ય નરેન્દ્ર દેવની યાદમાં બહાર પડી છે.









ગયા એપ્રિલ માસમાં ભારતની ત્રણ નવી ટિકિટો બહાર પડી. તા. ૧૪મીએ શ્રી રમણ મહર્ષિની યાદમાં બહાર પડેલી રંગીન ટિકિટમાં એમની સુંદર છબિ છે. બીજી ટિકિટ ભારતીય પ્રાચીન સાહિત્યનાં સુંદર ચિત્રાલેખનના માટે દેશભરમાં વિખ્યાત ચિત્રકાર રાજા રવિવર્માની ૧૨૩મી જન્મજયંતી નિમિત્તે તા.૨૯મી



એ બહાર પડી જેમાં એમની છબિ પાછળ એમની એક કૃતિ-હંસ દમયંતીનું પણ આલેખન છે. ત્રીજી ટિકિટ હિંદી ફિલ્મઉદ્યોગના જનક દાદાસાહેબ ફાળકેની જન્મ-શતાબ્દી નિમિત્તની છે. તેમાં ફિલ્મની પટ્ટી પર આરંભ કાળના મૂવી કૅમેરાનું સૂચક રેખાંકન છે. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર અમદાવાદ)

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ શુ. વૈદ્ય

૧૭

ડબ્લિન • તા. ૩૧-૫-'૭૦

વહાલાં બાળકો,

આજના પત્રમાં કેળવણી સાથે સંબંધ ધરાવતી બે વાતો રાખવી છે. આપણા કુટુમ્બમાં ઘણાં શિક્ષકો છે તેથી બધાંયને આમાં રસ પડશે. અહીં એક પરીક્ષાના પેપર ફૂટી ગયા એવી વાત ઊઠી હતી. પણ આપણે ત્યાં પેપર ફૂટે છે તેવું નહિ આપણે ત્યાં એન્જિનીઅરિંગ અને ટૅકનિકલ ડિપ્લોમા માટેની પરીક્ષાઓ સરકાર ગોઠવે છે. અહીં તે પરીક્ષાઓ સરકાર પણ લે છે, અને કારખાનદારોની સંસ્થા 'સિટી ઍન્ડ ગિલ્ડ્સ' પણ પોતાનો ડિપ્લોમા આપે છે. આ વર્ષે એવું થયું કે સરકારી ડિપ્લોમા અને 'સિટી ઍન્ડ ગિલ્ડ્સ' ડિપ્લોમાની પરીક્ષાઓ સાથે આવી એક જ દિવસે પણ આને દિવસે કહેવું કે 'રાત્રે'! કારણ અહીં પરીક્ષા રાતના ૮ વાગ્યે શરૂ થાય. પણ અહીં આજકાલ સૂર્યાસ્ત રાત્રે ૯-૫૦ વાગ્યે થાય છે! બંને ડિપ્લોમાના ગણિતના પેપરો હતા.

હવે અહીંની એક પોલિટૅકનિક્ના લગભગ ત્રીસ વિદ્યાર્થીઓ બંને ડિપ્લોમાની પરીક્ષાઓ આપવાના હતા. (એકમાં રહી જવાય અને કદાચ બીજામાં પાસ થઈ જવાય તો વરસ બગડે નહિ!) આવા વિદ્યાર્થીઓને તો આમાં મુશ્કેલી ઊભી થઈ: એક જ સમયે બંને ડિપ્લોમાના ગણિતના પેપરો ગોઠવાયા એટલે એક પરીક્ષા તો જતી જ કરવી પડે! પોલિટૅકનિક્ના પ્રિન્સિપલે ઉપાય કાઢ્યો: એવા ત્રીસ છોકરાઓને જુદા તારવી તેમને બપોરના ત્રણ વાગ્યે સરકારી પરીક્ષાનો ગણિતનો પેપર આપ્યો; પણ બાકીના વિદ્યાર્થીઓને આ પેપર રાત્રે ૮-૦૦ વાગ્યે આપવાનો હતો, તેથી આ ૩૦ વિદ્યાર્થીઓને આઠ વાગ્યા સુધી જાપ્તામાં રાખ્યા; કોઈએ હૉલની બહાર નીકળવાનું નહિ. ત્રણથી છના પેપર પૂરો થયો એટલે છ વાગ્યે ત્રીસે જણને સુપરવાઈઝર કૅન્ટીનમાં લઈ ગયો. ત્યાં બધા જમ્યા. બે કલાક કૅન્ટીનમાં રહ્યા અને ૮-૦૦ વાગ્યે ત્રીસે જણને 'સિટી ઍન્ડ ગિલ્ડની' ગણિતની પરીક્ષા આપવા હૉલમાં બેસાડ્યા. આ બાજુ સરકારી ડિપ્લોમાની ગણિતની પરીક્ષા પણ બીજા હૉલમાં ૮-૦૦ વાગ્યે શરૂ થઈ ત્યારે કેટલાક વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી કે આ પેપર ત્રણ વાગ્યે પેલા વિદ્યાર્થીઓને આપ્યો હતો તેની વિગતો બહાર પડી ગઈ છે અને ઘણાને અગાઉથી પેપર મળી ગયો છે! પ્રિન્સિપલે કહ્યું કે અમે પૂરતી તકેદારી રાખી છે અને કોઈને ક્યાંય એકલા જવા દીધા નથી. છતાં આખી બાબતની તપાસ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. પોલિટૅકનિકના વિદ્યાર્થી યુનિયને પણ પોતાની રીતે તપાસ શરૂ કરી છે. છતાં આ આખી પ્રક્રિયામાં પ્રિન્સિપલે જે અગાઉથી ત્રીસ વિદ્યાર્થીઓને પેપર આપવાનો નિર્ણય કર્યો તે પગલાંની કશી ટીકા થતી નથી. 'પેપર ફૂટવાની' કેવી વિચિત્ર વાત! આપણે ત્યાં આવી હિંમત પ્રિન્સિપલ કરી શકે ખરા? અને કોઈક ખરેખર હિંમતવાન પ્રિન્સિપલ વિદ્યાર્થીનું હિત જોઈ આવી રીતે પાંચ કલાક વહેલો પેપર છોકરાઓને આપે તો તેની નોકરી ચાલુ રહે ખરી?

હમણાંહમણાં અહીં યુરોપના 'કૉમન માર્કેટ' (સહિયારા બજાર) ના રાજ્ય સંઘમાં જોડાવું કે નહિ તેની ખૂબ ચર્ચા ચાલે છે. તેના અનુસંધાનમાં સમાજના જુદાજુદા થરના લોકોનું અહીંનું જીવનધોરણ અને યુરોપના અન્ય દેશોનું જીવનધોરણ એ બેની સરખામણી કરતા ઘણા લેખો અખબારોમાં વાંચવા મળે છે. એ બાબતમાં ઇંગ્લૅન્ડની માધ્યમિકશાળાના શિક્ષક મિ. વ્હાઇટની વાત આપણે સાંભળીએ.

થોડાં વર્ષો પહેલાં, જૂના મુંબઈ રાજ્યમાં શિક્ષકોનાં પગારધોરણો માટે એક 'ધાટે-પરૂળેકર' યોજના હતી તેવી ઈંગ્લૅન્ડમાં બુર્નહામ યોજના છે તે પ્રમાણે શિક્ષકનો પગાર વાર્ષિક ૮૯૦ પાઉન્ડથી શરૂ થાય અને ૧૪ વર્ષે વાર્ષિક ૧૬૦૦ પા.નો થાય. પણ આ આંકડાથી આપણને ઝાઝી માહિતી મળે નહિ. તેથી એક સામાન્ય શિક્ષકને ઘર-સંસાર ચલાવવામાં કેટલું ખર્ચ થાય તેનો પણ અંદાજ સાથે લેતા જઈએ. મિ. વ્હાઈટ ૨૭ વર્ષની ઉંમરના શિક્ષક છે. પાંચ વર્ષથી ધંધામાં છે, એટલે અત્યારે તેમને વર્ષના ૧૦૧૮ પાઉન્ડ મળે છે. મહિનાના લગભગ ૮૫ પાઉન્ડ થયા. તેમને મકાનભાડું, મ્યુનિસિપાલિટીનો વેરો, વીજળી-ગૅસનું બિલ વગેરે મળીને લગભગ મહિને ૫૦ પાઉન્ડ ખર્ચ થાય છે. બીજા ૩૦ પાઉન્ડ ખાધાખોરાકીના જાય, એટલે પછી કપડાં, મુસાફરી, આનંદ-પ્રમોદ, માંદગી વગેરે માટે ખાસ બચે નહિ. તેથી તેમનાં પત્ની 'હાઉસ કીપિંગ'નું કામ કરી મહિને ૨૦ પાઉન્ડ કમાય છે. અને બે બાળકો છે, એટલે સરકાર તરફથી બાળકદીઠના મહિને ચાર પાઉન્ડ મળી રહે છે. છતાં પૂરું કરવા માટે મિ. વ્હાઈટને ઉનાળાની તેમ જ ઇસ્ટર વૅકેશનમાં વધારાનું કામ કરવું પડે છે. આપણે ત્યાં જે ખાધ ટ્યૂશન કરીને શિક્ષક પૂરી કરે છે તે અહીં વૅકેશનમાં કોઈ બીજો વ્યવસાય કરીને શિક્ષક પૂરી કરે છે. અહીંના રિવાજ મુજબ મકાન ભાડે લેવા કરતાં ખરીદવું સસ્તું પડે છે, એટલે શિક્ષક મકાન ખરીદી શકે છે, પણ ઉપર જે મકાનભાડાના કહ્યા તે પૈસા હવે લોનના હફતામાં ભરવાના થાય છે.

પોતીકા ઘરમાં વસતો અને સેકંડ હૅન્ડ મોટર ફેરવતો ઇંગ્લૅન્ડનો શિક્ષક ઇંગ્લૅન્ડના સમાજની સરખામણીમાં આપણે ત્યાંના શિક્ષક કરતાં વધુ સારી સ્થિતિમાં હોય તેવું જરા યે લાગતું નથી.

—લિ. કાકાના આશિષ

લઘુકથા

અભિપ્રાય

દીપક દેસાઈ

'નથી એવા પૈસા બગાડવા, એક તો પૈસા જાય ને ઉપરથી રડવાનું.

'ના બા, આ તો મસ્ત કૉમેડી પિક્ચર છે. પેટ પકડીને હસાવે એવું; હું તો કહું છું, તું ને મામી બંને ચાલો, તમને પણ મઝા પડશે.'

'ના, અમારે નથી આવવું, તું તારે જા. અમને નણંદ-ભોજાઇને સાથે છીએ તો આનંદ જ છે ને?' જયંતનાં મામીએ કહ્યું.

તે ગયો, ટિકિટ લીધી અને શોને વાર હોવાથી પૅસેજમાં સોફા પર બેઠો. ડૅની-કૅની કૉમેડીના વિચારમાં હતો, ત્યાં અચાનક વેઇંગ-મશીન આગળ નજર પડતાં જ તેનાથી બૂમ પડાઈ જતી હતી 'મા...'

લાગલો જ તે દોડ્યો-એ જ ભૂરો કોટ ને ખુલ્લું શર્ટ પહેરેલા પોતાના મામાની પીઠ તેણે જોઈ. પાસે જઈ એને ખભે વ્હાલથી હાથ મૂકીને એ બોલાવવા જતો હતો ત્યાં જ પેલાએ મોં ફેરવ્યું ને જયંત ખસિયાણો પડી ગયો. ગમગીનીપૂર્વક તે પાછો સોફા પર જઈને બેસી પડ્યો.

તેને વિચાર આવ્યો તેના મામા હોત તો, હસતો રડતો પૂછત કે આટલાં છ છ વર્ષ સુધી ક્યાં છુપાયા હતા? બધાંને તેઓ ગમતા અને બધાં તેમને ગમતાં, છતાં કોઈ કારણ વગર તેઓ ઘેરથી કેમ ચાલ્યા ગએલા? વળી તેને થયું કે મામા હોત તો તો રીક્ષા કરીને તરત જ બંને ઘેર જાત અને પછી તો; બા, મામી, ટીકલો બધાં કેવાં હરખાઈ જાત!

શો છૂટ્યો. અંદર દાખલ થવાની લાઈનમાં ઊભવા લોકોએ ધસારો કર્યો, પોતે પણ ઊઠ્યો. અણજાણ્યા બોજા તળે હસતાં પિક્ચર જોયું.

બહાર નીકળ્યો ત્યારે કોઈએ તેનો અભિપ્રાય પૂછ્યો. તેને ન સંભળાયું. પેલાએ પૂછ્યું, 'પિક્ચર કેવું છે?' તેણે રડમસ અવાજે કહ્યું 'સારું છે.'

ભારતાય પદ્ધતિના શતરંજના કોયડા

ભારતમાં એક સદી પહેલાં પણ શતરંજના કોયડા રચાયા છે. પશ્ચિમી દેશોના વધુ વિકલ્પ વિનાના એકલાઇનવાળા લાંબા કોયડાઓ જેવા એ છે. એક સદી જેટલા જૂના હોઈ સ્વાભાવિક રીતે જ એ જૂના ભારતીય નિયમોને અનુસરે છે.

'કુમાર'ની શતરંજની લેખમાળાના વાચકો જાણે છે કે મેં હમેશાં સાચી આંતરરાષ્ટ્રીય નિયમોથી જ રમવાની ટેવ પાડવાનો આગ્રહ દર્શાવ્યો છે. એટલે હવે જૂના ભારતીય નિયમોવાળી કોયડાની રજૂઆત શા માટે એવો પ્રશ્ન ઊઠે, પણ રમત અને કોયડા વચ્ચે એક મોટો તફાવત છે. ખોટા નિયમોથી કે જૂની રીતે રમવાની ટેવ પડે તો આંતરરાષ્ટ્રીય નિયમોથી રમવાનું હોય ત્યારે ખોટી રીત અપનાવાઈ જાય અને એ નુકસાનકારક નીવડે. પણ કોયડા એ કાલ્પનિક પરિસ્થિતિના આધારે કંઈક સુંદર વિચાર રજૂ કરવાનું સાધન છે. એ કાલ્પનિક હકીકતને રોજિંદા કાયદાકાનુનમાં જકડી રાખવાની જરૂર નથી.

આપણે અગાઉ 'ફેરી ચેસ પ્રૉબ્લેમ્સ'ની ચર્ચા વખતે જોયું હતું કે તેનો મધ્યવર્તી વિચાર સાધારણ નિયમોવાળો 'ડાઇરેક્ટ મેઇટ' કોયડામાં દર્શાવવો મુશ્કેલ યા લગભગ અશક્ય છે, ભારતીય નિયમોવાળા કોયડાઓમાંના ઘણા માટે પણ એ હકીક્ત જ છે.

મને જે ઉકેલવામાં આનંદ આવેલો એ આ જૂના કોયડાઓ 'કુમાર'ના વાચકોમાં ય એટલો જ રસ જગાડશે એ આશાએ હવે પછી અહીં એમાંના થોડા કોયડાઓ આપવા ધાર્યું છે. આ કોયડા અને એની પ્રાપ્તિ વિષે આપણે વધુ જોઈએ તે પહેલાં એના નિયમોમાં મૂળભૂત શા તફાવત છે અને તેથી એ કોયડાઓની રચનામાં શો ફેર પડે છે તે જરા જોઈ લઈએ.

જૂની રીતમાં—

૧. રાજા સિવાયનું છેલ્લું કોઈ મહોરું મારી શકાતું નથી.

૨. પ્યાદું આગળ વધતુંવધતું છેલ્લી-આઠમી હરોળમાં પહોંચે ત્યારે મૂળ જે મહોરાનું એ ખાનું હોય તે મહોરું એ બને છે. એમાં અપવાદ એટલો કે જો એ રાજાના ખાના પર આવે તો રાજા ન બનતાં વજીર બને. પણ પ્યાદું વજીર બને ત્યારે વજીર જીવતો હોય તો પ્યાદું બોર્ડ ઉપરથી હટાવી દેવાય છે.


૩. આરંભમાં પ્યાદાને બે ખાનાં ચાલવાની છૂટ નથી. તે હમેશાં એક જ ખાનું ચાલી શકે છે.

૪. બોર્ડ પર મહોરાં ગોઠવતાં રાજાની સામે રાજા નહિ પણ સામા પક્ષના વજીર અને સામા પક્ષના રાજા સામે પોતાનો વજીર મુકાય છે.

આથી સફેદ ને કાળો બંને રાજા કાળાં ખાનાં ઉપર અને બંને વજીર સફેદ ખાનાં ઉપર રહે છે.

આ ઉપરાંત કેટલાક કોયડામાં ખાસ શરતો પણ હોય છે જે આપણે જે તે કોયડાની ચર્ચા કરતી વખતે જોઈશું. હવે રમતના નિયમોના આ તફાવતથી કોયડાની રચનામાં શો ફેર પડે છે તે આપણે એક સાદી સ્થિતિમાં જોઈએ.

સફેદે ત્રણ ચાલમાં મ્હાત કરવાનું



આ સ્થિતિ અંતમાં હાથી વડે જલ્દી કેમ કેમ મ્હાત કરવું તે શીખવવા માટે બતાવવામાં આવે છે. અહીં 1R-Q1,K-B1;2R-KN1 K-K1;3R-N8થી મ્હાત થાય છે. 1R-Q1, ઉપરાંત 1R-Q2,1R-Q3,1R-Q4 અને 1R-Q5થી પણ ઉપરની રીતે ત્રણ જ ચાલમાં મ્હાત થઈ શકે છે. કોયડામાં એકથી વધુ ચાલ વડે મ્હાત થઈ શકે તેમ હોય તો તે કોયડાની એક ખામી ગણાય. આ પરિસ્થિતિમાંથી આધુનિક કોયડા રચનાર ખામી રહીત કોયડો રચવા માટે ૧ લખ્યું છે ત્યાં કાળું અને ૨ લખેલ છે ત્યાં સફેદ પ્યાદું મૂકે. હવે સફેદે પહેલી ચાલ માટે 1R-Q5 જ રમવું પડે ને 1...,K-B1; 2R×P,K-K1: 3R-N8થી મ્હાત થાય.

ભારતીય નિયમ પ્રમાણે કાળાનું છેલ્લું પ્યાદું મારી ન શકાય માટે આ કોયડાનો ત્રણ ચાલમાં ઉકેલ શક્ય નથી, ભારતીય નિયમો મુજબ ખામી રહિત કોયડો રચવા ૨ અને ૩ લખેલ છે ત્યાં અનુક્રમે કાળું ને સફેદ પ્યાદું મૂકવું પડે. તેનો ઉકેલ: 1R-Q5,K-B1; 2R-KN5,K-K1; 3R-N8mate. પણ આ કોયડો આંતરરાષ્ટ્રીય નિયમ પ્રમાણે ઉકેલીએ તો 1R-Q4 તેમજ 1R-Q5 એમ બે ઉકેલ આવે અને તે પણ એક ખામી ગણાય.

આમ, એક પદ્ધતિમાં ખામી રહિત કોયડો બીજીમાં ખામીવાળો પુરવાર થયો. હવે પછી આપણે ભારતીય પદ્ધતિના કેટલાક ઘણા જ રસમય કોયડા જોઈશું.

સુરેશ મોદી

આપણને બાળક થાય

સત્ત્વશીલ વ્યક્તિચિત્રો [૪] પટ્ટણીજીનો એક પ્રસંગ

મુકુંદરાય વિ. પારાશર્ય

કૉલેજનો અભ્યાસ મેં ભાવનગરમાં કર્યો; અને ત્યારે ભાવનગર રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર સર પ્રભાશંકર દ. પટ્ટણી (ઈ. ૧૮૬૨થી ૧૯૩૮)ના બંગલે અનંતવાડીમાં હું બીજા વિદ્યાર્થીઓ સાથે રહેતો. પટ્ટણીજી પોતે મહારાજાના નીલમબાગ પૅલેસની જગ્યામાં લીલે બંગલે રહેતા; ફક્ત જમવા માટે સવારે તથા રાત્રે કલાક કલાક અનંતવાડીએ આવતા. એટલા ટૂંકા સમયમાં પણ વિદ્યાર્થીઓમાંથી જે મળે તેના ખબર પૂછી વાતો કરતા. એક તો એ અમારા કુટુંબના વડીલ, અને બીજું એમની મહત્તા સમજવા કે માપવાની મારી પાત્રતા નહિ, છતાં મને એમની વાતો સાંભળવી બહુ ગમતી, તેથી બને તેટલું હું તેમને મળતો રહેતો. એ વખતની તેમની છે એક વાત.

ઈ. ૧૯૩૫ના એક શિયાળાની રાત્રે અમે બેત્રણ છોકરાઓ બંગલાની લાયબ્રેરીમાં બેસી jokes-મજાક કરીને હસતા હતા. એ વખતે જમીને નીચે ઊતરીને ત્યાંથી પસાર થતાં અમને હસતા જોઈ સર પ્રભાશંકર ઊભા રહ્યા ને પૂછ્યું : 'છોકરાઓ, શી વાત ચાલે છે?'

મેં કહ્યું : 'જ્યૉર્જ બર્નાર્ડ શૉવાળી જોક.'

તેમણે પૂછ્યું : 'કઈ જોક?' મેં કહ્યું : 'દાદા, પેલી છે ને?'

હું તેમને દાદા કહી સંબોધતો. ઈંગ્લંડનો એ વિશ્વવિખ્યાત નાટ્યકાર શૉ અમેરિકાની એક સુંદર તરુણી સાથે રહેલો, તે વખતે એક દિવસ પેલી બાઇએ શૉ પાસે દરખાસ્ત મૂકી : 'આપણે પરણીએ.' શૉએ પૂછ્યું : 'શા માટે?' સ્ત્રીએ કહ્યું : 'તમારા જેવું બુદ્ધિવાળું ને મારા જેવું સુંદર બાળક આપણને થાય.' એટલે શૉએ કહ્યું : 'પણ એથી ઊલટું થાય તો! તારા જેવું ગમાર ને મારા જેવું કરૂપડું બાળક થાય તો શું કરવું?'

આમ કહી અમે હસ્યા, ને દાદા પણ સાથે હસતાં હસતાં બોલ્યા : 'ભારે કાબેલ! માથેથી જવાબદારી ટાળી નાખી!' પછી ગંભીર થઈ લાકડીને ટેકે એક ડગલું બારણા તરફ આગળ વધી બોલ્યા : 'આ મજાક આપણને ગમે છે, કારણ કે આપણે આપણી જાતને શૉની જગ્યાએ કલ્પીને આપણે પણ આ રીતે જવાબદારી ટાળી હોય તો, એ વિચારે આનંદ થાય છે; પણ આમાં બીજી યે વાત છે, ને મારું ધ્યાન એ તરફ જ જાય છે. મને થાય છે કે શૉનો આ જવાબ સાંભળી પેલી બાઈને શું થયું હશે?'

અમે મૂગા થઈ ગયા. તેમણે કહ્યું : 'એ વિચારી જોવા જેવું છે.' ને ચાલતા થયા. મેં કહ્યું : 'દાદા, તમે સમજાવોને!'

તે અટકયા. અમારા તરફ ફરી ઊભાઊભા નીચેની મતલબનું તેમણે કહ્યું : 'વિલાયત, અમેરિકા વગેરે પશ્ચિમના દેશોમાં બાળકોનાં વેવિશાળ માબાપો કરતાં નથી, છોકરાછોકરી જાતપસંદગીથી કરે છે. બેશક, માબાપ માબાપ છે એટલે તેમની પાછળ ધ્યાન રાખે. અને છોકરોછોકરી મળતાં હોય ત્યારે છોકરો જ છોકરી આગળ દરખાસ્ત મૂકે કે આપણે પરણશું? છોકરી દરખાસ્ત ન મૂકે. આપણી અત્યારની વાતમાં એ બાઈ સાથે શૉ રહેતા હતા. સંભવ છે કે બધી છૂટ લેતા હશે. તે છતાં શૉ પરણવાની વાત કરતા ન હતા. છોકરો વધારે છૂટ લેવા માંડે એટલે છોકરી માને કે લગ્ન થશે, અને એ માન્યતાથી કે વિશ્વાસથી છોકરાને વધુ છૂટ લેવા યે દે. શૉ છૂટ લેતા હશે, વાત નહિ કરતા હોય. એટલે ધીરજ ખૂટવાથી એ બાઈએ દરખાસ્ત મૂકવી પડી. તેનું કારણ છે : Every woman wants to live a settled life—દરેક સ્ત્રીને ઠરીઠામ જીવવાનું મન હોય છે; ઊબડક જિંદગી એને ગમતી નથી. એ એના સ્વભાવમાં નથી. વળી, સ્ત્રીનું શારીરિક ને માનસિક બંધારણ માતા થવા માટેનું છે. જનેતા થવા માટે તેને પુરુષના સાહચર્યની જરૂર પડે છે. આ સ્ત્રીએ જોયું કે આ વિશ્વવિખ્યાત નાટક લખનારો સ્ત્રીપુરુષના સંબંધનો બધો લાભ ઉઠાવવા માગે છે, પણ જરાકે જવાબદારી લેવા તૈયાર નથી. એટલે સામે ચાલી તેને પૂછવું પડયું. હવે એ બાઇને શૉએ જવાબ આપ્યો તેનો વિચાર કરો, ને પછી આપણને જે હસવું આવે છે એ આપણી માણસ તરીકેની પાત્રતાનો વિચાર કરો. શૉએ કહ્યું કે બાળક તારા જેવું મૂરખ થાય તો શું કરવું? એટલે એક વ્યક્તિ તરીકે સ્ત્રીમાં બુદ્ધિહીનતાનો આક્ષેપ કરી તેનું અપમાન, અવમાન કર્યું; લગ્નની ના કહી ઠરીઠામ થવાની આશા કચડી નાખી; અને ત્રીજું, તેથી આપોઆપ, જનેતા થવાની સ્ત્રીની મૂળભૂત અભિલાષાના મૂળમાં ઘા કર્યો.'

આટલું કહી દાદા અટકયા, જરા ઢીલા થઈ ગયા ને બોલ્યા : 'શૉને તો દુનિયા આખી વખાણે છે. ભાઇએ (અનન્તરાય પ્રભાશંકર પટ્ટણીએ) તો તેના 'જોન ઑાવ આર્ક'નું ભાષાંતર કર્યું છે. ઘણું સારું યે લખે છે. પણ મને થાય છે કે આ બાઇને એ જીવશે ત્યાં સુધી જ્યારે જ્યારે આ જવાબ યાદ આવશે ત્યારે તેના હૃદયમાં કેવી વેદના થશે? બીજાને ચાટ પાડી દઈ, ભોંઠપ આપી આપણી અક્કલની હુશિયારી દેખાડવાના અભિમાન-ભર્યા મોહમાં આપણે સામાના હૃદયને કેટલો આઘાત પહોંચાડીએ છીએ તેનો આપણને ખયાલ સુધ્ધાં રહેતો નથી! આપણા બાપદાદા અને શાસ્ત્રપુરાણો તો સામા માણસનો ખયાલ પહેલો રાખીને વિચારવાનું, બોલવાનું ને વર્તવાનું કહી ગયાં છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં 'વાણીનું તપ' કહ્યું છે તેમાં પહેલો જ શબ્દ છે : 'अनुद्वेगकर वाक्य...' કોઇને ઉદ્વેગ ન કરે તેવું બોલવા કાળજી રાખવી જોઇએ... પણ આ તો મને ઘરડાને આમ લાગે છે. તમે તમારી મેળે વિચારજો. ચાલો...' કહી તેઓ ગયા.

આ પછી પાંચ છ વર્ષે સ્વામી વિવેકાનંદનું ચરિત્ર મારા વાંચવામાં આવ્યું. તેમાં આવો જ પ્રસંગ આવવાથી ઉપરનો પટ્ટણીજીનો પ્રસંગ વધુ તાજો થઈ આવ્યો. સર્વધર્મ-વિશ્વપરિષદમાં હાજરી આપવા સ્વામી વિવેકાનંદ અમેરિકા ગએલા ત્યારે કોઈ ધનાઢ્ય અમેરિકન સન્નારીના મહેમાન હતા. તેની યુવાન પુત્રીએ સ્વામીજી પાસે આવી જ લગ્નની દરખાસ્ત મૂકી ને સ્વામીજીએ શૉની પેઠે જ લગ્નના હેતુ વિષે પ્રશ્ન પૂછ્યો. ઉત્તરમાં છોકરીએ એવો જ જવાબ આપ્યો : 'લગ્નથી આપના જેવો મને પુત્ર થાય.' અને તત્કાલ ઊભા થઈ સ્વામીજીએ છોકરીને પ્રણામ કરી કહ્યું : 'મારા જેવો શા માટે? અને ભવિષ્ય પર મદાર શા માટે? અત્યારે જ, હું જ તમારો પુત્ર છું, માતા! મારો સ્વીકાર કરો.'

મને થયું, સ્વામીજીએ પણ શૉની પેઠે પોતા પર આવતી જવાબદારી ટાળી તો નાખી; પણ તે અભિજાત્યની અદાથી. તેમના ઉત્તરમાં સ્વાભિમાન નથી, નિર્લેપ નિઃસ્પૃહ નમ્રતા છે; આશાભરી યુવતીની અવહેલના નથી, જે છે તે સ્ત્રીનું સ્ત્રી તરીકેનું પૂરું સંમાન છે. તેના માતૃત્વનો સ્વીકાર છે, અભિવાદન છે, પરિપુષ્ટિ છે. □

હરિ: ૐ આશ્રમ તરફનાં
એપ્રિલ અંક માટેનાં રૂ. ૫૦-૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર પારિતોષિક

'દીનબંધુ ઍન્ડ્રુઝ'ના લેખક શ્રી કનુભાઈ જાનીને અને

વ્યક્તિ-ઘટનાચિત્ર પારિતોષિક

શ્રી મુકુંદરાય પારાશર્યને આપવામાં આવ્યાં છે

કાકાસાહેબ કાલેલકરનાં
કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૧૩ બગીચામાં ફળની ચોરી

મેં જોયું છે કે જૂના વખતના આદર્શવાળા ઉત્તમ નોકરો ઘરમાં કોઈ ખાવાની વસ્તુ પડી હોય તો વગર કહ્યે તે ઉપાડીને ખાઈ જાય; એ ચોરીને લેવાની તક પણ શોધે; અને છતાં ઘરમાં પૈસા કે ઘરેણાં ગમે ત્યાં પડયાં હોય, ચોરી લેવાની ઉત્તમ તક હોય, તો યે એને અડવાના સુધ્ધાં નહિ. પૈસાટકાની બાબતમાં એવા નોકરો ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી શકાય. એ લોકોએ પૈસા ઉછીના લીધા હોય અને આપણે ભૂલી ગયા હોઈએ તો યે પોતે પૂરી ઇમાનદારીથી એ પાછા આપવાના જ. રૂપિયા, પૈસા, ઘરેણાં કે ઘરની કોઈ પણ ચીજવસ્તુ એમની આગળ પૂરી સુરક્ષિત. અને છતાં ખાવાની વસ્તુની બાબતમાં, કોણ જાણે કેમ, ચોરીને ખાવાનું કેટલાકને મન થાય જ છે, અને આમ ચોરીને ખાય તો પોતે કાંઈ ખોટું કર્યું છે એવો ડંખ પણ મનમાં તેઓ અનુભવતા નથી. જોકે આમ ખાવું એ ચોરી છે એટલું તો તેઓ જાણે જ છે.

ઘરના નોકરોને આપણે અવારનવાર મિષ્ટાન્ન આપીએ છીએ, વાર-તહેવારે એમને જ નહિ પણ એમના ઘરનાં બૈરાં-છોકરાંને પણ બોલાવી જમાડીએ છીએ; તેઓ આવી ન શકે તો થાળી ભરીને ઘેર લઈ જવા પણ આપણે આપીએ જ છીએ. આટલો સરસ ઘરોબો હોવા છતાં ખાવાની વસ્તુ ચોરીને ખાવાની ટેવ કેટલાક નોકરો છોડી શકતા નથી.

કેટલાક રસોઈઆ પણ રાંધતાં રાંધતાં સ્વાદિષ્ટ વસ્તુ ખાતા હોય છે, અથવા ખાવા માટે ચોરીને બાજુ પર રાખે છે. એમને વિષે પણ કો'ક કો'ક્વાર આવો જ હિસાબ રાખવો પડે છે.

ઘરમાં અને અન્યત્ર આવી વસ્તુસ્થિતિ જોવાથી મેં આ બાબતની ચર્ચા કેટલા યે સ્નેહીઓ અને સગાંવહાલાં આગળ કરી. કેટલાક લોકોનું ધ્યાન આ ખાસિયત પ્રત્યે ગએલું ન હોવાથી મારી વાત સાંભળતાંવેંત તેઓ ચોંકી જાય છે, પણ પછી થોડો વિચાર કર્યા બાદ કહે છે કે તમારી વાત સાચી છે. ભારે કિંમતી વસ્તુ હોય અને સહેજે ચોરાય તેમ હોય તો ય અંદરની ઈમાનદારીને કારણે જ તેઓ ચોરતા નથી એ ચોક્કસ.

માણસના આવા સ્વભાવની વાત કર્યા પછી સ્નેહીઓ પણ એ રીતે વિચાર કરવા લાગે છે. અને પછી નિખાલસભાવે કહે છે કે અમારો અનુભવ પણ એવો જ છે. જે લોકો ગામડાંમાં રહે છે (અર્થાત્ જેઓ જૂની ઢબે રહેલા છે) તેઓ આ વસ્તુ જાણતા હોય એમ લાગે છે અને તેથી ઘરમાં ચોરી થાય તો નોકરો ઉપર સહેજે આરોપ મૂકતા નથી.

આપણે બજારમાંથી ફળ ખરીદીને લાવીએ છીએ અને ઘરમાં બેસીને ખાઇએ છીએ એનો આનંદ નોખો; પણ બગીચામાં જઇને માળીને કહીએ કે સારાં સારાં બરાબર પાકેલાં તાજાં ફળ લઈ આવ, અને એ ફળ ત્યાં જ ખાઇએ તો એનો આનંદ નોખો.

અહીં મેં નોકરો વિષે વાતો લખી. મેં પોતે બગીચામાં જઈ ચોરી કરીને ફળ ખાધાં હોય એવું મને યાદ નથી. બગીચાના માલિકના દેખતાં અથવા માળીના દેખતાં ફળ તોડીને ખાધાં હોય એ ચોરી ન કહેવાય. હું તો એટલું જ કહી શકું કે માલિક કે માળી જાતે ફળ આણીને આપે અને એ ખાઇએ એના કરતાં જાતે તોડીને ખાવામાં મજા નોખી. એ આનંદ મેળવવા માટે જ હાથે તોડીને ખાવાનું મન થાય.

અમે જ્યારે કૉલેજમાં ભણતા હતા ત્યારે અમારી જમવાની ક્લબો-થી બહુ દૂર નહિ એવો એક કૉલેજનો બગીચો હતો. એમાં કેટલાંક ફળઝાડ હતાં. ખાસ ઉત્તમ ફળોનાં ઝાડ હતાં એમ પણ નહિ. કૉલેજમાં જે વિદ્યાર્થીઓ બૉટની (વનસ્પતિવિજ્ઞાન) શીખવા ચાહે એમને માટે જરૂરી ફળો, ફૂલો, પાંદડાં, કૂંપળો વગેરે એ બગીચામાંથી મળી શકતાં હતાં, તેથી બૉટનીના પ્રોફેસરના તાબામાં એ બગીચો હતો. અમ સામાન્ય વિદ્યાર્થીઓ માટે એમાં ખાસ આકર્ષક કશું ન હતું.

છતાં કો'ક વાર મન થાય કે અંદર જઇને જોઇએ તો ખરા કોઈ ફળ મળે છે કે નહિ? માળીને ખબર પડે તો એ ના જ પાડે, એટલે માળીની નજર ટાળીને-એટલે કે ચોરીને જ ખાઈ શકાય. એક વાર મને મન થયું. અંદર જઇને જોયું તો જમરૂખના ઝાડ પર થોડાં ફળ છે. એકે પાકયું નથી. છતાં એક તોડીને ખાધું. કાંઈ જ સ્વાદ ન હતો. પણ ઝાડ પરથી હાથે તોડીને ખાઈ શકયો એનો જ આનંદ।

માળીની નજર ટાળીને ખાઉં છું એટલે ચોરી કરું છું, સપડાઈશ તો પ્રોફેસર આગળ એ મને રજૂ કરશે તો ફજેતી થશે, એટલું તો હું જાણતો જ હતો. પ્રોફેસર પૂછે અને વઢીને છોડી દે; પણ ફજેતી તે ફજેતી, એ બધું જ જાણવા છતાં હાથે તોડીને ખાવાનું મન થયું (મન થયું એનું કાંઈ નહિ; એ તો સ્વાભાવિક ગણાય; પણ એ વિચાર અમલમાં મૂકયો એ આશ્ચર્ય!) ભારે ગુનો કરું છું એવું પણ મનમાં લાગતું ન હતું. સહેજ મઝા.

પણ એ મઝા શાની? ફળનો સ્વાદ ખાસ ગમે એવો હતો નહિ. બજારમાં જઈ સારામાં સારાં જામફળ આણી શકતો હતો. શહેરમાં મિત્રોને ત્યાં પણ સારાં જામફળ ખાવા મળતાં. છતાં કૉલેજના બગીચા-માં ઇરાદાપૂર્વક જઈ બે કે ત્રણ વાર કાચાં ફળ ખાધાનું સ્મરણ છે, અને તેથી જ ઘરના નોકરો વગર પૂછ્યે ચોરીને ખાય છે ને છતાં એ વિશ્વાસ-પાત્ર હોય છે એ વસ્તુનું સ્મરણ થયું. આ વસ્તુનું આગળ જતાં મેં ખૂબ ચિંતન કર્યું અને એવું ફરી ન થાય એમ નિશ્ચય કર્યો.

કૉલેજની કેળવણી પૂરી થયા પછી એક ઠેકાણે ફળનો સરસ બગીચો જોયો ત્યારે અંદર જઇને માળીને બોલાવીને કહ્યું: 'જુઓ ભાઈ, આ તરફ ફરવા આવું તો બગીચામાં ધૂસી ફળ ખાવાનો. તોડીને ફળ ઘેર નહિ લઈ જાઉં. બગીચામાં ગમે તેટલાં ફળ તોડીશ; ચાખી જોઈશ, ગમશે તો આખું ખાઈશ, નહિતર ફેંકી દઈશ. આવું અને બગીચામાં દાખલ થાઉં ત્યારે તમને શોધવા નહિ બેસું. જોરથી બૂમ પાડી તમને જણાવી દઈશ કે હું અંદર આવ્યો છું. તું જ્યાં હો ત્યાંથી સાંભળ્યાનો જવાબ આપજે. હવે બોલો, સીઝન ચાલે ત્યાં સુધી ગમે ત્યારે આવવાના અને આ રીતે ખાવાના તમને કેટલા પૈસા આપવા?


બિચારાને આશ્ચર્ય તો થયું. કહે: 'સાહેબ, બગીચામાં આવીને ખાઓ તો એના પૈસા શાના લેવાના હોય? હું જાતે બગીચામાંથી ફળ તોડીને તમારે ઘેર વેચવા આવું ત્યારે તમારી પાસેથી પૈસા લઉં. બગીચા-માં પક્ષીઓ આવીને ખાય એમ માણસો પણ ખાય. સગાંવહાલાં ખાય જ છે ને? કોઈ અજાણ્યો માણસ આવીને ખાઈ જાય અને ખબર પડે તો વઢીએ. પણ એની પાસેથી પણ પૈસા ન જ માગીએ. ફળો વેચાય બગીચાની બહાર, અંદર નહિ.'

એની આ ફિલસૂફી સાંભળી આપણી સંસ્કૃતિ વિષે મને નવી જ દૃષ્ટિ મળી. મેં કહ્યું: 'તમારી વાત સાચી, પણ મારા સંતોષ ખાતર મહિનાને અંતે એકાદ રૂપિયો આપીશ જેથી મારું મન મને ડંખે નહિ.' પેલો કહે: 'જેવી તમારી મરજી. કશું આપવાની જરૂર નથી. તમે ખાઈ ખાઇને કેટલુંક ખાવાના? રૂપિયાનાં તો એક ટોપલી ભરીને ફળ આપીએ છીએ.'

હું નિયમિત ફળ ખાવા જતો હતો એમ નહિ; પણ માળી સાથે મારી દોસ્તી થઈ. પછી ઊભો રહી પૂછું કે અમુક ફળઝાડને કેટલે વર્ષે ફળ બેસે છે? કયા ઝાડને કયું ખાતર સારું? બગીચામાં આવનાર પક્ષીઓ વિષે પણ વાતો થતી. અમારી દોસ્તી જામી એ જ ખરો આનંદ. □

પશ્ચિમની નાટ્યકળાનો અગસ્ત્ય અને જગતનો પ્રથમ નાટ્યકાર

જેણે બીજું પાત્ર ઉમેરીને નાટ્યને સ્પષ્ટ ઘાટ આપ્યો અને નાટ્યગૃહમાં સીન ચીતરાવવાની શરૂઆત કરી.



'માનવો કાજ મેં શોધી કલાઓ આ બધી ય તે;
મારે કાજે શકું શોધી બચવાનો યે ઉપાય ના!'

એસ્કિલસે પ્રોમીથિયસના મુખમાં આ ઉદ્ગાર મૂક્યો છે. સાગરની સતત થપાટો ખાતી, એક અતિ કરાલ, ઊંચી, સપાટ, કોઇથી ન પહોંચી શકાય એવી ચટ્ટાન સાથે એને જડી દેવામાં આવ્યો છે. એનો વાંક એટલો જ કે દેવો પર જ જેનો એકાધિકાર હતો તેવો અગ્નિ એણે માનવોને લાવી આપ્યો. ધરમ કરતાં ધાડ થઈ!

એના આ ઉદ્ગારમાં એની સ્થિતિની કરુણતા છે, છતાં એસ્કિલસે એને અડગ નિશ્ચયબળથી નિયતિનો મુકાબલો કરતો બતાવ્યો. માનવ નિયતિની શિલા સાથે જડાએલા ભલે લાગે, માથે સતત તોળાતું અજ્ઞાત ભાવિ ભલે જ્ઞાત ઝંઝાવાતમાં પલટાય, કોપ–અને તે ય દેવો સુધ્ધાંનો–છો આવે, માનવની તાકાત એના નિશ્ચયમાં છે.

ક્રાન્તિકારી માનવ-મિજાજ રજૂ કરતી જગતની આ પહેલી રચના. નાયકપદે જેમાં 'ફૉલન એન્જલ' હોય તેવું પહેલું 'પૅરૅડાઇઝ લૉસ્ટ'. મિલ્ટન કૃત 'પૅરૅડાઇઝ લૉસ્ટ'ના ફૉલન એન્જલના ઉદ્ગારોમાં ય એસ્કિલસના આ 'પ્રોમીથિયસ બાઉન્ડ'ના પડઘા ઠેરઠેર સંભળાય છે. જર્મન કવિ ગથેનું આ સૌથી પ્રિય નાટક. શેલીએ તો આને આધારે જ પોતાની રચના કરી છે 'પ્રોમીથિયસ અનબાઉન્ડ.'

આ જ કથાનાં અનેક અર્થઘટનો પણ થયાં છે. જ્ઞાનનું ફળ તે વેદના; મુક્તિદાતા તો હમેશાં શૂળીએ જ દેવાવાનો; વગેરે. વિલ ડૂરાં ('ધ લાઇફ ઑવ ગ્રીસ', પ્રકરણ ૧૭, પૃ. ૩૮૬ પર કહે છે: 'Never has the war between knowledge and superstition, enlightenment and obscurantism, genins and dogma, been more powerfully pictured or lifted to a higher reach of symbol and utterance'. જ્ઞાન-અજ્ઞાનના તુમુલનું આવું પ્રતીકાત્મક આલેખન બીજે ક્યાંય મળતું નથી. શ્લેગલ તો ત્યાં સુધી કહે છે: 'The other productions of the Greek tragedians are so many tragedies; but this is Tragedy herself.' 'અન્ય તે ટ્રૅજેડીઓ; પણ આ તો સાક્ષાત્ ટ્રૅજેડી જાતે જ.'

આ અને 'ઓરેસ્ટિયા' જેવી અનવદ્ય કૃતિઓનો કર્તા એસ્કિલસ તે, જેનાં આખાં નાટકો હાલ પણ ઉપલબ્ધ હોય એવો જગતનો પહેલો નાટ્યકાર. એની પહેલાંનાં નાટક-નાટકકાર વિષે ઝાઝી માહિતી મળતી નથી. ઍરિસ્ટૉટલે ગ્રીક નાટકનાં વિકાસ-સોપાનો દર્શાવ્યાં છે. ઈ. સ. પૂર્વે સાતમી–છઠ્ઠી સદીઓમાં ડાયોનિસસના પૂજાવિધિ સાથે વસન્તોત્સવ થતો; ત્યારે નૃત્ય સાથે જે સમૂહગાન થતું તે ડિથેરમ્બ કહેવાતું. એમાં એક ફેરફાર થેસ્પિસ નામના કવિએ કર્યો. કોરસમાં રહેવાને બદલે સમૂહમાંથી છૂટા પડીને આગળ આવવાનું એણે પસંદ કર્યું. ડાયોનિસસનું વર્ણન કરવાને બદલે પોતે જ ડાયોનિસસ હોય એ રીતે બોલવાનું પસંદ કર્યું; કોરસના અન્ય સભ્યો કહે તેની સામે પ્રત્યુત્તરો વાળવાનું શરૂ કર્યું. આ નવતર રજૂઆતે આકર્ષણ જમાવતાં, એને એવી કૃતિઓ રચવી પડી જેમાં ઉત્તરદાતા (Hypocrites) અલગ પડી જતો હોય. આ રીતે એક પાત્ર ને સંવાદ–એ બે તત્ત્વો દાખલ થતાં ડિથેરમ્બે નાટકનું રૂપ લીધું. એક પાત્રના અભિનયને અવકાશ પણ મળ્યો.

એમાં મ્હોરાં (masks) પણ થેસ્પિસે જ દાખલ કર્યાં. એથી એક અભિનેતા અનેક પાત્રો રજૂ કરી શકે એવી સગવડ થઈ. એણે જ સંવાદને અનુરૂપ પદ્યબંધ (iambic trimeter) પણ દાખલ કર્યો. થેસ્પિસ વિષે પ્લુટાર્કે એક વાત નોંધી છે. થેસ્પિસની કૃતિ રજૂ થતી હતી ત્યારે, એક વાર, એક અભિનેતાએ પોતાને ફાળે આવેલા પાત્રની તાદશ રજૂઆત

ગ્રીસનો સમૃદ્ધ નાટ્યકાળ
જેમાં માત્ર ૯૦ વર્ષના ગાળામાં લખાએલાં ૫૦૦ નાટકો પૈકી ત્રણ નાટ્યકારોએ જ ૩૦૦ ઉપરાંત લખ્યાં

ગ્રીસનાં ઉત્તમ નાટકોનો યુગ ઊભો કરનાર એસ્કિલસ, સોફોક્લિસ અને યુરિપીડિસ ત્રણેનો કુલ જીવનકાળ (એસ્કિલસના જન્મકાળથી) ઈ. પૂ. ૫૨૫થી (યુરિપીડિસના મૃત્યુ સુધીનો) ઈ. પૂ. ૪૦૬ સુધીનો માત્ર ૧૨૦ વર્ષનો જ હતો. ઉપલબ્ધ નાટકોને જ નજરમાં રાખીએ, તો આરંભના ઈ. પૂર્વે ૪૭૨માં એસ્કિલસે લખેલા 'પર્શિયન'થી ઈ. પૂર્વે ૪૦૫માં યુરિપીડિસે લખેલા 'ઇડિપસ ઍટ કોલોનસ' સુધીના ૬૭ વર્ષના ગાળામાં માત્ર ૩૧ જ નાટકો મળે છે. એમનો લેખનકાળ તો માંડ ૯૦ વર્ષનો જ. તેમાં એ ત્રણે નાટ્યકારોએ મળીને ૯૦+૧૨૫+૯૨ એટલે ૩૦૭ જેટલી રચનાઓ કરેલી! આ ત્રણ સિવાયના સર્જકોની રચનાઓ તો જુદી. આ એક સૈકામાં, એ રીતે, ઓછામાં ઓછાં ૫૦૦ જેટલાં નાટકો લખાયાં છે. એમાંથી બચ્યાં છે કેવળ ૩૧ જ!

લેખક · કનુભાઇ જાની

કરી; પોતાને નહિ, વસ્તુગત પાત્રને જ લોકો જુએ-સાંભળે છે એવો આભાસ એણે ઊભો કર્યો. ત્યારે પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી સોલોન ઊકળી ઊઠયો. એણે ગુસ્સાથી થેસ્પિસને પૂછ્યું: 'જાહેરમાં આવાં જૂઠાણાં ચલાવતાં તમને શરમ નથી આવતી?' (કલાજન્ય અનુભૂતિને આભાસ, અને તેથી અસત્ય માનવાના તર્કદોષે, તે પછી, પ્લેટોમાં કેવું રૂપ લીધું તે જાણીતું છે.)

પણ ઍથેન્સના હાકેમ પિસિસ્ટ્રેટસને એ રચનાઓ સ્પર્શી ગઈ. એણે ડાયોનિસસના ઉત્સવ વખતે આ જાતની રચનાઓની સ્પર્ધાની પ્રથાનો આરંભ કર્યો. એ પ્રથમ સ્પર્ધાનો વિજેતા હતો થેસ્પિસ. તે પછી સોળ વર્ષે, ઈ. સ. પૂર્વે ૪૮૫માં એસ્કિલસ જીત્યો. એ સોળ વર્ષ દરમિયાન કયા નાટ્યકારોએ કેવી રચનાઓ રજૂ કરી તે સ્પષ્ટ થતું નથી. ઉલ્લેખો મળે છે: પ્રેટિનસે સેટિરિક ડ્રામા રજૂ કરેલાં; ફ્રાયનિકસે મિલેટ્સ પરની પર્શિયનોની જીત વિષે જે રચના (ધ ફૉલ ઑવ મિલેટ્સ) રજૂ કરેલી એથી પ્રેક્ષકો ગુસ્સે થએલા અને એક દુ:ખદ સ્મૃતિ રજૂ કરવા બદલ એનો દંડ થએલો, અને એ નાટક પર પ્રતિબંધ મુકાએલો; થેમિસ્ટોક્લિસે પર્શિયનો સામે ઍથેન્સનો યુદ્ધોત્સાહ પ્રેરવા, ખાનગી રીતે, આ નાટકની રજૂઆતની ગોઠવણ કરેલી એવો ઉલ્લેખ પણ મળે છે. એણે જ સર્વપ્રથમ સ્ત્રીઓનાં મ્હોરાં દાખલ કર્યાં.

એસ્કિલસે પછી બીજું પાત્ર ઉમેરીને નાટ્યને સ્પષ્ટ ઘાટ આપ્યો.

ે પાત્રો વત્તા કોરસ થતાં, હવે પાત્ર-પાત્ર વચ્ચેનો સંઘષ કાર્ય દ્વારા નિરૂપ-ાની અનુકૂળતા ઊભી થઈ. એ પાત્રો શું કરે છે એ જોવામાં પ્રેક્ષકોને ણુ રસ પડયો. ગ્રીક નાટયગૃહમાં Skeneનો ભાગ એને કારણે આવ્યા-ં મનાય છે. એ ભાગ એણે લાકડાનો કરાવ્યો અને ચિત્રકાર ઍગાથાર્કસ ાસે ચીતરાવ્યો. આમ, એસ્કિલસ જ પશ્ચિમની નાટ્યકલાનો અગત્સ્ય પને ટ્રૅજેડીના સ્વરૂપનો અધિષ્ઠાતા બન્યો.

ગ્રીસના કેટલાક અતિ મહત્ત્વના ધર્મસંપ્રદાયોમાંના એકનું વડું મથક તું ઍથેન્સ પાસેનું એલ્યૂસિસ. 'એલ્યૂશિયન મિસ્ટરીઝ' માટે એ ણીતું હતું. ઈ. સ. પૂર્વે ૫૨૫માં ત્યાંના યુફોરિયન નામે ધનાઢ્ય જાગીર-ારને ત્યાં ઍસ્કિલસનો જન્મ થયો. ઈ. પૂ. ૪૯૯માં છવ્વીસ વર્ષની ઉંમરે ણે નાટ્યસ્પર્ધામાં ભાગ લીધો; પણ જીત્યો તો છેક ચાળીસમે વર્ષે ઈ. . ૪૮૫માં. ત્યારે સોફોક્લિસ બાર જ વર્ષનો. વિશ્વના નાટ્યસાહિત્યના તિહાસનો એ એક અત્યંત મહત્ત્વનો બનાવ ગણાય. ત્યારે એના લેખન-ાર્યને પણ ખાસ્સો દોઢેક દાયકો થએલો. પરિણામે, નાટ્યરચના ને રજૂ-આત બંનેમાં એણે કેટલાક ક્રાન્તિકારક ફેરફારો કર્યા. કોરસની સંખ્યા ૫૦ની તી તે ૧૨-૧૫ની કરી, એને રચનાનું એક અંતર્ગત ઘટક બનાવ્યું, અને ાત્રાલેખનની કળાની સિદ્ધિ પણ હાંસલ કરી. ટ્રાયૉલૉજી(નાટ્યત્રયી)નું નર્માણ તે એની જ શોધ છે. એથી નિયતિના સંદર્ભમાં માનવજીવનને વસ્તારથી, અનેક દૃષ્ટિકોણથી અવલોકવા માટે વિશાળ ફલક મળ્યું.

પેરિક્લિસના શાસન દરમિયાન ઍથેન્સ શિલ્પ-સ્થાપત્યથી તો સો-ામણું બન્યું જ હતું. એમાં ગ્રીક સર્જકશક્તિ ને બુદ્ધિપ્રતિભાના સર્વો-ામ ઉન્મેષના શ્રીગણેશ માંડયા એસ્કિલસે. દેવોની સ્થાપનાનો આરંભ ારાયેલે કર્યાનું કહેવાય છે; પણ વિશ્વના જીવનકેન્દ્રમાં માનવની પ્ર-સ્થાપના કરનાર બન્યું ગ્રીસ. સૌથી વિશેષ ફાળો ટ્રૅજેડીએ આપ્યો. એ ાનવપ્રતિષ્ઠાનું પ્રસ્થાપન પણ કર્યું એસ્કિલસે.

એ માત્ર સાહિત્યકાર જ નહોતો, કર્મવીર પણ હતો. એના જમા-ામાં કલાકાર કરતાં કર્મવીર મોટો ગણાતો. ઈ. પૂ. ૪૯૦માં પાંત્રીસ ર્ષની વયે એ અને એનો ભાઈ સાયનેગિરસ (Cynegirus) બન્નેએ મૅરેથોનના યુદ્ધમાં ભાગ લીધો. કિનારેથી ભાગી છૂટતા એક વહાણને એના ભાઈએ પકડયું. એમ કરવા જતાં એક હાથ ગુમાવ્યો, ને પછી જાન પણ. એમની વીરતાથી ઍથેન્સવાસીઓ એટલા બધા પ્રભાવિત થયા કે એમણે એમના કૃત્યને એક તૈલચિત્રમાં સ્મૃતિબદ્ધ કરાવ્યું. ફરીથી ઈ. પૂ. ૪૮૦માં, ૪૫ વર્ષની ઉંમરે, સેલેમિસના યુદ્ધમાં પણ એ-સ્કિલસ લડયો. એના 'ધ પર્શિયન' ('Persae')માં એ યુદ્ધનું વર્ણન એણે કર્યું છે. એ પછી એક વર્ષે—૪૭મે વર્ષે પ્લેટિયાના યુદ્ધમાં પણ એ લડયો લાગે છે. એની રચનાઓમાં યુદ્ધજનિત આપત્તિઓનાં હૃદય-સ્પર્શી આલેખનો છે. યુદ્ધની યશોગાથા એણે ગાઈ નથી.

બે વાર—એક ૪૯ વર્ષની ઉંમરે ને બીજી ૫૫ની ઉંમરે (વિલ ડ્યુરાં પ્રમાણે ઈ. સ. પૂ. ૪૭૬ અને ૪૭૦માં) એણે સાયરેક્યૂઝના રાજા હીરો પહેલા (Heiro I)ની મુલાકાત લીધેલી. ત્યાં એણે 'ધ પર્શિયન્સ'ની પુનરચના કર્યાનું અને જ્વાલામુખીદગ્ધ એટ્નાના નગરની પુનઃસ્થાપના-ની ખુશાલીમાં 'એટ્ની' રચ્યા-ભજવ્યાનું કહેવાય છે. એ નાટકનો એક ખંડ પણ મળી આવ્યો છે.

એનું નગર ધર્મચમત્કારો ને ગુપ્ત વિધિઓ માટે પ્રસિદ્ધ હતું. એમાંની કેટલીકને જાહેર કરી દેવા બદલ એના પર કામ ચાલેલું; જોકે એમાં એ નિર્દોષ જાહેર થએલો. ઈ. પૂ. ૪૬૯માં ૨૮ વર્ષના સોફોક્લિસ-ની સાથે ૫૬ વર્ષના એસ્કિલસની નાટ્યસ્પર્ધા થતાં, યુગપ્રભાવક એસ્કિલસ હાર્યો. જોકે બીજે જ વર્ષે, 'ધ સેવન અગેઇન્સ્ટ થીબ્સ'એ નાટક દ્વારા એણે પાછી સોફોક્લિસ પર જીત મેળવી લીધી હતી. નાટ્ય-રચનામાં સોફોક્લિસે દાખલ કરેલાં કેટલાંક તત્ત્વોની—ખાસ કરીને બે પાત્રોની—અસર એસ્કિલસની પછીની રચનાઓ પર થઈ છે.

એસ્કિલસે ૬૭ વર્ષની ઉંમરે મૃત્યુ પહેલાં બે વર્ષે ઈ. પૂ. ૪૫૮માં છેલ્લું મોટું પારિતોષિક મેળવ્યું એની નાટ્યત્રયી 'ઓરેસ્ટિયા' દ્વારા. કેટલાકને મતે સમગ્ર ગ્રીક ટ્રૅજેડીઓમાં મૂર્ધન્યસ્થાને મૂકી શકાય એવી એ રચના છે. એસ્કિલસે પોતાના આખા આયુષ્ય દરમિયાન ૧૩ વાર વિજય મેળવ્યો; ને એ જ એકમાત્ર એવો અપવાદરૂપ નાટ્યકાર છે જેનાં નાટકો, એના મૃત્યુ બાદ પણ સ્પર્ધામાં રખાયાં છે. કુલ ૯૦ જેટલાં નાટકો એણે લખ્યાં છે. એમાંથી ૮૦નાં તો નામો પણ મળે છે. પણ આખાં તો મળે છે માત્ર સાત જ: 'ધ પર્શિયન', 'ધ સેવન અગેઈન્સ્ટ થીબ્સ', 'પ્રોમીથિયસબાઉન્ડ', 'ધ સપ્લાયન્ટ વિમેન' અને 'ઓરેસ્ટિયા', નાટ્યત્રયીમાંનાં 'એગામેમ્નોન', 'ધ કોએફોરી' અને 'ધ યૂમેનાઇડ્ઝ'. 'ઓરેસ્ટિયા' એ એકમાત્ર ઉપલબ્ધ નાટ્યત્રયી છે; એના છેડે લગાડા-એલું 'સૅટાયર પ્લે' મળ્યું નથી. એ બંને થઇને (ચાર કૃતિઓની) એક 'ટેટ્રાલૉજી' (Tetralogy) ગણાતી. આગળ ગણાવેલાં ટ્રાયોલૉજી સિવાયનાં નાટકો પણ મૂળ તો ટ્રાયોલૉજીના જ સ્વતંત્ર ખંડો છે.

'ધ પર્શિયન' સમકાલીન ઐતિહાસિક ઘટના પર રચાએલું જગતનું પહેલું, ને ગ્રીક ટ્રૅજેડીનું તો એકમાત્ર, નાટક છે. ઐતિહાસિક વસ્તુની માવજતમાં એસ્કિલસ સારી પેઠે મુક્ત રહે છે. પરિણામે, કૃતિ પ્રાસં-ગિક મહત્ત્વની જ ન રહેતાં એક ઉત્તમ સાહિત્યકૃતિ બને છે. ઈ. પૂ. પાંચમી સદીને આરંભે ગ્રીસે પર્શિયન સામ્રાજ્ય પર વિજય મેળવ્યો એની સ્મૃતિ એમાં અમર થઈ છે. પર્શિયાની રાણી સૌને એક કૂટ પ્રશ્ન પૂછે છે: 'લોકો બધા જ્યાં ને ત્યાં બોલતા ફરે છે એ 'ઍથેન્સ' તે શી ચીજ છે?' એક પર્શિયને એ 'ચીજ' જોઈ છે. તે રાણીને કહે છે: 'એ એવું સ્થાન છે જ્યાં કોઈ કોઇની આગળ ઝૂકતું નથી, જ્યાં કોઈ કોઈનું ગુલામ નથી.' મુક્ત માનવીના પ્રજારાજ્યની યશોગાથા ગાતું એ પહેલું નાટક. સમકાલીન ઘટનાને જાણે 'મિથ' જોતો હોય એ રીતે એ નિરૂપે છે, ને 'મિથિકલ' ઘટનાના જ નિરૂપણમાં સમકાલીન પ્રશ્નો ઉપર પણ એની નજર હોય એવું દેખાય છે. જીવનને, આ રીતે, એ નજીકથી ને દૂરદૂરના શાશ્વત ભાવિ સુધી, એમ બે રીતે નિહાળે છે. એટલે જ, યૂરિપીડિસ સાથેના વાદમાં એને જીતતો ને નગરવ્યવસ્થા માટે એને જ ધરતી પર પાછો મોકલાતો એરિસ્ટોફેન્સે એના 'ફ્રૉગ્સ'માં દર્શાવ્યો છે. અહીંની વ્યવસ્થા કરી શકે એવો દક્ષ, ચિંતક, સ્વસ્થ વ્યવહારપુરુષ, વીર યોદ્ધો, વાક્દેવીના ચારે હાથ જેને માથે પડયા છે એવો કોઈ હોય તો આ એકલો જ.

સિત્તેર વર્ષની વયે એ સિસિલી ગએલો. માર્ગની બાજુએ એ બે-ઠેલો. આકાશમાં જતું હતું એક ગરુડ. એના મોંમાં હતો શિકાર-એક કાચબો. કોઈ પથ્થર પર ઝીંકવાથી એ મરી જાય. ઈગલ પથ્થરની શોધ-માં હશે. એણે એક ચળકતો પથ્થર જોયો, ને કાચબો એ પથ્થર પર પછડાયો! કાચબાનું શું થયું એ વિષે તો દંતકથા મૂક છે; પણ પેલો 'પથ્થર' તે તો હતી એસ્કિલસની (માથાની) ટાલ! એટલે એ મૃત્યુ પામ્યો.

પોતાની કબર પર કોતરવા માટેનું સ્મૃતિ-કાવ્ય ('એપિટાફ') એ જાતે જ રચતો ગયો હતો. એમાં એનાં શબ્દસર્જનોનો તો ઈશારો ય નથી! પોતાના કસુંબલ રંગ પર એ મુસ્તાક છે:

પ્રગાઢ નિદ્રા મહીં જે પડેલો
આ પથ્થરો હેઠળ એસ્કિલસ્ જે,
તેના મહા શૌર્યની ભવ્ય ગાથા
ગાઈ શકે કેવળ વૃક્ષરાજિ
શૈલાદ્રિ મૅરેથનની; 'થવા કો
પ્રલંબકેશી જન પર્શિયાનો
જે સારી રીતે સહુ વાત જાણે
એ યુદ્ધની તે.

૫૫૦ નવજીવનની પરિસ્થિતિ

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનુ આત્મકથાનક ૧૦૯



સ્વામી આનંદ
(સ્કેચ : ર.મ.રા.)

ઈ.સ. ૧૯૨૨ના માર્ચ માસમાં ગાંધીજીનો કારાવાસ થયા પછી પણ એમનાં પત્રો ગુજરાતી-હિંદી 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' ચાલુ જ રહ્યાં હતાં. 'યંગ ઇન્ડિયા' ચલાવવા શ્વેબ કુરેશી આવ્યા હતા અને 'નવજીવન' ચલાવવાની જવાબદારી સ્વામી આનંદે લીધી હતી. નવજીવન'ના ઉપતંત્રી તરીકે તેમણે પ્રજાને કોલ આપ્યો તેમાં કહ્યું હતું કે : "ધાતુનાં બીબાંથી છપાતું 'નવજીવન' બંધ કરવું સરકાર માટે સહેલ છે, તેમ છતાં 'નવજીવન' ચાલ્યાં કરશે...ગુજરાતના હૈયે 'નવજીવન ની સેવા વસી હશે તો હાથે લખાઈ ને પણ 'નવજીવન' ગામેગામ પહોંચશે... અહિંસાનો ધર્મ ઉથાપ્યાનો દોષ થતો જણાશે ત્યારે મૌનનું જોખમ ખેડીને પણ અમે અહિંસા ધર્મને વફાદાર રહીશું...નબળાં લખાણોથી 'નવજીવન'-ની જગ્યા પૂરવાનું પાપ કદી નહિ કરીએ. સૌ પોતપોતાનો ધર્મ સમજી જઈએ તો પણ સહેજે સ્વરાજ લઈ બેસી જઈએ.' આવાં વચનો કોઈ પણ વ્યક્તિને જાગ્રત રાખવાને બસ નથી શું?

કાકાસાહેબ કાલેલકર અગાઉ પ્રસંગોપાત્ત 'નવજીવન'માં લખતા તે હવે સ્વામી આનંદ જેલમાં ગયા ત્યાં સુધી લખતા જ રહ્યા અને પોતાનો આત્મા રેડીને ગાંધીજીના વિચારો ગુજરાતમાં પ્રવાહિત કરતા રહ્યા. શંકરલાલ બૅંકર ગાંધીજી સાથે જેલમાં ગયા પછી જયકૃષ્ણ ભણસાળી 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ના મુદ્રક બન્યા. વાલજીભાઈ દેસાઈ 'યંગ ઇન્ડિયા'ના પ્રકાશક થયા. શ્વેબ કુરેશીને અલ્લાહાબાદનું 'ઇન્ડિપેન્ડેન્ટ' સંભાળવા જવું પડચું ત્યારે રાજગોપાલાચારી 'યંગ ઇન્ડિયા'ના તંત્રી બન્યા. આમ એ પત્રોને સમર્થ હાથમાં ગએલાં જોઈ સરકારે એ ચારે જણાને ઝડપ્યા અને સ્વામી આનંદને છાપખાનાના વહીવટકર્તા તરીકે ઉઠાવ્યા. આજ સુધી વહીવટકર્તાને પકડવાનો રિવાજ નહોતો. સ્વામીની લક્ષ્યવેધી કલમથી પ્રજામાં અસંતોષ ફેલાવવાનું થતું હતું; પણ વળી આડકતરી રીતે 'નવજીવન'ને ફટકો મારવાનો પણ હિસાબ હશે.

આમ ચારે એકીસાથે ઝડપાઈ ગયા, એવી આપત્તિમાં ફરી ન ફસાવા માટે હવે તંત્રી, મુદ્રક અને પ્રકાશક એવી સર્વતોમુખી જવાબદારી ગાંધીજીના પુત્ર એકલા રામદાસે લીધી, જેથી એક જ વ્યક્તિ ઝડપાય.

સ્વામી આનંદ ગયા પછી જેલમાં રહીને બહાર આવેલા કાકાસાહેબ અને જુગતરામ દવે, જે આજ સુધી આશ્રમમાં શિક્ષણકાર્ય કરતા હતા તે હવે નવજીવનનું તંત્ર અને વહીવટ સંભાળવા આવી ગયા હતા. નવજીવન પ્રેસમાંથી ગાંધીજીના લેખોનો સામયિક પુસ્તિકાઓ રૂપે સંગ્રહ તેમજ રાષ્ટ્રવિધાયક ચરિત્રો આદિ ચોપડીઓ બહાર પડતી તે દરેકની કિંમત ચારઆઠ આના જેટલી રહેતી. જુગતરામભાઈના હાથમાં નવજીવનનો કારભાર હતો એ પરિસ્થિતિ મારા ભાવિ કાર્યમાં કેવી આશીર્વાદ રૂપ થઈ પડી તે હવે પછી જોઈશું.

૫૫૧ હાજીમહમ્મદ–સ્મારક-ગ્રંથની પૂર્ણાહુતિ

હું જુલાઈ માસમાં મસૂરીના પ્રવાસમાંથી આવ્યો ત્યારે બચુભાઈએ છપાવેલાં–બંધાવેલાં હાજીસ્મારકનાં અગિયારસો પુસ્તકોનો ગંજ બકવા-પોળના મારા મકાનના મેડે ચડાવી દીધો હતો અને તેને અંગે તેમના રોકાણનો અંત આવતો હતો. તેમણે છેલ્લી તારીખ સુધીનાં ખર્ચોનો કુલ હિસાબ રૂપિયા છ હજારની આસપાસનો મારી પાસે રજૂ કરી દીધો. મારી પાસે ભાગ્યે જ જરૂર પૂરતી મૂડી બચી હશે, પણ અમે ધાર્યું વ્રત પૂર્ણ કર્યાનો મહાન સંતોષ મળ્યો હતો. એ સાહસ કેવી વિરલ વ્યક્તિ માટે ખેડાયું હતું તે કદાચ આજની તરુણ પ્રજાને નહિ સમજાય; પણ થોડો આભાસ મળે એ હેતુથી તેમાંની થોડી અંજલિઓ ઉતારું.

'જ્યારે પ્રતાપી બનેલો ગુજરાતનો જીવનપ્રવાહ ઊભરાઓ શમ્યાથી શાન્ત અને સર્વવ્યાપી બની સર્વાશે ખીલશે ત્યારે અંધકારમાં રહીને પણ પ્રકાશનાં આછાં કિરણોની કિંમત આંકનાર ને નિરાશામાં આશાનો એકતારો વગાડનાર હાજીમહમ્મદનાં સ્મરણો અને દૃષ્ટાંત અનેક કલાકારને પ્રેર્યા વિના નહિ રહે.' —કનૈયાલાલ માણેકલાલ મુનશી

'સૌન્દર્યનો મુસાફિર સાહિત્યની સીમાના
આજે ઉઠાવી તંબૂ ગુજરાતને રડાવે...' —ધૂમકેતુ

'કંઈ કંઈ વિદ્વન્ મંડળીને સાંકળતી તે મણિમાળા હતો.'-વિનોદકાન્ત

'આપણા સાહિત્યે ઋજુ હૃદયનો હોંસીલો સાહસિક પરંતુ સાચો પૂજક ખોયો છે.' —ન્યાયમૂર્તિ કૃ. મો. ઝવેરી

'એમના વીર પ્રયત્નો એક કળાપ્રેમી અને સાચા સાહિત્યના ભક્ત તથા દેશભક્તનું ભાન આપણને કરાવે છે. એના મરણથી ગુજરાતી સાહિત્યે એક પરમ ભક્ત ગુમાવ્યો છે.' —હિંદુસ્તાન

'મરહૂમે વીસમી સદી સ્થાપીને ગુજરાતી પત્રોમાં એક નવી દિશા ઉઘાડી હતી.' —વસન્ત

'તે પોતે લેખક અને કવિ હતા. પોતે ચિત્રકાર નહોતા પણ ચિત્રકલાભિજ્ઞ હતા.' —મનોરંજન (મરાઠી)

'એની ઉદાત્ત સજ્જનતા મેં ક્યાંય જોઈ નથી. એની વિશ્વસનીયતા અલૌકિક હતી, રસિકતા નિરાળી હતી, એની અનુકમ્પા અનેરી હતી. ક્યાંક હેત મળે, માયા મળે, દયા મળે, અરે ક્યાંક વત્સલતા મળે, પણ એ બધાં સાથે તો હાજીમહમ્મદના હૃદયમાં જ હોય.'

૫૫૨ બચુભાઈની રાષ્ટ્રસેવામાં નિયુક્તિ

બચુભાઈ સમજતા હતા કે હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથના ખર્ચે મને કેટલા ઊંડા પાણીમાં ઉતારી દીધો હતો. તે ચિંતાતુર હતા કે આગળ તેમના પોતાના યોગક્ષેમનું શું થશે. મેં અંબાલાલ શેઠની રિટ્રીટ શાળા છોડવાનો નિશ્ચય કર્યો હતો અને મને પણ ઉદ્વેગ હતો કે મારા કાર્ય માટે નોકરી છોડનાર મિત્રનું શ્રેય મારે જ વિચારવું જોઈએ. હાજીસ્મારક ગ્રંથના નિર્માણ દરમિયાન તે વિદ્યાપીઠના તથા આશ્રમના સંપર્કમાં આવી ગયા હતા અને પ્રેસ-કામની દુનિયામાં પડચા હોવાથી સ્વામી આનંદ ને બીજા કાર્યકર્તા મિત્રો સાથે સંબંધ કેળવ્યો હતો. તે વર્તુલમાંથી જ તે ખબર લાવ્યા કે નવજીવન પ્રેસમાં સંપાદન વિભાગમાં સારા કાર્યકરોની જરૂર છે ને તેનો નિર્ણય શ્રી જુગતરામભાઈ દવેના જ હાથમાં છે.



ડાબી બાજુ
પરમાનંદ કાપડિયા
જમણી બાજુ
ર. મ. રા.

અનન્ય સન્મિત્ર અને ભાવુક ભારતીય

સદ્‌ગત શ્રી. પરમાનંદ કાપડિયા

(દિવંગત : તા. ૧૭ એપ્રિલ ૧૯૭૧)

મારી આત્મકથાનાં સ્મૃતિચિત્રોમાં, વિદ્યાર્થીકાળથી મને પ્રાપ્ત થએલા સન્મિત્રોમાં ભાઈ પરમાનંદ કાપડિયાનું નામ 'કુમાર'ના વાચકોને અપરિચિત રહ્યું નહિ હોય. તે સૌને જાણીને ખેદ થશે કે મારા એ આજીવન મિત્ર અને સખા આ લેખમાળા પૂરી થએલી જોયા વિના મારી પહેલાં આ જગત છોડી ગયા છે.

ઈ. ૧૯૦૯થી પ્રાપ્ત થએલા મૈત્રીકાળમાં એમણે મારા જીવનમાં કેટલો ફાળો આપ્યો હતો એ તો મેં કથાનકમાં સ્પષ્ટ કર્યું છે. છેવટ સુધી એમની મમતા અને હૂંફ લાગતી હતી. તેઓ પોતાનાં જ્ઞાનસંચય અને ઉન્નત ભાવનાઓથી તથા સમાજસેવાપરાયણ રહીને ગુજરાતમાં પ્રકાશિત હતા જ. એમને મારી અંગત નોંધ અને સ્મરણાંજલિ આપી કૃતજ્ઞતા અને કૃતાર્થતા પામું છું.

એમના દ્વારા મને સમર્થ ચારિત્ર્યશીલ વિદ્વાન મિત્રો મળ્યા છે. એમના સમાગમથી વિકસાવેલા કેટલાક ગુણો ઉપરાંત, સદ્‌ગ્રંથોનું વાચન; ગણિત અને ભૂમિતિનો અભ્યાસ, 'કલાપી'નો રસપૂર્ણ આસ્વાદ, પ્રવાસવાર્તાઓ, સભા-ચર્ચાઓ, સામાજિક અને શિક્ષણવિષયક વિચારો, ધાર્મિક નિર્ણયો, તત્ત્વચિંતન વગેરે વિષયોમાં તેમણે મને રસ લગાડયો હતો.

એવા સન્મિત્રનો ઘનિષ્ઠ વિશ્વાસ અને પ્રેમ મને મળ્યાં હતાં. હું જૈનેતર હોવા છતાં તેમના પ્રતિ મારો સ્નેહ અને આદર છેવટ સુધી અખંડ ને સન્માનપ્રેરક રહ્યાં હતાં. મુંબાઈમાં સ્વ. મણિલાલ મો. શાહ અને શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ જેવા જે અનેક મિત્રોના સહકારથી તેમણે મુંબાઈ જૈન યુવક સંઘની સ્થાપના કરી હતી, તે સર્વની ભાવના અને ઉદાર દૃષ્ટિબિંદુએ મને તેમનો આત્મીય ગણ્યો હતો. મંડળના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'માં પરમાનંદભાઈની કલમ સૂક્ષ્મદૃષ્ટિથી જે નિર્ભય વિશ્લેષણ કરી શકતી તેનો હું હમેશાં પ્રશંસક રહ્યો છું.

વયમાં મારા કરતાં એક જ વર્ષ તે પાછળ હતા, પણ તેમની વિવેક-પુનિત વિશ્લેષણશક્તિ અને માનવતાલક્ષી સૂત્રોથી હું હમેશાં મુગ્ધ રહેતો. તેઓ પણ મારી કલાસાધના, સિદ્ધિ અને ભક્તિમાં જે અનન્ય આશા અને શ્રદ્ધા બતાવતા તેથી મને એક પ્રકારનું ગૌરવ અને ધન્યતા જણાતાં.

કુમાર વયમાં હતા ત્યારથી જ હું તેમને એક શ્રીમંત કુટુંબના નબીરા તરીકે દૂરથી પિછાનતો. ભાવનગરની હાઇસ્કૂલના મૅટ્રિક વર્ગમાં ઇ. ૧૯૦૯માં અમે ભેગા થઈ ગયા ત્યારથી અમારી મૈત્રી ને ઘરોબા જામ્યાં. અમે ઘણા નજીકના મહોલ્લામાં રહેતા તેથી વારંવાર વિશ્રંભ વાતો કરવા હળતામળતા. તેમને લીધે હું અનેક સંસ્કારસમાગમો પામ્યો, તેમજ જૈન સંસ્થાઓ ને દેવસ્થાનોનો સંપર્ક મેં મેળવ્યો. તે પોતે મારી પાસેથી બ્રાહ્મણ સંસ્કૃતિનું સંશોધન કરતા અને સમન્વય કરવા પ્રયત્ન કરતા.

એમનું કુટુંબ ભાવનગરના વેપારી સમાજમાં શ્રેષ્ઠ ગણાતું. એમના વડીલોની સહિયારી એક મોટી કાપડની દુકાન ચાલતી. પરમાનંદભાઈના પિતાશ્રી કુંવરજીભાઈ પ્રખર અભ્યાસી અને જૈન કોમના અગ્રણી વિદ્વાન પુરુષ હતા. તેમણે પરમાનંદભાઈને વિદ્યાવ્યાસંગ માટે સર્વ પ્રકારની અનુકૂળતા કરી આપી હતી.

પરમાનંદનો અભ્યાસ આગળ વધ્યો. કૉલેજનો અભ્યાસ પૂરો કરવા તે મુંબાઈ તેમના પિત્રાઈ ભાઈ મોતીચંદભાઈને ત્યાં પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર રહેતા. તે જ વખતે હું પણ ભાવનગર છોડી મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ થયો હતો એટલે અમારો સમાગમ અખંડ રહ્યો. તેઓ સેન્ટ ઝેવીઅર્સ કૉલેજની હૉસ્ટેલમાં રહેવા ગયા ત્યાં પણ રોજ બપોરની રજામાં હું તેમની રૂમ પર જતો. તેઓ બી.એ. એલએલ.બી. થયા ને સૌને આશા હતી કે તેમના વડીલ પિત્રાઈ ભાઈ મોતીચંદ ગિરધરલાલ સૉલિસિટરની

જુગતરામભાઈ દવે તો મુંબાઈના મારા પીપળવાડીના નિવાસ દરમિયાન સ્વામી આનંદ મારફત મારા સારા પરિચિત મિત્ર બન્યા હતા. હું જે ચાલીમાં રહેતો હતો તેના ઉપલા માળે તેઓ શ્રી તુળજાશંકર યાજ્ઞિક જે પાછળથી પૂનામાં ગુજરાતી 'ચિત્રમય જગત'ના તંત્રી થયા હતા તેમની સાથે રહેતા હતા. જુગતરામ દવેને સ્વામી આનંદે જ સ્વ. હાજીમહમ્મદના પ્રેસ-સહાયક બનાવ્યા હતા અને સ્વામીની સાથે જ તે મુંબાઈ છોડી આશ્રમમાં જોડાયા હતા. બચુભાઈનો સંકેત મળતાં અમે તેમને મળ્યા કે તરત તેમણે કોઈ આનાકાની વિના બચુભાઈને સ્વીકારી લીધા અને હું જાણતો હતો તે પ્રમાણે બચુભાઈની જરૂરિયાત પ્રમાણે માસિક વેતન પણ મંજૂર રાખ્યું.



હાજીમહંમદ અ. શિવજી



ડૉ. માધવજી મચ્છર

તે દિવસોમાં 'નવજીવન'માં વેણીલાલ બૂચ પાછળથી આવેલા વ્યવસ્થાનું કામ કરતા. ચંદ્રશંકર શુકલ પ્રકાશનોના સંપાદનનું કાર્ય તથા કવિ ત્રિભુવન વ્યાસ અને કવિ 'મોહિનીચંદ્ર' પ્રૂફ વગેરે સંભાળતા. ગ્રૅજ્યુએટ વેણીભાઈ બૂચ વિષે તો સ્વામીએ મને વાત કરેલી કે એક વાર તેને પૂ. કસ્તૂરબા પાસે લઈ ગયા અને ઓળખાવ્યા કે 'બા, એક નવો ચેલો મૂડી લાવ્યો છું.' તે સાંભળી બા અકળ થઈ ગયાં. 'છોકરાઓ! તમારે માયું છે કે નહિ? તે આમ રેઢા ચાલ્યા આવો છો?' બાનું માતૃહૃદય બોલતું હતું. તેમને જુવાનો આમ બાપુ (ગાંધીજી)ને શરણે આવતા જોઈ ઘણી વાર લાગી આવતું હશે. તેમના પોતાના પુત્રો એ જ પ્રમાણે

પેઢીમાં જોડાઈ જશે, પરંતુ રાષ્ટ્રભાવના અને માનવ-કલ્યાણના ચિંતવનારા પરમાનંદભાઈને કાયદાની કુટિલતામાં રસ પડચો નહિ. એટલે તેઓ બાપીકા જરીના ધંધામાં ગયા, પણ ત્યાં તેમની સીધી રીતભાતથી બરકત થઈ નહિ એટલે ઝવેરી મિત્રોએ ઝવેરાતના ધંધામાં ખેંચ્યા. ત્યાં પણ જૈન સમાજની ધનપિપાસા અને દુરાગ્રહોથી એમને અસંતોષ રહેતો. એવામાં મિત્રોએ જૈન યુવક સંઘ સ્થાપી તેમના માટે વિશાળ કાર્યક્ષેત્ર ઊભું કરી તેમને અગ્રણીપદે સ્થાપ્યા.

મુંબાઈના જૈન યુવક સંઘ દ્વારા તેમણે ભારતીય ભાવનાઓના પ્રચાર કરી ઉદાર દૃષ્ટિવાળો જૈન સમાજ સરજી, જૈનેતર વિદ્વાન અને સુજ્ઞ પુરુષોનો સમાગમ અને લાભ મેળવવાની યોજના દરેક પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળામાં કરી બતાવી છે. તે સાથે અવધિ સંમેલનો, સભાઓ, વ્યાખ્યાનો, પર્યટનો, મુલાકાતોની અનુકરણીય પ્રથા ઊપજાવી છે અને જૈન સમાજને સાર્વજનિક દીપ્તિ અર્પી છે. તેમણે જૈન યુવક પરિષદના પ્રમુખપદેથી નિર્ભીતપણે જૈન સમાજને સુધારવા પ્રચલિત દૂષણો અને મિથ્યાચારો પર દૃઢતાથી જે વ્યાખ્યાનો આપ્યાં, ને લેખો લખ્યા તેથી તેમની નૈતિક હિંમત તથા તર્કશુદ્ધ વિચારસરણીનો જાહેર પ્રજાને સારો પરિચય થયો છે. તેમણે અન્ય સમાજ અને વ્યક્તિઓ રાજદ્વારી પુરુષો, મહાત્મા ગણાતા મોવડીઓ આદિના અનુચિત વ્યવહારો કે વચનો ઉપર પણ યોગ્ય ટીકાઓ કરી છે છતાં કોઈ તરફ અંગત દ્વેષ કે અનાદર બતાવ્યાં નથી.

લગ્નજીવનના આરંભથી જ તે સુખી દામ્પત્ય પામ્યા હતા. તેમનાં ધર્મપત્ની શ્રી વિજયાબહેને એમની વેપાર-ધંધા પ્રત્યેની ઉદાસીનતા સામે કદી બંડ કર્યું મેં જાણ્યું નથી. પરમાનંદભાઈની ઉદાર આતિથ્યભાવના નિભાવવા તેમને કેવી વિટંબણા ભોગવવી પડતી તેનો હું સાક્ષી છું, પણ તે બાબત તેમણે કદી કંટાળો બતાવ્યો નથી. તેમના જેવાં સુશીલ સન્નારી જૈન સંસારમાં વિરલ હશે. તેમના પરિવારમાં પાંચ પુત્રીઓ છે. પ્રત્યેકને સુશિક્ષણ આપી અનુકૂળ જીવનસાથીઓ મેળવી આપી તેઓ સંતોષ માનતા હતા. સાથે તેમના જમાતાઓ પણ તેમના પ્રતિ પિતૃતુલ્ય ભાવ રાખી સેવા-તત્પર રહેતા.

માંદગીઓની આજીવન સહવાસી બનેલી મારી જાત તરફ તે હમેશાં લાગણી ને ચિંતા બતાવતા. તેમના ગૃહસ્થજીવનના આરંભકાળે મુંબાઈની મારી મુલાકાત વખતે મારો મુકામ તેમને ત્યાં જ રહેતો તે વખતે એ દંપતી મને કુટુંબી જેમ સાચવી લેતાં. પાછળથી શ્રી બચુભાઈ રાવત 'કુમાર'ના તંત્રવાહક બન્યા તેમને પણ એટલો જ આદરસમાગમ તેમની તરફથી મળતો.

મારી આત્મકથાની સ્મૃતિઓ લખતાં વારંવાર તેમનો ઉલ્લેખ થતો જોઇને તે વિનોદમાં કહેતા કે તમારી કથા સાથે મારું ચરિત્ર લખાઈ જાય છે, એટલે મારે લખવાની જરૂર નહિ રહે! પરંતુ તે કથા પૂર્ણ થએલી જોવા તેઓ રહ્યા નથી. જીવનના શેષભાગે થોડા મિત્રોને પત્ર લખી તેમની છેવટની ભાવના કે મનોદશા જાણવા પ્રયત્ન કરેલો, તે બધાનો સાર-ભાગ 'પ્રબુદ્ધ જીવન'માં તેઓ પ્રકટ કરી ચૂકયા હતા. મને લાગતું હતું કે આરોગ્યક્ષીણતા અને વયના હિસાબે હું પ્રથમ આ જગતથી વિદાય પામીશ. તેમણે પોતે આ વિચારથી એક પત્રમાં મને આશ્વાસનવચનો લખેલાં તે મેં મારી ડાયરીમાં ઉતારી રાખ્યાં હતાં, તે પ્રકટ કરવાનો દુઃખદ પ્રસંગ મારા પર આવ્યો છે તે સહીને પણ અન્ય જનોને તેમનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં ઉપકારક થશે એમ માની અહીં રજૂ કરું છું:

'તા. ૮-૧-૭૦. આપણે ભાગે જે જીવન આવ્યું તેને અમુક અંશે પણ અર્થ-સભર કર્યું છે, એવા સંતોષ સાથે મારે તેમજ તમારે આખરી વિદાય લેવાની ઘડી નજીક આવતી જાય છે. અવશેષ આયુષ્ય એવી કર્તવ્ય-પરાયણતા સાથે પૂરું થાય એવી મારી પ્રાર્થના ચાલતી હોય છે.'

ભાવિનો સંકેત કોઈ જાણી શક્યું નથી. આઠ જ દિવસ ઉપર સૌરાષ્ટ્રમાં સૌ સ્નેહી-સંબંધીઓને મળી અમદાવાદ આવ્યા ત્યારે નિરાંતે મારી પાસે બે કલાક બેસી હસતા મોંએ વિનોદ-વાતો કરી હતી. તેમણે વિદાય લીધી ત્યારે મને કલ્પના નહોતી કે એ પ્રસન્નતાભર્યું મુખ ફરી જોવા નહિ મળે.

(૧૯-૪-૭૧) રવિશંકર મ. રાવળ


તેમનાથી વિખૂટા પડચા હતા જ. વેણીભાઈ બૂચે તો પોતાનું વેવિશાળ પણ તજી દીધું હતું અને આજીવન રાષ્ટ્રસેવક બન્યા હતા. વનમાળીદાસ ત્રિવેદી પ્રેસની આંતરિક બાજુ સંભાળતા. પાછળથી જોડાએલા શ્રી મોહનલાલ ભટ્ટે છેવટના ભાગમાં વ્યવસ્થાતંત્ર સંભાળેલું. પહેલેથી જ બચુભાઈ આ સૌના નિકટ પરિચયમાં હતા, એટલે ત્યાં તે સંસ્થા સાથે એકરૂપ થઈ ગયા. અહીં સંપાદન અને પ્રકાશનકાર્યનો એમનો અનુભવ પરિપકવ થયો તેનો લાભ ભવિષ્યમાં 'કુમાર'ને મળ્યો.

બચુભાઈ નવજીવનમાં જોડાયા છતાં મારી પ્રતિની નિષ્ઠા અને મારા કાર્યમાં સાથ આપવામાં જરા ય ઢીલા રહ્યા નહોતા. રોજ સાંજે 'નવજીવન'માંથી છૂટી બકરાપોળના મકાને આવી હાજી-સ્મારક ગ્રંથની નકલો લેખકોને, પત્રકારોને, સામયિકોને અને મળેલા ગ્રાહકોને પૅક કરી પોસ્ટ કરવાની કામગીરી ઉપરાંત તેની વિગતવાર નોંધ કરી આપતા.

૫૫૩ ફરી શહેરમાં

શહેરમાં આવી ગયા પછી મારાં પત્ની અને બાળકો માટે તો સર્વ પ્રકારની સુવિધા થઈ, પણ મારા ઘરનો વ્યવહાર વધી પડચો. મહેમાનો આવતા-જતા થયા. સંબંધીજનો ઘણી વાર કામના વખતે મને બેધ્યાન કરતા, છતાં મેં નિશ્ચય કર્યો હતો કે હવે લોકોનાં મન જીતતાં શીખવું જ પડશે અને દરેક વિઘ્નને મેં જીવનના સદ્બોધનું દૃષ્ટાંત માન્યું.

કલકત્તાથી દેશમાં આવતાં રામજીભાઈ અને જીવનલાલભાઈ એક-બે દિવસ રહી રિટ્રીટની વિદ્યાશાળા જોઈ ગયા. નાના ભૂપતિ જેવા આ મિત્રોએ મારા સુદામાશાહી મકાનમાં ભોંય-પથારી મળી છતાં આનંદ-



મહાદેવભાઈ, જુગતરામ અને કાકાસાહેબ

ભર્યો સમાગમ આપ્યો તેથી હું ખૂબ જ કૃતાર્થતા માણી શક્યો હતો.

થોડા વખત પછી 'નવચેતન'ના તંત્રી ચાંપશીભાઈ આવ્યા અને આજ સુધી જે પત્રમિત્ર જેવા હતા તે સન્નિષ્ઠ સહોદર જેવા મિત્રલાભ આપી ગયા. એપ્રિલમાં તેમણે 'નવચેતન'નો પ્રથમ અંક બહાર પાડ્યો તેમાં મારા ભારે આશ્ચર્ય વચ્ચે પહેલા જ અંકમાં મારું 'પ્રણય-બંસરી'નું ચિત્ર પૂર્ણ રંગમાં છાપી મને માનશુકન આપ્યું હતું. એ ચિત્ર કલકત્તાના 'ઇન્ડિયન આર્ટ' સામયિકમાં એકરંગી પ્લેટ તરીકે છપાયું હતું, ત્યાંથી એમણે તે મૂળ ચિત્ર મેળવી, તે પરથી બ્લૉક બનાવડાવી લઈ, મૂળ ચિત્ર અને તેના બ્લૉક મને મોકલી આપ્યાં હતાં. અમે કદી રૂબરૂ મળેલા નહિ છતાં તેમનો આવો પ્રીતિભર્યો વ્યવહાર મને તેમના પ્રતિ કૃતજ્ઞ બનાવી ગયો હતો, અને ત્યાર પછી મારા મિત્રોની કૃતિઓ પણ મેં તેમને મોકલવા માંડી હતી. એ રીતે ભાઈ 'ધૂમકેતુ'ની પ્રથમ નવલકથા 'પૃથ્વીશ' પણ તેમણે આવકારી હતી. પછીથી ભાઈ ત્રિભુવન પટેલનું એક રંગીન ચિત્ર 'રાધાકૃષ્ણ' મોકલેલું તેનો પણ પૂર્ણરંગી બ્લૉક એમણે પ્રકટ કર્યો ત્યારે ત્રિભુવન પટેલને એ પ્રસિદ્ધિનો પોરસ ચડયો અને તેમાંથી તેણે ભવિષ્યની કૃતિઓ માટે ગંભીર ચિંતન કરવાનો સંકલ્પ કર્યો હતો. ચાંપશીભાઇએ તેનું મૂળ ચિત્ર કલકત્તામાં જ વેચાવી આપ્યું એટલે તે વિશેષ ખુશ થએલા.

૫૫૪ સ્વાસ્થ્ય બગડતું ચાલ્યું

તા. ૯મી સપ્ટેમ્બર ૧૯૨૨થી શેઠ અંબાલાલ સારાભાઈની શાળાથી હું સર્વથા છૂટો થઈ ગયો. પણ મસૂરીથી કાનની પીડા અને સ્રાવ લાગુ પડેલાં તેનો ઉપચાર રોજેરોજ કરવો પડતો. એથી મનમાં બેચેની વધતી ચાલી, અને વર્ષા ઋતુની શરદી તથા અજીર્ણ ચાલુ થયાં તેમાંથી ગઈ સાલ જેવી દમની અસર ફરીથી જણાઈ. મારા મિત્ર ડૉ. હરિપ્રસાદે ચેતવણી આપી કે હવે દર સાલ આ જ ઋતુમાં મારે દમના ઉપચારો ચાલુ કરવા પડશે. તેમની સૂચના પ્રમાણે પેટની ફાકી અને દમના સિરપની બાટલીનું વ્યસન કરવું પડ્યું. છતાં પંદર દિવસ તો કંઈ જ કામકાજ કર્યા વિના બિછાને રહેવું પડ્યું. નબળાઈ ઘણી આવી ગઈ.

પણ આ વખતમાં જુગતરામભાઈ દવેના ઉપક્રમથી ગિજુભાઈ બધેકાએ રાષ્ટ્રીય ભાવનાને યુક્ત એવી બાળકો માટેની બાળપોથી 'ચાલણગાડી' તૈયાર કરી હતી (જેનું પ્રકાશન નવજીવન તરફથી થવાનું હતું) તેનું દરેક પાનું સચિત્ર કરવાનું કામ મને ભળાવ્યું. જુગતરામભાઈએ વળી તેમાં છાપખાનાનાં બીબાં ન વાપરતાં બધા પાઠ હાથના અક્ષરોમાં જ આપવાનું ઠરાવ્યું એટલે આખા પાનાની સયુક્તિક ગોઠવણ કરવાની હતી. મારી બીમારીમાં આ ચિત્ર-ચિંતન મળતાં મને રાહત મળી.

આ જ ગાળામાં ડૉ. માધવજી મચ્છર કરાંચીથી અમદાવાદમાં ઠરીઠામ થવા આવ્યા. ડૉ. હરિપ્રસાદના દવાખાનામાં અમારો મેળાપ થયો ત્યારે ડૉ. હરિપ્રસાદે એક શ્રેષ્ઠ મેડિકલ નિષ્ણાત તરીકે તેમનો પરિચય કરાવ્યો. તેમનો સાહિત્ય ને કળામાં પ્રેમ જોઈને ડૉ. હરિપ્રસાદને બહુ ભાવ થયો હતો અને ધંધાર્થી તરીકે જરા પણ સ્પર્ધાની લાગણી રાખી ન હતી. તેમણે એમને સાહિત્ય સભાના મંત્રી બનાવી સંસ્કારી મંડળમાં આગળ મૂક્યા હતા. તેમાં હું ડૉ. હરિપ્રસાદનું ઉદાત્ત ચરિત્ર જોઈ શક્યો.

એક દિવસે સવારે મારું ઘર પૂછતા એક આનંદી હસતા મુખવાળા ગૃહસ્થ એક બાળકને તેડીને અને એકને આંગળીએ રાખીને મારે મેડે ચડ્યા. પોતે જ પોતાની ઓળખાણ આપી કહ્યું : 'મારું નામ મોતીલાલ અલમોલા. હાલ હું મહિલા વિદ્યાલયનો પ્રિન્સિપલ છું. અમારે ત્યાં સ્નાતક વિદ્યાર્થિનીઓ માટે ચિત્રકળા એક મુખ્ય વિષય છે. તેનું ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપી શકે એવો શિક્ષક મેળવી આપો.' અને થોડી જ વારમાં તેમની સુરતી બોલીમાં મારી સાથે આત્મીયતા સ્થાપી દીધી. તેમની માગણીના જવાબમાં મને તરત મારા મિત્ર રવિશંકર પંડિત યાદ આવ્યા. તે ગ્રૅજ્યુએટ થઈ ગયા હતા અને ચિત્રમાં તો નૈસર્ગિક શક્તિવાળા હતા. મેં એમની ભલામણ કરી તે તેમણે તરત સ્વીકારી, અને મેં પંડિત પર તે બાબત પત્ર લખી નાખ્યો.

મારી તબિયત ખૂબ નંખાઈ ગઈ હતી. એવામાં ભાવનગર ખાતે મારા પિતાશ્રીની માંદગીનો પત્ર આવ્યો, એટલે બધી તરફનો વિચાર કરી અમદાવાદથી સકળ પરિવારને લઈ ભાવનગર જવાનું ઠરાવ્યું અને દરમિયાન ભાઈ રવિશંકર પંડિતને આવતાં વેંત, ઘર મળે ત્યાં સુધી, મારા મકાનમાં રહેવાની સગવડ કરી આપી. આમ અમદાવાદમાં તેને વ્યવસાય મળ્યો તેથી બચુભાઈને આનંદ થયો, કેમ કે એ બંને તો ગોંડલમાં છેક બાળવયથી લંગોટિયા ગોઠિયા હતા અને હવે સમાન સંસ્કાર-મિત્રોના સમાગમ ચાલુ રહેવાનો યોગ સધાયો હતો. (ચાલુ)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫
કૉલેરા

કેટલાક વિસ્તારોમાં દર ઉનાળે ફાટી નીકળતા આ રોગથી તો સૌ જ્ઞાત છે. ગ્રામીણ જનતા એને 'કોગળિયા' નામે પણ ઓળખે છે. આયુર્વેદમાં પણ તેને વિસૂ(સૂ)ચિકા કહે છે. સૂચિ એટલે સોય પેટમાં ભોંકાતી હોય તેવી તીવ્ર પીડા આ રોગમાં થતી હોવાથી આ શબ્દ રચાયો છે. આ એક સંક્રામક વ્યાધિ છે. જ્યાં તે ઉદ્‌ભવે ત્યાં મોટા સમૂહને તેની અસર પહોંચે છે. આયુર્વેદના મતે જઠરાગ્નિ મંદ પડી ખોરાકનું પાચન ન થતાં શરીરમાં 'આમ' (કાચા રસ)નો સંચય થાય છે જે વિષની ગરજ સારે છે અને પરિણામે આ રોગાવસ્થા આવી પડે છે. જો તુરત તેની ચિકિત્સા કરવામાં ન આવે તો તે જીવલેણ નીવડે છે.

લક્ષણો

૧) એકીસાથે એકદમ ઝાડાઊલટી થવા માંડે છે, આ ઝાડા-ઊલટી પાતળા પાણી જેવાં અને ચોખાના ધોવરામણ જેવાં થાય છે. દિવસમાં ૩૦ વખત આવાં ઝાડા-ઊલટી થાય છે.

૨) પેટમાં ખૂબ વાઢ આવે છે. અને બળતરા પણ થાય છે.

૩) શરૂમાં થોડો તાવ પણ જણાય છે, પણ પછી શરીર ઠંડું પડવા લાગે છે. નાડી ધીમી પડી જાય છે. બોલવામાં લોચા વળે છે.

૪) આંખો ઊંડી ઊતરી જાય છે અને પગે ગોટલા ચડે છે.

૫) પેશાબ ઓછો થઈ જાય છે કે બંધ પડી જાય છે.

ચિકિત્સા

૧) ખોરાક બિલકુલ બંધ કરી દેવો. પાણી પણ આપવું નહિ. ભૂખ લાગે તો લીંબુનો રસ, સાબુદાણા કે ચોખાની ધાણીની કાંજી યા મગનું ઓસામણ વગેરે આપી શકાય.

૨) સંજીવની વટી આ રોગમાં ઉત્તમ છે. દર્દીને દર અરધા કે એક કલાકે એકથી બે ગોળી પાણી સાથે આપવી.

૩) ઘરગથ્થુ ઇલાજમાં વારંવાર ડુંગળીનો રસ પાવો. ફુદીના-તુલસી-મરીવાળો અરધા દૂધપાણીવાળો ઉકાળો પાવો. કપૂરનો અર્ક એક-બે ટીપાં આપવો.

૪) હિંગાષ્ટક ચૂર્ણ, ગંધકવટી, ક્રવ્યાદ રસ વગેરેનો ઔષધીય ઉપયોગ કરી શકાય.

૫) કૉલેરા ચાલતો હોય ત્યારે સાજા માણસે પણ હળવો ખોરાક જ ખાવો, સ્વચ્છતા જાળવવી અને અપચો થવા ન દેવો. રોજ સવાર બપોર સાંજ ૧-૧ ગોળી સંજીવની ખાવી.

૬) બી વગરનાં સૂકાં લાલ મરચાંનો ઝીણો ભૂકો રોગીને ખવડાવવો. આ એક અનુભૂત પ્રયોગ છે.

૭) શરીર ઠંડું પડવા માંડે તો રાઈ પાણીમાં પીસી હાથેપગે લગાડવી.

—વૈદ્ય નવીનભાઈ ઓઝા

ચંદ્રવદન મહેતાએ ઉતારેલી ડેમન રનિયનની એક વાર્તા

એક દિવસનાં મહારાણી

(અંતરગઠરી-૩૯)

હજી તો હું મારી સુક્રિયાણી ચાલે બ્રોડવે પર નંબર પચાસમાં મહોલ્લાની પગથાર પર પગ મૂકું છું, ત્યાં કોને દેખું છું? શું નામ દીશું? ભલે, ચાલુ નામ જ રાખીએ.—ફોઈએ પાડેલું તે નહિ, અને બ્રોડવે પર અમારી મંડળીમાં એ જે રીતે ઓળખાય છે તે અને તે જ નામ સાચું; કારણ, કમાણી, ધંધો, સલાહ અને પોલીસ દાદામાં જે નામ ચલણી હોય તે જ નામની બોલબાલા. એવા ડેવ ધ ડડ, મારે જે રેસ્ટોરાંમાં જવું હતું એનું આખું આંગણું ભરીને ઊભા હતા. વળી, વાતમાં વળગેલા કોની સાથે? માદામ લા ગિમ્પ સાથે! આમાં નોંધવા જેવી વાત તો એ હતી કે માદામ સામે ડેવ ધ ડડ બધી વાતમાં હાનું જ ડોકું ધુણાવતા હતા. બાકી ડેવ ધ ડડ વળી કોઈને આટલા લંબાણથી સાંભળે એ જ ક્યારે? એમાં તો ધીરજ અને બુદ્ધિ બેયની જરૂર; અને મોટે ભાગે એમનામાં સરેરાશ એકાદની તાણ હમેશાં દેખાતી જ હોય!

હવે માદામ લા ગિમ્પ એ તો નામ જ મોટું; બાકી દર્શન કરો તો બધું જ ખોટું. વ્યક્તિ, ઘરેણાં, શરીર બધું જ તકલાદી. આજ પંદર વર્ષથી આ બાઈને હું બ્રોડવે પર જોતો આવ્યો છું. એક વાર જુઓ તો ચાળીસનો અડસટ્ટો કહો ને બીજી વાર જુઓ તો પચાસનો પણ કરી નાખો. કદીક છાપાં વેચે, કદીક ફૂલો વેચે; પણ એનાં છાપાં કોણ એનો બાપ ખરીદે? કારણ, મોટે ભાગે એ ગઈ કાલનાં જૂનાં છાપાં જ લઈને ફરે; અને ફૂલ કોઈની ઠાઠડી ઉપરથી એકઠાં કરેલાં, એટલે અરધાં તો ત્યાં જ મરેલાં-કરમાએલાં હોય. કોઈ વળી ખરીદવા પૈસા આપે, પણ ફૂલ હંગાથે ન લે. અને છાપામાં તો આગલે દિવસે સાંજે કે રાતે કોઈને પોતા વિષે કંઈ આવ્યું છે, કે પોતાનો છબો છપાયો છે, એવી બાતમી મળે તો તે વાસી છાપું ખરીદે. મોટે ભાગે ખરીદનાર પણ નિરાશ થાય, કારણ આવી વાત કરનારા ઘણાખરા આ પ્રકારના જ હોય છે: 'હા રે હા! ગઈ કાલના છાપામાં મેં તારો ફોટો જોયો ને, જરા ઊભો રહે,—મે બી પરમ દિવસે...' ત્યાં બીજો ટાપશી પૂરે: 'ના, ના, ત્રણ દિવસ પહેલાં...' અને પહેલો પાછો કહે: 'ના ચોક્કસ ગઈ કાલે જ.' આમ સત્ય ઉપરથી સંશય અને સંશય ઉપરથી આખરે સત્યના ખોખામાં લપસે, પણ હકીકતે વાતને પાયો જ ન હોય, ત્યાં સત્યની તે શી ચર્ચા કરવી!

હવે, ભાઈ, કોઇએ તો મને એમ પણ કહ્યું કે માદામ અસલ તો અસ્પાનિયામાં ફક્કડ નાચનારી હતી. હાથમાં લાકડાની પતાકડી કડડ-કડડ બોલાવતી, બંને હાથનો ઉપરનીચે ઠુમકો કરતી, મિનારત જેવો મોટો અંબોડો બાંધતી, અને ખભે પારસીલેના કે બારસિલોનાની શાલ પણ વીંટાળતી. પણ 'એકસરખા દિવસ કોઈના સુખમાં જતા નથી.' એમ એનું પણ બન્યું. વાજું વગડ્યું ત્યાં સુધી સારું, ગાડું બગડ્યું ત્યારે ગબડ્યું ધરાપાટ! કોઈ કહે છે એને ક્યાંક અકસ્માત થએલો એટલે પગમાં જરા લંગડાશ આવી ગએલી; અને પ્રેમમાં તાણો કંઈક વધારે ખેંચાઈ ગયો એટલે તાંતણો તૂટી જવાથી જિંદગીમાં પણ કડવાશ વધી ગઈ. એ કડવાશ નિવારવા માદામ જિનમાં લાઈમ કે લાઈમમાં જિન ભેળવીને પીતી. પછી તો એકલું જિન પીવામાં જ એ મચી રહેતી. એના કોઠાને તો જિન, રમ, વ્હિસ્કી, બધું જ સરખું હતું.

આજે એનાં કપડાંનું યે કશું ઠેકાણું નથી. લોક કહે છે કે એક વાર એ દેખાવડી હતી, પણ એવું તો સોમાંથી નવ્વાણું બાઈમાણસને માટે આપણે કહેવાતું સાંભળીએ છીએ. અને એ ખરું હોય તો જેટલી પોદ્દીઓ આજે આપણે રસ્તે ભાળીએ છીએ, એમાંની નવ્વાણું નહિ તો અઠ્ઠાણું તો દેખાવડી હોવી જોઈએ, ખરું ને? પણ હોય છે ખરી? હા, અસ્પાનિયાની પેદાશ, પણ અંગ્રેજી ધાટીલું અને સફાઈબંધ બોલતી. અંગ્રેજીમાં કોઈને ચુનંદી ગાળો દેવાનો મોકો મળે તો જુઓ એનો શબ્દ-ભંડાર! દસમાં એક ગાળ તો, મારી જાતના કસમ, નવી જ બનાવટની તદ્દન મૌલિક જ ચોપડાવે! અને શૈલી એવી કે ભલભલો એ થકી થીજી જાય. સમસમી રહે કે બળીને રાખ થઈ ભોંય ભેગો થઈ જાય. ભાલાં-બરછી, કટાર-કાતર તો જૂનવાણી હથિયાર. આનો તો એક શબ્દમાં બીજો શબ્દ ઉમેરી સમાસ બનાવવાનો જ સાદો વ્યાપાર. દાખલા તરીકે: મૂરખ સાથે ભગંદર ભેળવે અને ફટકારે; 'રે મૂરખ ભગંદર!' 'ભગંદર' 'મૂરખ'ને એકબીજા સાથે નિસ્બત શી એ મને ન પૂછતા; એ માદામ જાણે. એવો બીજો પ્રયોગ તે 'બિસ્કિટબંદર.'

અંતે પેલાં બે જણાંએ વાતો પૂરી કરી ત્યારે એ બારણાનો કબજો છૂટ્યો. માદામની વિદાય થતાં જ ડેવ ધ ડડે મને જોયો અને અણુ-સારો કરી બોલાવ્યો. કેટલાક અણસારા-ઈશારા વહેંઁક તૂટ્યાના, ટિટૅ-નિક ડૂબ્યાના, કે આંતરરાષ્ટ્રીય યુદ્ધ શરૂ થવાના સૂચક હોય છે. આ ઈશારામાં એવા જ પ્રકારનું ગાંભીર્ય હતું. પણ મારા પેટનું માટલું યે સાત માટી થકી ઘડાએલું હોઈ એમાં ક્યાંય એક વમળે ય પડ્યું નહિ. વળી ડેવ ધ ડડ બોલે એટલે એમાંથી કલ્પનાના ટકા તો શીકે જ ટીંગાડી દેવાના, ને પછી જ કાનના પરદા ખોલવાના હોય.

અમારી સવારી રેસ્ટોરાંમાં ઘૂસી કે ડેવ ધ ડડે કાગારોળ શરૂ કરી દીધી: કોયડો! મોટો કોયડો! આ માદામને એક દીકરી, અસલના જમાનામાં થએલી, અને બ્રોડવેમાં કંઈ એનો વિકાસ કે ઉદ્ધાર થાય નહિ એમ જાણી, માદામે એ દીકરીને એક બોટમાં ચડાવી સ્પેનમાં પોતાના અસલ ગામડા ભેગી કરી દીધેલી, અને ત્યાં પોતાની બેનને એ છોકરીને ઉછેર-વાનું સોંપી દીધેલું. એ દીકરીનું નામ યુલાલી. હવે આ પ્રજા મોટી થઈ છે;—આજે તો બુધવાર ને? શનિવારની બોટમાં એ અહીં આવી પહોંચવાની છે એટલે માદામના મનમાં એની ગભરામણ પેઠી છે.

'પણ એ બેબી કોઈને પપ્પા તો કહેતી હશે ને?' મેં પૂછ્યું. તો ડેવ ધ ડડ કહે છે: 'સવાલ કાયદેસરનો છે, પણ મારાથી કેમ પૂછાય? માદામ જો બગડી તો હવે તો એને અંગ્રેજી ઉપરાંત ઈટાલિયન અને અસ્પા-નિયન ગાળો પણ આવડે છે! એ દીધે રાખે, અને આપણને સમજણ પડે નહિ. એટલે મેં એ કાંઈ પૂછ્યું જ નહિ.'

'એ વાતે ય સાચી. વળી એ એમ માને કે આપણે પારકી પંચાતમાં પડીએ છીએ. ઠીક, પછી?'

ડેવ ધ ડડે આગળ ચલાવ્યું: 'વળી આ યુલાલીનો કોઈ બાપ તો હશે જ. પણ જે મામલો ઊભો થયો છે, એમાં હજી સુધી બાપાજી નથી. વાત એમ છે કે માદામનો લબાચો હવે અઢારની વય વટાવી ગયો છે. અને સ્પેનના કોઈ મોટા ઉમરાવનો દીકરો એ જ ગામમાં રહેતો હશે તે કુમારી યુલાલીને પરણવા તૈયાર થયો છે. હવે આ મોટો ઉમરાવ, માદા-મની બેન, માદામની આ દીકરી, અને એ દીકરીને પરણવા ઇંતેજાર વર-રાજા આમ એ ચારનો કાફલો દુનિયાની મુસાફરીએ નીકળ્યો છે, તે શનિવારની આગબોટમાં અહીં ઊતરવાનો છે એવા વાવડ છે!'

મેં અધવચ્ચે વાત કાપીને પૂછ્યું: 'તો હવે આમાં લોચો ક્યાં છે? કોયડાને ઉકેલી નાખો.'

'ના; એમ ઉકલે એમ નથી. આ ઉમરાવ એમ પોતાના પાટવીકુંવરને કોઈ ભટકેલ ભામટી કે રખડેલ જિપ્સી સાથે પરણાવવા માગતો નથી.

આ પુત્રીરત્ન રાજબીજ કે સારા ખાનદાન કુટુંબની છે. એવું જોવા-તપાસવા તો એ અહીં આવે છે. બીજી બાજુ, આપણા કોડીલા વરરાજા માને છે કે આ કુમારી ચુલાલીના પિતાજીનો તો સ્વર્ગવાસ થઈ ગયો છે અને માદામ લા ગિમ્પ અમેરિકાના કોઈ મોટા માલેતુજાર અને ભલભલા ઊંચા કુળવાનને હેઠા પાડી દે એવા કોઈ નબીરાને પરણી બેઠાં છે. આ જ બે વાતનો માદામના મનમાં કાંટો છે. પોતે પરણેલાં નથી, અને ચુલાલીના બાપાની કશી ખબર નથી. ઉપરાંત માદામ ધંધે વાસી વેચનારાં છે. આ કોયડાનો હવે ઉકેલ શો?'

'ભલા ભાઈ, ડેવ ધ ડડ! આ માદામની પોટ્ટીને એની મા કોઈ માલેતુજારની વહુ થઈ બેઠી છે એવો ખયાલ કોણે આપ્યો?'

'કેમ વળી, એની માએસ્તો! માદામ છાપાં વેચે, ફૂલ વેચે અને પાસેના પેલા માલબેરી હોટેલમાં ઓરડા સાફસૂફીનું કે રસોડાની ભીંતો ઝાટકવાનું કામકાજ કરે, એટલે ત્યાંના માણસો એને ઓળખે, પણ પોતે તો એ હોટેલમાં જ રહે છે એવું લખ્યા કરે.' 'હા...આ!'

'અને એ હોટેલના નામવાળાં નોટપેપરો તફડાવી તે પર પોતાની દીકરીને એ કાગળો લખે; પેલી એ જ હોટેલને સરનામે માને જવાબ લખે; અને અહીં આ ટપાલમાંથી પોતાના કાગળો કાઢી લે, યા કોઈ હશે એનો ઓળખીતો, તે કાઢી આપે. આમ બધું પેલીના મનમાં બંધબેસતું આવી ગયું; અને એ એના પ્રિયજનના મગજમાં ઠસાવી દીધું હશે.'

'ડેવ! સ્પેનના આવા મોટા ઉમરાવને આમ માદામ છેતરે એ કંઈ સારા માણસનાં લક્ષણ ન કહેવાય.'

'હવે લખ્ખણ ને બખ્ખણ! એવો એ કેટલોક મોટો ઉમરાવ છે એની પણ ત્યારે કોને ખબર છે? ગામડામાં રહે છે એટલે હશે કંઈ જર-જમીન અને...પણ બળી એ પંચાત! હવે આ માદામને કેમ બચાવવી? અને એની દીકરીને કેમ ઠેકાણે પાડવી? આ વિવાહ વણસી જાય તો તો આબરૂ જાય. ભાઈ, એ વાત કરોને...!' 'પણ કોની આબરૂ?'

'આપણા બધાની, માદામની, બ્રોડવેની...અને માદામના કહેવા પ્રમાણે એની આ દીકરી પેલા ઉમરાવજાદા ઉપર લટુ છે,–અને વાઈસ એ વર્સા છે—એની!'

'એટલે પેલો મૂરતિયો પણ આ કન્યા ઉપર વારી ગયો છે અને આ લગ્ન ન લેવાય, તો બંનેનાં હૈયાં તૂટી પડે. અને, ન્યૂ યૉર્કની વાત જવા દો, એકલા બ્રોડવે ઉપર જ આપણે હૃદય તૂટવાના, દિલ ભાંગી પડવાના, હૈયાના ધબકારા બંધ થવાના રોજના કેટલા કિસ્સાઓ જોઈએ છીએ? એમાં આપણે વળી બેનો વધારો કરવો?'

'અને એમાં જો માદામનું પણ હૈયું જોખમાય, તો ત્રણનો. માટે, ભાઈલા! મારું એક કામ કરો. માદામને કોઈ મોટા ઍપાર્ટમેન્ટમાં અથવા આ માલબેરી હોટેલમાં સારા ઓરડામાં રાખવાની જોગવાઈ તો હું કરું છું: તમે પેલા હેન્રી જી. બ્લેઈકને અહીં પકડી લાવો. પછી હું છું ને એ છે. એ હેન્રીના વાળ જરા ભૂખરા, દુંદ મોટી, એનો પેલો ચશ્મો એક આંખનો નોમોકલ. એને જરા ઠેરાવી દઈશું કે મોટા જજ જેવો લાગશે: વળી, એ બોલે છે ધીમેધીમે, જોખી જોખીને, અને આપણે પણ ઘણી વાર નથી સમજતા એવા મોટામોટા શબ્દો પણ વાક્યોમાં ક્યાંક એવા તો અડાવતો રહે છે કે જરૂર જજ જેવો જ લાગશે. પ્લસ એનો પેલો નોમોકલ!' 'તું મૉનોકલ કહેવા માગે છે?'

'હા હા! એક વાર એ જજ પાસે ઠીક દોલત હતી, પણ શેરબજારમાં એ તેજી રમે ત્યારે બજાર મંદીમાં ફરે અને એ મંદીમાં ફરે ત્યારે જ બજારમાં તેજી થાય! હવે કંઈ એની પાસે ઝાઝો જીવ નથી લાગતો. પણ તમે એને અહીંઆં હાજર કરોને, પછી જુઓ, હું છું અને એ છે.'

મને થયું કે આ કંઈ બહુ જોખમવાળું કામ નથી. અને જજ હેન્રી જી. બ્લેઈકને શોધવો એ પણ કંઈ બહુ અટપટું કામ નથી. એટલે મેં હા પાડી હામ ભીડી. કાં તો એ શેર બજારમાં હશે, કાં કોઈ અલફાઉ ક્લબમાં બેઠા હશે. પણ એને શોધતાં મને જે જહેમત પડી એ વાત બાજુએ મૂકો તો પણ ડલેના બિલિયર્ડ રૂમમાં મેં એને પકડયો ત્યારે એ કોઈ બહારથી આવેલા પ્રવાસી સાથે પાંચ સેન્ટની હોડમાં બિલિયર્ડ રમતો હતો. પણ નાનો છોકરો યે આંખે પાટા બાંધીને રમે એટલી સહેલી વાતમાં એને ગોળા ટચકોરવામાં ભૂલો કરતો જોઈને હું તો ઠંડો જ થઈ ગયો. વાત એમ હતી, કે એ પેલાને જીતાડતો ગયો અને ધીમેધીમે પેલો પાંચના દસ પચ્ચીસ અને છેવટે ડૉલરના ભાવે રમવા તૈયાર થઈ ગયો. અને ત્યારે પોતે હારેલા પાંચપાંચ સેન્ટ અને ઉપરથી થોડા ડૉલર એ કમાઈ શકે એવી વ્યૂહરચના એણે વિચારી રાખી હતી! રમત પૂરી થતાં એણે જીતના પૈસા ખિસ્સામાં નાખ્યા અને અમે રસ્તે પડયા, રસ્તામાં જ મેં એને વસ્તુસ્થિતિ સમજાવી દીધી કે એણે માદામ લ ગિમ્પના વરનો પાઠ ભજવવાનો છે, અને ઉમરાવ-જાદા દેખાવાનું છે. બધી વિગતો સાંભળીને એ કહે: 'વર, પતિ, ધણી! છસાત વાર મેં પરણવાનાં ફાંફાં માર્યાં, પણ મારા નસીબમાં લગન જ નહિ. એટલે હવે આ એક દિવસનો પાઠ જ ભજવવાનો છે તો એ યે કબૂલ. અને ઉમરાવજાદા જેવો તો શું પણ ભલભલા માલેતુજાર છક્કડ ખાઈ જાય એવો દેખાવ અને એવી ઢબછબ હું રમતવાતમાં દેખાડી શકું. ટૂંકમાં એ મારા સ્વભાવમાં અને લોહીમાં જ છે. ઓ. કે.'

આ અમારા ડેવ ધ ડડને તમે કંઈ ઓછો ન સમજતા. એ ડડ ખરો, પણ કામે ચડયો તો ડેવિલ—સેતાન પણ એના કબજામાં, એનું કહ્યું કરે. એ પોતાની વહુને લઈને માદામ પાસે ગયો અને માદામને ટૅપ-ડાન્સિંગના એક-બે પાઠ ભણાવવાનું ગોઠવી દીધું. ડેવ ધ ડડના દોસ્ત-દારો યે જાતજાતના (બ્રોડવે પર રહેવાનો આ એક મોટો ફાયદો), એટલે એના શૅમ્પેઈન લેનારા ઘરાકોમાંથી એક રૉડની બી. એમર્સનને એણે પકડયો. આ એમર્સનને ડડ ઉપર બહુ વિશ્વાસ. શૅમ્પેઈનમાં કઈક લોક એને ભેળસેળનો માલ પરોવી જાય, ત્યાં ડડ એને સાચો માલ આપે. અલબત્ત, ડડ ભાવ મોંમાગ્યો લે; પણ એની થીઅરી એવી કે ભેળસેળ-વાળો માલ આપી ડૉલરો એકઠા કરવા એના કરતાં ચોખ્ખો માલ આપી મોંમાગ્યો ભાવ કેમ ન લેવો? અને પછી માલ પહોંચાડવામાં એકાદ બે બાટલી ભાંગફોડમાં ગણાવવી કે ગલત કરવી, એ તો જેની સાથે કામ કરવાનું હોય તેની સાથે સમજી લેવાનું છે! આમ, રૉડની ને ડડ ઉપર ગજબનો વિશ્વાસ. એણે તરત એનો પોતાનો ઍપાર્ટમેન્ટ બે દિવસ માટે રહેવા આપ્યો. ન્યૂ પોર્ટમાં પરામાં એનો એક નાનો બંગલો હતો. એ કહે કે બે દિવસ હું ત્યાં રહેવા જઇશ, એમાં શું? ભીડની ઘડીમાં ફ્રેન્ડને મદદ તો કરવી જ જોઈએ ને! આવી ઉદાર વૃત્તિ દાખવવાને લઇને રૉડની બી. એમર્સનને ડેવ ધ ડડ તો શું પણ કોઈ બી શૅમ્પેઈન વેચ-નારો અસલ બાટલીમાં ઘરનો બનાવેલો માલ વેચવાની હિંમત કરશે નહિ. વર્ષો સુધી એની આ સખાવત ઘણાંને મોઢે ગવાયા કરશે.

હવે શનિવાર તો ઢૂંકડો–કાલે જ, એટલે ડેવ ધ ડડે બધી તૈયારી કરી લીધી. શહેરમાં મોટરોનો તોટો જ ક્યાં છે? એમાંથી એક સૌથી સારી અને મોટી એક ગાડી બેત્રણ દિવસ માટે એણે ભાડે રાખી લીધી ને એ ગાડી ઉપર પોતાનો શૉફર ચડાવી દીધો. શૉફરનું નામ વૉપ સામ. એને પણ પાકો પાઠ ભણાવી દીધો. બહારનો ડ્રાઈવર હોય તો વળી કોકને કહી દઈને ઊંધું મારે કે આ તો ભાડૂતી ગાડી છે. ડેવ ધ ડડ કંઈ એવી નાજુક અને ઝીણી બાબતમાં નાહકનું જોખમ વહોરે?

શનિવાર આવ્યો. આપણા હેન્રી જી. બ્લેઈક, 'જજ'ના હુલામણા નામ સાથે સરસમાં સરસ સૂટ પહેરી માદામ લા ગિમ્પ જેવી સોહામણી અને ગૌરવવાળી વ્યક્તિના ભરથાર તરીકે, બિનઆકર્ષકમાંથી આકર્ષક થવાનાં બધાં જ તત્ત્વોનો એકસામટો ઉપયોગ કરીને પૉર્ટ ઉપર હાજર

બઇ ગયા. વળી એમણે હાથમાં એક નાનકડી ચોપડી પણ લઈ લીધી હતી. એને એ 'હાથલાકડી' કહેતા. ક્યાંક પેલો બુઝર્ગ ઉમરાવ ભારે સ્પૅનિશ બોલે, યા એના અંગ્રેજીમાં કોઈ મોટો જૂના સાહિત્યનો અસ્પાનિયાનો કાવ્યતત્ત્વવાળો શબ્દ સરકી પડે, તો તરત આ નાનકડી પોથી ખોલી એનો અર્થ શોધી કાઢવામાં કામ લાગે. અલબત્ત, આવા ટચુકડા, બાળસાહિત્ય જેવા ખિસ્સાકોશમાં મોટા અલમસ્ત અઘરા શબ્દોના અર્થ, એના સંગ્રાહકના અજ્ઞાનને લઈને ઉમેરવામાં નથી આવતા એવો મારો અંગત મત હતો; પણ તે મેં જાહેર ન કર્યો. જજ હેત્રી વળી જરા વધારે ખુશખુશાલ હતા. કારણ એણે ધારેલું કે માદામ લા ગિમ્પ કોઈ કાગડીની ચાંચ જેવા મોઢાવાળી હશે, પણ મને જજે કાનમાં કહ્યું કે માદામને આમ પચાસ કે આમ ચાલીસ, એ બેમાં ક્યાં ગોઠવવી એ સવાલ તો હવે ઊભો થતો જ નથી. આ નવા ઠાઠઠેરા, નવાં ખાસ બનાવેલાં કપડાં, નવી હેર સ્ટાઈલ અને નવી ફૅશનના રંગરોગાનથી એને હવે ત્રીસ અને ચાળીસની વચ્ચે જ ગોઠવવા મગજ કસવું પડે. ખરેખર, સ્ત્રીજન જ્યારે પોતે સારા દેખાવાનો પ્રયત્ન કરે છે ત્યારે કેટલી બુદ્ધિ, કેટલી ચાતુરી, કેટલી અગમચેતી વાપરી કામ સાધે છે! આ તો મોકો નહોતો, નહિ તો હું તો માદામ લા ગિમ્પને વૉશિંગ્ટન ડી. સી. લઈ જઈ સરકારી ખાતામાં દુનિયામાંની મોટી ઉમરની સ્ત્રીઓ કિશોરી જેવી દેખાય એવી વ્યવસ્થા કરનારી એક અમેરિકન પણ આંતરરાષ્ટ્રીય એસોસીએશન ડિપાર્ટમેન્ટ ખોલી એના દફતરની પ્રેસિડેન્ટ બનાવું.

બોટ આવી. પહેલાં તો માદામ અને જજ બંને એકલાં જ કાઉન્ટ કોમ્ટે દ ઉમરાવ અસ્પાનિયા અને એની ધણીઆણી કાઉન્ટેસ દ ડચેસ દ કોન્ડેન્સા યા તો પોતાની વેવાણને મળવા ને સત્કાર કરવા ઊપડયાં, અને એ બંને તથા પેલાં બે ઉપરાંત માદામની દીકરી, માદામની બહેન ને જમાઈરાજ પાછા ફરતાં જાણવા મળ્યું કે મા-દીકરી વચ્ચેનું પ્રથમ મિલન, અને બે બહેનોની પણ લાંબે ગાળે મુલાકાતથી બધાંની લાગણીઓ પ્રવાહી રૂપમાં ફેરવાઈ ગઈ, ને તેથી જે આંસુના ધોધ વહ્યા એમાં આપણા દેશ અમેરિકાએ, આજ સુધીમાં જેટલી દરિયાઈ લડાઈઓ થઈ હોય એમાં સ્પેનનાં જેટલાં લડાયક બારકસો ડુબાડયાં હશે, તે બધાંને ફરી તરાવવાં હોય તો પાછાં તરતાં કરી શકાય! અલબત્ત, આમ કહેવામાં જરા અતિશયોક્તિ તો છે, પણ આમ કહેવાની મતલબ સમજતાં કોઈને વાર નહિ લાગે. આપણા જજ પણ જાતે દીકરીને ભેટતાં રડયા, તો માદામની તો વાત જ શી? અને જમાઈરાજે પણ સસરાજીને ભેટતાં એટલાં જ આંસુ સાર્યાં! અને ઉમરાવ કાઉન્ટ વેવાણને ભેટતાં પણ ગળગળા થઈ ગયા. બે બહેનો, વેવાઈ-વેવાણ, અને સસરા-જમાઈના મિલન ઉપરાંત કુંવરી-માબાપના મિલનનો દેખાવ કોઈ પણ ઇન્ટરનેશનલ સીનને પડકારી શકે એવો બન્યો હતો. વિચાર કરો, કે આ સીન આગળ તમારી હાજરી ન હોવાના કારણે જે ન જોવા માટે તમને મનમાં દુ:ખ થાય છે, તો મેં એ ન જોયું એથી મને કેટલું દુ:ખ થતું હશે? જજને તો પોતાની દીકરીને મળતાં, મા કે માશીનો સવાલ બાજુએ રાખીએ તો પણ યુલાલીને ભેટતાં અને ઉપરથી વળી ચૂમતાં જે આનંદ અને લાભ પ્રાપ્ત થયા હશે એનો અંદાજ કાઢવા બેસીએ તો આજનો જમાનો ઝટ લઈને આપણને અદેખાનો બિલ્લો જ શિરપાવમાં ચોંટાડી દે!

જ્યારે બધો સરંજામ બહાર આવ્યો અને અમને એ બધાંને મળવાનો લહાવો મળ્યો ત્યારે સ્પેનને માટે અમને ઘણું માન થયું. રાજકુંવર સોહામણો હતો. યુલાલીનો જે બાપ હોય તે, પણ એની આ કિશોરી યે એ કુંવરની ગણતરીમાં ઓછી ઊતરે તેમ નહોતી. ગમે તેમ તો પણ એણે અસ્પાનિયાનાં પાણી પીધાં હતાં—ને તે ય વળી ગામડાગામનાં, કે જ્યાં ફ્લશ સિસ્ટમ કે નળનો પણ વપરાશ પેઠો નહોતો પડયો, એટલે મૂળ ઊંડા કૂવાનાં ડાયરેક્ટ વૉટર–એટલે ખૂબસૂરતી ને બાંધો બંને એકબીજાને આંટીને આગળ વધતાં જણાતાં હતાં.

ઉમરાવ સાહેબમાં સ્પેનનું અસલ ખમીર જણાતું હતું. ઉમર વધેલી હોવા છતાં, અને માદામની બહેન વિષે યે અહીંથી ત્યહીં કે ત્યહીંથી અહીં કશું લખવા જેવું જણાતું નહોતું. 'મે બી' કે એણે એ કૂવાનાં પાણી નહિ પીધાં હોય, અને કોઈ નનામા વોકળાનાં પીધાં હોય!

આખરે રસાલો રૉડની બી. એમર્સનના માલબેરી હોટેલના ઍપાર્ટમેન્ટ ફ્લૅટ ઉપર આવ્યો. અત્યાર સુધી માદામના વર અને યુલાલીના બાપનો પાઠ ભજવવાને કારણે જજસાહેબ જરા થાકી ગયા હતા એટલે એમણે જરા ચાનાસ્તો પત્યા બાદ જાહેર કર્યું: મારે તો હવે પ્લેન પકડી પિટસબર્ગ જવાનું છે. 'મે બી' હું મોટર પણ લઈ જાઉં: ત્યાં મારે બે ત્રણ કોલસાની ખાણો ખરીદવાનો સોદો પતાવવાનો છે. એટલે બેએક દિવસમાં યા કાલે જ કદાચ પાછો આવી જાઉં. જેવો સોદો, જેવા સોલિસિટરો, જેવા દલાલો ને જેવી વેચાણ કરનારી પાર્ટી.' આમ કહી એ તો ઊપડી ગયા. અસ્પાનિયાના ઉમરાવ કે એનો દીકરો, બંનેમાંથી એકે ભાંગ્યુંતૂટયું અંગ્રેજી બોલી શકે કે સમજી શકે એમ નહોતું, એટલે પેલા ખિસ્સાકોશની સ્પૅનિશ ઈન્ટુ ઇંગ્લિશ, ને વાઈસએ વર્સાની જરૂર જણાઈ નહિ. તો પણ તકેદારી ખાતર એ પુસ્તિકા મેં જજ પાસેથી લઈ રાખી.

આ બધું તો પત્યું, પણ મોટો મસાલો તો હજી હવે આવવાનો હતો. એમર્સનને બે મોટા શૉખ. એક સાચો મૂળ બનાવટનો શૅમ્પેઈન પીવાનો, ને બીજો એને અંગે પાર્ટી ગોઠવવાનો. આ માટે એણે પોતાના ફ્લૅટમાં ઢગલાબંધ શૅમ્પેઈનના બાટલા ભરી રાખ્યા હતા, અને એમાંથી અરધા ઉપરાંતના બરફમાં ઠારી પણ રાખ્યા હતા. મેં આ જાણ્યું તેવી ના પાડી; કહ્યું: 'અલ્યા એક વાતને બહુ નહિ તાણીએ.' પણ કોણ માને? એક તો પેલા એમર્સને ડડ પાસેથી ખરીદેલા શૅમ્પેઈનના બાટલાનો ઢગલો, ને ડડની વહુને પોતે ખાસ બનાવડાવેલો પોશાક બધાંને બતાવવાનો અભરખો, એટલે પાર્ટી તો ગોઠવાઈ. મને બરાબર નવ વાગ્યે માલબેરી હાઉસમાં પહોંચવાનું નોતરું હતું. એટલે કાંટોકાંટ હું નવ વાગ્યે પહોંચ્યો તો માદામ લ ગિમ્પના ઍપાર્ટમેન્ટનું બારણું કોણ ઉઘાડે છે? મૂશ! નં. ૧૬૦૦ નામની ક્લબનો અરધી જરી અને અરધા રેશમનો બનાવેલો પોશાક પહેરી ત્યાં ઊભો રહેલો ભભકાદાર દરવાન! આ મૂશને ન ઓળખું? રોજ તો ત્યાં એ બીજે ત્રીજે દાઢી કરતો, પણ આજે મોં સ્વચ્છ, ચકાચક, સાફ! મેં તો જાણે આપણો ઓળખીતો હોય એમ 'હલ્લો' કહી હસવાનું શરૂ કર્યું, પણ એની પાસે કોણ જાણે કેવાં રીહર્સલ કરાવ્યાં હશે, તે મારી હૅટ લઈ, નમી, તોબરા જેવું મોં કરી પોતાની જગ્યાએ જડાઈ ગયો.

આગળ ચાલતાં રૉડની બી. એમર્સન જાતે જ ભટકાયા, અને મને જોતાંવેંત જ પોકારી ઊઠયા: 'મિ. ઓ. ઓ. મૅક્ન્ટીઅર!' અરે! હું વળી ક્યા દિવસનો ઓ. ઓ. મૅક–આયરિશ પેદાશનો અને એ મૅક્ન્ટીઅર સાથે સરખાવીએ તો એનું ચાડું જોતાં મારું અનેક રીતે સુંદર! એટલે રૉડની સાથે હું જરા ચર્ચામાં ઊતરવા બાંય ખેંચું છું કે એ તરત મારા કાનમાં ગણગણે છે: 'જુઓ, સમજો, એમ આકળા ન થાઓ. આપણે આજે બડાબડા નામની મોટી મોટી પ્રખ્યાત વ્યક્તિઓ અહીં આવવાની છે એવું સ્પેનના ઉમરાવને કહ્યું છે. સ્પેનમાં એકાદ તો અમેરિકન છાપું જતું હશે. એમાંનાં થોડાં નામો તો આ ઉમરાવની આંખે ચડયાં હશેને? એટલે આપણે અહીં એ બધાંને નોતર્યા છે, સમજ્યા? જેથી માદામ લ ગિમ્પની કેટલી બધી ઓળખાણ, કેટલો વટ, કેટલો વગવશીલો, કેટલી કારકિર્દી છે એનો વેવાઈને ખયાલ આવે.' એમ કહીને એ કોઈ મોટા સ્ટેશનના વિશાળ વેઇટિંગ રૂમ જેવડા મોટા ખંડમાં મને લઈ ગયો. 'આ મિ. મૅક્ન્ટીઅર બહુ પ્રખ્યાત લેખક' અને હું ઉમરાવ તથા એના શાહજાદા સાથે શૅકહેન્ડ કરું છું! પછી બધાં કુટુંબીજનને મળું છું. જજ હેનરી જી. બ્લેઇક તો બસ જાણે પોતે વરના

સસરા અને જજ છે એમ જ માનતા થઇ ગયા હતા! ચકલીના પીછા જેવા પાછળના ભાગવાળો કોટ પહેરી નમતા અને બનાવટી જજનું સ્મિત ફરકાવતા ભોંય ઉપર જડાઈ ગયા હતા. બધાંમાં માદામની બેનપણી મિસ મિસૂરી માર્ટિન જોવા જેવી હતી. હીરાના કોથળામાં જ એને જડી કે સીવી લીધી હોય એમ લાગે! બાજુમાં જૉની ફ્લૅનિગન—ખાનગી ડિટેક્ટિવ—માર્ટિન કન્યકાના હીરા ઉપર દેખરેખ રાખવા આવ્યા હતા. ખાનગી એટલે છૂપી પોલીસ! અને એ ગ્રિહસ્પર આખા ખંડમાં એવી સિફતથી પ્રસરે કે આ ગોઠવણ માટે એમર્સનના કે ડડના કોઠામાંથી ક્રિયા ભેજાને અભિનદન આપવાં એ જ વિચારવું ઘટે. અલબત્ત સ્પેનના ઉમરાવને એવો ખયાલ હોવો જોઇએ કે અમેરિકાના હીરા અને સ્પેનના હીરા જુદીજુદી મોસમના પાક છે; નહિ તો જરા ઝીણવટથી જોનારાને લાગે કે માર્ટિન બેબીને આખી વેચવા કાઢીએ, યા એની હરરાજી બોલાવીએ તો બહુબહુ તો એક નાની કૉકટેઈલ પાર્ટી વખતે ખરીદાતાં કાજુ કે સીંગદાણાની કિંમત જેટલો જ ભાવ એનો બોલાય.

યુલાલી સરસ કપડાંમાં સારી શોભતી હતી. આપણા જજ વળી પિટ્સબર્ગમાં સોદો કરવા જવાના હતા તે એમણે લૉંગ ડિસ્ટન્ટ ફોનથી જ સોદો પતાવ્યો એમ વારંવાર બોલતા, અહીં બનીઠની ચોંટી ગયા હતા, અને થોડી થોડી વારે યુલાલી પાસે જઈ એકાદ વાર પીઠ થાબડીને, યા કદીક એક નાનકડી પિતૃપ્રેમની ચૂમી પણ ચોંટાડી આવીને બાપ્તી પિતાનો ધર્મ બજાવતા રહેતા હતા. પછી તો રૉડની એમર્સને એક પછી એક આવતા મહેમાનોની જાહેરાત કરવા માંડી: (ક્યાંક વચ્ચેવચ્ચે સ્પૅનિશ ભાષાના શબ્દોમાં પણ ફેંકાફેંકી થતી.) 'મિસ્ટર વિલી કે. વાંડરબિલ્ટ–અમેરિકાના મશહૂર કરોડપતિ!' કોણ જાણે કે એ કરોડપતિ તે અમારા બ્રોડવેનો બિગનિંગ—ગઠિયો ગંગોટિયો હતો?–એવો કે માનવીને ઊભા ને ઊભા વહેરવા હોય તો યે એને અરેરાટી ન થાય. આજે પણ એની પાસે શોધ્યા દસ ડૉલર જડે નહિ! પણ એમર્સને કાં તો ભાડાનો સૂટ અપાવ્યો હોય, યા પોતાનો પહેરાવ્યો હોય, પણ એ લાગતો હતો રુઆબદાર. 'મિસ્ટર અલજ્યૉર્ડાસન!' પછી 'રેવરંડ જૉર્ડાન રૉચ સ્ટ્રૅટોન!' અને 'ઑનરેબલ મૅયર જેમ્સ જે. વૉકર!' એવું છે કે મેયર અને રેવરંડ–નગરપાલક અને દેવળના અધિષ્ઠાતા–બંને સાથે જ હોય; એમ આ બે ગઠિયા—સ્કિટ અને ચાર્લી બર્નસ્ટાઇન બ્રોડવેની ફૂટપાથ પરના દાદા! એની નજીકમાં જરા સરખું થૂંકો, કે અમસ્તી છીંક પણ ખાઓને, તો એમને તમે ફ્લ્યૂનો ચેપ લગાડ્યો એવો આરોપ તમારા પર મૂકે...... અને ટૂંકમાં પૈસા પણ કઢાવે! આમ, શહેરની તો શું પણ અમેરિકાની પ્રખ્યાત વિભૂતિઓ અહીં ઝબકી ગઈ.

બધાંએ હસ્તધૂનન કર્યાં, ને તરત 'વાઈસ પ્રેસિડેન્ટ ઑવ ધ યુનાઈટેડ સ્ટેટ્સ ધી (ધી પર ભાર) ઑનરેબલ ચાર્લ્સ કર્ટિસ'ના આગમનની જાહેરાત થઈ! છેને છાતી? એનું નામ રૉડની બી. એમર્સન! અમસ્થો પોતાનો ફ્લૅટ વાપરવા નહોતો આપ્યો! અહીં એને આંગણે વાઈસ પ્રેસિડેન્ટ પણ પધારી ગયા! હું એને ન ઓળખું, એટલે આમતેમ શૅમ્પેઈનના ગ્લાસ લઈ દોડતા ડેવ ધ ડડને પૂછ્યું તો એ કહે છે: 'અરે, તમે આપણા ગીએના માઈકને ન ઓળખ્યા? તો પછી એ અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જ છે એમ માનો!' પછી તો ભારે કરી: 'ઑનરેબલ પોલીસ કમિશનર, મિસ્ટર-ગ્રોવન એ. વ્હેલન' પણ પધાર્યા! આ વાત ન્યાયસરની હતી. આટલા બધા ગઠિયા એકઠા કર્યા, ઑનરેબલ પોલીસ કમિશનરની હાજરી તો જોઈએ જ ને? અને એ ઑનરેબલનાં હમણાંહમણાંનાં કામ એટલાં 'ઑનરેબલ' હતાં કે એ વાઈલ્ડ વિલિયમને પકડવા ત્રણત્રણ વૉરંટો ફરતાં થઈ ગયાં હતાં! અને આવી મિજલસમાં પણ એ પોતાના ગજવામાં હાથો તરતો ઊપસે એ રીતે પોતાનો તમંચો લઇને હાજર થયો હતો. પણ ડેવ ધ ડડની ગણતરી પાકી, અને નજર સાબદી, એટલે ધીમે રહીને એને શેકહૅન્ડ કરતાં ડાબે હાથે જ એના ગજવામાંથી .૩૨ બોરની રિવૉલ્વર ચૂપચાપ સેરવી કાઢી પોતાના ખિસ્સામાં મૂકી દીધી. કારણ આ વાઈલ્ડ વિલિયમનો ભરોસો શો? એ મેયરને પિછાનતો ન હોય એમ તો ન બને, પણ કદાચ એના મનમાં ભૂત ભરાય કે આ જ ખરો મેયર છે તો એ તો એને અહીંનો અહીં જ ક્યાંક ચાંપી દે!

પણ સ્પેનના ઉમરાવે અમેરિકાનાં છાપાં વાંચ્યા હશે યા એને આ નામોના પરિચય હશે કે કેમ એ તો એની બલા જાણે, પણ પાર્ટી લુખ્ખી નહોતી. પેલી ક્લબવાળી માર્ટિને પણ થોડા બારા, સોફી ટકર, જીન ઍંગલ્સ, હેલન મૉર્ગન, આન્ટ જમાઈકા, એવાં એવાં ખોટાં નામની કંઈક સિનેમા સ્ટાર—હોલીવૂડની આબરૂ જાળવનારી, થીએટરનો મોભો સાચવનારી જાતજાતની પોટ્ટીઓ—એકઠી કરી હતી! જૂની ફિરાંસિયા દરાખનો આથેલો શૅમ્પેઇન જ્યાં ફરવા લાગ્યો, અને માર્ટિનની ક્લબના નાનખટાઈ બૅન્ડે ખૂણામાં વગાડવું શરૂ કર્યું કે બધાં એકેકની કેડે હાથ વીંટાળી મારાં વહાલાં ફેરફુદરડી ફરવે ચડયાં; અને પછી ઑનરેબલ કે નહિ ઑનરેબલ, કોઇએ કોઈ સાથે શી વાતો કરી, એની સુધબુધ કોઇને કુદરતી રીતે રહી નહિ! આમ, મધરાત સુધીમાં તો ખુદ સ્પૅનિશ ઉમરાવના કલેજામાં એકાદ આખી બાટલી શૅમ્પેઈન ઓગળી ગયો હશે એટલે એ પણ ખીલ્યા અને આપણા જજ હેત્રી જી. બ્લેઈક તો પોતે યજમાન, એટલે એણે પણ પીધે રાખ્યું, અને વાતોમાં દીધે રાખ્યું. એના પરિણામે મેં વિચાર્યું કે હવે બધાંને છૂટક છૂટક ગુડ નાઈટ કરી ઘર ભેગા થઈ જવું જોઇએ. પહેલાં તો હું ઉમરાવને શોધવા ગયો. મિસ માર્ટિનનો આખો રસાલો એને ઘેરીને ખડકાયો હતો; ત્યાં ખૂણામાં માદામ લા ગિમ્પને જોતાં હું તે તરફ વળ્યો, તો ત્યાં આપણા જજ હેત્રી એની તરફ વળીવળી શૅમ્પેઈનની લ્હેરમાં બકતા હતા. એમની અગમનિગમની વાતોમાં ક્યાં ભંગાણ પાડું–એમ માની હું ડેવ ધ ડડ પાસે ગયો,—કહેવા કે હું જાઉં છું. ત્યાં કુંવર અને યુલાલીને મળતો જાઉં એમ કહું છું, ત્યાં જોયું કે ડડ પૂરા ભાનમાં હતો. એણે મને સમાચાર આપ્યા કે એ બેનું તો બરાબર જામી ગયું છે, ને અહીંથી ક્યારનાં સરવાળા ગણી ગયાં છે. આપણા બિગનિગે એટલે કે કરોડપતિએ સૅંટ માલાચીના દેવળમાં આગળથી કરેલી ગોઠવણ પ્રમાણે કઢાવેલા લાયસન્સ અનુસાર અત્યારે લગ્નક્રિયાના વિધિમાંથી પસાર થઈ રહ્યાં હશે. આપણે બધાં ચાર વાગ્યા સુધી અહીં ભાનમાં હોઈશું તો એ બધાં અહીં જ આવશે ત્યારે એમને અભિનંદન આપીશું.

વાત પતી ગઈ. માદામ લા ગિમ્પ બીજે દિવસે શિકાગો તરફ આપણા જજ હેત્રી સાથે પરણવા માટે ઊપડી ગયાં, પેલા રાજકુંવર અને યુલાલી રાઉન્ડ ધ વર્લ્ડ હનીમૂન માટે ગયાં કે નીઆગરા ધોધ જોતાં હનીમૂન કરવા ગયાં, તેની કોઈને ખાત્રીપૂર્વક ખબર નહોતી. એ તો બધું ઘણું થઈ ગયું, એની વાત છોડો. પણ બિચારો ડેવ ધ ડડ ચારપાંચ દિવસ બાદ મને મળ્યો ત્યારે એના હાથમાં એક મોટી યાદી હતી. એમાં માલબેરી હાઉસ (કે હૉટેલો)ના જુદાજુદા ખંડમાંથી જે બબ્બે ત્રણત્રણ વસ્તુઓ ચોરાઈ હતી. એ જો ચોવીસ કલાકમાં પાછી ન સોંપાઈ તો ડડ ભલે ડડ પણ એને ડેવિલમાં ફેરવાતાં વાર નહિ લાગે એવી ધાકધમકીથી એ બધા ગઠિયાઓને ત્યાં ફરી રહ્યો હતો. એ યાદીમાં ફ્લૅટ નં. ૮માંથી બેબી ગ્રાન્ડ પિયાનો સુધ્ધાં ઊંચકાઈ ગયો એનો પણ ઉલ્લેખ હતો! અને ડડ કહે: 'રાતોરાત આ પિયાનો ઊંચકાયો તો ખરો, પણ મારા વા'લા આપણા ગઠિયાઓએ આટલો શૅમ્પેઈન પીધા પછી યે ત્રણચાર વાગ્યા પહેલાં ઘરાક શોધીને એને ઠેકાણે પણ પાડી દીધો છે, તે એ પાછો ડેરવવો એ ભારેનું કઠિન કામ છે.'

હવે તો હું પાછો બ્રોડવે પર ફરું છું. ત્યાં માદામ લા ગિમ્પ—હવે મિસીસ જજ છાપાં વેચતાં ક્યાંય દેખાતાં નથી. અને રાજકુંવર અને યુલાલી દુનિયાના કિયા બજારમાં ફરતાં હશે એની પણ ખબર નથી. □

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળ

[૮-જાતીય વિકાસનો આરંભ]

- **પૂર્વ તારુણ્યમાં કિશોર કરતાં કન્યાઓ વધારે જાતીય પુખ્તતા દાખવે છે અને કિશોર પ્રત્યેના તેમના વર્તનમાં સ્ત્રીત્વ દેખાય છે.**
- **તારુણ્યમાં પ્રવેશતા કિશોરોને ચરિત્રકથાઓ ને સાહસ તથા પ્રવાસનું વાચન ગમે છે ને કન્યાઓને પ્રેમશૃંગારની વાર્તાઓ અને સિનેમાનાં ગીતો.**
- **જિંદગીના નવા અનુભવો માટે બિનમાહિતગાર તરુણ કાં તો શરમ-સંકોચનો ભોગ બને છે યા મનોભાવોના ઉત્પાતમાં સપડાય છે.**
- **કામવૃત્તિની તૃપ્તિ માટેનું વ્યક્તિનું વર્તન એના જોમનું યા એની અશક્તિનું લક્ષણ પણ હોઈ શકે.**
- **ચોરીછૂપીથી લીધેલા વિષયાનંદ પાછળ ગુનો કર્યાની લાગણી અને તેનો ડંખ અનુભવાય છે.**

સામાન્ય રીતે દસ બાર વર્ષની ઉમરે કિશોર અને કન્યાના જાતીય અંગોના વિકાસ સાથે એમની જાતીય વૃત્તિ ઉત્તેજના પામવાથી ૧૬ થી ૨૦ વર્ષની વય સુધીમાં એ આવેગનું રૂપ પકડે છે. આ આવેગ સાહજિક છે. આ દરમિયાન કે આ અગાઉ કેટલાંક તરુણો જાતીય અખતરાઓમાં પડે છે. તેમની જાતીય વૃત્તિઓ અને વલણોનાં મૂળમાં કામવૃત્તિની ભૂમિકા, કામવાસનાની પ્રબળતા અને શારીરિક વ્યાપારોનું વાસ્તવિક જ્ઞાન રહેલાં છે.

ગર્ભાધાનથી માંડી શરીરના ઘડતરનાં વરસો સુધી વ્યક્તિનાં વૃદ્ધિ વિકાસ અને પુખ્તતાની ક્રિયા જેમ ચાલુ રહે છે તેમ વ્યક્તિની વારસાગત સંભવિતતાઓ સાથે પ્રસંગો બનાવો અને અન્ય વ્યક્તિના પરિચયો વગેરેની અસરોમાં તેનાં વલણો અને વૃત્તિઓનો વિકાસ થતો રહે છે. વ્યક્તિ માત્રને માતા અને પિતાની વારસાગત લાક્ષણિકતાઓ મળે છે, પણ પાંગરતી જિંદગીનાં વરસો દરમિયાન અન્ય અનેક પરિસ્થિતિની અસર પણ તેના ઘડતર પર પડે જ છે.

ઘર અને ઘર બહારથી તથા મિત્રો દ્વારા મેળવેલા જાતીય જ્ઞાનના પ્રમાણમાં તરુણ-તરુણીઓના એકબીજા પ્રત્યેનાં વલણ ઘડાય છે. વિશ્વવિખ્યાત માનસશાસ્ત્રી ફ્રૉઈડનું કથન છે કે આનુવંશિક લક્ષણો અને બાલ્યાવસ્થાના વાતાવરણમાં બાળકનું જાતીય માનસ ઘડાય છે. સામાન્યરીતે શાળામાં જતાં થાય તે અગાઉ તેઓ જાતિના તફાવત સમજતા થઈ જાય છે. આમાં બાળકેબાળકે ફેર પણ રહે છે.

જોકે બાળપણમાં જાતિભેદના આકર્ષણ વિના બાળકો એકસાથે રમે છે, પણ આઠેક વર્ષની ઉમરે છોકરાછોકરીઓ અલગઅલગ રમવામાં રાચે છે. બારચૌદ વર્ષની ઉમરે કિશોર કન્યાઓનું અરસપરસના શારીરિક ફેરફારો પ્રત્યે વધુ ધ્યાન દોરાય છે. અરસપરસ સાહજિક આકર્ષણ રહ્યા કરે છે. સાથે હરવાફરવાની, એકબીજા સાથે વાતો કરવાની મળતી તકો તેમને ગમે પણ છે. તો વળી આ બાબતમાં અસંતુષ્ટ મનની ઈર્ષાવૃત્તિના કારણે અન્ય કિશોરકન્યાના સહચારની હાંસી મશ્કરીથી માંડી નિંદા થતી યે જોવા મળે છે. જાતીય વૃત્તિના વિકાસમાં સમયાનુસાર સામી જાતિને સ્વીકારતી, તરછોડતી અને પાછી સ્વીકારતી જાતીયવૃત્તિ સોળથી વીસ વર્ષની ઉમરના ગાળામાં પ્રચંડ આવેગ પકડે છે. કુમારકુમારીઓનું એકબીજા પ્રત્યેનું આકર્ષણ એકદમ વધે છે, જેની તૃપ્તિ તેમને લગ્નમાં મળે છે.

પૂર્વ તારુણ્યના ગાળામાં કન્યાઓ વધારે જાતીય પુખ્તતા દાખવે છે. મધ્ય અને ગરીબ વર્ગની કન્યાઓને ભાઈભાંડુઓના ઉછેરમાં અને ઘરની બાબતમાં બહુ ધ્યાન આપવાનું હોવાથી તેઓ પોતાના સ્ત્રીત્વથી વધુ સભાન બને છે. પુખ્ત થએલી કન્યામાં પહેરવેશની રીત, ટાપટીપ અને કિશોર પ્રત્યેના તેના વર્તનમાં સ્ત્રીત્વનાં દર્શન થાય છે. કિશોરો કાર્યસિદ્ધિ અને કર્તૃત્વમાં રાચે છે તો કન્યાઓ સામાજિક અને કૌટુંબિક સંબંધોમાં. કિશોરોને આત્મકથા અને પ્રવાસનાં પુસ્તકો વાંચવાં ગમે છે તો પુખ્તતા દર્શાવતી કન્યાઓને પ્રેમશૃંગારની વાર્તાઓ અને સિનેમાનાં ગીતો ગમે છે. તરુણાવસ્થામાં બંનેને સુંદર દેખાવું ગમે છે. અરીસા સામે વાળ ઓળવામાં અને પહેરેલાં કપડાં ઠીકઠાક કરવામાં તેઓ ઠીકઠીક સમય વીતાવે છે ત્યારે આના માટે માબાપ જે કંઈ કહે તે તેમને ટકટક જેવું લાગે છે. જે બીજી બાજુ જે ઘરોમાં તરુણોનું આવું વર્તન સ્વાભાવિક લેખવામાં આવે છે ત્યાં માબાપ અને બાળકો વચ્ચેનો મીઠો સંબંધ જળવાઈ રહે છે. માબાપના અવરોધરૂપ વર્તનથી તરુણોની જિજ્ઞાસા, આત્મવિશ્વાસ ને આત્મસૂઝનો વિકાસ રૂંધાય છે અને સ્વતંત્ર થવા મથતા તરુણોને અવરોધ મૂકનારાઓ પ્રત્યે વિરોધી ભાવ પેદા થાય છે. ડગમગતા આત્મવિશ્વાસ સાથે નિરાળું વ્યક્તિત્વ ઘડવાને મથતાં કિશોર કન્યાઓની વૃત્તિઓને મીઠાશથી યોગ્ય માર્ગે ટકાવી રાખવી જોઇએ.

કામભાવનો સાહજિક આવિર્ભાવ થવાને કારણે તરુણમાં વિજાતી આકર્ષણ થાય છે. જોકે કામુકતાનાં જૈવ લક્ષણો તો છેક શિશુ કાળથી શરૂ થયાં હોય છે. પહેલા વરસમાં પણ બાળકનાં ગુહ્યાંગોની સંવેદનશક્તિ કોઇથી અજાણ નથી. પણ તે ઉપરાંત ઘરનું વાતાવરણ, અભ્યાસકાળ દરમિયાનનું મિત્રમંડળ અને એની આસપાસના સમાજનું વાતાવરણ તેની વિકસતી કામભાવનાઓની તંદુરસ્તી પર સારીમાઠી અસરો પાડે છે.

શરીરના અને મનના ફેરફારો વિષે સુમાહિતગાર તરુણનો જાતીય વિકાસનો સમય રચનાત્મક અને મનોભાવોના ઉધામા વિનાનો વીતે છે. શરીરના વિકાસની સાથોસાથ તરુણનો કામનાની ગૂઢતામાં પ્રવેશ થાય છે. જિંદગીના કોઈ પણ સમય કરતાં બરાબર આ જ સમયે તેને પોતાના માટે વાસ્તવિક અને બુદ્ધિગમ્ય વલણ ધારણ કરવા માટે માબાપ કે વડીલના માર્ગદર્શનની અપેક્ષા રહે છે. ઘણા તરુણો અનુભવના આધારે આગળ વધે છે, જ્યારે ઘણાંને વડીલોની સહાય અને સલાહની અપેક્ષા રહે છે. માબાપ કે વડીલ સમક્ષ જાતીય પ્રશ્નો રજૂ કરી શકાય એવા સંબંધો કેળવાયા હોય તો તેમને પોતાની મુશ્કેલીઓ રજૂ કરવાની સરળતા રહે છે. પણ મોટાભાગે આપણે ત્યાં તો જાતીય બાબતો કહેવા કે બોલવા માટે વડીલો અને બાળક વચ્ચે મર્યાદાનો એક અભેદ્ય પડદો રહે છે. માબાપ આ સંબંધી કશું કહેતાં નથી અને બાળક તો બોલી જ ના શકે. આવી સ્થિતિમાં જાતીય પુખ્તતાના નવા તબક્કામાં પ્રવેશતો તરુણ આ સમયના પ્રશ્નોનો કાં તો આપમેળે સૂઝે તેવો ઉકેલ આણે છે અગર તો કુટુમ્બ બહારના માણસો પાસેથી અરધીપરધી કે ખરીખોટી માહિતી પામે છે. આવી અધૂરી કે ગલત માહિતીઓથી કામવૃત્તિ માટે તેના મનમાં ખોટા ભાવ પેદા થાય છે. જિંદગીના નવા અનુભવ માટે બિનમાહિતગાર તરુણ કાં તો શરમ કે આંચકીનો ભોગ બને છે અને મનોભાવોના ઉત્પાતમાં સપડાય છે.

બાળપણના અનુભવો, ઘરના સંસ્કાર અને આસપાસની પરિસ્થિતિની અસરોના પ્રમાણમાં તરુણોની વિકાસ પામતી જાતીય ઉત્તેજના હેઠળની ઉત્કટ ઇચ્છાઓ પ્રદર્શિત થાય છે. નીચલા સમાજમાં બાલ્યાવસ્થા પૂરી કરેલો તરુણ કાં તો બાપીકા ધંધામાં કે કમાણી કરવામાં

પડે છે, ને ઘરસંસારમાં પણ વહેલો પડે છે. મધ્યમ અને ઉપલા વર્ગના તરુણો કાં તો અભ્યાસમાં અને ધંધાની ઉમેદવારીમાં. પણ ભારે જવાબદારીઓથી મુક્ત હોઈ તેમની તરુણવયનો ગાળો સહેજે લંબાય છે. સહશિક્ષણ આપની શાળાઓમાં કિશોરકન્યાઓ શાળાના કાર્યક્રમોમાં હળતાંમળતાં હોવાથી તેમની વચ્ચે નિખાલસ સંબંધો બંધાય છે. પણ કોઈ બાળકને માબાપે પોતાના રૂઢિગત વિચારોના કારણે સામી જાતિના બાળક સાથે રમતાં રોક્યું હોય તો તે તરુણ બનતાં સામી જાતિની વ્યક્તિ સાથે ભળવાને બદલે સંકોચ પામી અતડું બનતું જાય છે.

સોળથી વીસ વર્ષના ગાળામાં તરુણો કામવૃત્તિના આવેગો હેઠળ સમાન વયની સામી જાતિની વ્યક્તિ પ્રત્યે આકર્ષાય છે. કામવૃત્તિના આવેગમાં ક્યારેક કોઈ છોકરો તક મળતાં પોતાને ગમતી છોકરીને આંતરીને કંઈ અડપલું પણ કરી બેસે છે. બીજી બાજુ આ ઉમરે કુમારીઓ પણ પોતાના પોશાક અને ટાપટીપ વડે પોતાના તરફ છોકરાઓનું લક્ષ દોરવા પ્રેરાય છે. પણ જો એમને યોગ્ય સંસ્કાર મળ્યા હોય તો જાતને સાચવી પણ લે છે. કેટલાંકને મર્યાદાનાં બંધન આકરાં પણ લાગે છે અને ત્યારે કાં તો તેઓ મનોમન સમસમી રહે છે યા ઉઘાડી રીતે બળવો કરી એ બંધનો ને મર્યાદાઓને તરછોડીને આડે માર્ગે વળી જાય છે.

કદીક ષોડશી કન્યા પોતાના કરતાં ખાસ્સી મોટી ઉમરના પુરુષ પ્રત્યે આકર્ષાતી જોવામાં આવે છે. આવા મનોભાવ પાછળ બે કારણો રહેલાં છે. એક તો કુમાર કરતાં એ વહેલી જાતીય પુખ્તતા પામે છે તે અને બીજું તરુણોમાં વિજાતીય રસવૃત્તિ પ્રગટ થવાની શરૂઆતમાં સામી જાતિની મોટી ઉંમરની વ્યક્તિ પ્રત્યે રસાકર્ષણ જાગે છે તે. સરખી ઉમરની સાથે ભણતી કન્યાની જાતીય પુખ્તતાનું ચડતું વલણ જોઈ કુમાર પોતાના કરતાં મોટી ઉમરની સ્ત્રીના સહૃદયી વલણથી દોરવાઇને તેના વ્હાલા થવાનું શોધે છે. તરુણોની પુખ્ત વયની વ્યક્તિ પ્રત્યેના આવા મનોભાવોનું પ્રદર્શન એ જોકે કામવૃત્તિના વિકાસ દરમિયાનનો એક ટૂંકો તબક્કો જ છે. અને કેટલાંકમાં તો તે હોતો જ નથી, જ્યારે કેટલાંકમાં તે ઝડપથી પસાર થઈ જાય છે.

કામવૃત્તિના આવિર્ભાવ હેઠળ જાતીય પુખ્તતા પામતા જતા કિશોરને સ્વપ્નસ્રાવનો અનુભવ પણ થાય છે. અમેરિકી લેખક કિન્સીના અહેવાલ મુજબ સત્તર વર્ષની ઉમરે પહોંચેલા બધા તરુણો કામોત્તેજના અનુભવે છે, જ્યારે આ ઉમરે કન્યાઓનું પ્રમાણ માત્ર ૬૫ ટકાનું છે. તેમના કથન મુજબ આ ઉમરે સામાજિક-આર્થિક ધોરણે નીચલા થરના લોકો સજાતીય અને વિજાતીય દેહસંબંધમાં કે પ્રાણીઓ સાથેના સંભોગમાં તો ઉપલા થરના હસ્તમૈથુનની લતમાં સપડાય છે. કિન્સીના સ્ત્રીપુરુષોના જાતીય વર્તનનાં નિરીક્ષણોનાં તારણો ઉપરથી કહી શકાય કે કામવૃત્તિના ક્ષેત્રમાં સમાજના નીતિનિયમો અને વ્યક્તિગત વર્તન વચ્ચે ઘણી વિસંગતિ રહેલી છે.

કામવૃત્તિ આહાર અને નિદ્રા જેવી શરીરની એક સ્વાભાવિક કામના છે; આ તીવ્ર ઇચ્છાની પાછળ વંશવેલો વધારવાની જીવમાત્રની અંતઃસ્ફૂર્તિ રહેલી છે. તેની સામે કિશોરના મનમાં પુરુષની તો કન્યાના મનમાં માતાની ભૂમિકા ભજવવાનો સામાન્ય ખયાલ રહેલો છે. મનોભાવોનો વિકાસ થતો હોવાથી કામુકતા અને કોમળતાની લાગણી એકબીજા સામે ગુંથાએલી રહે છે. લગ્ન-સંબંધથી કામસુખ પામતાં અગાઉ તરુણોનાં કામુક કૃત્યો પાછળ પ્રબળ કામાવેગ રહેલો છે. કદીક પોતાના પુરુષાતન વિષે શંકા પડતાં કોક તરુણ જાતિનેય જીત મેળવવા મથે છે. પોતે બીજાના પ્રેમપાત્ર બનવાની શંકાવાળાં કુમાર-કુમારીએમાં જીત મેળવવા એક કે બીજી લૈંગિક રમતોમાં રાચે છે. જાતીય વર્તનમાં વ્યક્તિના વ્યક્તિત્વનું પ્રદર્શન થાય છે. મનોભાવોના કારણે કોઈ સાથે ભળી ન શકવાથી એકાકી પડી ગયેલી વ્યક્તિ કામના દ્વારા કોઈના ય શરીરની સમીપતા વાંછે છે. પોતાના વિષે લઘુતા અનુભવનાર વ્યક્તિ સમાજમાં પોતાના કરતાં યે ઊતરતા દરજ્જાની કે બહિષ્કૃત વ્યક્તિ સાથે જાતિનેય સંબંધ શોધે છે. વળી કુમાર કુમારી અજાણપણે આત્મસંતોષ કે અવજ્ઞાના સાધન તરીકે કામુકતા પ્રતિ ઢળે છે. વ્યક્તિની કામવૃત્તિમાં તંદુરસ્તીનાં કે માનસિક વ્યાધિગ્રસ્તતાનાં દર્શન થાય છે. કામવૃત્તિના નિકાલ માટે વ્યક્તિએ ધારણ કરેલું વર્તન કાં તો એના જોમનું કે એની અશક્તિનું લક્ષણ પણ હોઈ શકે છે.

કામવૃત્તિની ઉત્તેજનાના આવિર્ભાવ હેઠળ મન મલિન વિચારોથી ભરાયું હોવાનું અનુભવાય છે. આ વિચારો ફૂલવાફાલવા માટે છૂટો દોર તો ન જ મળવો જોઇએ. છેક બાળપણથી માનસિક આવેગો ઉપર અંકુશ ધરાવતા આવવાની ટેવ આ બાબતમાં પણ આગળ વધારવાની છે. ઘરના સંયમિત વાતાવરણથી, મિત્રોની સોબતથી સદ્‌વાચન અને વ્યાયામથી અને મહેનતકસ જીવનથી જાતીય વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ થાય છે. અલ્લડ મિત્રોની સંગત, ચલચિત્રો જોવાની અતિરેકતા, પ્રેમશૃંગાર ભર્યા ચિત્રો અને અશ્લીલ સાહિત્યનું વાચન, ઇંદ્રિયો બહેકાવે એવા વિલાસી સમાજ વચ્ચેનું જીવન કામોદ્દીપકતામાં વધારો કરનારું નીવડે છે આની અસર હેઠળ તરુણની કામવૃત્તિની ઉત્કટ ઇચ્છાઓ ને પ્રબળ આવેગો કાં તો કોક તરુણીના સંગમાં ફરવામાં કે હળવામાં યા તો પછી હસ્તમૈથુન, સજાતીય મૈથુન કે પ્રાણીમૈથુન દ્વારા મુક્ત થાય છે.

કામવૃત્તિના આવેગોને હળવી પાડવાના આ માર્ગ વિપથગમનના છે. સામી જાતિની વ્યક્તિના સંગમાં સંજોગો સાનુકૂળ નીવડતાં તીવ્ર કામોદ્દીપન હેઠળ શરીર-સંબંધમાં સરકી પડાય છે. જાતીય આવેગોના ધક્કા હેઠળનું કામચેષ્ટાઓભર્યું અસંયમી જીવન કુટુમ્બ માટે કોયડા રૂપ થવાથી માંડી કલંકભર્યું બને છે. ચોરીછૂપીથી મળતા વિષયઆનંદ પાછળ વડીલો અને સમાજની આમન્યા ઓળંગીને કોઈ સામાજિક ગુનો કર્યાની લાગણી અને તેનો ડંખ અનુભવાય છે.

યૌવનના ઉંબરે ઊભેલાં જુવાનોનું કામોત્તેજના હેઠળનું વર્તન શીલભર્યું બનાવવા, તેમને વિપથગામી થતા અટકાવવા માટે બાળપણથી તેમના સદાચાર અને શીલસંયમભર્યા ઉછેરની સાથોસાથ પશ્ચિમના મનોવિજ્ઞાનીઓના કથન મુજબ બાળકોને નાનપણથી જ યોગ્ય પ્રમાણ અને રીતથી જાતીય જ્ઞાન મળવું જરૂરી છે. બાળકના કે કિશોર કિશોરીઓના જાતીય પ્રશ્નો હસી કાઢવાના કે તિરસ્કાર યુક્ત જવાબથી ટાળવાના નથી પણ એ જિજ્ઞાસાવૃત્તિને તેમની વય પ્રમાણે સંતોષવાની છે

પચ્ચીસ વર્ષ પહેલાં

ગુજરાતમાં સતપૂડાની એક દુર્ગમ ખીણમાં, શૂલપાણુની દક્ષિણે દસ માઈલ ઉપર, ઊંચી ગિરિમાળાઓની વચ્ચે અસ્તિત્વ ભોગવી ગએલી એક પ્રાચીન નગરી 'ડુમખળ' વિષે જાણીતા સંશોધક શ્રી અમૃતલાલ વ. પંડ્યાનો સચિત્ર લેખ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પ્રકટ થયો હતો તેનો રસમય ભાગ :



આ લેખના લેખક ડુમખળના અવશેષોની વચ્ચે

નર્મદા આખી પર વિકટમાં વિકટ વન એટલે શૂલપાણિની ઝાડી, જ્યાંથી નર્મદા ગુજરાતમાં પગલાં માંડે છે, ત્યાં હરણફાલના ધોધથી લઈ તે ગરુડેશ્વર લગીના ૮૦ માઈલના લાંબા વિસ્તારમાં આકાશચુંબી પર્વતો નર્મદાના બંને કાંઠે તેની ભેખડો બાંધીને ઊભા છે. આ પ્રદેશ ખીચોખીચ ભયંકર વનોથી આચ્છાદિત છે. આ મહાવનનું મહાતીર્થ તે શૂલપાણિ મહાદેવનું મંદિર. અહીં 'દેવ' નામે નદી સાતપૂડાની અગાશી પરથી ઊતરીને પશ્ચિમ ખાનદેશ ને રાજપીપળાની સરહદ બાંધતી નર્મદા ના ખોળામાં આવીને સમાઈ જાય છે. મધ્ય પ્રદેશથી ગુજરાતના ખોળા તરફ પસરતી આવેલી સાતપૂડાની શગમાળા થોડા વિસ્તારમાં અચાનક હિમાલયનું સ્વરૂપ ધારણ કરે છે અને આ પર્વતનો તેટલો ભાગ 'દેવગીતારીઓ' એટલે દેવોનો પર્વત કહેવાય છે. દેવગીતારીઆના ખોળેથી ઢળી પડતી દેવકન્યા સમી દેવ નદીએ, ઉપરવાસરે, શૂલપાણુની દક્ષિણે ૧૦ માઈલ પર, સાતપૂડાનાં શિખરોમાં ત્રીજા ગણાતા 'ધામણમાલ'ના છાંયડે એક સુરમ્ય પ્રદેશ રચી કાઢ્યો છે. આઠેક ચોરસ માઇલનો વિસ્તાર ધરાવતો એ સમચોરસ પ્રદેશ ચારે બાજુથી પર્વતોની હારમાળાના રચાએલા એક ગઢથી રક્ષાએલો છે અને દેવગંગા તેને ચીરતી નીકળી જાય છે.

આવા આ પ્રદેશની મધ્યમાં દેવગંગાના પુનિત તીરે, હજારેક વર્ષ પર એક પાટનગરીના પાયા રોપાયા હતા. કોણે રોપ્યા તે ઇતિહાસ હજી અજાણ્યો છે. તેના અવશેષો લગભગ એક ચોરસ માઈલના વિસ્તારમાં દેવગંગાને બંને કાંઠે આજે પડેલા છે. એ અવશેષોમાં આટલી વસ્તુઓ મુખ્ય છે: પથ્થરનાં ત્રણ મંદિરો ને રાજપ્રાસાદના અવશેષો, વાવો, લગભગ સવા સો જેટલા પાળિયા, અને રાજાઓ રાણીઓ વગેરેની ઉત્કૃષ્ટ કલાપૂર્ણ ખાંભીઓ. આ નગરીનું ગામ એક શિલાલેખમાં લખ્યા પ્રમાણે 'દ્રવખલ' હતું. હાલ લોકો એને 'ડુમખળ' કહે છે.

નર્મદા-ખીણમાં તે વખતે પાટણના સોલંકીઓનું સાર્વભૌમત્વ જેની નીચે આ પ્રદેશમાં અનેક નાના નાના ખંડિયા રાજપૂતોનાં રાજ્યો હોવાનું શિલાલેખ પરથી જણાય છે. શૂલપાણિનું તીર્થ ત્યારે ડુમખળના રાણાઓનું હશે. વિ. સંવત ૧૩૧૫માં એકાદ નાનુંસરખું શત્રુ આક્રમણ એના પર થએલું એક લેખ પરથી જણાય છે.

પછીનાં ૫૭ વરસ સુધી ડુમખળના ઇતિહાસમાં કાંઈ નવાજૂની બન્યાનો દાખલો નથી. પણ નીચેનાં મેદાનો (નર્મદા-ખીણ)માં ઇતિહાસ ઝડપભેર પલટાઈ રહ્યો હતો. સંવત ૧૩૫૫ ના અરસામાં ગુજરાતની રાજલક્ષ્મી લુટાઈ. પાટણના કર્ણ વાઘેલાનું પતન થયું અને અનહિલ્લવાડ પત્તનના આંગણે મુસ્લિમ સલ્તનતના પાયા રોપાયા. આ પછી ૧૭ વર્ષે, કે જ્યારે ડુમખળ તેની પ્રગતિની ટોચે હતું ત્યારે, સંવત ૧૩૭૨માં કોઈ મોટો સંગ્રામ ખેલાયા બાબતનો શિલાલેખ મળે છે. એ વાવાઝોડામાંથી પણ આ નાનું રાજ્ય પસાર થઈ ગયું. પણ સંવત ૧૪૪૩ (ઈ. ૧૩૮૭)ની સાલમાં ફરી આ સ્થળે કોઈ એક તુમુલ યુદ્ધ થયું. આ વખતે નંદિપુર (રાજપીપળા)ના ચાહમાન વંશનો ઉદયસિંહ નામે મહારાજા ઘણો પ્રતાપી થયો હતો. તેણે નર્મદાનો ઉત્તર પ્રાંત કબજે કરી છેક વડોદરા સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તે સમયે પાટણના આંગણે ગુજરાતની મુસ્લિમ સલ્તનત ઊગતી આવતી હતી. અમદાવાદ વસવાને ગણતરીનાં વર્ષો જ બાકી રહ્યાં હતાં.

અંતે, વિક્રમના ૧૬મા સૈકાની વચ્ચે એક મુસ્લિમ બાદશાહના આક્રમણથી ડુમખળનો નાશ થયો. આ આક્રમણની વાત સાતપૂડાના ભીલોમાં એક લોકકથાનું સ્વરૂપ પામી છે.

ડુમખળ તેના પોપટ માટે પ્રખ્યાત છે, અને એ પોપટે તેનો વિનાશ આણ્યો હોવાનું લોકકથા કહે છે. દક્ષિણ ગુજરાતમાં કયા ગામની કઈ વસ્તુ પંકાતી તે વિષે નીચેની ઉક્તિ પ્રચલિત છે: ગોળી 'બીલીમોરા'ની, તોલડાં 'બામણવેલ'નાં, ગોરસિયાં 'કરણ'નાં, ગાલ્લી 'તળાવચોરા'ની, ઘી 'ધામણ-તરસાળી'નું, જુવાર 'છીણમ'ની, ચોખા 'વાંસદા-ધરમપુર'ના, તુવેર 'બોહ્રાણ'ની, વેંગણ 'કઠોરા'નાં, ને પાપડી 'ક્તારગામ'ની, મોગરી 'ગણદેવી'ની, ને સૂંઠ 'સોનવાડી'ની, લાકડું તો 'ડાંગ'નું, ડોટી તો 'ડાભેલ'ની, છીપો 'કઠોર'નો, ને રંગ તો 'બલેસર'નો, વાઘ 'તિતરઘાટ'ના, ને રીંછ 'ખેરવાડા'નાં, કિલ્લા 'વાજપુર-સાલ્હેર'ના ગઢી, 'પારનેરા'ની ઓવારો 'ઓડાધ'નો, ને ધોધ તો 'સુલપાણ'નો, પોપટ 'ડુમખળ'ના, ને ચોરો તો 'બાણું'નો, બીલડી 'ગંગથા'ની, ને વસાવો 'સાગબારા'નો.

આમ, લોકકંઠે પોપટ માટે 'ડુમખળ' દક્ષિણ ગુજરાતમાં ખ્યાત છે. આ ખ્યાતિએ તેનો વિનાશ કેમ આણ્યો એની નીચે મુજબની લોકકથા સાતપૂડાના ભીલોમાં પ્રચલિત છે:

ડુમખળ નગરીમાં અગાઉના વખતમાં મદનસિંહ નામનો એક પ્રતાપશાળી રાજા થઈ ગયો. આ રાજાની રાણી ઘણી રૂપવંતી હતી. રાણીને ડુમખળના પોપટનો ઘણો શૉખ હતો. તેણે એક સરસ પોપટ પાળ્યો હતો. એ પોપટ વાતચીત કરવામાં એવો જ તેની સમજશક્તિમાં પણ અત્યંત ચતુર હતો. કાળાંતરે રાણી વ્યભિચારિણી બની. પોપટને આ વાત રુચી નહિ. તેણે રાણીને સમજાવી કે આ કૃત્ય કરવાનું મૂકી દે, નહિતર જો રાજાને ખબર પડશે તો સંકટ ઊભું થશે. એથી રાણીએ પોપટ પર ક્રોધે ભરાઇને કહ્યું કે મારા પર તું ખોટો આરોપ મૂકે છે! પણ રાણીને થયું કે ખરી વાત તો પોપટ જાણે છે, એટલે રાજા પાસે જઇને કહેવા લાગી કે મહારાજ તમારો પોપટ

તરફ વળવા કહે છે અને વધુમાં તમને મારી નાખવા મને સમજાવે છે. હું એને મારી નાખત, પણ એ આપને ઘણો પ્રિય છે એટલે મેં તેને જવા દીધો છે. પણ આપ હવે એને જો જીવતો રહેવા દેશો તો હું આપઘાત કરીશ. ભોળા રાજાએ ક્રોધે ભરાઈ કહ્યું એને એકી ઝાટકે નહિ મારું, પણ રીબાંવીને મારીશ. એનું ખાવાનું બંધ કરી દઈ તેનું પાંજરું તડકે ટીંગાડો, એટલે થોડા દહાડામાં એ આપોઆપ મરી જશે.

રાજાના કહ્યા મુજબ પોપટની એ દુર્દશા કરવામાં આવી અને તે ધીમેધીમે સુકાવા લાગ્યો. એક દહાડો રાણી રાજા પાસે કંઈક કામે ગઈ, એટલે પોપટે તેની દાસીને બોલાવીને કહ્યું કે પાંજરાનું બારણું ઉઘાડ તો તને તારા લાભની એક વાત કહું. દાસીએ બારણું ઉઘાડ્યું એવો જ પોપટ ફરરર કરતો ઊડી ગયો અને ઊડતાં ઊડતાં કહેતો ગયો કે 'દાસી, રાજાને કહી દેજે કે લશ્કર તૈયાર રાખે.'

ડુમખળના જેમ પોપટ વખણાતા, તેમ સાડીઓ પણ વખણાતી. દૂરદૂર સુધી ને ખાસ કરીને રાજકુટુંબો અને શ્રીમંતોમાં એ સાડીઓનો વિશેષ વપરાશ હતો. એ સાડીઓની વિશેષતા એ હતી કે તેમના પર હાથના પંજાની કળાપૂર્ણ ભાત છાપવામાં આવતી.

ઊડતો ઊડતો પોપટ દિલ્હી પહોંચ્યો અને દિલ્હીનાં વૃક્ષો પર દહાડા પસાર કરવા લાગ્યો. એક દહાડો બાદશાહની બેગમ ડુમખળી સાળુ પહેરીને બાદશાહની બાજુમાં ઝરૂખે બેઠી હતી. પોપટે આ તક સાધી અને તે બાદશાહના ખોળામાં જઇને બેસી ગયો. બાદશાહને પક્ષી ઘણાં પ્રિય હતાં. આવા સુંદર પોપટને જોઈ તે ખુશ થઈ ગયો. તેણે પૂછ્યું: 'પોપટ ક્યાંથી આવે છે?' પોપટે ઉત્તરમાં ડુમખળ નગરીનાં વખાણ કર્યાં અને તેના નૃપતિ મદનસિંહની યશોગાથા સંભળાવી. બાદશાહે પૂછ્યું કે 'પોપટ, એ ડુમખળ નગરી ક્યાં આવી ને આ રાજા મદનસિંહ તે વળી કયો કે જેનાં તું આવાં વખાણ કરે છે?' પોપટ કહે કે 'બાદશાહ, મારો રાજા મદનસિંહ જેવોતેવો નથી. તારી બેગમના વક્ષસ્થલ પર પણ તેનો હાથ પહોંચે છે.' એટલું કહી પોપટ બાદશાહના ખોળામાંથી ઊડીને દૂર જઈ બેઠો. બાદશાહ બોલ્યો કે, 'પોપટ તારી આ વાત ખોટી હશે તો તને ફેંદી નાખીશ.' પોપટે તુરત જ બેગમે ઓઢેલી ડુમખળમાં છાપેલી ઓઢણીને, તેના પરની હાથના પંજાની છાપ જે બેગમના વક્ષસ્થલ પર પડતી હતી તે દેખાડીને બધી વાત સમજાવી કે આ હાથ અમારા રાજા મદનસિંહનો છે. બાદશાહના ક્રોધનું હવે ઠેકાણું રહ્યું નહિ. તુરત જ જ તેણે સૈન્ય તૈયાર કરાવી ડુમખળ પર ચડાઈ કરી અને રાજા મદનસિંહનો વધ કરી ડુમખળને ખેદાનમેદાન કરી નાખ્યું. આ પછી ડુમખળ ફરી વાર કદી વસી શક્યું નહિ. હાલ ત્યાં ભીલોની થોડીક છાપરીઓ છે.

કોઈ વિધર્મી આક્રમણકારીના હાથે ડુમખળના થએલા નિર્દય વિનાશની આ વાતને આજના અવશેષો ટેકો આપે છે. પાકા પથ્થરનાં વિશાળ મંદિરોના જાણીબૂજીને અહીં કકડેકકડા કરી નખાયા છે. ખંડિત થએલી મોટીમોટી મૂર્તિઓ આ ભયંકર વિનાશના બનાવની મૂક સાક્ષી પૂરી રહી છે. આ હુમલો જરૂર કોઈ મુસલમાન બાદશાહનો થયો હશે તે વિષે શંકા નથી.

રાજપીપળાના પર્વતના છેડા નજીક આવેલા ચિકલોટા ગામમાં મોટા સ્મારક-સ્તંભો ઊભેલા છે. આ સ્તંભ પર વિક્રમ સંવત ૧૫૫૧નો ગુજરાતી ભાષામાં એક મોટો શિલાલેખ છે, જે ત્યાં રાજ્ય ચલાવતા તે કાળના વસાવા (ભીલી રાજા)એ કોતરાવ્યો હતો. આ વસાવો સંવત ૧૫૫૧માં કોઈક 'પાદસા' (બાદશાહ), કે જેનું નામ નથી, તેના મોટા સૈન્યના આક્રમણને ખાળતાં મરાયો હતો. આ સ્તંભો પર ભીલ વસાવા, તેની રાણીઓ અને સેનાપતિઓનાં ચિત્રો કોતરેલાં છે ને આ આક્રમણકારી 'પાદસા' પ્રત્યે ફિટકાર દર્શાવવા તેને ઘોડા પર બેસાડી માથે સ્ત્રીનો ચોટલો બાંધ્યો છે. 'પાદસા'ની એ આકૃતિ જોવા જેવી છે. એ જ નનામો 'પાદસા' ડુમખળ પર ચડી ગયો હશે એમ હું માનું છું. પણ આ 'પાદસા' તે કયો? એ વખતે મહમુદ બેગડો ગુજરાતનો સુલ્તાન હતો. આ બનાવની ૧૦ વર્ષ પહેલાં તેણે પાવાગઢનો ધ્વંસ કર્યો હતો. ઘણે ભાગે આ મહમુદ બેગડો સંવત ૧૫૫૧માં રાજપીપળાના પ્રદેશ પર ચડી આવ્યો હશે. એ પહેલાં અમદાવાદ વસાવનાર અહમદશાહ પણ નાંદોદ પર ચડી આવેલો.

દર વર્ષે ચૈત્રી અમાવાસ્યાના દહાડે નર્મદાકાંઠે 'શૂલપાણિ'ની મોટી જાત્રા ભરાય છે ને એ નિર્જન સ્થળે લોકો હજારોની સંખ્યામાં ગુજરાત, ખાનદેશ ને માળવાથી આવીને ભેગા થાય છે. આ મેળામાં ધામણમાલના ડુંગરના ભીલો 'ડુમખળના પોપટો' વેચતા નજરે પડે છે. આજ એ પ્રાચીન ગૌરવાન્વિત ડુમખળ નથી, પણ તેના પોપટો ને તેની યશોગાથા રહી ગઈ છે.

સાહિત્યસંપર્ક

‘આગરા ઘરાના’

વડોદરાના મ૦ સ૦ વિશ્વવિદ્યાલયના ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલયના સંગીતના પ્રાધ્યાપક શ્રી રમણલાલ મહેતા દ્વારા સંપાદિત ‘આગરા ઘરાના: પરંપરા, ગાયકી ઔર ચીજેં’ નામક પ્રકટ થએલું આ પુસ્તક (પાકું પૂઠું, રૂ. ૧૨). ભારતીય ઉચ્ચ સંગીતના જ્ઞાતાઓ, જિજ્ઞાસુઓ તથા તેના રસિક શ્રોતાએને અતિ ઉપયોગી બની રહે તેવું છે. તેના પ્રથમ વિભાગમાં શ્રી મહેતાએ આગરા ઘરાણાની પરંપરા તથા ગાયકી ઉપરના બે મનનીય લેખોમાં તે ગાનશૈલીનો ઇતિહાસ, તેના ગાયકોની આજ સુધીની વંશાવલિ એ ગાયકીની લાક્ષણિકતા તથા અન્ય ગાયકીઓના મુકાબલે તેમાં દેખાઈ આવતી વિશેષતા સુંદર રીતે સમજાવી છે. શ્રી મહેતા વડોદરાના એ મહાવિદ્યાલયના ભૂતપૂર્વ આચાય હોઈ સંગીત વિષેનું તેમનું જ્ઞાન ઊંડુ અને સચોટ હોય તે સ્વાભાવિક છે. સંગીતના ઘરાણાઓની આધારભૂત માહિતી મેળવવી શક્ય નથી, કેમ કે ચારેક સૈકા અગાઉના ગાયકોએ પોતાની વંશાવલિ તથા તેના ઇતિહાસ કડીબદ્ધ રૂપે પોતે નાના વંશજોને આપ્યો નથી; એટલે શ્રી મહેતાને આગરા ઘરાણાની પરંપરા સમજાવતાં આપેલી માહિતીમાં કેટલીક દંતકથાઓનો પણ આશ્રય લેવો પડ્યો છે.

થોડાં વર્ષો પર આગરા ઘરાણાના મર્હૂમ ઉસ્તાદ વિલાયત હુસેનખાંએ પોતાના ‘સંગીતજ્ઞોં કે સંસ્મરણ’ નામના હિંદી પુસ્તકમાં હજરત અમીર ખુશરૂના સમયથી શરૂ કરી છેક પોતાના સમય સુધીના ગાયકોની કુળ-કહાણી સુગ્રથિત રૂપે મૂકવાનો એક પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. તે માટે તેમણે ગ્વાલિયર, જયપુર, દિલ્હી, આગરા, રામપુર, સહસવાન, અતરૌલી વગેરે ઘરાણાઓના ગાયકોની શક્ય તેટલી માહિતી મેળવી હતી. ભારતીય સંગીતના ઇતિહાસ માટે એ એક પ્રમાણભૂત પુસ્તક માની શકાય. છતાં એમાં યે ઘણી વાતો લોકોક્તિ જેવી કહી શકાય એવી હતી. રીતે જોઇએ તો શ્રી રમણલાલે એકઠી કરેલી માહિની જરૂર ઉપયોગી નીવડે તેવી છે. છેલ્લાં પચાસ વર્ષમાં થઈ ગએલા પ્રખર ગાયકોમાં આફતાબે મૌસિકી ઉસ્તાદ ફૈયાઝખાંનું નામ મોખરે છે. તેમની ગાયકી તથા તેમણે ગાએલી રાગદારી ચીજોની રેકોર્ડોની યાદી પણ શ્રી મહેતાએ એમના લેખમાં આપી છે. આમ, આ પુસ્તકનો પહેલો વિભાગ માહિતી-સભર બન્યો છે.

બીજા વિભાગમાં આગરા ઘરાણામાં ગવાતી ને ખાસ કરીને એ ઘરાણાના બે નામી ઉસ્તાદો ફૈયાઝખાં તથા વિલાયતહુસેનખાંએ પ્રચલિત કરેલી રાગદારી ચીજોનો લિપિબદ્ધ સંગ્રહ છે. ગાયક કે સંગીતરસિક શ્રોતાને ઉપયોગી એવો આ વિભાગ છે. તેમાં સ્વ. પં. ભાતખંડેએ દસ થાટોમાં વહેંચેલી રાગપદ્ધતિ અનુસાર કલ્યાણથી તોડી સુધીના થાટોમાં સમાવેલી રાગોની ૧૨૨ ચીજો ભાતખંડે પદ્ધતિ પ્રમાણે લિપિબદ્ધ કરવામાં આવી છે.

સ્વ. ભાતખંડેજીએ પોતાના ‘ક્રમિક પુસ્તક-માલિકા’ના છ ભાગમાં ગ્વાલિયર, રામપુર, જયપુર તથા આગરા ઘરાણાઓની જે મશહૂર ચીજો આપી તે પછી તેવી ખાનદાની ચીજોને લિપિબદ્ધ કરેલા ઘણા સંગ્રહો અત્યાર સુધીમાં બહાર પડ્યા છે, પરંતુ આવી એક જ ઘરાણાની જાણીતી ચીજો આ રીતે રજૂ કરવાનો કદાચ આ પ્રથમ પ્રયાસ છે. આ ચીજો પં. ભાતખંડેના સંગ્રહમાં નથી, તેમજ બીજા સંગ્રહોમાં પણ નથી, એ દૃષ્ટિએ શ્રી મહેતાના આ સંપાદનનું સવિશેષ મહત્ત્વ છે. આમાંની મોટા ભાગની ચીજો ખૂબ લોકપ્રિય છે. સંગીતના શોખીનોને કંઠસ્થ થઈ ગએલી હોય તેવી પણ ઘણી ચીજો આ સંગ્રહમાં છે. શ્રી મહેતાએ એ બધીને પણ ગ્રંથસ્થ કરીને સંગીતક્ષેત્રે એક યાદગાર કાર્ય કર્યુ છે અને તે ધન્યવાદને પાત્ર છે.

સમગ્ર ગ્રંથનું અવલોકન કરતાં લાગે કે આ સંદર્ભ-ગ્રંથ છે અને એ દૃષ્ટિએ એનુ ઘણું મહત્ત્વ પણ છે; છતાં સંપાદક આ પ્રકારના ગ્રંથને છાજે તેવી કાળજી આમાંની ચીજોના સંકલનમાં જાળવી શક્યા નથી. એ જો જળવાઈ હોત તો આ પુસ્તક હજી યે ઘણું વધુ મહત્ત્વપૂર્ણ બની શકત. ભાતખંડેજીના છ યે ગ્રંથો આ દૃષ્ટિએ જોતાં ઘણા જ મૂલ્યવાન બની શક્યા છે. આ ગ્રંથનું સંકલન પણ કંઈક એ રીતે થવું જરૂરી હતું. મળી શકે તે બધી ચીજો આ ગ્રંથમાં સમાવી લેવાનો જો સંપાદકનો આશય હોય તો આમાં ભુપાલી, હમીર, પૂરિયા ધનાશ્રી, બિભાસ, બાગેશ્રી વગેરે અનેક પ્રસિદ્ધ રાગોની

શબ્દકથા: સૂર્ય, સ્વર્

ઋગ્વેદમાં એક દેવ તરીકે સૂર્યનું સ્થાન મહત્ત્વનું છે. દસ સૂક્તો માત્ર સૂર્યને જ લગતાં છે, અને નિરુક્તમાં તે મુખ્ય ત્રણ દેવોમાંના એક ગણાયા છે: પૃથ્વીમાં જે સ્થાન અગ્નિનું, અંતરીક્ષમાં ઇંદ્રનું, તે જ સ્થાન આકાશમાં સૂર્યનું.

‘સૂર્ય’ શબ્દ ઉપરાંત ‘સૂર’ શબ્દ પણ તે જ અર્થમાં સંસ્કૃતમાં છે. આ બંનેના મૂળમાં ‘સ્વર’ શબ્દ છે. ‘સ્વર્’ શબ્દ પાછળથી ‘સ્વર્ગ’ના અર્થમાં જ વપરાયો છે, પણ ઋગ્વેદમાં તે સૂર્યવાચક હતો, અને તે જ એનો મૂળ અર્થ છે.

બૅબિલોનમાં ઈસવી સન પૂર્વે ૧૭૫૦થી ૧૧૭૦ સુધી જેમનું રાજ્ય હતું તે ‘કસ્સી’ કે ‘કસ્સાઈટ’ વંશના લેખોમાં ‘શુરિઅશ’ દેવનો નિર્દેશ છે, અને તે આર્યોની ભાષાનો ‘સૂર્ય’ શબ્દ જ હોવાનું, અને એમ તે આર્યોના પ્રભાવનું પરિણામ હોવાનું, વિદ્વાનો માને છે; એટલું જ નહિ, સૂર્યપૂજાની આર્યોની પરંપરા તેથી પણ ઘણી પ્રાચીન હોવાનો પુરાવો છે.

વૈદિક ભાષાના ‘સ્વર’ ‘સૂર્ય’ના સહજન્ય શબ્દ અન્ય ભારત-યુરોપીય ભાષાઓમાં મળે છે: ગ્રીક ‘હેલિઓસ’, લૅટિન ‘સોલ’, જૂની અંગ્રેજી ‘સોલ’, લિથુઆની ‘સૌલે’. આ ઉપરથી મૂળ ભારત-યુરોપીય ભાષામાં એ શબ્દનું અસ્તિત્વ હોવાનું સ્થાપિત થાય છે. મૂળ ભાષામાંનું તેનું રૂપ લકારવાળું હતું, પણ બીજા કેટલાક શબ્દોની જેમ ઋગ્વેદની ભાષામાં મૂળ રૂપના ‘લ’નો ‘ર્’ થયો. ‘ચક્ર’ અને ‘સાઈકલ’, ‘પુર’ અને ‘પોલિસ’ (=નગર) વગેરે સરખાવતાં તેમાં પણ આવો ફેરફાર જોઈ શકાશે. એ જાણીને આશ્ચર્ય થશે કે ગ્રીક શબ્દ ‘હેલિઓસ’ પણ સૂર્યના અર્થમાં સંસ્કૃતમાં સ્વીકાર પામ્યો હતો. આ ગ્રીક જ્યોતિષના આપણા જ્યોતિષ ઉપર પડેલા પ્રભાવનું પરિણામ હતું. વરાહમિહિર કૃત બૃહત્સંહિતામાં ‘હેલિ’ શબ્દ સૂર્યના અર્થમાં મળે છે, અને હેમચંદ્રાચાર્યના ‘અભિધાન ચિંતામણિ’ કોશમાં પણ સૂર્યવાચક શબ્દોમાં ‘હેલિ’નો સમાવેશ કરેલો છે:

> બ્રધ્નો હંસશ્ચિત્રભાનુર્વિવસ્વાન્
>
> સૂરસ્ત્વષ્ટા દ્વાદશાત્મા ચ હેલિઃ! (શ્લોક ૯૫)

આમાં બ્રધ્ન, હંસ, ચિત્રભાનુ, વિવસ્વાન્, સૂર, ત્વષ્ટા, દ્વાદશાત્મા અને હેલિ એવા સૂર્યના પર્યાયો નોંધેલા છે.

સંસ્કૃતમાં ઊંટ માટેનો એક શબ્દ ‘ક્રમેલક’ છે. આના મૂળમાં પણ ગ્રીક ‘કામેલોસ’ છે. હમણાં જ એક પ્રાણીશાસ્ત્રનો સંસ્કૃત ગ્રંથ જોવામાં આવ્યો. તેમાં ગ્રંથકારે ચાર પ્રકારના ઊંટો માટે ચાર ઊંટવાચક શબ્દો યોજ્યા છે: ઉષ્ટ્ર, ક્રમેલક, દાસેરક અને મહાંગ.

ચાલુ વ્યવહારભાષામાં આપણે ‘સૂરજ’ વાપરીએ છીએ. ‘સૂર્ય’ કોઈ ઊંચી શૈલી માટે છે. ‘ભાણ’ હવે કાળગ્રસ્ત થઈ ગયો. ‘ભલે ઊગ્યા ભાણ’ અને ‘ભાણ ડૂબ્યો’ જેવા જૂજ પ્રયોગો પૂરતો તે જળવાયો છે. ‘ભાનુ’ વગેરે સાહિત્યભાષામાં તો વપરાય જ છે.

હરિવલ્લભ ભાયાણી

એક પણ ચીજ અપાઈ નથી. વળી, ઘણા રાગોની એકેય વિલંબિત ખયાલની ચીજ પણ આમાં નથી. સંગીતક્ષેત્રે આગરા ઘરાણાનું સ્થાન ઊંચું છે. ઉપર કહ્યા તે તથા બીજા અનેક પ્રચલિત રાગોની આ ઘરાણાના ગાયકો પાસે ઘણી મશહૂર ચીજો મોજૂદ છે. તે બધીમાંથી દરેક રાગની બે બે ચીજો પણ આ સંગ્રહમાં આપી શકાઈ હોત તો એક ઘણું સુંદર કાર્ય પૂર્ણ થયું કહેવાત. ઉસ્તાદ વિલાયતહુસેનખાંએ કુકુભ, ગૌરી, મલુહાકેદાર, ધનાશ્રી, લાચારી તોડી, સામંત સારંગ જેવા અનેક અપ્રસિદ્ધ રાગો મહેફિલોમાં તથા રેડિયો પર ગાઈને સંગીત રસિકોમાં સારી પેઠે પ્રચલિત કર્યા છે. તેની ચીજો પણ આમાં સમાવવી જોઈતી હતી. આગરા ઘરાણાના બુઝર્ગોએ જ્યારે આ પુસ્તકને આવકાર્યું છે ત્યારે સંપાદક તેમની પાસેથી આવી મૂલ્યવાન ચીજો મેળવી લઈને આ સંપાદનને વધુ સમૃદ્ધ બનાવી શક્યા હોત અને એથી આ ક્ષેત્રની એક મોટી ઊણપ પૂરી થઈ શક્ત. આ સંગ્રહમાં ગારા કાનડાની એક અને જોગ રાગની બે ચીજો ખમાજ થાટમાં મૂકી છે તે રાગાંગની દૃષ્ટિએ યોગ્ય નથી; એ કાફી થાટમાં મૂકવી જોઈતી હતી. છાયાનટ રાગની 'નેવરકી ઝનકાર', લલિતની 'ભોર હી આયે' તથા પરજની 'ચલો મિતવા બાલમ બગવા' એ ચીજો ભાતખંડેના સંગ્રહમાં છે. 'પવન ચલત આલી' એ શબ્દોથી પરજની એ ચીજની સ્થાયી કેમ ફેરવવામાં આવી છે તે સમજાતું નથી. એ ચીજ એ રીતે ગવાતી નથી. 'ચલો મિતવા' શબ્દોથી જ એનો ઉઠાવ છે. જ્યારે 'મનમોહન બ્રિજ કો રસિયા' એ ચીજ પણ કોઈ કારણસર બેવડાઈ ગઈ છે. આવી ચીજો કમી કરી તેમના સ્થાને ખૂટતા રાગોની બીજી વજનદાર ચીજો આપી શકાઈ હોત. તો એક ઉત્તમ કાર્ય પૂર્ણત્વને પામી શક્ત.

છતાં એકંદરે સંગીતપ્રેમી પાઠકોએ આ પુસ્તક અવશ્ય વસાવવા જેવું છે. પુસ્તકની કિંમત સહેજ ઓછી હોત તો એ વધુ પ્રચાર પામી શક્ત. —સા. ન્યા. યોધ

(સંપાદક: રમણલાલ મહેતા; પ્રકાશક: ભારતીય સંગીત-નૃત્ય-નાટક મહાવિદ્યાલય, મ. સ. યુનિવર્સિટી, વડોદરા; પાકું પૂઠું, રૂ. ૧૨.)

'સંગીતની સરગમ'

શ્રવણ પર જ આધારિત સંગીતનું જ્ઞાન લેખનવાચન દ્વારા સ્પષ્ટ થવું લગભગ અસંભવિત છે; પણ એના સ્વરો સમજવામાં જો કોઈ વાદ્યની સહાય લેવાય, (અને ખાસ કરીને જે વાદ્ય પર મંદ, મધ્ય ને તાર એમ ત્રણે સપ્તકના સ્વરોના સ્પષ્ટ તફાવત દર્શાવતા પરદા હોય) તો તે સંગીતના ક્ષેત્રમાં પ્રવેશ કરવામાં ઘણું મદદકર્તા બની શકે. હાર્મોનિયમ એવું એક વાજિંત્ર છે અને તદ્દન શિખાઉ માણસને માટે એ કદાચ સરળતમ સાધન છે. આ હાર્મોનિયમની ચાવીઓની ગોઠવણને લક્ષમાં રાખીને દેશી (કે જેને ભારતીય) સંગીતના સંખ્યાબંધ રાગોની સ્વરરચનાનો પ્રાથમિક તફાવત સમજાવતું 'સંગીતની સરગમ' નામનું એક પુસ્તક સંગીતના વિદ્યાર્થીઓને સહાયરૂપ બની શકે

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



રાજેન્દ્ર શાહ

જન્મ: ૨૮-૧-૧૯૧૩. બે વર્ષની વયે પિતાની છાયા ગુમાવી. માતાએ બી.એ. સુધી ભણાવ્યા. તે પછી શિક્ષક થયા, અમદાવાદના 'જ્યોતિસંઘ'માં કામ કર્યું, મોદીખાના અને બળતણનો વેપાર કર્યો, જંગલના લાકડાનો વ્યવસાય અજમાવ્યો, ને કાગળનો વેપાર પણ કર્યા પછી મુંબાઈમાં 'લિપિની પ્રિન્ટરી' સ્થાપી. હવે તેમાંથી એ નિવૃત્તિ લેવાના છે. એક વેળા ક્રાંતિકારી બનવા નીકળેલા તેમણે અસહકારની લડતમાં જેલ પણ ભોગવી. ૧૯૩૦થી આરંભીને 'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ' વગેરે કાવ્ય-ગીત-સંગ્રહો ઉપરાંત વાર્તાઓ ને એકાંકી નાટક પણ લખ્યાં છે. છેલ્લા તેર વર્ષથી 'કવિલોક'ના તંત્રી. ૧૯૫૬માં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો. એમના 'શાંતકોલાહલ'ને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે. સુંદરમ્-ઉમાશંકર પછીના કવિઓમાં અગ્રગણ્ય. એમના કાવ્યસર્જનમાં લય, કલ્પના, ભાવ, વ્યંજના આદિનું પ્રસન્નમંજુલ માધુર્ય ને સૌંદર્ય પ્રકટે છે.

૧ કાવ્યની તમારી અનુભૂતિજનિત વ્યાખ્યા આપશો?

ઉ. જે અવ્યાખ્યેય છે, અવર્ણનીય છે એને વ્યાખ્યામાં કેમ બાંધું? જીવન પોતે કાવ્યમય નથી? કાવ્યકૃત આનંદ એ જીવનનો જ આનંદ છે. શુદ્ધ કાવ્યમાં બધું આપોઆપ પ્રકટ થતું આવે છે. એ આખી વૈશ્વિક પ્રક્રિયા છે.

૨ તમારા કાવ્યસંગ્રહ 'ધ્વનિ'માં પ્રકૃતિ, પ્રણય અને પરમાત્મા વિષે રસભર ચિંતન છે. આ ત્રણેય વિષે તમારી માન્યતા.

ઉ. એ ત્રણેય સકલ બ્રહ્મના આવિષ્કાર છે અને એમની સાથેનો સંબંધ, 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' જેવો જ છે.—
'હું જ રહું વિલસી સહુ સંગ ને હું જ રહું અવશેષે.'

૩ બ્રહ્મને કલા સાથે વ્યાપક સંબંધ ખરો?

ઉ. સકલ બ્રહ્મ કલામય જ છે. બધું કાવ્યમય છે; એટલે જ પળેપળ નવતા પામ્યે જાય છે ને પરિવર્તનશીલ છે, આ પરિવર્તન એટલે મૃત્યુ દ્વારા નવો જન્મ. આ રીતે મૃત્યુ ને જીવન એક જ છે ને સદાય માંગલ્યકારી છે. અને મંગળ એટલે જ આનંદમય.

૪ કલામાં સૌંદર્યનું સ્થાન ક્યાં?

ઉ. જગતમાં કશું જ અસુંદર નથી. ફક્ત પ્રકટ થતા સૌંદર્ય સાથે આપણું અનુસંધાન જોઈએ.

૫ કાવ્યો તરફ તમને આકર્ષણ કોણે કરાવ્યું? તમારી પંક્તિ?

ઉ. ઉપેન્દ્રાચાર્યજીની કૃતિઓએ. પ્રિયપંક્તિ 'વિશ્વવંદ્ય'ની 'પ્રસન્નતાને કદી નવ ત્યજીએ, પ્રસન્ન સૌ સ્થિતિમાં રહીએ.'

૬ તમારા એક કાવ્યસંગ્રહનું નામ 'શાંતકોલાહલ' છે. કોલાહલ શાંત કઈ રીતે?

ઉ. સંગમાં અસંગ રહી શકીએ તો કોલાહલ પણ શાંત કેમ ન લાગે?

૭ કુદરતમાં તમારું પ્રિયસ્થાન? ઉ. નદીતટ.

૮ વધુ અભિરુચિ કોના તરફ? સાથે મૂલ્યાંકન પણ કરતા હશો.

ઉ. કાવ્ય અને તત્ત્વજ્ઞાન તરફ. સંગત્વ અને રાગ મને રુચિકર નથી. જેને વાંચું છું તેનો પૂર્ણ રસ તે વખતે લઉં છું. મૂલવવા હું માંગતો નથી. દરેક પોતાની રીતે અભિવ્યક્ત થતું આવતું હોય છે. ગમાઅણગમાની આપણી રુચિનો પ્રક્ષેપ એના પર લાદવાની જરૂર શી?

૯ તમે એક કાવ્યમાં કહ્યું છે–
'આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમોર,
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર?'
દુ:ખ પ્રત્યેની આ નિસ્પૃહતા ખરે જ જીવનવ્યાપક છે કે પછી ફિલસૂફી?

ઉ. જે એકલતાથી ટેવાએલો છે તે સહુની સંગે રમી શકે છે. એને ભાવ-અભાવનાં સુખદુ:ખ શાનાં સ્પર્શે?

રાજેન્દ્ર શાહ

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોના જીવન તેમ જ કવનનો પરિચય

[૨૦] —કરાવનાર-જલન માતરી



મનહરલાલ ચોકસી

'ગંગાસ્નાન' વાર્તાસંગ્રહ ને ત્રણ નવલકથાઓ ('પ્રીતનાં પારેવડાં', 'ઝળહળ અંતરજ્યોત' અને 'ફૂંફૂં')ના સર્જક મનહરલાલ ચોકસી સારા શાયર તરીકે પણ જાણીતા છે. ગઝલ એ એમની દીવાનગી છે. પોતાના નામમાંથી જ 'મનહર' તખલ્લુસ રાખી લઇને એમણે ગુજરાતી ગઝલ સાહિત્યમાં મનહર ગઝલોનો ઉમેરો કર્યો છે.

ઈ. ૧૯૪૮માં કૉલેજમાં શાયરીનો શોખ વધ્યો. સુરતમાં વારંવાર યોજાતા ઉર્દૂ મુશાયરાના રંગે રંગાઈ ગઝલ લખવાની શરૂઆત ઉર્દૂ ભાષામાં જ કરી. ઉર્દૂ લિપિ આવડતી નહિ એટલે ગઝલો નાગરી લિપિમાં લખતા. (એથી ઊલટું ગુજરાતીના શ્રેષ્ઠ શાયર શ્રી 'મરીઝ' ગુજરાતી ગઝલ ઉર્દૂ લિપિમાં લખે છે.)

ઈ. ૧૯૫૨માં ગુજરાતી ગઝલ લખવાની શરૂઆત કરી. વડીલ શાયરોએ એમનામાં અચ્છા ગઝલકાર બનવાની તાકાત જોઈ પ્રેમભાવે આવકાર આપ્યો અને મુશાયરાના મંચ ઉપર રજૂ કરી દીધા. ત્યારથી ભાઈ મનહર ગુજરાતી ગઝલ-સાહિત્યમાં જાણીતા છે.

વતન: સૂરત. જન્મ: તા. ૨૯-૯-૧૯૨૯. અભ્યાસ: ૧૯૪૭માં મૅટ્રિક. પછી કૉલેજમાં એક નિષ્ફળ આંટો મારીને ૧૯૪૯માં ધ સૂરત ડિસ્ટ્રિક્ટ કો. ઑ. બૅંકમાં જોડાઈ, હાલમાં એ જ બૅંકની સરદાર માર્કેટ શાખામાં એજન્ટ તરીકે સેવા બજાવી રહ્યા છે. 'ગુજરાતી ગઝલ' નામે નાનકડો ગઝલસંગ્રહ ૧૯૬૪માં પ્રગટ થયો છે. સારા લેખક અને કવિ હોવા ઉપરાંત તેઓ અચ્છા જ્યોતિષી પણ છે. જ્યોતિષ ઉપર લખાઈ રહેલા એમના આગામી પુસ્તકનું નામ છે 'જ્યોતિષ માંગલ્ય'. સ્વભાવે ખૂબ જ પ્રેમાળ ભાઈ મનહર માથા ઉપર લગભગ અરધું જવાનીનું કફન બાંધી ચૂકયા છે—મતલબ ઘણાખરા વાળ પાકી ગયા છે.

સમયને બરફના ટુકડાની ઉપમા આપી રહેલા, જિંદગીનાં વસ્ત્ર ફોરમવિહોણાં ભલે રહે પણ ફૂલને પીસીને અત્તર ન મેળવવાની ઇચ્છા ધરાવતા, જિંદગીના ખખડધજ પુલની પાળે કોઈના ધક્કાની રાહ જોઇને ઊભા રહેલા આ શાયરના ચૂંટી કાઢેલા શેરોનો આનંદ માણીએ:

ફૂલોનાં મુખ ઉદાસ છે, ઝાકળ નથી પડયું,
અશ્રુથી લાવ આજ એ ચહેરાઓ ધોઇએ.

∞

નિજ ગહનતામાં હતું ડૂબેલ દર્પણનું હૃદય,
આપ જો સામે ગયાં તો એને પણ તરણું મળ્યું.

∞

શું શું મળ્યું ન પૂછ મને નેકનામથી,
થાકી ગયા છે હાથ, દુઆ ને સલામથી.
તારો મુકામ આવશે કયારે? ખબર નથી,
નીકળી ચૂકયો છું કયારનો મારા મુકામથી.

∞

આદમનું સ્થાન જેણે નકારી દીધું હતું,
એણે કહ્યું કે 'આવ!' મુકદ્દરની વાત છે!
ફરિયાદ ખાલી જામની પણ મેં કરી નથી,
આવો સરસ સ્વભાવ! મુકદ્દરની વાત છે!

ટુકડો બરફનો કેમ હથેળી ઉપર રહે?
વાતોમાં તારી એમ સમય ઓગળી ગયો.

∞

કોઈના મૌગ્ધ્યને પાંખો મળી ગઈ આજે,
શરમ દીવાલ હતી ઓગળી ગઈ આજે.
અપૂર્વ દશ્ય હતું, ફૂલ તેં મને આપ્યું,
નદી સમુદ્રને કેવી મળી ગઈ આજે!
કફન ખરીદવા નીકળ્યા છે લોક 'મનહર'નું,
બલા હતી જે જગત પર ટળી ગઈ આજે!

∞

હવામાં ધ્રૂજતું જોઉં છું મારા ભાવિને
તમારા મૌનમાં હું એક આગ વાંચું છું.

∞

નજર ઝુકાવી તમે જે લખ્યું છે ગાલ ઉપર,
લઇને હાથમાં દિલનો ચિરાગ વાંચું છું.

ધારું છું ત્યારે જોઉં છું હું સ્વપ્નામાં તને,
'મનહર'ને શહેનશાહી કંઈ કમ નથી મળી।

∞

ફૂલો ય કમનસીબ છે અર્પણ નહીં થયાં,
કંપી રહ્યો છે થાળ ને ચંદન ઉદાસ છે.
શૃંગારને ય મૌન તમારું નથી ગમ્યું,
વીંટી ઉદાસ છે અને કંગન ઉદાસ છે.

∞

પડછાયો મારો આપના ગૌરાંગ પર પડયો,
તડકો ય છીંક ખાઈને આઘો ખસી ગયો.
મોંઘું પડયું છે હસ્તધૂનન આપનું મને,
મેંદીનો રંગ હાથથી અંતર ઉપર ગયો।

∞

દેખીતી રીતે સામે કદી બોલશે નહીં,
પણ સૂર્યના અહમને દઝાડે છે અંધકાર!
જેના વિચારમાત્રથી સૂરજ છળી પડે,
એ વેદનાનો ભાર ઉપાડે છે અંધકાર!

∞

વૈભવ છે એનો ઓર, અનુભવ થશે તને,
દીપકને ઓલવીને પછી અંધકાર જો.

∞

ખરે જ બોલ્યા હશો નામ મારું એકાંતે,
હજુ ય જોઈ રહ્યો છું ઉજાસ હોઠોમાં।

∞

ક્ષિતિજે કદી સૂર્ય પણ ખાય ઝોકું,
તરલ જળલહરમાં ઝબોળાય ઝોકું.
તમે તો દિવાસ્વપ્ન જોયા કરો છો,
અમસ્તું અમસ્તું વગોવાય ઝોકું.

∞

હે પ્રેમી! તારા પક્ષમાં છે એકલું હૃદય,
સૌંદર્ય! તારા પક્ષમાં દુનિયા સમસ્ત છે.

∞

આટલે વર્ષે હવે ઇકરાર ના કરશો તમે,
જામ શું કે ઝેર શું? સઘળું સમય પર જોઇએ.

∞

હું એકાંતે બધી ફરિયાદની યાદી કરી લઉં છું,
મળો છો આપ ત્યારે બોલવું મુશ્કેલ લાગે છે.

∞

માનવ બધાય એક છે. એની નજર મહીં!
તસ્બીએ કંઈ દીવાલ ચણી, કંઈ જનોઈએ।

∞

મરણ પછી ય છે મુખ પર આ સ્મિતની રેખા!
કરું છું હું ય જમાનાની મશ્કરી તો જુઓ।

∞

ઢળી પડયાં જુઓ કુંકુમ ને હાથની મેંદી,
અમારું મોત કહો, રંગદાર છે કે નહીં?

એ દૃષ્ટિથી રચાયું છે. એમાં સેંકડો રાગના આરોહાવરોહ, વર્જ્ય અને વાદી-સંવાદી તથા કોમળ કે તીવ્ર સ્વરોની માહિતી આપવા સાથે જે તે રાગની પકડના સ્વરો ને તેની લાક્ષણિક રચના પણ આપી છે. જો કે સ્વરોની જ રચના પર આધારિત સંગીત જેવા ઊંડા અને અટપટા વિષયમાં, ભાષાની સરળતા ને સ્પષ્ટતા અનિવાર્ય હોઈ તેના વિશિષ્ટ શબ્દ-પ્રયોગોની સમજ વધુ વિસ્તારથી અપાઈ હોત અને ઠેરઠેર નજરે ચડતા મુદ્રણદોષ ટાળી શકાયા હોત તો આ પુસ્તક વધુ સરળ-સ્પષ્ટ બની શકત. લેખક-પ્રકાશક: વદનલાલ માણેકલાલ મજમુદાર, સાર્વજનિક દવાખાના ઉપર, દંગડવાડ, નવસારી; પાકું પૂઠું. પૃ. ૧૧૨, રૂા. ૩.

'ભારતનાં સંગીતરત્નો'

છેલ્લા થોડા દાયકા બાદ કરતાં તે પહેલાંના કાળમાં બહુ લાંબા સમય સુધી નિમ્ન કોટિનો ધંધો ગણાતી રહેલી સંગીતકળા પ્રત્યે આપણે અનેક કારણોસર ઠીકઠીક ઉપેક્ષા સેવી હતી, અને તેથી એ ક્ષેત્રમાં પડેલાઓને ઓળખવાની બહુ ખેવના નહોતી ગણી

આપણે ફરી એક ઉચ્ચ કળા તરીકે બિરદાવીએ છીએ એ સંગીતને ટકાવી રાખનાર જ નહિ ઘણી વાર તો તેની પાછળ ફના થઈ જનાર સંગીતકારોનો સામાન્ય પ્રજાને બહુ જ ઓછો પરિચય રહ્યો હતો. એવા એ મહાનુભાવોનો ખોળાખોળીને ને એમાંનાં ઘણાંનો જાતે પરિચય સાધીને એમની કલાસાધનાનો પરિચય આપવાનો એક પ્રશસ્ય પ્રયાસ ડૉ. મૂળજીભાઈ પી. શાહે તેમના બે ભાગમાં વિસ્તૃત ઉપર્યુક્ત પુસ્તકમાં કર્યો છે. (અને એનો ત્રીજો ભાગ પણ તેઓ તૈયાર કરી રહ્યા છે.) ભારતીય સંગીતને જીવાડી રાખનારા એ સૌ કલાસાધકોની જીવનઝરમર, એમની વર્ષોની આકરી તપસ્યા, એમની ગાયકીની લાક્ષણિકતા, સંગીત ખાતર એમને મળેલાં અને ખમવાં પડેલાં માન અપમાનો ઐશ્વર્ય અને ફનાગીરી, તથા એમની આગવી ખુમારીનો ડૉ. શાહે અહીં સરસ પરિચય આપી કાળની ગર્તામાં ભુલાતા જતા એ સંસ્કાર-સ્વામીઓની યાદ કાયમ કરી છે. એ સાથે પહેલા ભાગમાં શ્રી રમણલાલ મહેતાનો લેખ 'ગુજરાત અને સંગીત'માં એમણે છેલ્લાં સો વર્ષનું જે વિહંગાવલોકન આપ્યું છે તે અને બીજા ભાગમાં સ્વામી શ્રી મુક્તાનંદજી પરમહંસે લખેલો લેખ 'સંગીત : એક દિવ્ય યોગસાધના' એ બંને અભ્યસનીય ને માહિતીપ્રદ હોઈ પુસ્તકના આકર્ષણને વધારે છે.

પ્રકાશક : રાજેન્દ્ર એમ. શાહ, વિશ્રામપાર્ક, વાસણા, અમદાવાદ-૭; પાકું પૂઠું; પૃષ્ઠ પહેલા ભાગમાં ૨૨૭, બીજામાં ૨૩૮. દરેકના રૂ. ૭.

પ્રકાશન વિભાગ

મિનિસ્ટ્રી ઑવ ઇન્ફર્મેશન ઍન્ડ બ્રોડકાસ્ટિંગ • પતિયાળા હાઉસ • નવી દિલ્હી

મોહનદાસ કરમચંદ ગાંધી : શ્રી નગેન્દ્ર શર્માએ હિંદીમાં લખેલું મહાત્મા ગાંધીનું પ્રેરક અને સચિત્ર જીવનચરિત્ર. કાચું પૂઠું, પૃ. ૨૯૫, રૂ. ૪-૨૫.

ગાંધી શતદલ : ગાંધી શતાબ્દી પ્રસંગે જે વૈવિધ્યસભર પ્રકાશનો થયાં છે તેમાંનું આ એક, ભારતની ચાર ભાષાના સિદ્ધ-પ્રસિદ્ધ કવિઓની ગાંધીવિષયક કાવ્યરચનાઓના હિંદી અનુવાદનું પુસ્તક છે. સંવેદનપટુ કવિઓએ મહાત્માજીને કઈ રીતે જાણ્યા-નાણ્યા છે તેનો આસ્વાદ આ કાવ્યો કરાવી આપે છે. પૃ. ૨૯૪, કાચું પૂઠું, રૂ. ૫.

સંત નામદેવ : ભક્તિ સંપ્રદાયના પ્રણેતા જાણીતા મહારાષ્ટ્રીય સંત નામદેવની સાતમી જન્મ-શતાબ્દીના અવસરે એમના જીવનનો અને કવનનો હિંદીમાં પરિચય કરાવતા આ પુસ્તકના લેખક છે શ્રી કૃ.ગો.વાનખેડે. સમાજને રૂઢિઓનાં બંધનમાંથી મુક્ત કરી તેની પ્રગતિના પથદર્શક બનાવનાર આ સંતનું જીવન અને કવનસંદેશ અહીં સુપેરે વ્યક્ત થયાં છે. સંતપરંપરાનાં આવાં અન્ય પુસ્તકો પણ આવકાર્ય બની રહે. કાચું પૂઠું, પૃ. ૧૮૯, રૂ. ૨-૭૫.

મહાપ્રાણ નિરાલા : હિંદીના અલગારી અને પ્રતિભાવાન કવિ સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા'ના જીવનનો અને એમના સાહિત્યનો અહીં આલોચનાત્મક અભ્યાસ રજૂ થયો છે. ૬૪ પૃષ્ઠની હિંદી પુસ્તિકામાં સમાએલા નવ વિવિધ લેખકોના નવ લેખો નિરાલાજીની સાહિત્યિક પ્રતિભાને સમજવાની દિશામાં ઠીક ઠીક ઉપયોગી થઈ પડશે. કાચું પૂઠું, પૃ. ૬૭, રૂ.૧.

ભારતરત્ન : ભારત તો અનેક રત્ન સમાન વીર્યવાન પુરુષોની ખાણ છે. તે પૈકી જે મહાનુભાવોને, તેમની સેવાની કદરમાં, ભારત સરકારે 'ભારતરત્ન'ના ઈલકાબથી નવાજ્યા છે તેમનો સંક્ષિપ્ત પરિચય આ હિંદી પુસ્તિકામાં આપવામાં આવ્યો છે. અહીં ચક્રવર્તી રાજગોપાલાચારી, ડૉ. રાધાકૃષ્ણન, ડૉ. સી. વી. રામન, ડૉ. ભગવાનદાસ આદિ ૧૪ 'ભારત રત્નો'નો પરિચય કરાવ્યો છે. કાચું પૂઠું, પૃ. ૧૦૨, રૂ. ૨

ભારતનું ગૌરવ • ભાગ-૩ : અકબરથી દયાનંદ સરસ્વતી સુધીના સમય ગાળામાં થઈ ગએલા રાજકીય-સામાજિક મહાપુરુષો અને સંત-સંગીતકાર-કવિ આદિનાં સંક્ષિપ્ત પણ શ્રદ્ધેયરૂપ જીવનચરિત્રોનું જીવનોપયોગી પુસ્તક, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૩.

ભારતીય હાથી : હાથી ભારતનું પ્રાચીન ગૌરવશાળી પ્રાણી છે. એના અંગેની રસપ્રદ માહિતી આ નાનકડી પુસ્તિકામાં અંગ્રેજીના જાણીતા લેખક એમ. કૃષ્ણન જેવા નિષ્ણાતે સરસ રીતે આપી છે. એમની જ પાડેલી અને આર્ટ પેપર પર છાપેલી અનેક છબીઓથી પુસ્તિકા સમૃદ્ધ બની છે. કાચું પૂઠું, ૩૨, રૂ.૨-૭૫.

ચિત્તરંજન દાસ : ભારતની આઝાદીના મહાન લડવૈયા દેશબંધુ દાસનું ભૂપેન્દ્રનાથ સાન્યાલે હિંદીમાં લખેલું પ્રેરક અને સંક્ષિપ્ત જીવનચરિત્ર. કાચું પૂઠું, પૃ. ૪૬, રૂ. ૧-૧૦.

લોહપુરુષ સરદાર પટેલ : ભારતના ભડવીર અને ગુજરાતના સપૂત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું મુકુટબિહારી વર્માએ હિંદીમાં લખેલું પ્રેરણાદાયી રોચક જીવનચરિત્ર. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦.

પ્રેરણાદીપ : જવાહરલાલ, વલ્લભભાઈ, વિવેકાનંદ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને મહાત્મા ગાંધી જેવી વિભૂતિઓના જીવનમાંથી પ્રેરણાત્મક પ્રસંગો લઈ લેખક વ્રજભૂષણે આ સચિત્ર પુસ્તિકામાં ૧૦૧ કથાખ્યાનો હિંદીમાં સરસ શૈલીથી અતિ શ્રમ લઇને રજૂ કર્યા છે. આજની ઊછરતી પેઢીના ઘડતરમાં આવાં પુસ્તકોનું મૂલ્ય ઓછું નથી. કાચું પૂઠું, પૃ. ૧૧૧, રૂ. ૩.

રાજકુમારી નિહાલદે : જુદાં જુદાં રાજ્યોની પ્રેરણાત્મક પ્રચલિત લોકકથાઓને હિંદીમાં રજૂ કરવાનો આ સાંસ્કૃતિક વિનિમયનો પ્રશસ્ય અને સન્નિષ્ઠ પ્રયાસ છે. આપણા કિશોરોને રુચે તેવી તેની લખાવટ છે. કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૨.

એક દિનકા મહેમાન : મહારાષ્ટ્રના ઇતિહાસની કેટલીક પ્રસિદ્ધ અને સત્યઘટનાત્મક વાર્તાઓનો કાશીનાથ ગોવિન્દ જોગળેકરે સરલ હિંદીમાં કરેલો સ્ફૂર્તિદાયક અનુવાદ. કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૧-૬૫.

સરલ પંચતંત્ર • ખંડ-૧ : પંચતંત્રની વિશ્વપ્રસિદ્ધ ભારતીય કૃતિના, પ્રથમ ખંડના, મૈત્રીને કેન્દ્રમાં રાખતા બાલભોગ્ય વિભાગનો હિંદીના જાણીતા લેખક વિષ્ણુ પ્રભાકરે કરેલો સુભગ હિંદી અનુવાદ. કાચું પૂઠું, પૃ. ૬૭, રૂ. ૧-૭૫

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી અપાનારાં ત્રણ પારિતોષિકો

(૧) શ્રી હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી અરવિંદ સુવર્ણ ચંદ્રક : નીચે જણાવેલા ગુણોવાળી પૈકી નિર્ણાયકોએ શ્રેષ્ઠ ઠરાવેલી ઈ. ૧૯૭૦માં પ્રસિદ્ધ થએલી કૃતિને–૧. ભક્તિવિષયક ઉત્તમ મૌલિક રચના; ૨. જનહૃદયમાં ઉચ્ચ પ્રેરણા જગવી શકે એવી ઉત્તમ મૌલિક સાહિત્યકૃતિ; ૩. પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, ઉદારતા, સહિષ્ણુતા આદિ ગુણોને દૃઢ કરે તેવો મૌલિક વાર્તા-સંગ્રહ. (૨) હરિઃ ૐ આશ્રમ પ્રેરિત ભગિની નિવેદિતા પારિતોષિક : ગુજરાતની સ્ત્રી-લેખિકાઓની સ્ત્રીજીવનને અને સમાજને ઉન્નત કરે એવી ભાવનાપ્રેરક, શક્તિપ્રેરક, ગુણ-વિકાસક મૌલિક કૃતિઓ પૈકી શ્રેષ્ઠતાના ક્રમે પ્રથમને રૂ. ૬૦૦ અને દ્વિતીયને રૂ. ૪૦૦નું પારિતોષિક. (૩) ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક : જેમને આજ સુધી શિક્ષણની સુવિધા સાંપડી ન હતી તેવી અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના લેખકોનાં ઈ. ૧૯૭૦માં પ્રસિદ્ધ થએલાં પુસ્તકો પૈકી શ્રેષ્ઠ પુસ્તકને રૂ. ૫૦૦નું પારિતોષિક અપાશે. જો ગુણવત્તાની દૃષ્ટિએ શ્રેષ્ઠ કૃતિ નહિ સાંપડે તો સર્વધર્મ સમભાવ અને ભારતીય એકતાને પોષક એવી શ્રેષ્ઠ કૃતિને પારિતોષિક એનાયત થશે. તો સર્વ સંબંધિત લેખકો-પ્રકાશકોને વિનતિ છે કે ૧૯૭૦માં પ્રસિદ્ધ થએલ કૃતિની વિગત ને શક્ય હોય તો તેની એક નકલ તા. ૩૦-૫-૭૧ સુધીમાં કાર્યાલય (હ. કા. કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯)ને મોકલી આપે.



કચ્છમાં લખપત તાલુકામાં રણની કાંધી પાસે ત્રણ પ્રાચીન ગુફાઓ છે. તેમાંની બીજી ગુફા (પહેલું ચિત્ર). વચ્ચેનું ચિત્રઃ આ સમૂહમાંની મોટી અને મુખ્ય ગુફાનો અંદરથી દેખાતો એક ભાગ. ત્રીજા ચિત્રમાં એ ગુફાનો બહારથી દેખાતો એક સ્તંભ તથા તે ગુફાની અંદરની બીજી ત્રણ નાની ગુફાના પ્રવેશ દેખાય છે. (ફોટોઃ મણિભાઈ વોરા)

કચ્છને વાયવ્ય છેડે આવેલી પ્રાચીન ગુફાઓ

લેખકઃ મણિભાઈ વોરા

સિંધુ નદીના મુખ નજીક આવેલા કચ્છના પશ્ચિમ ભાગને પુરાણોમાં 'શ્રીપતિ દેશ' કહ્યો છે. 'શ્રીપતિ' પરથી થયું 'સરપત' અને તેના પરથી આજનું 'લખપત'. આ લખપત તાલુકામાં રણની કાંધી પાસે કાળજૂનાં ભોંયરાં છે. માતાના મઢથી ઘડુલી થઈ સિયોત જવાય છે. સિયોતથી ઈશાને દરિયા જેવું દેખાતું રણ છે. અહીંથી ઉત્તરે અરડા થઇને કટેસરી નદીએ પહોંચાય છે. આજની આ ખારી અને કોરી નદીને સામે કાંઠે, એકબીજાથી સારી પેઠે દૂર, સામસામાં, કટેશ્વર મહાદેવ અને કટેશ્વરી-કાલિકાદેવીનાં સુંદર શિખરબંધ મોટાં મંદિરોથી અહીંનું કુદરતી દૃશ્ય દીપી ઊઠે છે. નદીકાંઠે એક નાનો રંગીન ને ખારા પાણીનો કુંડ છે. અહીંથી વાયવ્યે ખડકાળ માર્ગે અરધાક માઈલે, મથાળે કાંટાળી વનસ્પતિ અને ઝાંખરાંથી ઢંકાએલા પાકા ખડકના એક ટેકરાની ભીંતાળમાં પશ્ચિમાભિમુખ માનવ-સર્જિત પ્રાચીન ગુફાઓ છે. આસપાસ ઝાંખરાં-ઝરડાં અને આથમણી બાજુ ખેતરાઉ જમીનવાળી આ ગુફાઓને પણ (બીજી બધીની માફક) લોકો ખાપરા-કોડિયાનાં ભોંયરાં કહે છે.

વીસેક ફૂટ ઊંચા ખડકમાં નાનીમોટી ત્રણ ગુફાઓ કોરેલી છે. તેમાં ડાબી બાજુથી પ્રથમ એક સમચોરસ પાંચેક ફૂટ નાની ગુફા છે. તેનું ૪×૨ ફૂટનું દ્વાર દેખાય છે. આની નજીક બીજી એક નાની ગુફાના એંધાણ તરીકે તેની ભગ્ન પછીત છે. ત્યાર પછી પહેલી ગુફાને છે તેવડા પ્રવેશવાળી પરંતુ અંદરથી જરા વધારે મોટી એક ગુફા છે. ત્યાંથી આગળ જમણી બાજુ દક્ષિણ છેડે ત્રીજી ગુફા છે, જે આ સમૂહમાં મોટી અને મુખ્ય છે.

આ વિશાળ ગુફાના મુખમંડપનું દ્વાર ધરાવતો ખડકનો ભાગ તૂટી જતાં અંદરના બે સ્તંભો માત્ર ટકી રહ્યા છે. મંડપમાં પડતાં અંદરની ગુફાઓનાં દ્વાર બહારથી દેખાય છે. મંડપ આશરે સોળ-સત્તર ફૂટ લાંબો-પહોળો અને દસેક ફૂટ ઊંચો છે. પેલા બે સ્તંભો મંડપની સપાટ છતને ટેકવે છે. આ બંને સ્તંભો ઉપરથી પહોળા અને નીચે આવતાં નાના થતા ગોળાકાર છે. સ્તંભને ઉપરના કંઠે વલય અને તેની ઉપર છાદ્યશિલા કંડારેલી છે. આની ઉપર ચાપણા તરીકે બે આડી લાંબી રેખાઓથી છત સાથે સ્તંભને મેળવી દીધેલા છે. પૂર્વ ભૂમધ્ય સમુદ્રની ત્રણ હજાર વર્ષ જૂની મિનોઅન સ્થાપત્યશૈલીના જેવી આ સુંદર સ્તંભોની રચના છે.

મંડપમાં દાખલ થતાં જમણા હાથ પર અંદરની એક તૂટેલી ગુફાનું મોટું દ્વાર છે. ૭ ફૂટ જેટલી ઊંચાઈના આ દ્વારની શાખ ઉપર કોતરણીનો થોડો અવશેષ રહી ગયો છે. બાજુમાં મોટો ગોખલો છે. આ દ્વાર-કાંગરી અને ગોખલામાં આજના કચ્છી, રબારી અને આહીરની ભીંતપણકળાનાં મૂળ જોઈ શકાય છે. ગોખલા પાસે ખૂણામાં ૫×૩ ફૂટનું દ્વાર છે, જે બાજુના નાના ગુફાખંડનું છે. ખંડમાં સામે જમણી બાજુ ૪'×૩'નું બીજું દ્વાર પડે છે; જે અંદરના બીજા ચોરસ ખંડનું છે. આમ આ વિશાળ મંડપમાં ત્રણ ગુફાઓનાં દ્વાર પડે છે.

ગુફાની ભીંતો, બંને સ્તંભો, છત, બાજુઓ વગેરેના ઘણાખરા ભાગ ઉપર ખાડા, કાપા, આંકા—કંઈક ખત્તી આર્યોની લિપિને મળતા—જોઈ શકાય છે. તેમાં બારીકાઈથી જોતાં ત્રિશૂળ, ઊંટ, મોર, માછલી વગેરે તેમજ નવ કાંકરી જેવી રમતની આકૃતિઓ પણ દેખાય છે. ખડકનું તૂટવું, ઘસાવું અને પાછળથી માણસોએ કરેલાં અટકચાળાંને કારણે પણ આવા કાપા-આંકા વિશેષ થએલા છે. છતાં લિપિનિષ્ણાતોએ જોવા જેવું ખરું, કદાચ કંઈક અર્થ નીકળે.

આ બધી ગુફાઓને પરસાળ પણ હશે એમ આસપાસનાં ચિહ્નો પરથી લાગે છે. વચ્ચેની નાની ગુફાને પડથારે જમીન પર એક મોટી કૂંડી કોતરેલી છે. આસપાસનો ભાગ સાફ કરવામાં આવે તો ગુફાઓનો નકશો પણ મળી શકે. આશરે બે હજાર વર્ષ જૂની લાગતી આ ગુફાઓને અગાઉના ધરતીકંપોથી અને છેવટે ઈ. ૧૮૧૯ના કચ્છના પ્રચંડ ભૂકંપથી તેમજ કાળાનુક્રમે લાગેલા ઘસારાથી આવું નુકસાન થયું લાગે છે.

પૂર્વે સિંધુનો એક પ્રવાહ આજના મોટા રણમાં વહેતો, ને અલ્લાહબંધ તેમજ રણનું પેટાળ ઊંચે આવ્યાં ન હતાં ત્યારે આ આભીર પ્રદેશ (કચ્છ)ની ઉત્તરે છીછરો સમુદ્ર હતો. કોરી નાળ તેનું પશ્ચિમ દ્વાર હતું. આ નાળને અંદરને નાકે આવેલા 'લખપત'ને સ્થાને બંદર હશે. કચ્છ અને સૌરાષ્ટ્ર બન્ને દ્વીપો હતા ત્યારે સિંધુ, સૌવીર, આનર્ત અને આભીર દેશનો વેપારવણજ આ સમુદ્રમાં હતો. કચ્છ-સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે થઈ સ્તંભતીર્થ સુધી વહાણો જતાં. કચ્છી વહાણવટું સૈકાઓ જૂનું છે. આ દેશના વેપારી વહાણવટીઓ પશ્ચિમે સાગરપાર જતા અને પશ્ચિમી પ્રજાઓ પણ શ્રીપતિ દેશે આવતી. યવનો, શકો તેમજ ઈરાનીઓ અહીં આવી વસ્યા, આભીરો સાથે ભળતા તેમાંથી આ પ્રદેશની પ્રજા ઘડાઈ. ચાવડાઓનો તો અહીં ગઢ હતો. આ સમયે કટેશ્વરી નદીમાં મીઠાં જળ વહેતાં હશે અને આપણી આ ગુફાઓ, ચાવડાઓ અને પશ્ચિમની પ્રજાઓના પૂર્વજોના ગુરુઓનાં આરામ-અખાડો હશે એમ કલ્પી શકાય. વીતી ગએલા યુગની કલ્પના આજના આ ઉજ્જડ ઊસળ પ્રદેશને કેટલો સમૃદ્ધ અને કેવો રમ્ય બનાવી મૂકે છે! □

સૌરાષ્ટ્રને સાગરકંઠ દક્ષિણે/જ્યાં ભૂકરા પથ્થરના સ્તરો પરે/ભૂમિ રસાળી લવ કંકુવર્ણી
ઝૂલંતું ત્યાં નીલમ સરખું

શારદાગ્રામ

કેવું !*

દેશમાં જ્યારે રાષ્ટ્રીયતા અને સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉભાર આવ્યો હતો ત્યારે, ઈ.સ. ૧૯૨૧માં, કરાચીના એક જાહેર બગીચામાં 'શ્રી ભારત સરસ્વતી મંદિર'ના આરંભ થયો. થોડાશા વિદ્યાર્થીઓ અને અનેક વિટંબણાઓ સાથે આરંભાએલી આ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા ધીરે ધીરે પાકાં છાપરાં તળે બસતી થઈ.ઈ.૧૯૩૧માં એક બ્રાહ્મમુહૂર્તે રાષ્ટ્રપિતા ગાંધીજીએ સંસ્થાના નિજી મકાનનો પાયો નાખ્યો. પણ ત્યાં તો ગાંધી-અર્વિન કરારો તૂટતાં લડત ઊપડી અને અંગ્રેજ સરકારે ભારત સરસ્વતી મંદિરની મિલ્કતો જપ્ત કરી તેના સ્થાપક-નિયામક શ્રી મનસુખરામ જોબનપુત્રાને જેલનિવાસ આપ્યો. ઈ. ૧૯૩૨માં જપ્તી દૂર થઈ તે દરમિયાન 'શ્રી શારદામંદિર'ના નવા નામે પુનઃનિર્માણ પામેલી આ શિક્ષણ-સંસ્થા તે પછી એ જ નામે ચાલતી રહી.

કરાચીમાં એક ટોળાંની વચ્ચે યે આ શારદામંદિરનો વિદ્યાર્થી અલગ તરી આવતો. રસ્તા પર રેઢિયાળ ચાલે આડાઅવળો આથડતો એ જોવા ન મળે, કારણ એને 'તાલ સે કદમ' ચાલવાનો પાકો મહાવરો હતો; અને એટલે જ તો એ સ્વયંસેવક બની લોકોને જાહેર માર્ગ પર ફૂટપાથ પર ચાલવાનો પાઠ આપવામાં ત્યાંની મ્યુનિસિપાલિટીને મદદ કરી શકતો. રસ્તે ચાલતાં ગંડેરીનાં છોતરાં મન ફાવે ત્યાં ફેંકવાને બદલે એવો કચરો નાખવા માટે મ્યુનિસિપાલિટીએ થોડે થોડે અંતરે રાખેલા ડબ્બા આવે ત્યાં સુધી એને હાથમાં કે ખિસ્સામાં રાખવામાં એને નાનમ નહોતી લાગતી. અને આવા કંઈ બેપાંચ વિદ્યાર્થીઓ નહોતા. લગભગ ૧૨૦૦ની સંખ્યાએ તેઓ પહોંચ્યા હતા. ગાંધીજયંતી કે શાળાની જયંતી પ્રસંગે એ બારસો યે જણના ગણવેશધારી શિસ્તબદ્ધ સરઘસને પોતાના સુસજ્જ બૅન્ડના તાલે એકકદમ ચાલતું જોવું એ આ વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે જ નહિ, સૌ શહેરીઓ માટે એક લહાવારૂપ હતું. આજે વત્તેઓછે અંશે આવું કેટલુંક શહેરની શાળાઓમાં જોવા મળે છે, પણ આજથી ત્રણ દાયકા પહેલાં પરાધીન પ્રજાનાં બાળકોમાં આવી સૈન્ય સમ શિસ્તબદ્ધતા એક અનોખા ગૌરવ રૂપ હતી.

સૂચનો અને વિજ્ઞાપનો માટે આજે કેટલીક મોટી શાળાઓમાં લાઉડસ્પીકરની વ્યવસ્થા જોવા મળે છે; પણ ૨૫-૨૮ વર્ષ પહેલાં શારદામંદિરમાં સંસ્કાર સિંચનના એક માધ્યમ તરીકે તેનો જે રીતે ઉપયોગ થતો હતો તે તો કદાચ આજે યે અન્યત્ર જોવા નહિ મળે. જ્યારે લોકોનાં ઘરમાં પણ રેડિયો વસાવવો એ એક મોઘું સ્વપ્ન હતું તે કાળે શારદામંદિરના વિદ્યાર્થીઓ વર્ગમાં બેઠાબેઠા શૈક્ષણિક કાર્યક્રમો સાંભળી શકતા

ક્યારેક એકાએક વરસાદ તૂટી પડે ત્યારે શારદામંદિરના વિદ્યાર્થીઓન વાલીને છોકરાં પલળતાં આવવાની ચિંતા નહોતી. તેઓ જાણતાં શાળામાં તેઓ સલામત હશે, એટલું જ નહિ એમના નાસ્તાની વ્યવસ્થ પણ ત્યાં થઈ ચૂકી હશે. વિદ્યાર્થી માત્ર જમવા પૂરતો જ ઘેર જાય અ બાકી અભ્યાસ ઉપરાંત વ્યાયામ, રમતગમત, વાચન, સંગીત કે ચિત્ર કળાના પાઠ વગેરે જેવી ઇતર પ્રવૃત્તિઓ માટે શાળામાં જ પડયોપાથયે રહે એવા દાખલાની ત્યાં ઓછપ નહોતી. શાળા અને વિદ્યાર્થીની અ આત્મીયતા આજે યે અન્યત્ર ઓછી જ જોવા મળે છે.

સરકારી તેમજ અન્ય હાઇસ્કૂલોની સામે, રાજ્યની જરા પણ આર્થિ સહાય લીધા વિના રાષ્ટ્રીય શાળા ચલાવવાનો આવો નાદ આરંભમ ઘણાંને અવ્યવહારુ જ નહિ, વાહિયાત પણ લાગ્યો હશે; પણ અને વિટંબણાઓ પાર કરતા જઈ શારદામંદિરે જ્યારે પોતાની રજતજયંત ઊજવી અને એ વખતે યોજેલા શૈક્ષણિક પ્રદર્શનના ઉદ્ઘાટન નિમિ આમંત્રેલા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ જેવા પ્રખર શિક્ષણવેત્તાએ જ્યાં શારદાના આ મંદિરને બિરદાવ્યું ત્યારે સૌને એટલી તો ખાતરી થઈ ગ ગઈ હતી કે શાંતિનિકેતન પછી દેશની આ પણ એક અનોખી શિક્ષ સંસ્થા હતી. કરાચી આવતા લગભગ બધા રાષ્ટ્રીય નેતાઓ શારદા મંદિરના જ અતિથિ બનતા. દર શનિવારની સવારની ત્યાંની પ્રાર્થનાએ વખતે એમના વક્તવ્યનો વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય લોકો પણ લાભ પામતા. તેના નિયામક શ્રી મનસુખરામભાઈના પુરુષાર્થ ને આગવી દૃષ્ટિથ શિક્ષણક્ષેત્રે અનોખું ગૌરવ પામેલા એ શારદામંદિરનું મૂલ્ય સમજીને ત તો ગાંધીજીએ (પોતાના અવસાન પૂર્વે બાર જ દિવસ અગાઉ) દેશન ભાગલાને કારણે છિન્નભિન્ન થઈ ગએલી આ સંસ્થાને ટકાવી રાખવા વિકસાવવાનું સૂચન અને આગ્રહ વ્યક્ત કર્યાં હતાં. અને જે સ્વપ્ને કરાચીમાં અધૂરાં રહેલાં તે આજે સૌરાષ્ટ્રમાં શારદાગ્રામ સ્વરૂપે વ ઉન્નતિ પામી સાક્ષાત્ થઈને પોતાની સુવર્ણજયંતી ઊજવી રહ્યાં છે.






ઉપર: સોનાવરણી વેળુથી આચ્છાદિત સ્વચ્છ સુંદર લાંગલી (નારિયેળી) વીથિ પરથી દેખાતી શારદાગ્રામની ગૌશાળા અને (જમણી બાજુ) ઈ. ૧૯૬૮નું ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર જ્યાં યોજાએલું એ ત્યાંના વૃક્ષછાયાથી શીતળ વિસ્તાર. (ફોટો · મ: દૂધિયા)

શારદાગ્રામના વિશ્વકર્મા શ્રી મનસુખરામભાઈ જોબનપુત્રાને ત્યાંનો વિશાળ પરિવાર એમના પિતાતુલ્ય વાત્સલ્યથી પ્રેરાઈ વહાલથી 'બાપુજી' કહી સંબોધે છે. આજે પંચોતેરે પહોંચેલી એમની વયનાં અરધી સદી જેટલાં વર્ષો તો શારદામંદિર અને શારદાગ્રામના સર્જન ને વિકાસ પાછળ ગાળ્યાં છે. પણ આ ઉમરે યે તેઓ એક નવયુવાનના જેવો તરવરાટ, અદમ્ય ઉત્સાહ અને અખૂટ કાર્યશક્તિ ધરાવે છે. પોતે સર્જેલી આ વિશાળ સંસ્કારસૃષ્ટિની નાનીમોટી સમગ્ર બાબતો પર એમની ચકોર નજર સદા ફરતી જ રહે છે. આત્માની સર્વાંગી કેળવણીના તેઓ અગ્રણી છે. શિક્ષણસંસ્થામાં દારિદ્રય કે દૈન્ય નહિ પરંતુ શ્રી અને સમૃદ્ધિ હોય, દુઃખભરી ગરીબાઈ નહિ પણ જીવનસુખની રિદ્ધિ હોય, જીવનનું વેવલાપણું નહિ પણ પ્રભુતા ને વીરત્વ હોય, જીવનમાં જડ અણઘડતા નહિ પણ દિવ્યતાની ઝલક હોય, આ એમની અંતરની અભીપ્સા ને સાધના છે. અને એમાં પોતાના અપ્રતિમ પુરુષાર્થને કારણે તેઓ બહોળા પ્રમાણમાં સિદ્ધિ મેળવતા રહ્યા છે. એક સર્જક સંસ્થાકાર અને કેળવણીકાર તરીકે એમની જીવનકલાનું એક રહસ્ય એવું છે કે 'નકામા' લાગતા માણસને યે તેઓ 'કામનો' કરી શકે છે. ખુદ એ માણસ પોતાની શક્તિને ઓળખીને તેનો વધુ ને વધુ સદુપયોગ કરતો બને એવી આત્મશ્રદ્ધાની જ્યોત તેઓ એનામાં જગાડી શકે છે. એમના ચુંબકીય વ્યક્તિત્વનો આ મહાગુણ જેટલો પ્રગટ છે એટલો ગૂઢ છે. સાથસમાગમમાં કે વાતચીતમાં તેઓ હમેશાં સામા માણસના ગુણોને અને માન્યતાને બિરદાવે છે તથા તેના આત્માને માન આપે છે.

શારદામંદિરમાં એકેએક વિદ્યાર્થી માટે એમની પાસે નોંધ રહેતી. વિદ્યાર્થી બહારના જીવનમાં ક્યાં જાય છે, શું કરે છે, કેવી સોબતમાં રહે છે, તેની પ્રગતિ કેવી થાય છે, આ બધી માહિતી એમની પાસે તૈયાર જ હોય. વિદ્યાર્થીઓના વાલીને તેઓ અંગતરીતે ઓળખતા ને અવાર-



શારદાગ્રામના સ્રષ્ટા

નવાર મળતા. કસૂર કરીને રોતા આવતા વિદ્યાર્થીને છાતી સરસો ચાંપી સાંત્વન આપી પછી તેની બધી વાત શાંતિથી સાંભળી છેવટ તેની ભૂલ સમજાવી હસતો કરી પાછો વર્ગમાં મોકલવાની એમની રીતમાં વિદ્યાર્થી પ્રત્યેભારોભાર વાત્સલ્ય ને આત્મીયતા જ રહેલી છે. વિદ્યાર્થીઓના પ્રશ્ન હલ કરવામાં તેઓ નિષ્ણાત છે અને એટલે જ હડધૂત કે તિરસ્કૃતને પણ તેઓ ઉત્સાહથી ભરી દે છે. બાળકોનાં તન, મન અને હૃદયના વિકાસ માટે તેઓ અત્યંત ચીવટ રાખે છે. એમના નાગરિક જીવનનો પાયો સુદૃઢ બનાવવા તેઓ સદાય સજગ રહે છે.

શુદ્ધ જોડણી, સુંદર સ્વચ્છ અક્ષરો ને મુદ્દાસર લખાણના તેઓ આગ્રહી છે. આજે યે એમની શ્રવણેન્દ્રિય એટલી સતેજ છે કે ઝીણામાં ઝીણો ગણગણાટ કે સાવચેતીભર્યા ધીમા અવાજે થએલી વાતચીત પણ તેઓ પકડી પાડે છે. એવી જ ચકોર એમની નજર, શારદાગ્રામના સમગ્ર વિસ્તારમાં વૃક્ષ પર ક્યાં યે સૂકું પાન કે સુડદાલ ડાંખળી રહેવા દેતી નથી. અને ઘ્રાણેન્દ્રિય પણ એટલી જ તીવ્ર. શારદાગ્રામના અત્યંત સ્વચ્છ, સંગીતમય, સુગંધમય ને પૂર્ણ શાંતિભર્યા વાતાવરણના સર્જન પાછળ એમની ઉચ્ચ સુરુચિનો જ પ્રભાવ છે. વર્ષો પહેલાંના પ્રસંગો કે વાતચીતને આજે યે તેઓ શબ્દશઃ ફરી વર્ણવી શકે છે.

શારદામંદિર અને શારદાગ્રામનાં જે કંઈ વિકાસ ને સિદ્ધિ છે તે બધાં એમને જ આભારી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. એમના વ્યક્તિત્વનો, એમની કલાદૃષ્ટિનો, એમની આયોજનશક્તિનો અને એમના અજોડ પુરુષાર્થનો પ્રભાવ ત્યાં સર્વત્ર વ્યાપ્ત છે. શારદાગ્રામ અને એમની વચ્ચે ભિન્નતા નથી. શારદાગ્રામ એમની ઉચ્ચ અને ઊર્ધ્વ મનોસૃષ્ટિનું એક પ્રત્યક્ષ પ્રમાણ છે, અને એનો ઉત્તરોત્તર વિકાસ એમના પુરુષાર્થનો દ્યોતક છે. અહીં એમણે પ્રાચીન સંસ્કૃતિના સત્ત્વશીલ અંશો અને શહેરની આધુનિક સવલતોનો સુંદર સુમેળ સાધી બતાવ્યો છે. એમનું રસવૈવિધ્ય સાહિત્ય, સંગીત, કલા, વિજ્ઞાન, ધર્મ, શિક્ષણ, કૃષિ, હોમિયોપથી, હસ્તરેખાશાસ્ત્ર વગેરે અનેક ક્ષેત્ર પર વ્યાપ્ત છે. પદલાલિત્ય ને ભાવથી ભરપૂર ભજનો ને ગીતો પણ એમણે રચ્યાં છે. શિષ્ટાચાર ને વિનય-વિવેકભર્યું એમનું સૌજન્ય એ એમનું વશીકરણ છે.

શારદાગ્રામ દ્વારા એમણે આદર્શ શિક્ષણનો પાઠ આપ્યો છે, અહીંના અકલ્પ્ય એવા સુંદર અને મધુર વાતાવરણના સર્જન વડે એમણે સતત પ્રવૃત્તિમય જીવન વચ્ચે યે સ્વસ્થ સૌંદર્યની શક્યતાને મૂર્તિમંત કરી બતાવી છે, અહીં ગોઠવેલી દિનચર્યા વડે એમણે જીવનને રસમય બનાવવાની શક્યતાને સિદ્ધ કરી છે, અહીંની વ્યવસ્થા વડે એમણે પોતાની આયોજનશક્તિનું અનુકરણીય દૃષ્ટાંત આપ્યું છે, એક સમયની વગડાઉ જમીન પર એમણે નંદનવન સરજીને પ્રચંડ પુરુષાર્થનો પરચો પ્રત્યક્ષ કરી બતાવ્યો છે. સ્વ. કવિ શ્રી દેશળજી પરમારે એમને સુયોગ્ય રીતે બિરદાવ્યા છે.

'જેનું થયું જીવન એક યજ્ઞ,
જેના બન્યા છે તપપ્રાણ સૌમ્ય;
છે જે પિતા વત્સલ માતૃશક્તિ શા,
તેનાં વધો કાન્ત પ્રકાશ ઉષ્મા.'

દેશના ભાગલા પડયા. શારદામંદિરની દસેક લાખની અસ્કયામત વેરણછેરણ થઈ ગઈ. પણ તેના સર્જક મનસુખરામભાઈના મહત્ત્વાકાંક્ષી પુરુષાર્થની શ્રદ્ધા હજી અચલ હતી. સંસ્થાના પ્રમુખ શ્રી જમશેદ નસરવાનજી મહેતા અને ગાંધીજીના પ્રેરણાસ્રોતે એ શ્રદ્ધાને સિંચન આપ્યું હતું. ઈ. ૧૯૪૯ના એપ્રિલમાં માંગરોળ નજીક શારદાગ્રામ રૂપે શારદામંદિરનું નવનિર્માણ થયું. સૌરાષ્ટ્ર સરકારે ૧૦૮ વીઘાંનો એક બાગ અને એક હજાર વીઘાં વગડાઉ જમીન આપ્યાં. મનસુખરામભાઇએ અન્ય આપ્તજનોનો સાથ લઈ ફરી એક વાર પ્રચંડ પુરુષાર્થ આદર્યો. દેશવિચ્છેદના આતશમાં વિલીન થએલી એ આદર્શ સંસ્થા 'હુમા' પંખીની પેઠે ફરી પુનર્જીવિત થઈ. શારદાનું મંદિર વિસ્તારીને હવે શારદાગ્રામ બન્યું.

બે દાયકા પહેલાં જ્યાં આબડખોબડ વગડાઉ જમીન હતી ત્યાં હવે કલ્પી પણ ન શકાય તેવું નંદનવન સર્જાઈ ગયું છે. પથરાળ જમીનને સમથળ કરી, માટી ને ખાતર પૂરી, ત્યાં નાળિયેરીનાં વાવેતર કર્યાં છે. અનુત્પાદક જમીન પર સંસ્થાની ગાયો માટે ચરિયાણ ઊભાં કર્યાં છે. એના નવા વિકસેલા બાગમાં આમ્રઘટાઓ, કદલીવનો, વાડીઓ ને વીથિકાઓની હરિયાળી ત્યાં પ્રવેશતાં જ એક આહ્લાદક અનુભૂતિ કરાવે છે. સોનાવરણી રેતીથી આચ્છાદિત તેના સ્વચ્છસુંદર માર્ગો પર કાદવકીચડ તો ન જ સંભવે, પણ એક સૂકું પાન કે કાગળની ચબરખી પણ નથી દેખાતી

પણ આ સ્વચ્છતા એ તો વરસે લગભગ ૨૫થી ૩૦ હજાર મુલાકાતી-ઓને અહીં ખેંચી લાવતાં અનેક આકર્ષણોમાંનો એક અંશ માત્ર છે. શારદાગ્રામનું કાર્યક્ષેત્ર તો ઘણું વિસ્તૃત છે. અહીંના વિવિધલક્ષી વિનય મંદિરમાં અદ્યતન કેળવણી દ્વારા એસ. એસ. સી. સુધીનો અભ્યાસક્રમ ચાલે છે. ખેતીવાડીના વિશિષ્ટ અભ્યાસક્રમવાળું 'મંગલાયતન' ને બાલ-ક્રીડાંગણ, બાલશિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, સમાજશિક્ષણ અને ઔષધ-સહાયની સગવડવાળાં ત્રણ ગ્રામકેન્દ્રો પણ શારદાગ્રામ દ્વારા ચાલે છે. અંગ્રેજીના શિક્ષણની વિશિષ્ટ વ્યવસ્થા, સંસ્કૃતના અભ્યાસની પૂરક પ્રવૃત્તિઓ, નિયમિત લેવાતા વિશેષ વર્ગો, ચિત્રકલા સંગીત ને ફોટો-ગ્રાફીના શિક્ષણની સાથે સુગમ સંગીત, લોકગીત, નાટ્યકલા ઇત્યાદિનું તેના નિષ્ણાતો દ્વારા શિક્ષણ, વ્યાયામ, રમતગમત, એન. સી. સી. અને સ્કાઉટિંગની સુવ્યવસ્થિત તાલીમ, ઋતુઋતુઓના ઉત્સવો, વિભૂતિ-જયંતીઓ ને રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી, બહુજન સમાજને લાભ મળે એ માટે સમૃદ્ધ નર્સરીનું આયોજન, બાળકોની વ્યક્તિગત મૂંઝવણોને હલ કરતું માર્ગદર્શક કેન્દ્ર વગેરેમાં શારદાગ્રામનું કાર્યક્ષેત્ર વિસ્તરેલું છે.

અહીંની ગૌશાળાએ એક નવો જ આદર્શ સ્થાપી બતાવ્યો છે. સો ઉપરાંતની અહીંની ગાયો સરાસરી છથી સાત શેર દૂધ તો આપે જ છે. હજી હમણાં જ અખિલ હિંદ હરીફાઈમાં વધુમાં વધુ દૂધ આપનાર તરીકે શારદાગ્રામની ગાય 'ગૌરી' પ્રથમ ઈનામ જીતી ગઈ હતી. અને ગમાણ હોય ત્યાં ગંદવાડો થાય એમ સૌને સહેજે લાગે, પણ આ ગૌ-શાળામાં બિલકુલ ગંદકી જોવા નહિ મળે. ધૂપ-સુગંધ અને સંગીતના સૂર વચ્ચે વસતી આ દરેક ગાયને સુંદર નામ આપેલાં છે. એ દરેકે આપેલા દૂધ અને વેતરની તારીખવારની અહીં નોંધ પણ રહે છે. જે કંઈ દૂધ મળે છે તે બધું અહીં વપરાઈ જાય છે અને વિદ્યાર્થીઓને શક્ય હોય તેટલું ઘી પણ આ ગાયના દૂધનું જ અપાય છે. દરેક વિદ્યાર્થીને દરરોજ પોણો શેર દૂધ ને એટલી જ છાશ મળે છે. વિદ્યાર્થીના આહારનું આયોજન પોષણ ને વૈવિધ્યની દૃષ્ટિએ એટલું જ સરસ કરેલું છે. સંસ્થા એ દરેકના આહાર પાછળ મહિને એંસી રૂપિયા જેટલો ખર્ચ કરે છે.

આવું જ સમૃદ્ધ છે અહીંનું પુસ્તકાલય. ૧૬,૦૦૦થી યે વધુ પુસ્તકો ત્યાં છે. ૧૨૦ જેટલાં સામયિકો પણ અહીં નિયમિત આવે છે. એના વાચનાલયમાં જે વિદ્યાર્થીનો જન્મદિવસ હોય તે વિદ્યાર્થીનું નામ તે દિવસે મુકાય છે. રોજિંદી પ્રાર્થના-સભામાં એને આશિષ-અભિનંદન અપાય છે અને તે દિવસે એ વિદ્યાર્થી સામાન્ય રસોડે નહિ પણ પોતાના ગુરુને ઘેર પોતાને ભાવતી ખાસ વાનગીવાળું ભોજન જમે છે. જન્મદિન નિમિત્તે શાળા તરફથી એને એની કક્ષાનુસાર થોડાં પ્રેરક પુસ્તકો ભેટ મળે છે. આ રીતે આરંભથી અહીં રહેલો વિદ્યાર્થી સાત વર્ષે ભણી ઊતરીને ઘેર જાય ત્યારે તેની પાસે સારાં પુસ્તકોનો એક નાનકડો ઉપયોગી સંગ્રહ બની રહે તેવો આની પાછળ આશય છે. છાત્રાલયમાં તેર વર્ષ સુધીની વયનાં ૧૮ બાળકો એકસાથે રહે છે. આવાં દર ૧૮ બાળકે એક 'માતા' એ સૌની આંખે આંજણ આંજી આપવા સુધીની બધા પ્રકારની સાર-સંભાળ રાખે છે. દરેક વિદ્યાર્થીને પોતાનાં કપડાં, પુસ્તકો ને બૂટચંપલ સુવ્યવસ્થિત રહી શકે તેવી આગવી વ્યવસ્થાવાળા પલંગ અપાય છે.

અહીંનું સમગ્ર આયોજન ઊંડા વિચારપૂર્વક કરેલું છે. અહીંનું પ્ર-ત્યેક રાચરચીલું, અરે કપડાં સૂકવવાની ઘોડી સુધ્ધાં તેની ઉપયોગિતા અને સુંદરતાની દૃષ્ટિએ વિચારપૂર્વક બનાવેલાં છે. માત્ર ગણતરીની જ મિનિટોમાં પરદા વગેરે સાથે નાટ્યપ્રયોગોનું સ્ટેજ ગોઠવી દઈ શકાય તેવી રીતે એનાં બધાં સાધનો રચાયાં છે. માથાદીઠ લગભગ ૨૫ ગૅલનના પાણીની વપરાશ અહીં થાય છે અને એ માટે કૂવા પર બનાવેલી ટાંકી દિવસમાં ૧૨ વખત ભરાય છે! તરવા માટે ધોધમાર પાણીથી ઊભરાતો મોટો હોજ છે. આટલું બધું પાણી વપરાતું હોવા છતાં અહીં ક્યાંય ખુલ્લી ખાળ જોવા નથી મળતી. જમીનની અંદર જ એવી રચના કરી છે કે વપરાએલું બધું પાણી આસપાસનાં વૃક્ષોને પરિપ્લાવિત કરતું રહે.

શિક્ષકોના આવાસ પણ આ જ રીતે બહુ બુદ્ધિપૂર્વક બનાવેલા છે. સામાન્યતઃ કુટુંબની બધી જ સગવડ સચવાઈ રહે તેનો તેમાં પૂરતો ખયાલ રખાયો છે. દરેક શિક્ષકને પોતાના આંગણામાં એકએક આંબો અને ફૂલક્યારો પણ છે. આ આંબાનો બધો ફાલ એ કુટુંબ જ વાપરે છે.

સંસ્થાના સમગ્ર વિસ્તારને આવરી લેતી આગવી ધ્વનિપ્રસારણ યોજના છે, જે એકબીજા વિભાગને સાંકળવા સાથે વહેલી સવારે મંગળ વાદ્યથી સૌને જગાડવાથી માંડી મધુર સંગીતની રસલ્હાણ પીરસતી રહે છે. શિષ્ટ સંગીતની ટેઈપનો અહીંનો સંગ્રહ એટલો મોટો છે કે જેની સમગ્ર લંબાઇ સો-હજાર મીટર નહિ પણ લાખના આંકડે પહોંચેલી છે. એવો જ સમૃદ્ધ સંગ્રહ છે શૈક્ષણિક ફિલ્મો અને સ્લાઈડોનો.

શિક્ષણક્ષેત્રે શારદાગ્રામની એક બીજી યોજના પણ પ્રશંસનીય અને આવકાર્ય છે. એ છે શિક્ષણના બધા જ વિષયોની આગવી 'લૅબોરેટરી'-ની. શરીરસ્વાસ્થ્ય માટે એક ખાસ વિભાગ છે, જ્યાં આ અંગેનાં ખાસ ચૂંટેલાં સેંકડો અભ્યસનીય પુસ્તકોના સંગ્રહ સાથે અનેક સચિત્ર ચાર્ટ વગેરે દ્વારા વિદ્યાર્થી આપમેળે આ વિષયના છેલ્લામાં છેલ્લા વિકાસ સુધીનું જ્ઞાન મેળવી શકે છે. એક લૅબોરેટરી છે કૃષિ-વિજ્ઞાનની. ત્યાં પણ બીજ, માટી, ખાતર વગેરેના નમૂનાઓ સાથે સંખ્યાબંધ બોધક ચાર્ટ વડે બહુ વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી શકાય છે. અહીંની વિજ્ઞાનની પ્રયોગશાળા-માં અભ્યાસક્રમ ઉપરાંત પણ અવનવા પ્રયોગોની સવલત છે, જેનો લાભ લઈ વિદ્યાર્થીઓએ કેટલાંક નવાં વૈજ્ઞાનિક સાધનો આપમેળે બનાવ્યાં છે; અને ઇતિહાસ, ભૂગોળ, અન્ય વિજ્ઞાનશાખાઓ, સાહિત્ય વગેરે અનેક વિષયોની આવી આગવી વ્યવસ્થા કરવાની શારદાગ્રામની નેમ છે. પણ આ લેખિત વર્ણનો કરતાં તેનું પ્રત્યક્ષ દર્શન જ તેની સમૃદ્ધિ ને ઉપયોગિતાનો વધુ સચોટ ખયાલ આપી શકે.

વૈદ્યકીય સારવારને પણ અહીં ભુલાઈ નથી. 'ઍાલ પથી વિથ સિ-મ્પથી' વાળી અહીંની નાનકડી ઍાસ્પિટલમાં ઍલોપથી, હોમિયોપથી આયુર્વેદ ને કુદરતી ઉપચારો સુધીની બધી સગવડ છે. અને એની આ સેવા શારદાગ્રામ ઉપરાંત આસપાસના ગ્રામવિસ્તાર સુધી વિસ્તરેલી છે.

એમ તો શારદાગ્રામની બધી જ પ્રવૃત્તિઓનો સીધો કે આડકતરો લાભ આસપાસના બહોળા વિસ્તારને મળતો જ રહ્યો છે. અહીં ઊભી થએલી આ સમગ્ર સૃષ્ટિને કારણે અન્ય લાભ ઉપરાંત અનેકને રોજી પણ મળતી થઈ છે, જે લાભ કદાચ ઘણાની દૃષ્ટિ બહાર રહી જતો હશે.

બહાર ઘણા માને છે કે અહીં દૂર ગ્રામવિસ્તારમાં વસવાથી વિ-દ્યાર્થી શહેરમાં હળીભળી ન શકે તેવા બની જતા હશે, રાષ્ટ્રીય ભાવ-નાના વાતાવરણમાં 'વેદિયા' બની જતા હશે, કે અંગ્રેજી બોલચાલની 'સ્માર્ટનેસ'થી યા દુનિયાના રોજિંદા બનાવોના જ્ઞાનથી અલિપ્ત રહી જતા હશે, પણ એ માન્યતાઓ બેબુનિયાદ છે. અહીંના અભ્યાસક્રમનું ધો-રણ પણ શહેરની નામી શાળાઓ કરતાં જરા યે નીચું નથી, એટલું જ નહિ બલ્કે પોતાના ભાવિ જીવન માટેનું બીજું, શહેરમાં લગભગ અશ-ક્ય એવું, બહુમૂલ્ય ભાથું પણ વિદ્યાર્થી અહીંથી બાંધી જાય છે. ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવતાં એને મુશ્કેલી અનુભવવી નથી પડતી. એમના નાગરિક જીવનનો પાયો જેટલો અહીં સુદૃઢ થાય છે તેટલો અન્યત્ર કદાચ સંભવિત નથી. નજીકના ગામડાથી માંડી છેક આફ્રિકાના અને ગરીબ તથા શ્રીમંત બાળકો અહીં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના એક સાથે કૃષ્ણ-સુદામા જેમ રહે છે. અને આ પણ હજી તો આરંભ છે. ભ-વિષ્યમાં અહીં હજી ઘણો વિકાસ સાધવાનું શારદાગ્રામનું લક્ષ્ય છે. મજલ ઘણી લાંબી છે, પણ યાત્રા અવિરત ચાલુ જ રહી છે અને રહેશે. —બિ.

* શિર્ષક પરની પંક્તિઓ સ્વ. શ્રી દેશળજી પરમારની છે.

કલાવાર્તા

કલાકાર મોહન સામંત

આ અંકના પૂર્ણરંગી મુખચિત્રના કલાકાર મોહન સામંત બહુ થોડા કાળમાં પોતાની કલા



દ્વારા દેશવિદેશમાં કીર્તિ પામનાર એક પ્રતિભાવાન કલાકાર છે. ઈ.સ. ૧૯૨૯માં મુંબાઈમાં એમનો જન્મ. મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના એક તેજસ્વી સ્કૉલર તરીકે એમણે ઈ. સ. ૧૯૫૧માં કળાનો ડિપ્લોમા મેળવ્યો. ત્રણ વર્ષ પછી મુંબાઈના ગવર્નરનું પારિતોષિક અને ૧૯૫૪માં કલકત્તા આર્ટ સોસાએટીના સુવર્ણચંદ્રકનું માન એમણે મેળવ્યા પછી બીજે વર્ષે લલિતકલા અકાદમીએ પણ એમની કલાને ઍવાર્ડ આપીને નવાજી. ઈ. સ. ૧૯૫૬-૫૭નો બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચન્દ્રક પણ એમને મળેલો. કારકિર્દીના આરંભથી જ આવાં માનચાંદ મેળવનારી એમની કલાપ્રતિભાની જાણીતા કલાસામયિક 'માર્ગ'માં ડૉ. મુલ્કરાજ આનંદે પણ નોંધ લીધી. અને આમ કલાક્ષેત્રે એમની આગવી શક્તિ પ્રસ્થાપિત થઈ ગઈ. ઈ. ૧૯૫૭-૫૮માં ઈટલી સરકારની સાંસ્કૃતિક વિનિમયની શિષ્યવૃત્તિ મળતાં એમણે આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રવેશ કર્યો અને પછી એશિયા સોસાએટીની ગ્રાંટથી તેઓ અમેરિકા પણ ગયા.

અમેરિકામાં આયોવા, મિશિગન, બકનેલ અને પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીઓ તેમજ ઍન આર્બર અને બ્રુકલિનની કૉલેજોમાં કલા-વ્યાખ્યાનો આપવા ઉપરાંત ત્યાં તેમજ છેક વેનીસ, તોકિયો અને સાઓ પાઉલો, બાઇએનલ્સ (દ્વિ-વાર્ષિકીઓ)માં તથા રોમ, ઝૂરિખ, લંડન, પારી(સ), મ્યૂનિખ વગેરે સ્થળોએ એમની કૃતિઓ પણ પ્રદર્શિત થઈ હતી.

આમ, પરદેશમાં એમની પ્રતિષ્ઠા બંધાતી ગઈ. એ સમયે વિખ્યાત સાપ્તાહિક 'ટાઇમ'ના કલા-વિભાગમાં પણ એમનાં બે રંગીન ચિત્રો સાથે એમનો પરિચય પ્રકટ થયો હતો. આવી નોંધ પામનાર તેઓ પ્રથમ હિંદી ચિત્રકાર હતા. આન્તોનિયો ટૅપિઝ જેવા પીઢ સ્પૅનિશ કલાકાર સાથે એમની હવે સરખામણી થવા લાગી.

ન્યૂ યૉર્કના 'મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટ'માં તથા પિટ્સબર્ગના 'કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ'માં પણ એમની કૃતિઓ સ્થાન પામી. આમાં યે 'મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટ'નાં હજારો ચિત્રોમાંથી આલ્ફ્રેડ એચ. બાર (જુનીઅર)એ તેના કૅટલગનું સંપાદન કરતાં ચૂંટેલાં ૧૫૩ અગ્રગણ્ય ચિત્રોમાં શ્રી સામંતનું 'ગ્રીન સ્કવેર' પણ પસંદ કરેલું. આમ એ સંસ્થાના મૂલ્યવાન ગણાતા કૅટલગમાં વાન ગૉઘ, હૅનેર રુસ્સો જેવા વિખ્યાત કલાકારો તથા જેસ્પર જ્હૉન્સ ને વિક્ટર વાસેર્લી જેવા નામી પૉપ કલાકારો સાથે તેઓ પણ સ્થાન પામ્યા એ ગૌરવની વાત ગણાય.

'ધ સન ચૅરીઅટ' (સૂર્યરથ) નામની એમની એક કૃતિ કૅનેડાના ફ્રેડરિક્ટનમાં યોજાએલા 'ડન ઇન્ટરનૅશનલ એક્ઝિબિશન'માં તથા લંડનની વિખ્યાત ટેઈટ ગૅલેરીમાં પણ રજૂ થઈ હતી. જ્યાં પિકાસો, રેનાટો, ગટ્ટુસો, ઝયાં ડ્યુબફ્ફેટ, મૅક્સ અર્ન્સ્ટ, સાલ્વાડોર ડાલી, માર્ક છાગાલ જેવા સાથે તેમની પણ રજૂઆત થઈ અને 'ઍબ્સ્ટ્રૅક્ટ એક્સ્પ્રેશનિસ્ટ' તરીકે તેઓ ત્યાં પ્રતિષ્ઠા પામ્યા. ધ વર્ટ હાઉસ ગૅલેરીઝમાં ઈ. ૧૯૬૧, ૬૨ અને ૬૩માં એમની કૃતિઓ પ્રદર્શિત કરતાં નોંધાએલું કે 'આંતરરાષ્ટ્રીય ફલક પર વિહરતી એમની કળા ભારતીય કલ્પનાશીલતાને જાળવી રાખે છે.' છ વર્ષના આ લાંબા વિદેશવાસ પછી તેઓ જ્યારે સ્વદેશ પાછા ફર્યા ત્યારે એમની પાસે એમનું પોતાનું કોઈ ચિત્ર સાથે નહોતું! આમ એમની નિઃશેષ કૃતિઓને પરદેશમાં સ્થાન મળ્યું એ એમની ત્યાંની પ્રતિષ્ઠા દર્શાવે છે.

તેલરંગો, રેતી, સ્પેકલ (એક પ્રકારનો સીમેન્ટ) અને ગુંદર વગેરે જેવા વિવિધ પદાર્થો વડે રચાએલાં એમનાં ચિત્રો રંગના થર પર ઊપસતી ઘન રેખાઓ, અક્ષરાલેખનો, કોરેલાં સંજ્ઞાલેખનો વગેરે વડે કોઈ પણ ચિત્રજૂથમાં અલગ તરી આવે તેવાં આગવાં બની રહે છે.

ચિત્રકાર હોવા સાથે સંગીતના પણ એ જ્ઞાતા હોઈ એમનો દિવસ ચિત્રાલેખનથી નહિ પણ સારંગીવાદનથી આરંભ પામે છે.

—જયંત સિદ્ધપુરા

મોઝેઈક ચિત્રો

ભોંય પર ભાતીગર લાદીની બિછાત કે ભીંત પર કિસમકિસમના રંગીન પથ્થરોના જડતરકામનાં શોભન વડે ઇમારતો શણગારવાની કલા સર્વ દેશોમાં સૌને પરિચિત છે. એ જ રીતે ચળકતી રંગીન લાદીઓના કે બાટલી યા રંગીન કાચના નાના નાના ટુકડા ચોડીને અવનવી ભાત કે ચિત્રો બનાવવાનો વિચાર સદીઓ જૂનો છે. છેક બાઇઝેન્ટાઈન ને રોમન સામ્રાજ્યની કળાના પ્રાચીન અવશેષોમાં તેનો વિનિયોગ થયો છે. જો કે ભારતમાં તેના અવશેષો જોવા મળતા નથી. પણ હમણાં પશ્ચિમને પગલે આપણે ત્યાં એ દિશામાં કામ થવા માંડ્યું છે. આજે હવે એનું સ્વરૂપ ક્યાંક બદલાયું છે. અગાઉ સીધી ભીંત પર જડાતી કપચીને બદલે હવે મોટાં કદનાં ભીંતચિત્રોરૂપે પાટિયા પર ચોડીને પણ તે ભીંતે લગાડાય છે.

તાજેતરમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કૉર્પોરેશન (એસ.ટી.)ના વડોદરા, જામનગર તથા અંબાજીનાં બસસ્ટેશનોનાં નવાં મકાનો પર જે તે સ્થળની લાક્ષણિકતાઓને રજૂ કરતાં જંગી કદનાં મોઝેઇક ચિત્રો જાણીતા કલાકાર શ્રી શાંતિ શાહે સર્જ્યાં છે. એ ઉપરાંત અમદાવાદના ભદ્ર શ્રેષ્ઠી શ્રી અમૃતલાલ હરગોવિંદદાસના આવાસની ભીંત પર કૃષ્ણજીવનનાં બે મુખ્ય પાસાં (બાળલીલા ને ગીતાબોધ)ને નિરૂપતાં મોઝેઇક પણ એમણે કર્યાં છે. તેના નમૂના આ સાથે જોશો.

સાથેનાં બીજાં મોઝેઇક ચિત્રો વડોદરાના શ્રી

પછળ જેનું રેખાંકન આપ્યું છે એ, દાંડીકૂચના,
એસ. એમ. વાઘેલાના મોઝેઇક ચિત્રનો આરંભનો ભાગ.







ડાબી બાજુ: શ્રી વાઘેલાએ કરેલા 'દાંડીકૂચના' મોઝેઈક ચિત્રનો પાયાનો સ્કેચ. તેમાં ક્રમવાર (૧) ગાંધીજીએ દાંડીકૂચ માટે નિર્ણય લીધો તે, (૨) લૉર્ડ અર્વિન અને વિઠ્ઠલભાઈ પટેલનો તે અંગેનો વાર્તાલાપ, (૩) રાસ ગામમાં સરદાર પટેલની ગિરફતારી, (૪) દાંડીકૂચનું પ્રસ્થાન, (૫) જંબુસરમાં કોમી ઐક્યની સભા, (૬) દાંડીમાં ગાંધીજીનું ઉદ્બોધન, (૭) મીઠાના કાયદાનો ભંગ, (૮) ધારાસણામાં લાઠીમાર અને (૯) ખારાઘોડામાં સત્યાગ્રહીઓ પર અત્યાચાર. ઉપર આ જ ચિત્રનો પૂરા થએલા મોઝેઈકનો એક ભાગ દર્શાવ્યો છે.



એસ. એમ. વાઘેલાનાં છે. બચપણમાં જ પિતાની છત્રછાયા ખોઈ બેઠેલા એમણે, દિવસે શિષ્યવૃત્તિના ટેકે શાળાભ્યાસ અને રાત્રે અન્ય ખર્ચ કાઢવા માટે સાઈનબોર્ડ ને સિનેમાનાં પોસ્ટરો વગેરે ચીતરીને આપબળે વડોદરાના કલાભવન અને મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ એમ બંનેનો ડિપ્લોમા મેળવ્યો છે. હાલ તેઓ વડોદરાની સાયન્સ કૉલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં ચિત્રકાર છે; ઉપરાંત મૉડેલ્સ અને ફોટોગ્રાફી પણ કરે છે. ચિત્રકળામાં તસવીરો એ એમના ખાસ વિષય છે. પણ અન્ય દિશામાં યે એમણે સારું કામ કર્યું છે.

વડોદરાના રાજમહેલમાં ઈટાલિયન મોઝેઈક ચિત્રો જોઈ એમને પણ એ પ્રકારનું કામ કરવાની પ્રેરણા જાગી. એમનાં બે મોઝેઈક ચિત્રો તો ખરીદાઈને છેક અમેરિકા ગયાં છે. ગુજરાત રાજ્યના સચિવાલય માટે પણ તે ગાંધીજીનું એક મોઝેઈક તૈયાર કરનાર છે.

આ સાથે જેનું પૂરું રેખાંકન તથા પૂરા થએલા અમુક ભાગ (અહીં તથા આ અંકના પૂઠા પર) આપ્યાં છે તે 'દાંડીકૂચ'નું આલેખન પણ મૂળ એમણે ગુજરાત રાજ્યની ગાંધીશતાબ્દી ઉજવણી નિમિત્તે કરેલું, જે અસલ સ્કેચ રાજ્યના માહિતીખાતાએ ખરીદેલો છે. તે પછી એ જ વિષયને વિસ્તારીને એમણે વધુ મોટા કદમાં એ ચિત્ર પૂરું કર્યું છે. હાલ તેઓ ગાંધીજી વિષેનું જ





અમદાવાદના કલાકાર શાંતિ શાહે પણ ભારતીય ઢબે ચિત્રાત્મક મોઝેઈક કર્યાં છે જેના નમૂના રેલ્વે ઇન્સ્ટીટ્યૂટની એમની આ કૃતિ 'આનંદલીલા' અને 'ગીતાબોધ' આ પાના પર છે. જ્યારે સામેના પાના પર અંબાજીના બસ સ્ટેશન પર અને આ પાના પર (જમણી બાજુ) વડોદરાના બસ સ્ટેશન પર શોભનાર્થે કરેલાં મોઝેઈકની રજૂઆતમાં જે તે સ્થળની લાક્ષણિકતા દર્શાવતી સંકેતાત્મક રજૂઆત છે. આ બધા મોઝેઈકમાં એમણે કલ્પનાનો જ પ્રયોગ કર્યો છે.

એક બીજું મોટું મોઝેઈક ચિત્ર કરી રહ્યા છે.

પોતાના મોઝેઈકમાં ટપકી, રેતી, કાંકરા, મણકા, વાંસ વગેરે અનેક વસ્તુઓ તેઓ વાપરે છે, પણ બહુધા વીજળીના ગોળાના કાચના હાથેથી નાના ટુકડા કરી તેને રંગીને તેઓ લગાડે છે. અનેક માનવપાત્રો સાધેનાં સંયોજનો એ એમના મોઝેઈકની લાક્ષણિકતા છે અને તેથી જ એટલે એ માત્ર શોભનાલેખન જ નહિ પણ પૂર્ણ ચિત્ર હોય છે. આ રીતે એમની કૃતિ સાચા અર્થમાં 'મોઝેઈક ચિત્રો' બની રહે છે.

'ગોકુલ આવોને મહારાજ'

એવા ઇંગિતગર્ભ નામાભિધાનથી, શ્રી મૃણાલિની બહેન સારાભાઈ સંચાલિત અમદાવાદની 'દર્પણ' ઍકેડેમીની વિદ્યાર્થિનીઓએ થોડા વખત પર 'કૃષ્ણ-બાલચરિત'ની એક મનભર નૃત્યનાટિકા રજૂ કરી હતી. એ નિમિત્તે, આપણી એક પ્રથિતયશ સંસ્થાની પ્રવૃત્તિનો આમૂલાગ્ર ખયાલ આવી રહે એવું તેનું આયોજન હતું અને શ્રી મૃણાલિનીબહેને પ્રારંભિક પ્રવચનમાં, એ દૃષ્ટિએ આ પ્રયોગની રચના કઈ રીતે કરી હતી તે જણાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ચાર વર્ષની કુ. રોહિણીએ સંસ્કૃત પ્રાર્થના મુદ્રાઓ સાથે ગાઈ હતી. તે પછી દર શનિવારે ૫ થી ૭ વર્ષની બાળાઓ માટે જે વર્ગ લેવાય છે તેની તાલીમનો પ્રયોગ તાલ, લય સાથે બધી વિદ્યાર્થિનીઓએ વિવિધ વયવૃંદમાં કરી બતાવ્યો હતો.

ત્યાર બાદ મોટી વયની વિદ્યાર્થિનીઓએ









'ગોકુલ આવોને મહારાજ': ઉપર ડાબી બાજુથી-નરસિંહ મહેતાની 'આ પેલો ચાંદલિયો'ની રજૂઆતમાં પ્રતીક્ષા અને સંધ્યા; 'કપાળે આવી કામિની'-પૂતનાના પાત્રમાં ગોપીનાથ, (જમણી બાજુ મથાળેથી અનુક્રમે) 'એટલો રહેજે દૂર' (નિરંજન ભગતની રચના)ના અભિનયમાં કુ. મલ્લિકા સારાભાઈ, એમનો જ બીજો નૃત્યાભિનય મીરાંબાઈની ગીતરચના 'મુજ અબળાની' પર આધારિત હતો. નીચે: નરસિંહ મહેતાના 'જલકમલ છાંડી જાને બાળા' પર આધારિત નૃત્યાભિનયમાં કૃષ્ણ - ભાસ્કર કુમાર, કાલીય - બાલક સાધુ અને નાગિણી અનુરાધા.



ભરતનાટ્યમ્ શૈલીમાં કૃષ્ણના બાલચરિતના મુખ્ય મુખ્ય પ્રસંગો રજૂ કર્યા હતા (માત્ર 'પૂતના વધ'ના પ્રસંગ કથકલી શૈલીમાં રજૂ થયો હતો); અને તેની સાથેના ગાન સંગીતમાં તે તે પ્રસંગને નિરૂપતાં, નરસિંહ મહેતાથી માંડી નિરંજન ભગત સુધીના કવિઓનાં ગુજરાતી પદ અને ગીતોનું મધુર આયોજન કર્યું હતું. આમ, આખો યે કાર્યક્રમ ખૂબ રસપ્રદ બની રહ્યો હતો. એને લગતાં થોડાં ચિત્રો આ સાથે આપ્યાં છે.

શ્રી મૃણાલિનીબહેને જણાવ્યું હતું તે પ્રમાણે 'દર્પણ'ની વિદ્યાર્થિનીઓ આઝાદી બાદ આ ક્ષેત્રમાં દેશ તથા વિદેશમાં આવા પ્રયોગો દ્વારા તેમજ નૃત્યશિક્ષણક્ષેત્રે પોતાના શિક્ષણને જીવંત રાખી રહી છે.

બે ગુજરાતી કારીગરોને રાષ્ટ્રીય પુરસ્કાર



નટવરલાલ રાવળ અને ભુલાભાઈ ચિતારા

અખિલ ભારત હસ્તકલા મંડળ તરફથી પરંપરાગત કલાકૌશલનાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામ કરનાર કારીગરોને ઉત્તેજન આપવા સાત વર્ષથી અંગવસ્ત્ર અને તામ્રપત્ર સાથે રૂા. ૨૫૦૦ નો એક વાર્ષિક રાષ્ટ્રીય પુરસ્કાર અપાય છે. આ વર્ષના એવા પુરસ્કાર માટે દેશના વિવિધ વિસ્તારના જેમની વરણી થઈ તેમાં શ્રી નટવરલાલ મહીપતરામ રાવલ તથા શ્રી ભુલાભાઇ ચુનીલાલ ચિતારા એમ બે ગુજરાતી કલાકારોને એ માન મળ્યું છે.

પથ્થરના સુંદર શિલ્પકાર્ય માટે ગુજરાતની જાણીતી સોમપુરા જ્ઞાતિના નટવરલાલ મૂળ તો વઢવાણના, પણ હાલ વ્યવસાયાર્થે દિલ્હીમાં વસે છે. પ્રારંભિક તાલીમ પિતા દ્વારા પામીને જાણીતા શિલ્પી શ્રી જગન્નાથ સોમપુરા પાસેથી પદ્ધતિસર શિલ્પકળા શીખી તેમણે એ માટેનો ડિપ્લોમા મેળવ્યો છે. દિલ્હી ને અમદાવાદમાં યોજાએલાં કલાપ્રદર્શનોમાં પ્રશંસાપાત્ર કૃતિઓ રજૂ કરવા ઉપરાંત હસ્તિનાપુરના મંદિરમાં એમણે કરેલાં શિલ્પોએ એમને કીર્તિ અપાવી છે. સામાન્યતઃ આ જ્ઞાતિના નવયુવાનો પોતાના આ વંશાનુગત કલાકૌશલને છોડી અન્ય વ્યવસાય પ્રતિ ઢળી રહ્યા છે ત્યારે વારસાગત પ્રાવીણ્યને તેઓ જે રીતે વળગી રહ્યા છે એ પ્રશંસનીય છે.

એ જ રીતે ભુલાભાઈ ચિતારાએ પણ કાપડ પરની વંશાનુગત કલમકારીને વળગી રહીને એ કલાકૌશલને જાળવી રાખ્યું છે. ઈ. ૧૯૪૨માં એમનો જન્મ. એક પગે ખોડ હતાં છેક બાર વર્ષની વયથી પિતાને કલમકારીમાં સહાય કરવા માંડીને એમણે પોતાના કૌશલને ઘડ્યું છે. કાપડના પટ પર પૌરાણિક પાત્ર–પ્રસંગો–ખાસ કરીને માતાના પટ આલેખવાની ગુજરાતની તળપદી કલાને એમણે માત્ર ટકાવી છે એટલું જ નહિ, એમાં આગવી સિદ્ધિ દાખવી અગાઉ ૧૯૬૯ના ગુજરાત રાજ્ય હસ્તકલા પ્રદર્શનમાં એ માટે પ્રથમ પારિતોષિક પણ મેળવ્યું છે.

અન્ય પ્રલોભનો છોડી પોતાની કોમના વારસાગત કૌશલને વળગી રહીને પુરૂષાર્થ વડે માણસ તેમાં પણ રાષ્ટ્રમાન્ય સિદ્ધિ હાંસિલ કરી શકે તેનાં આ પ્રેરક ઉદાહરણો છે.







ફોટો-હરીફાઈનું પરિણામ: આરંભ કર્યો ત્યારે દર મહિને નિયમિત ચાલેલા 'કુમાર'ના આ વિભાગમાં યુદ્ધકાલીન અને યુદ્ધોત્તર મોંઘવારીને કારણે ઉત્તરોત્તર ઓછાં ફોટો-ચિત્રો મળતાં જવાથી એમાં અનિયમિતતા આવી ગઈ. આથી અંતે એક એવો નિર્ણય કર્યો કે વૈવિધ્ય અને સંખ્યાની દૃષ્ટિએ હરીફાઈને અનુકૂળ સંખ્યામાં ચિત્રો એકઠાં થાય પછી જ એ પ્રકટ કરવી. આ રીતે લાંબા સમયે જે કેટલાંક ચિત્રો એકઠાં થયાં તેનું પરિણામ અહીં આપ્યું છે. પહેલાં કરતાં હવે વધુ સારાં સાધનો પ્રાપ્ય બન્યાં હોઈ અને ફોટોકૌશલનો વિકાસ થઈને ટેકનિકની દૃષ્ટિએ સારાં ચિત્રો ઝડપવાની શક્યતા વધી છે ખરી, પણ બીજી બાજુ કેવળ વ્યાસંગ તરીકે ફોટોગ્રાફીનો વ્યાપ પણ ઘટ્યો છે. અહીં આપેલાં ત્રણે ચિત્રોમાં કૅમેરાની શક્તિ સ્પષ્ટ જણાય છે, પણ ચિત્રાત્મકતા એટલી ઉત્કૃષ્ટ નથી. ભાઈ વસંત સંઘવી (માંડવી)ના પહેલા ચિત્રમાં ઊડતા પક્ષીના વેગ દર્શાવવા વપરાયું છે એ કરતાં સહેજ ઓછું એક્સપોઝર આપ્યું હોત તો કદાચ પક્ષી આટલું જડ ન લાગત. એ જ ભાઈના બીજા ચિત્રમાં એકસરખા પ્રકાશને કારણે પાત્રના ચહેરાની લાક્ષણિક્તા મંદ પડી જાય છે. પીયૂષભાઈ બારોટ (અમદાવાદ)ના (ત્રીજા) ચિત્રમાં બંબાવાળાઓને એક તરફ રાખી તેમણે પકડેલા પાઈપમાંથી પાણીની શેડ ઊડતી ઝડપી શકાઈ હોત તો ચિત્ર જીવંત બની રહેત. ત્રણે ચિત્રોમાં પ્રયત્ન સ્પષ્ટ જણાઈ આવે છે અને એટલે પહેલાં બંને ચિત્રોને સંયુક્તપણે પહેલું અને ત્રીજાને ત્રીજું ઈનામ આપ્યું છે.

'લગ્નજીવન કુટુમ્બનિયોજન અને માતૃત્વ'

'કુમાર'ના માર્ચ અંક (૫૯૭)માં પૃ. ૧૧૦ ઉપર જે 'એક વસાવવા જેવા જ પુસ્તક'નું અવલોકન આપ્યું છે તે 'લગ્નજીવન, કુટુમ્બનિયોજન ને માતૃત્વ'-ના પ્રકાશક 'રણછોડલાલ લોટવાળા ફાઉન્ડેશન, ૪૫૯ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબાઈ' છે. એ સંસ્થા સાર્વજનિક ધર્માદા સંસ્થા છે. લોકલાભ માટે ખોટ ખાઈને સસ્તી કિંમતે (રૂ. ૪) સંસ્થાએ તે પુસ્તક ડૉ. હરિત દેરાસરી પાસે લખાવી પ્રસિદ્ધ કર્યું છે એમ જાહેર કરવાનું અમને જણાવાયું છે

ટપાલટિકિટની કથા-૫

જી. ડબ્લ્યુ. બેચમાન નામના ચૌદેક વર્ષના એક વિદ્યાર્થીને પોતાની દાદીમાની જૂની ટપાલો ફંફોસતાં સ્વીડનની એક જૂની ટિકિટ જડી. એ વખતે—એટલે કે ઈ. ૧૮૮૫માં નવાનવા પ્રસરેલા ટિકિટસંગ્રહના શૉખની તેને જાણ એટલે એ જૂની ટિકિટ એક વેપારીને બતાવી. પેલા તો એ ફાટી આંખે જોઈ જ રહ્યો ને બોલી ઊઠયો 'આ તો પીળી છે!'

હા, એ ટિકિટ પીળા રંગમાં હતી. અસલ એ ટિકિટો લીલા રંગમાં જ છપાએલી. 'થ્રી સ્કિલિંગ બૅંક'ને નામે ઓળખાતી સ્વીડનની ૧૮૫૭ની એ ટપાલટિકિટમાં ન જાણે કેમ પણ પેલી એક જ ટિકિટ કેસરી ઝાંયવાળા પીળા રંગની નીકળી. વેપારી સમજી ગયો કે એની પાસે આવેલી એ ટિકિટ મૂલ્યવાન હતી એટલે પેલાએ તો થોડી કિંમતમાં બેચમાનને પટાવી લીધો, પણ ઉત્તરોત્તર વધતી કિંમતે વેચાતી જઈને અંતે ૧૯૩૮માં રૂમાનિયાના રાજાએ તે ૫૦૦૦ પાઉન્ડમાં ખરીદેલી ને પદભ્રષ્ટ થયા પછી યે અતિ મોંઘી કિંમત મળતી હોવા છતાં એમણે એ ટિકિટ હજી વેચી નથી.





પેસિફિકમાં ન્યૂ કૅલિડોનિયા નામે એક દ્વીપ સમૂહ છે. ૧૮૬૪ થી ૧૮૯૫ દરમિયાન ત્યાં ફ્રાંસના દેશનિકાલ થએલા કેદીઓને રખાતા. એમની સંભાળ માટે રખાએલા સૈનિકોના પત્ર-વહેવાર માટે નૌકાદળના એક સાર્જન્ટ ત્રિકેરાને ત્યાંનો પોસ્ટમાસ્ટર બનાવેલો. ત્રિકેરા પાસે ટપાલટિકિટો તો હતી નહિ, એટલે એણે જાતે જ ફ્રેન્ચ સમ્રાટ નેપોલિયન ત્રીજાનાં પચાસ મહોરાં દસદસની પાંચ હારમાં એક પથ્થરની સપાટી પર કોતરીને દસ સેન્ટાઈમની કિંમતની ટપાલટિકિટો બનાવીને ચલણમાં મૂકી. આ ટિકિટો સ્થાનિક ટપાલ-વ્યવહારમાં જ ચાલતી. હાથે કોરેલી એટલે એ પચાસે છાપમાં ઓછાવત્તો તફાવત રહે એ સ્વાભાવિક છે. આજ સુધી સંગ્રાહકો આ ટિકિટનું બહુ મૂલ્ય આંકતા નહોતા કેમ કે એ ટિકિટોને સરકારી માન્યતા મળી નહોતી એમ મનાતું. પણ હમણાં ત્યાંનાં જૂનાં છાપાંઓ પરથી જણાયું છે કે આ ટિકિટો બહાર પાડવા માટે વિધિસર સત્તાઓ અપાઈ હતી. —યશવંત મહેતા



મધુઝરી

મહેક્યો મોગરો. લહેરાઇ પારિજાતની ખુશ્બૂ
તમે એ ફૂલ છો, જેમાં રહી હર જાતની ખુશ્બૂ।
કદી આનંદની ખુશ્બૂ કદી આઘાતની ખુશ્બૂ,
કદી ગુંજન, કદી બુલબુલ-ના ઉત્પાતની ખુશ્બૂ।
લહરમાં જે રહે લહેરાઈ તે તો સર્વ જાણે છે,
અનિલને કોઈ તો પૂછો, શી ઝંઝાવાતની ખુશ્બૂ।

—રતિલાલ 'અનિલ'

કેરળનો કચ્છી મુદ્રક

એકસો ને ત્રીસ વર્ષ પહેલાં દૂરદૂર કચ્છથી એક ગરીબ છોકરો આજીવિકાની શોધમાં કેરળના ઐતિહાસિક શહેર કોચીન આવી પહોંચ્યો. સખત પરિશ્રમથી તે મોટો વેપારી થઈ પડચો અને વિવિધ સંસ્થાઓ ઉપરાંત ઘણાં ક્ષેત્રોમાં તે અગ્રણી બની રહ્યો. કોચીનમાં તેણે પહેલું છાપખાનું, પહેલું વર્તમાનપત્ર 'કેરાલા મિત્રોમ' (મલયાલમ), 'ધી વેસ્ટર્ન સ્ટાર (અંગ્રેજી) તથા 'કેરાલા કોકિલ' (મરાઠી) પત્રો તેમજ પહેલું પ્રકાશનગૃહ શરૂ કર્યાં. જોકે તેની માતૃભાષા ગુજરાતી હતી છતાં મલયલમ ભાષી લોકો તેને મલયાલમ મુદ્રણ, પત્રકારિત્વ તથા પ્રકાશનના તેના ફાળામાં સદૈવ યાદ કરે છે. આ નામાંકિત વ્યક્તિનું નામ દેવજી ભીમજી.

એનો જન્મ કચ્છમાં નારાયણસરોવર ખાતે એક ગરીબ ભાટિયા કુટુંબમાં ૧૮૨૯માં થયો હતો. તેની બાલ્યાવસ્થામાં તેના પિતા ભીમજી ખેતશીનું અવસાન થયું અને તેની માતા કલ્યાણીબાઈએ ખૂબ અગવડો વેઠીને તેને મોટો કર્યો. દસ વર્ષની ઉંમરે દેવજી એક સગાની સાથે નોકરી મેળવવાની આશાએ કોચીન પહોંચ્યો. ત્રિકુ મુરલીધર નામના અગ્રગણ્ય ગુજરાતી વેપારી તથા સખી ગૃહસ્થે તેના પ્રત્યે મદદનો હાથ લંબાવ્યો અને પોતાનો એક કુટુંબી હોય તેમ તેની દેખભાળ રાખવા માંડી. દેવજીને કંઈ શિક્ષણ તો મળ્યું નહોતું, એટલે તેને કેળવણી આપવા માંડી અને તે ચૌદ વર્ષનો થતાં ધર્મસિંહ નામના વેપારીને ત્યાં ચોપડા લખનાર ગુમાસ્તા તરીકે તેને રખાવી દીધો. પગારમાં ખાવું-પીવું-રહેવું અને વાર્ષિક પચાસ રૂપિયા. એ સમયમાં આ પગાર સારો ગણાતો. યુવાન દેવજીની શક્તિ, કામ કરવાની ધગશ તથા પ્રામાણિકપણું જોઇને ધર્મસિંહ અવારનવાર તેના પગારમાં વધારો કરી આપતા ગયા. પચીસ વર્ષની ઉંમરે પોતીકો ધંધો શરૂ કરવા માટે તેણે ધર્મસિંહની નોકરી છોડી ત્યારે તેનો વાર્ષિક પગાર ત્રણ સો હતો.

પોતાની બધી કમાણી રોકીને બે મિત્રોની ભાગીદારીમાં તેણે કોચીનમાં કાપડનો ધંધો શરૂ કર્યો. બીજે વર્ષે–૧૮૫૫માં તે પોતાની માતાને કચ્છમાંથી તેડી આવ્યો; પણ થોડા જ સમયમાં તેનું અવસાન થયું. ધંધામાં પણ બહુ ફાવટ આવી નહિ અને ભારે ખોટને અંગે, ત્રણ વર્ષ પછી, દેવજીને કાપડનો ધંધો સમેટી લેવો પડચો. ફરી પાછી ત્રિકુ મુરલીધરની મદદ અને દોરવણી હેઠળ તેણે કાથીનાં દોરડાંનો ધંધો શરૂ કર્યો અને તેમાં ધીમેધીમે ફાવટ આવી ગઈ. આ સમયે તેણે લીલાધર વીરજી નામના એક ગરીબ ગુજરાતી ગૃહસ્થની દીકરી સુંદરીબાઈ સાથે લગ્ન કર્યા. તેનું લગ્નજીવન ટૂંકું નીવડયું અને ૧૮૬૨માં સુંદરીબાઈનું અવસાન થયું. તેને કોઈ સંતાન નહોતું છતાં દેવજીએ ફરીથી લગ્ન કર્યું જ નહિ.

ઈ. ૧૮૬૦માં દેવજીએ સ્ટેશનરીની દુકાન શરૂ કરી. સાથે સાથે સોનાચાંદીનો વેપાર પણ આરંભ્યો. તેમાં એક જ ભાવ અને પ્રામાણિક વ્યવહારને લીધે ટૂંક સમયમાં તેનું નામ જાણીતું થઈ ગયું અને સમય જતાં વિખ્યાત વેપારી તરીકે તેની નામના થઈ ગઈ.

સમાજસેવા માટે એ જમાનામાં પણ તેની કલ્પના ઘણી ઊંચી હતી. મનનું વલણ પણ તે પ્રત્યે હતું. તે સમયે કેરળમાં છાપખાનાં નહોતાં અને હિંદુઓનું એક પણ ધાર્મિક પુસ્તક મલયાલમ ભાષામાં છપાએલું નહોતું. આથી તેણે છાપખાનું તથા પ્રકાશન-ગૃહ કાઢવાનો નિર્ણય કર્યો અને કોચીનમાં પહેલું લિથોગ્રાફિક (શિલાછાપનું) છાપખાનું કાઢયું. ધ કેરળ મિત્રોમ પ્રેસ શરૂ કરી ત્યાંથી સાહિત્યના બીજા ગ્રંથો ઉપરાંત અગત્યનાં ધાર્મિક પુસ્તકો બહાર પાડયાં. જો કે આ નવું જ સાહસ હતું અને તેને ટેકો આપવાની કોચીન સરકારની ફરજ હતી છતાં ત્યાંના

અમલદારોએ જુદું જ વલણ અપનાવ્યું. ઈ. ૧૮૬૫માં છાપખાનાની શરૂઆત થઈ ત્યાર પછી થોડા જ મહિનામાં કોચીન સરકાર તરફથી તેને હુકમ મળ્યો કે 'છાપખાનામાં જે જે છપાય તેની એક નકલ સરકારને મોકલવી, અને જે કંઈ છપાય તે સરકારની મંજૂરી પછી જ છપાય તેવી લેખિત બાંહેધરી આપવી.' આ હુકમથી દેવજી નિરાશ થઈ ગયો. કોઈ પણ જાતની દખલ વિના છાપવાનું ચાલુ રાખવા દેવાની તેણે સરકારને અરજ કરી, પણ અધિકારીઓએ નમતું જોખ્યું નહિ. હુકમ ન પાળવા માટે દેવજીના છાપખાનાને તથા બીજાં ખાતાંઓને સીલ કરવાનો કોચીનનાં તેહસિલદારને હુકમ કરવામાં આવ્યો. નિર્ભીત અને સ્વાતંત્ર્ય-વાંછુ દેવજીએ આ મુદ્રણનિયંત્રણમાંથી પોતાને મુક્તિ આપવા વારંવાર સરકારને સંખ્યાબંધ અરજીઓ કરી. અંતે જ્યારે દીવાને પણ તેની બધી અરજીઓ નકારી કાઢી ત્યારે તેણે ત્રાવણકોર તથા કોચીનના બ્રિટિશ રેસિડેન્ટ સર હેન્રી નેવિલને અપીલ કરી. આનું ધાર્યું પરિણામ આવ્યું અને બ્રિટિશ રેસીડેન્ટના આદેશ મુજબ કોચીન સરકારે તેને મુદ્રણ નિયંત્રણમાંથી મુક્તિ આપી. મુદ્રણાલયના સ્વાતંત્ર્યયુદ્ધમાં તેનો આ પહેલો વિજય હતો. આ વિજયથી ઉત્તેજિત થઇને તેણે હવે અંગ્રેજીમાં વર્તમાનપત્ર કાઢવાનો ઇરાદો કર્યો ને કોચીનના ત્રણ ખ્રિસ્તી ગૃહસ્થોના સહકાર તથા ભાગીદારીમાં એક જૂનું 'કોલંબિયન' છાપખાનું તથા તેનાં સાધનો ખરીદી લઈ કોચીનમાંથી પહેલું અંગ્રેજી વર્તમાનપત્ર 'વેસ્ટર્ન સ્ટાર' શરૂ કર્યું. સર ચેરીઝ લૉસન (પાછળથી મદ્રાસના 'ધ મેઈલ'નો સ્થાપક તંત્રી) તેનો પહેલો તંત્રી હતો. થોડા સમય પછી આ ભાગીદારીમાંથી છૂટા થઈ દેવજીએ પોતાના છાપખાનાની સુધારણા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું. આધુનિક સાધનો ખરીદ કરીને ૧૮૬૭માં પોતાના 'કેરળ મિશ્રોમ પ્રેસ'નો વિસ્તાર કર્યો, જેથી તેનો પ્રકાશનવિભાગ સમૃદ્ધ થયો.

ઈ. ૧૮૮૧ના જાન્યુઆરીમાં દેવજીએ કોચીનથી પહેલું મલયાલમ અઠવાડિક પત્ર 'ધ કેરળ મિશ્રોમ' શરૂ કર્યું, જે દર શનિવારે પ્રકટ થતું. તેના પહેલા તંત્રી વિખ્યાત કંદાથિલ વરગીઝ પિલે હતા. તેણે પાછળથી કોટાયમથી પોતાનું વર્તમાનપત્ર 'મલયાલમ મનોરમા' શરૂ કર્યું. થોડા સમય પછી 'કેરળ મિશ્રોમ' અઠવાડિયાને બદલે મહિને ત્રણ વાર પ્રકટ થવા માંડયું અને દેવજીના અવસાન પછી પણ વર્ષો સુધી તે નિયમિત પ્રકટ થતું રહ્યું. તેનો ફેલાવો આખા કેરળમાં હતો ને તેનો ખૂબ પ્રભાવ પડતો. આ સાહસમાં દેવજીને જોકે ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી હતી. તેને અમલદારોની ખફગી વહોરી લેવી પડેલી અને આર્થિક પણ મોટી નુકસાની ભોગવવી પડેલી, છતાં પોતાનાં પત્રોની કટારો મારફત તેણે ઘણું જનહિત સાધ્યું હતું. તેના નિર્ભીત અને સ્વતંત્ર વલણને અંગે ઘણી ખ્યાતનામ વ્યક્તિઓએ તેની પ્રશંસા કરેલી.

ઈ. ૧૮૮૯માં 'કેરળ મિશ્રોમ' પ્રેસની એક શાખા મટ્ટનચેરી (કોચીન)માં કાઢવામાં આવી. ત્યાં મલયાલમ ઉપરાંત અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી અને હિન્દી છાપકામ પણ થતું. 'અમરકોશ', 'કાદંબરી' ને 'પદ્મસંહિતા' જેવા ઘણાં પુસ્તકો દેવનાગરી લિપિમાં આ મુદ્રણાલયમાંથી પ્રકટ થએલાં. દેવજીએ ત્યાંથી જ 'કેરળ કોકિલ' નામે મરાઠી સામયિક પણ શરૂ કરેલું. તેના તંત્રી સુપ્રસિદ્ધ ભાષાવિદ્ કૃષ્ણાજી આથલે હતા અને તેનો ફેલાવો હિંદભરમાં હતો. સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેએ મરાઠી ભાષાનાં શરૂઆતનાં વર્તમાનપત્રો તથા સામયિકો વિષેના ૧૮૯૮માં લખેલા લેખમાં આ 'કેરળ કોકિલ'નો નિર્દેશ કર્યો હતો. ઈ. ૧૮૯૦માં દેવજીએ જનાર્દન મહાદેવ ગુર્જરને તે વેચી નાખ્યું અને ગુર્જરે તેને મુંબાઈથી પ્રકટ કરવા માંડયું, જ્યાંથી ઘણાં વર્ષો સુધી તે ચાલુ રહેલું.

વેપારઉદ્યોગના ક્ષેત્રમાં પણ દેવજીએ નામના કાઢેલી. તે સમયે કોચીનમાં અંગ્રેજ માલિકીનું દોરડાંનું એક જ કારખાનું હતું. મૂળજી જેઠા અને બીજા આગેવાન વેપારીઓના સહકારથી દેવજીએ હિંદી માલિકીનું તેવું કારખાનું કાઢયું અને ઘણાં વર્ષો સુધી તેના ડિરેક્ટર રહ્યા. કોચીનમાં તેણે એક આયુર્વેદિક ફાર્મેસી તેમજ ઍલોપૅથિક દવાની દુકાન ખોલવાની પણ પહેલ કરેલી.

આ બધું છતાં તેનું લક્ષ સદૈવ સમાજસેવા પ્રત્યે હતું. ત્યારે ધંધાર્થે કોચીન જઈ વસેલા ગુજરાતીઓ માટે મકાનની ખેંચ હતી. દેવજીએ હવે કેટલાક આગેવાન ગુજરાતી ગૃહસ્થોના સહકારથી 'આચાર સંરક્ષણ કંપની' સ્થાપી અને ૧૮૯૩માં જમીનનો મોટો ટુકડો લઈ ત્યાં મકાન બંધાવ્યાં અને જરૂરિયાતવાળા ગુજરાતીઓને તે ભાડે આપ્યાં. અત્યારે પણ આ મકાનો, ગુજરાતી હાઈસ્કૂલની સામે કોચીનના નવા રસ્તા પર મોજૂદ છે. એ જ મિત્રોએ ઈ. ૧૮૮૭માં કોચીન ખાતે શ્રીકૃષ્ણ મંદિર પણ બંધાવેલું, જેમાં કોચીનના મહારાજા તથા જનતાએ ઉદાર મદદ કરેલી. પાછળથી ૧૮૯૪માં ટ્રસ્ટીઓએ આ મંદિર અમદાવાદના નટવરલાલજી મંદિરવાળા ગોસ્વામીશ્રી વ્રજરાજજી મહારાજને સોંપી દીધું, જે આજ સુધી ચાલુ છે. કોચીનમાં તથા પોતાના જન્મસ્થાન નારાયણસરોવરમાં તેણે સંસ્કૃત પાઠશાળાઓ અને કોચીનમાં વેદધર્મશાળા પણ બંધાવેલી.

પ્રામાણિક વેપારી, ઉદ્યોગપતિ, સમાજસેવક, આદર્શ શેઠ, તથા મુદ્રણ-પ્રકાશનના અગ્રણી તરીકે દેવજી ભીમજીની કીર્તિ હવે ચોમેર પ્રસરી ગઈ હતી. તેની કદરમાં ત્રાવણકોરના દીવાન કૃષ્ણરાવે તેને ત્રિવેન્દ્રમ્ આવવાનું આમંત્રણ આપ્યું અને ત્રાવણકોરના મહારાજાએ તેને વીર શંખલા અને શાલસરપાવ આપ્યાં.

પુષ્કળ પૈસા કમાયા છતાં તે સાદું જીવન ગાળતા. ઈ. સ. ૧૮૯૫માં બીમારી આવતાં તેણે પોતાની મિલ્કતનો 'દેવજી ભીમજી ટ્રસ્ટ'ના નામથી જાહેર નિધિ ઊભો કર્યો જેને પોતાની બધી સંસ્થાઓનો તથા મંદિરનો વહીવટ સોંપાયો. ટ્રસ્ટ રજિસ્ટર થયા પછી અઠવાડિયામાં જ તેનું અવસાન થયું. એ વાતને આજ આઠ દાયકા થવા આવ્યા છતાં કેરળના લોકો તેનું પ્રેમપૂર્વક સ્મરણ કરે છે ને ખ્યાતનામ લેખકો તથા ઇતિહાસકારો મલયાલમ મુદ્રણ, પ્રકાશન ને પત્રકારત્વની તેની સેવાને બિરદાવે છે.

—છોટાલાલ માનસિંગ કામદાર

સિક્કાના 'પ્રૂફ-સેટ'

ટિકિટ-સંગ્રહની પેઠે સિક્કાસંગ્રહ પણ એક વ્યાપક વ્યાસંગ છે. અમુક પ્રસંગે કે નિમિત્તે જેમ ટપાલખાતું ખાસ ટિકિટો બહાર પાડે છે તેમ ચલણમાં મુકાતા નવા સિક્કાઓના પણ ખાસ 'પ્રૂફ-સેટ' બહાર પડે છે. એ સિક્કા ચલણમાં મૂકવાના ઉદ્દેશથી તૈયાર થતા નથી એટલે એ 'અનસર્ક્યુલેટેડ સેટ' તરીકે પણ ઓળખાય છે. અસલ ચલણી સિક્કાની જ ધાતુના અને છાપના, પણ અત્યંત ચોકસાઈથી તૈયાર કરેલા આ સિક્કા ગણતરીની જ સંખ્યામાં તૈયાર થતા હોઇને તેની કિંમત એ સિક્કાઓની કિંમત કરતાં ઘણી વધારે રહે છે અને તે ખાસ સજાવટવાળા પૅકિંગમાં ગોઠવીને વેચાય છે. ભારતમાં આવા પ્રૂફ-સેટનું વેચાણ મુંબાઈની ટંકશાળ દ્વારા થાય છે. આ અંગે અગાઉથી જાહેરાત થાય છે અને સંગ્રાહકોએ નિયત તારીખ સુધીમાં પોતાની માંગ નોંધાવી દેવાની હોય છે. પ્રૂફ-સેટ સિક્કાઓ રીઝર્વ બૅંક દ્વારા ચલણમાં મુકાય છે.



પ્રૂફ-સેટ તૈયાર કરવા માટે સહેજ પણ ઘસરકા વિનાનાં અત્યંત સ્વચ્છ ધાતુનાં પતરાં (Coin-blanks) તૈયાર થાય છે અને બહુ જ ચોકસાઈપૂર્વક તેના પર છાપ લેવામાં આવે છે. ગયા વર્ષે રૂા. ૧૦ ને ૧ તથા ૫૦, ૨૦, ૧૦, ૫, ૩, ૨, ને ૧ પૈસાના કુલ ૯ સિક્કાનો એક પ્રૂફ-સેટ બહાર પડેલો જેની કિંમત ૧૧૨ રૂા. ૫૦ પૈસા હતી. આમાં ૧૦

'જાણે ઈશુ મારે ભાણે જમી ગયા!'

લંડન આવેલા બ્રિટિશ ગિયાનાના ગવર્નર સર ગૉર્ડને રેવરન્ડ ફ્રેઝર પાસેથી ઍન્ડ્રુઝની પ્રશંસા સાંભળીને એમને મળવા માટે 'આર્મી ઍન્ડ નેવી ક્લબ'માં ભોજનસમારંભ યોજ્યો હતો. સમય થતાં એક સામાન્ય ટૅક્સીમાંથી ઊતરેલા અતિથિએ લંડનના આલીશાં પૅલ-મૅલ લત્તા પરની એ અત્યંત ફૅશનેબલ ક્લબના દરવાનને કહ્યું કે 'મારે સર ગૉર્ડનને મળવું છે,' ત્યારે દરવાને એમનો લઘરવઘર વેશ, ફ્લૅનલનું બેડોળ પાટલૂન, ચોળાએલા કૉલરવાળું ખમીસ ને પગમાં કૅનવાસના જોડા જોઈને કહ્યું: 'નહિ મળે.' ફરી નમ્ર અવાજ આવ્યો: 'પણ એમણે મને અહીં મળવાનો સમય ગોઠવ્યો છે.' ત્યારે ય આશ્ચર્યભર્યો દરવાન એ માની ન શક્યો અને એમને બહાર ઊભા રાખી અંદર પૂછવા ગયો. લાગલા જ ગૉર્ડન સાથે બહાર આવેલા ફ્રેઝરે એમને તરત ઓળખ્યા: 'સર ગૉર્ડન, આ જ ચાર્લી ઍન્ડ્રુઝ.'

અને પછી નૌકાધિપતિઓ, સેનાપતિઓ, ગવર્નરો, અમીર-ઉમરાવો, સૌની વચ્ચે, અત્યંત આદર સાથે સર ગૉર્ડન ઍન્ડ્રુઝને લઈ આવ્યા ત્યારે એમનો હરખ માતો નહોતો. સૌની સાથે એમની ઓળખાણ કરાવી; પછી દૂરને એકાંત ખૂણે નિરાંતે ખાણું લેતાં લેતાં પેટ ભરીને વાતો કરી; બ્રિટિશ ગિયાનાની ઍન્ડ્રુઝની મુલાકાત નક્કી કરી; ને સર ગૉર્ડન જાતે એમને વળાવવા ગયા. ટૅક્સી બોલાવી બારણું પણ પોતે જ ખોલ્યું, અતિથિને બેસાડ્યા, ને ટૅક્સી ચાલી ગયા પછી પણ જ્યાં સુધી એ દેખાઈ ત્યાં સુધી એને જોતા રહ્યા. ને તે પછી યે નત-મસ્તકે ભક્તિસભર નયને એમને ત્યાં ઊભેલા જોઈ રેવરન્ડ ફ્રેઝરે આશ્ચર્યથી એમની સામે જોયું ત્યારે ધીમેથી સર ગૉર્ડન કહે: 'હું કેવો સદ્‌ભાગી! ખુદ ઈશુ આવીને મારી સાથે જમી ગયા હોય એવું મને લાગે છે.' કo

રૂપિયાના અને ૨૦ પૈસાના સિક્કા પર 'ધુનો'ના કૃષિવિભાગની પચ્ચીસમી જયંતીનાં ઉપલક્ષમાં સાથે આપેલા રેખાંકિત મુજબનું ખાસ સૂચક આલેખન છે. ૧૦ રૂપિયાનો સિક્કો ૩૪ મિ.મી. વ્યાસનો, ૧૫ ગ્રામ વજનનો અને ૮૦ ટકા ચાંદી તથા ૨૦ ટકા તાંબાની મિશ્રધાતુનો છે, જ્યારે ૨૦ પૈસાનો સિક્કો ૨૨ મિ.મી. વ્યાસનો, ૪.૫ ગ્રામ વજનનો ને ૯૨ ટકા તાંબુ, ૬ ટકા એલ્યુમિનિયમ તથા ૨ ટકા નિકલની મિશ્ર ધાતુનો છે. આ બે સિવાયના બધા સિક્કા તો રોજ આપણા હાથમાંથી પસાર થાય છે તે જ છે.

(ભુજ-કચ્છ) —વાલજી કરસનજી ઠક્કર

તજનું ઝાડ

એ ભારતનું વતની ન હોઈ જાણીતું વૃક્ષ નથી. તે મૂળ સિલોન તથા ઇન્ડોનેશિયાનું વતની છે; જોકે છેલ્લાં કેટલાંક વર્ષોથી એ પશ્ચિમ અને દક્ષિણ ભારત, બંગાળ, આસામ અને આંદામાન ટાપુમાં ઉગાડાય છે.

લગભગ દોઢ હજાર મીટર ઊંચાઈ પર ઊગતું અને સદા ય લીલુંછમ રહેતું આ વૃક્ષ મધ્યમ ઊંચાઈનું—આશરે છ થી આઠ મીટર જેટલું થાય છે. તેનું થડ વાંકુંચૂકું અને ગાંઠવાળું હોય છે. શાખાઓ ફેલાએલી અને ઘણી વાર થડને અડેલી અથવા નીચે નમતી હોય છે. એનાં પાંદડાં મોટાં જાડાં અને ચામડા જેવાં કડક હોય છે. પાંદડાંના બંને છેડા અણીવાળા હોય છે. તેનો નીચેનો રંગ ફિક્કો ને ઉપરનો ભાગ ચમકતો લીલો હોય છે. પાંદડામાં ત્રણથી પાંચ જેટલી નસોની જોડી હોય છે. શરૂઆતમાં કુમળા પાંદડાનો રંગ ગુલાબી હોય છે, ને પછી તે ઘેરો લીલો થાય છે. તેની લંબાઈ આશરે ૨૦ સેન્ટીમીટર હોય છે અને મસળવાથી એક જાતની સુગંધ આવે છે. પાંદડાંની સરખામણીમાં તેનાં પુષ્પો સાવ નાનાં હોય છે. પાંદડાંના ખૂણિયામાંથી કે કુમળી શાખાઓના છેડા પર તેનાં મોટાં

ઝૂમખાં નીકળે છે. કલિકાઓ રેશમ જેવી પોચી ને પુષ્પો સહેજ રુંવાટીવાળાં હોય છે. અને મોટે ભાગે ઠંડીમાં ખીલે છે. ફળોનો આકાર કરમદાં જેવો, ને તેનો ઘેરાવો આશરે દોઢેક સેન્ટીમીટર હોય છે. તેનો રંગ ઘેરો જાંબુડો હોય છે અને તે ચોમાસામાં પાકે છે. અંદર એક બી હોય છે.

આ વૃક્ષની ગણતરી સુગંધી વૃક્ષોમાં થાય છે. તેનાં બધાં અંગો સુગંધી હોય છે; માત્ર તેના લાકડામાંથી સુગંધ આવતી નથી, અને એ લાકડું મહત્ત્વનું પણ નથી. આપણે વાપરીએ છીએ તે 'તજ' ડાળીની છાલ છે. કુમળી તથા પાતળી શાખાઓની ઉપરની છાલ સહેજસહેજ કાઢી અંદરની છાલ સૂકવવામાં આવે છે. જાડી તથા જૂની શાખાઓની છાલ જાડી હોય છે અને સ્વાદે ઊતરતી હોય છે. એટલે જ ગુણધર્મે અને સુગંધની દૃષ્ટિએ પાતળી તજ સૌથી ઉત્તમ મનાય છે.

આ વૃક્ષમાંથી ત્રણ જાતનું તેલ નીકળે છે અને તેના રાસાયણિક ઘટક ભિન્નભિન્ન હોય છે. તેલ 'સીનેમન ઑઈલ' કહેવાય છે. તેનો રંગ તપખીરી હોય છે. પાંદડાંમાંથી નીકળતા તેલમાં યુજેનોલનું પ્રમાણ વધારે હોય છે. તેની વાસ લવીંગના તેલ જેવી આવે છે. ઘણી વાર તે લવીંગના તેલની જગ્યાએ પર્ફ્યુમરી, ફાર્માસ્યુટિક્લ્સ, મીઠાઈમાં, સાબુમાં તથા ફ્લેવરિંગ ઈન્ડસ્ટ્રીઝમાં વપરાય છે. ફળમાંથી પણ તેલ નીકળે છે. મૂળની છાલમાંથી મોટાભાગે કપૂર જેવી ચીજ કાઢવામાં આવે છે. આ છાલ સુગંધી, ઉત્તેજક, વાયુમાં આરામ આપનાર છે. ઝાડા, ઊલટી, દાંતનો અને જ્ઞાનતંતુનો દુખાવો, માથાનો દુખાવો વગેરે ઉપર વપરાય છે. છાલ કરતાં પાનનું તેલ ચડિયાતું છે. તે ઉત્તેજક ને જંતુનાશક હોઈ માસિક ધર્મના કેટલાક વિકારો પર વપરાય છે. પાંદડાંનું તેલ સંધિવા ઉપર લિનિમેન્ટની ગરજ સારે છે. અવાળાં મજબૂત બનાવવા માટે પણ એનો ઉપયોગ થાય છે.



આ વૃક્ષો ગુજરાત રાજ્યમાં કેટલાક વિસ્તારમાં થઈ શકશે. નિકાસદૃષ્ટિથી આ એક અત્યંત મૂલ્યવાન વૃક્ષ હોવાથી આ વૃક્ષો ઉગાડવાના પ્રયોગો કરવા જોઈએ. તમાલ અને કપૂર આ વૃક્ષના વર્ગનાં જ વૃક્ષો છે

(મુંબઈ સમાચાર) —એન. વાઈ. કે.



મથાળે ડાબી બાજુથી અનુક્રમે: ટ્રૅક ઍન્ડ ફિલ્ડ, ફુટબૉલ, ઘોડેસવારીની રમતો, કૅનોઇંગ, સાયકલિંગ, વેઇટ લિફ્ટિંગ. (બીજી હારમાં) ફેન્સિંગ, શૂટિંગ, જીમ્નેસ્ટિક્સ, બાસ્કેટબૉલ, યાચિંગ, હૅન્ડબૉલ, સ્વીમિંગ. (ત્રીજી હારમાં) હૉકી, કુસ્તી, મૉડ, પેન્ટૅથ્લોન, જ્યુડો, બોક્ષિંગ, રૉઇંગ ને વૉલીબૉલ.

આગામી ઑલિમ્પિક રમતોનાં સંજ્ઞાચિત્રો

આવતી સાલ-૧૯૭૨માં જર્મનીમાં મ્યુનિખ ખાતે ઑલિમ્પિક રમતોત્સવ યોજાશે. અત્યાર સુધીની વધુમાં વધુ રમતોની એમાં હરીફાઈ યોજાશે, જેમાં લગભગ ૧૨૦૦ ખેલાડીઓ ભાગ લેશે. આ બધી જ રમતોની સવલત આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિએ નિશ્ચિત કરેલાં ધોરણો-સરની હોવા સાથે આવનાર ખેલાડીઓ અને પ્રેક્ષકોની બધી સગવડો સાચવી શકાય તેવી આધુનિક વ્યવસ્થા ઊભી થઈ રહી છે. દા. ત. 'ટ્રૅક ઍન્ડ ફીલ્ડ'ના ખેલાડીઓ માટે ઓછામાં ઓછા અકસ્માત સર્જાય એ સારુ એક ખાસ પ્રકારના આવરણવાળા ચાર ટ્રૅક બની રહ્યા છે. બીજી બાજુ ટી.વી. કૅમેરા અને કૉમ્પ્યુટરોની સહાયથી પ્રત્યેક ખેલાડીની રમત તથા તેના તુલનાત્મક પરિણામોની ચોક્કસ નોંધ રહે તેવી વ્યવસ્થા પણ ઊભી થઈ રહી છે. પાંચ પાંચ હજાર પ્રેક્ષકો સમાવી શકે તેવડાં અને પારદર્શક છાપરાંવાળાં બે ખાસ આચ્છાદિત ક્રીડાંગણો પણ બની રહ્યાં છે. પટ્ટાબાજી, કુસ્તી અને તરવાની રમતો માટે પણ ખાસ અલગ ભવન બની રહ્યાં છે. આ જ રીતે હૉકીની રમત માટે ઘાસછવાયા મેદાન ઉપરાંત એક ખાસ પ્લાસ્ટિકના આવરણવાળું મેદાન પણ બની રહ્યું છે. ૪૦૦ જેટલાં ઘોડાંને રાખવા તથા તેમને તાલીમ ને કવાયત આપવા સારુ પણ ખાસ વ્યવસ્થા થઈ છે. ઑલિમ્પિકના સ્થાન નજીક એક ગ્રામવિસ્તારમાં પણ અમુક હરીફાઇઓ યોજાશે, જ્યારે કીલ તો ઑલિમ્પિક 'રીગેટ્ટા' (હોડી દોડની હરીફાઈ)નું ખાસ કેન્દ્ર હોઈ ત્યાં પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ પ્રસંગે વિવિધ રમતક્ષેત્રોની સૂચક સંજ્ઞાઓ પણ યોજાઈ છે. એક આંતરરાષ્ટ્રીય હરીફાઈ દ્વારા મેળવેલાં સૂચનો પરથી જર્મન કલાકાર એઈચરે એ માટે જે સરળ-સ્પષ્ટ સંજ્ઞાઓ યોજી છે તે ઉપર આપી છે.

ભારતની વસતિ

ઈ. ૧૯૭૧ની સાલની ગણતરીના તાજા બહાર પડેલા આંકડા પ્રમાણે ભારતની કુલ વસતિ ૫૪,૬૯,૫૫,૯૪૫ છે. તેમાં ગુજરાતની વસતિ ૨,૬૬,૬૦,૯૨૯ની અને તેના પાટનગર અમદાવાદની વસતિ ૧૭,૪૬,૧૧૧ છે. ભારતનાં દસ લાખ ઉપરાંતની વસતિવાળાં નવ શહેરોના ક્રમમાં અમદાવાદ હવે છઠ્ઠું આવે છે. એ ક્રમ નીચે પ્રમાણે છે:

કલકત્તા	૭૦,૪૦,૩૪૫
મુંબાઈ	૫૯,૩૧,૯૮૯
નવી દિલ્હી અને દિલ્હી કૅન્ટોનમેન્ટ	૩૬,૨૯,૮૪૨
મદ્રાસ	૨૪,૭૦,૨૮૮
હૈદરાબાદ	૧૭,૯૮,૯૧૦
અમદાવાદ (ઉપનગરો સાથે)	૧૭,૪૬,૧૧૧
બૅંગલોર	૧૬,૪૮,૨૩૨
કાનપુર	૧૨,૭૩,૦૪૨
પૂના	૧૧,૨૩,૩૯૯

અને ગુજરાતની જિલ્લાવાર સંખ્યા નીચે મુજબ છે:

જિલ્લો	પુરુષ	સ્ત્રી	કુલ
જામનગર	૫,૭૧,૩૫૨	૫,૪૦,૦૨૪	૧૧,૧૧,૩૭૬
રાજકોટ	૮,૩૨,૨૨૬	૭,૮૯,૩૫૨	૧૬,૨૧,૫૭૮
સુરેન્દ્રનગર	૪,૩૫,૪૭૨	૪,૧૦,૪૪૭	૮,૪૫,૯૧૯
ભાવનગર	૭,૨૨,૧૦૬	૬,૮૩,૫૫૮	૧૪,૦૫,૬૬૪
અમરેલી	૪,૩૩,૨૯૮	૪,૧૪,૬૧૪	૮,૪૭,૯૧૨
જૂનાગઢ	૮,૫૨,૬૮૨	૮,૦૧,૪૮૭	૧૬,૫૪,૧૬૯
કચ્છ	૪,૨૦,૯૫૮	૪,૨૮,૫૯૯	૮,૪૯,૫૫૭
બનાસકાંઠા	૬,૫૧,૮૦૧	૬,૧૩,૪૫૬	૧૨,૬૫,૨૫૭
સાબરકાંઠા	૬,૦૪,૦૩૪	૫,૮૨,૭૯૯	૧૧,૮૬,૮૩૩
મહેસાણા	૧૦,૬૫,૬૨૧	૧૦,૨૫,૫૦૮	૨૦,૯૧,૧૨૯
ગાંધીનગર	૧,૦૪,૦૧૯	૯૬,૫૬૨	૨,૦૦,૫૮૧
અમદાવાદ	૧૫,૫૫,૯૯૫	૧૩,૪૯,૨૩૮	૨૯,૦૫,૨૩૩
ખેડા	૧૨,૮૮,૮૯૨	૧૧,૫૩,૫૮૪	૨૪,૪૨,૪૪૬
પંચમહાલ	૯,૪૯,૪૧૮	૮,૯૬,૮૬૨	૧૮,૪૬,૨૮૦
વડોદરા	૧૦,૩૮,૨૬૯	૯,૩૭,૯૨૭	૧૯,૭૬,૧૯૬
ભરૂચ	૫,૬૭,૦૬૭	૫,૩૯,૦૦૯	૧૧,૦૬,૦૭૬
સૂરત	૯,૧૫,૨૩૬	૮,૬૬,૯૧૨	૧૭,૮૨,૧૪૮
વલસાડ	૭,૧૪,૭૭૪	૭,૧૩,૫૬૦	૧૪,૨૮,૩૩૪
ડાંગ	૪૮,૪૨૩	૪૫,૮૧૮	૯૪,૨૪૧

એમાં એક લાખ ઉપરાંત વસતિવાળાં શહેરો છે: અમદાવાદ શહેર ૧૫,૮૮,૩૭૮; સૂરત ૪,૭૧,૩૪૦; વડોદરા ૪,૬૭,૨૫૪; રાજકોટ ૨,૯૭,-૮૯૧; ભાવનગર ૨,૨૬,૨૫૫; જામનગર ૨,૧૪,૮૫૩; નડિયાદ [illegible]

સાહિત્યસંપર્ક

(ચાલુ)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

ક્ષેત્ર સંસ્કૃતિ: મુખ્યત્વે ગામડાંના બનેલા આપણા દેશ માટે ગ્રામ-સંસ્કૃતિને આગળ વધારવાની સમસ્યા આજે અતિ મહત્ત્વની છે ત્યારે ગ્રામ-સંસ્કૃતિના વિકાસની દિશામાં વિચારણા કરતું ઝવેરભાઈ પટેલનું આ પુસ્તક ભારતની સંસ્કૃતિની ખેવના કરનાર પ્રત્યેકે વાંચી જવા જેવું છે. કાચું પૂઠું પૃ. ૨૩૨; રૂ. ૪.

સેવામૂર્તિ પરીક્ષિતલાલ: આજીવન હરિજન-સેવક પરીક્ષિતલાલ મજમુદારનું, એમની પાંચમી સંવત્સરીએ તર્પણરૂપે પ્રસિદ્ધ થએલું દલપત્ત શ્રીમાળી લિખિત પ્રેરણાત્મક ચરિત્ર; કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૨-૫૦.

મહાત્માગાંધી શતાબ્દીગ્રંથ: રાષ્ટ્રીય ગાંધીશતાબ્દી સમિતિના સહકારથી 'ગાંધી શાંતિપ્રતિસ્થાને' શતાબ્દી વર્ષનિમિત્તે અંગ્રેજીમાં 'મહાત્માગાંધી: હંડ્રેડ ઈયર્સ' નામે પુસ્તક, સમર્થ અધિકારી લેખકો પાસે લખાવેલા લેખોને સર રાધાકૃષ્ણ પાસે સંપાદન કરાવી પ્રગટ કરેલું, તેમાંથી ગાંધીજીના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓને ઉઠાવ આપતા ચાળીસેક લેખોનો ગુજરાતી અનુવાદ આપણા જાણીતા સાક્ષરો સર્વ શ્રી નગીનદાસ પારેખ અને યશવંત શુક્લે આ પુસ્તકમાં કરેલો છે, જે ગાંધીજી વિષેનાં અનેક પુસ્તકોમાં કીમતી ઉમેરો કરે તેવો છે. પાકું પૂઠું, પૃ. ૩૦૨, રૂ. ૧૨-૫૦.

કિશોરલાલ: મશરૂવાળા એક અધ્યયન: ગાંધીતત્ત્વચિંતક સ્વ. મશરૂવાળાના સમગ્ર વ્યક્તિત્વલક્ષી આ નિબંધ (લે. કેતકી બલસારી) કિશોરલાલભાઈના ચરિત્રનું રેખાદર્શન કરાવ્યા પછી એમનાં, ચરિત્રકાર, કેળવણીકાર, ક્રાંતિકારી, ગાંધીવિચાર ભાષ્યકાર, અનુવાદક, પત્રકાર વગેરે પાસાંઓને ચર્ચે છે. કેટલીક અપ્રગટ સામગ્રી પણ અહીં અપાઈ છે તે આ ગ્રંથના મૂલ્યમાં વધારો કરે છે. કિશોરલાલભાઈ પરનો આ ગ્રંથ સમગ્ર દૃષ્ટિએ એમનો અભ્યાસ રજૂ કરે છે. કાચું પૂઠું, પૃ. ૩૮૫, રૂા. ૧૨.

બહુરૂપી ગાંધી: ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાંને બાળકો પાસે રજૂ કરવાના ઉદ્દેશે મૂળ બંગાળીમાં અનુ બંદ્યોપાધ્યાયે આજ નામે લખેલા પુસ્તકનો જિતેન્દ્ર દેસાઈએ કરેલો અનુવાદ. કાચું પૂઠું, પૃ. ૨૩૯, રૂ. ૪-૫૦.

બાપુ-સૂરજના દોસ્ત: ગાંધી શતાબ્દી વર્ષમાં ગાંધીજીવનના પ્રેરણાત્મક ને મનોરંજક પ્રસંગોને પસંદ કરીને અમૃતલાલ વેગડે અહીં ૧૫ લઘુનિબંધ રજૂ કર્યા છે. સ્વતંત્રતા પછીની પેઢીએ બાપુને જોયા નથી ત્યારે એમના જીવનના આ પ્રસંગોની રોચક રજૂઆત એ પેઢીને નજરે નિહાળ્યા જેટલો આનંદ અને બોધ આપશે. કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૧-૭૫.

બાપુને દસ અંજલિ: ગાંધી-શતાબ્દી-વર્ષમાં ગાંધીજીના દસ આદેશોને અહીં કલાત્મકતાથી નિબંધરૂપે રજૂ કર્યા છે. ગાંધીજીવનના સ્મરણ સાથે મનનની દિશામાં દોરનારી અમૃતલાલ વેગડની આ પુસ્તિકાનો અનુવાદ સોમેશ પુરોહિતે કર્યો છે. કાચું પૂઠું, પૃ. ૬૧, રૂ. ૧-૭૫.

વોરા ઍન્ડ કંપની
ગાંધી ચેમ્બર્સ • ગાંધીમાર્ગ • અમદાવાદ-૧

પ્રત્યાલંબન: આજના પ્રવૃત્તિસભર યુગમાં મનુષ્યને દીર્ઘવાચનનો સમય મળતો નથી ત્યારે ચિત્તની કોઈ તીવ્રતર ભાવપરિસ્થિતિને ઓછી ઘટનાથી વાચકમન સુધી સચોટરીતે સંક્રાંત કરવામાં લઘુકથા સારી કામયાબ નીવડે છે. 'કુમાર'માં એવી કથાઓની શરૂઆત કરનાર મોહનલાલ પટેલે આવા પ્રયોગો સફળતાથી આરંભ્યા ને લોકચાહના તથા આવકાર પણ પામ્યા. એવી કલાત્મક લઘુકથાઓ ને વાર્તાઓનો પ્રથમ સંગ્રહ. પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૫.

વ્હાઇટ હૉસ: 'કુમાર'ના વાચકોને સુપરિચિત વાર્તાકાર સુધીર દલાલની પ્રયોગશીલ અને પરંપરાગત બંને પ્રકારની વીસ વાર્તાઓનો સંગ્રહ, જેમાંની કેટલીક તો 'કુમાર'ના વાચકોમાં ખૂબ આકર્ષક બની રહેલી. પાકું પૂઠું. પૃ. ૨૫૨, રૂ. ૭.

કેટલાંક કાવ્યો: આપણા પ્રથિતયશ કવિઓની રચનાઓમાંથી કાવ્યવિવેકથી ચૂંટેલી કૃતિઓનો સંગ્રહ આપતી નવી શ્રેણીનું આ પ્રથમ પુસ્તક સુંદરમની ૬૧ પરિણત અને પ્રસિદ્ધ કાવ્ય-કૃતિઓ આપે છે. કવિ-વિવેચક નિરંજન ભગતે એનું સંપાદન કર્યું છે. સુંદરમની કાવ્યશક્તિને મૂલવતો સંપાદકનો ૩૨ પાનાંનો સાથેનો અભ્યાસલેખ પણ આવકાર્ય છે; જો કે આ લેખમાં હજુ વધુ લાઘવ જાળવી શકાયું હોત. એક જ કવિનાં અનેક કાવ્યોમાંથી એમનાં ઉત્તમ કાવ્યોનો થએલો આવો સમુચ્ચય અનેક કવિતાપ્રેમીઓને સંતોષશે. કવિતાક્ષેત્રે સંપાદક અને પ્રકાશક ઉભય પક્ષે આ પ્રયાસ અભિનંદનીય છે. પુસ્તકને અંતે મૂકવામાં આવેલી કાવ્યકૃતિઓની રચનાસાલ અભ્યાસીને માટે કવિની વિકાસયાત્રા સમજવામાં ઉપયોગી થશે. અંતે કવિના જીવનની તવારીખ જણાવી છે તેના કરતાં કવિજીવનનો ટૂંકો પરિચયાત્મક લેખ મુકાયો હોત તો? પાકું પૂઠું, પૃ. ૨૩૬ રૂ. ૬.

મા મને સાંભરે રે: ભારતમાં અને સર્વત્ર, સ્ત્રીશક્તિનો મહિમા થએલો છે. ભારતના પ્રાચીન-અર્વાચીન ઇતિહાસમાં આવી સન્નારીઓ અનેક મળી આવે છે. કોઈમાં ભક્તિ પ્રધાન છે તો કોઈમાં સેવા, કોઈમાં દયા પ્રધાન છે તો કોઈમાં ત્યાગ. જુદીજુદી સ્ત્રી-શક્તિના એ સદ્‌ગુણોને કેન્દ્રમાં રાખી પસંદ કરાએલી વિવિધ વ્યક્તિઓના જીવનના સત્ય પ્રસંગોને વાર્તારૂપે રજૂ કરતી આ શ્રેણીમાં કુલ ૮ પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. મૂળ શ્યામલા શિરોળકરની આ કથાઓનો અનુવાદ મુરલી ઠાકુરે કર્યો છે. આ સચિત્ર પુસ્તિકાઓ ભારતની સ્ત્રી-શક્તિને અર્ઘ્યરૂપ છે અને પ્રેરણાત્મક છે. પ્રત્યેકનું પૂઠું કાચું અને કિંમત રૂ. ૩.

મંગલા: જાણીતા મરાઠી નવલકથાકાર અનંત ગોપાલ શેવડેની એ જ નામની નવલકથાનો નટવરલાલ જાનીએ કરેલો આસ્વાદ્ય અનુવાદ. પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૫-૫૧.

ફાલ્ગુની પ્રકાશન
ગાંધી ચેમ્બર્સ • ગાંધી માર્ગ • અમદાવાદ-૧

નાનકડી દુનિયા: વર્તમાન સમાજનો બેકારીનો પ્રશ્ન પ્રેમ સાથે પરોવીને લખાએલી સેફ પાલનપુરીની નવલકથા. પૃ. ૪૫૪, રૂ. ૧૩.

મમતા: માતૃહૈયાની ઝંખનાને નિરૂપતી એ જ લેખકની નવી નવલકથા. બીજી આવૃત્તિ થાય તો જોડણીદોષો સુધારી લેવા જેવા ખરા. પાકું પૂઠું, પૃ. ૪૨૬, રૂા. ૧૨.

આશ્લેષા: વર્તમાન યુગની ધમાલિયા જિંદગીમાં હળવા રોમાંચક વાચનપ્રત્યે આજનો માનવી વળ્યો છે ત્યારે 'બેલા રૉય' શ્રેણીનું શ્રી મહેશ મસ્ત ફકીરની આ સનસનાટીભરી નવલકથા સૌને ગમશે. પાકું પૂઠું, પૃ. ૨૩૭, રૂ.૬-૫૦.

મધુપંચમી: 'બેલા રૉય' શ્રેણીમાં શ્રી મહેશ મસ્ત ફકીરની એક વધુ હળવી રોમાંચક નવલકથા. પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૬-૫૦.

સ્વપ્નપ્રિયા: ઉપર્યુક્ત શ્રેણીમાં એ જ લેખકની એક વધુ સનસનાટીભરી નવલકથા. પાકું પૂઠું. પૃ. ૨૪૫, રૂ. ૭

સાચોનારા: એ જ શ્રેણીમાં એ જ લેખકની એક વધુ નવલકથા. પાકું પૂઠું, પૃ.૨૮૦, રૂ.૮.

આર. આર. શેઠની કંપની
મુંબાઈ-૨ • ગાંધી રોડ અમદાવાદ-૧

જગગંગાનાં વહેતાં નીર: શિક્ષણ અને સમાજના પ્રશ્નો આજના યુગસંદર્ભમાં ખૂબ

મહત્ત્વના બની ગયા છે. આ મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા સમભાવી શિક્ષક આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિકે આ પુસ્તકમાં વિશદતાથી અને નિખાલસપણે કરી છે. શિક્ષણકાર્ય કરતાં કરતાં જે અનુભવો એમને પ્રાપ્ત થયા છે તેના પાયા પર આ ચર્ચા લખાએલી છે. જનકલ્યાણની દષ્ટિએ રજૂ થએલા એક સાચા શિક્ષકના આ વિચારો આવકાર્ય છે. પાકું પૂઠું, રૂ. ૧૪-૫૦

તમને ફૂલ દીધાનું યાદ: (લે. ભગવતીકુમાર શર્મા, રૂ. ૭.) લેખકનો આ છઠ્ઠો વાર્તાસંગ્રહ ૨૭૨ પૃષ્ઠોમાં ૨૪ વાર્તાઓ લઇને આવે છે. આકાર, અભિવ્યક્તિ અને અંતસ્તત્ત્વના વૈવિધ્યવાળી આ વાર્તાઓ લેખકની સિદ્ધ થતી જતી હથોટીનો પરિચય કરાવી જાય છે. વિવિધ કક્ષાના પાત્રમાનસના નિરૂપણમાં વાર્તાકારને સારી સફળતા મળી છે અને જીવનના વિવિધ અંશોને એ આ પાત્રમાનસના સંઘર્ષ દ્વારા સુપેરે સ્પર્શી શક્યા છે. વિષયનું અને પાત્રસૃષ્ટિનું વૈવિધ્ય વાર્તાઓને આસ્વાદ્ય બનાવે છે.

ચોટ: આશાસ્પદ વાર્તાકાર મોહમ્મદ માંકડનો ૨૦૬ પૃષ્ઠમાં પાંચ વાર્તાઓ રજૂ કરતો આ નવો નવલિકાસંગ્રહ વાચકોને સંતર્પક રહેશે. (પાકું પૂઠું રૂ. ૫-૫૦)

બળબુદ્ધિ વાર્તાવલિ: આપણે ત્યાં બાળસાહિત્યનું પ્રકરણ આનંદપ્રદ રહ્યું નથી. પરંતુ જીવરામ જોષીએ તેની જે ખેવના કરી છે તે નોંધપાત્ર રહેશે. આ વાર્તાવલિની નાનકડી, બાળકોને વાંચવી ગમે એ માટે મોટા ટાઈપમાં છપાયેલી આ છ પુસ્તિકાઓ કિશોરોમાં બળબુદ્ધિ પ્રેરે તેવી નિષ્ઠાવાન કૃતિઓ છે. 'ફૂલરાણી', 'ચંદ્રારાણી', 'ભેદી બોલ', 'ભેદી ફળ', 'પુરુષ નામનો દાણો' અને 'હીરાકંકણ' એમ આ છ પુસ્તિકાઓ આપણા કુમળા કિશોરોને સત્ત્વશીલ જીવન પાથેય પૂરું પાડે છે. એક બેઠકે કિશોર વાંચી રહે એ વાતનું પણ, પુસ્તકનું કદ જોતાં, લેખકે ધ્યાન રાખ્યું છે. વાર્તારસ એવો ઘટ્ટ છે કે વડીલોને પણ એ વાંચવી ગમશે. કાચા પૂઠાની છ પુસ્તિકાના સેટના રૂ. ૧૮.

લોકપ્રિય પ્રકાશન
૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

ભૂખ્યાં લોક, ભૂખી ધરા: ૨૧ પ્રકરણની ૫૧૫ પૃષ્ઠોના વિશાળ વ્યાપમાં ફેલાયેલી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટની આ વધુ રોચક નવલકથા છે. દુષ્કાળના દિવસોની પૃષ્ઠભૂમિકામાં માનવતાનો દીપ જલતો રાખવા અથાક જુદ્ધ ખેલી રહેલાં પાત્રોની આ સંઘર્ષકથા રસપ્રદ બની શકી છે. પાકું પૂઠું. રૂ. ૧૮

અગનફૂલ: સોલંકી યુગની ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમાં કલ્પનારસી પ્રીતિકથાના તાણાવાણા ગૂંથીને તત્કાલીન રાજકારણ પર પ્રકાશ પાથરતી અર્ધમૌલિક એવી ૨૮૦ પૃષ્ઠની આ નવલકથા નવનીત સેવકના નવલકથારાશિમાં વાંચવી ગમે તેવી એકનો ઉમેરો કરે છે. પાકું પૂઠું. રૂ. ૧૦.

માણસ નામે રાક્ષસ: સુરેશ બારિયાની રચનાનાવીન્યવાળી આ નવલકથા, ૪૧૨ પૃષ્ઠોને આવરી લેતી, ત્રણ ખંડોમાં ત્રણ લઘુનવલના સમુચ્ચય જેવી એક સળંગ નવલકથા જ છે. એનાં આકાર નાવીન્ય અને શૈલીવૈચિત્ર્ય લેખકને નવીનોની પંગતમાં સ્થાન અપાવે તેવાં છે. પાકું પૂઠું, રૂ. ૧૩-૨૫.

શ્રી હરિહર પુસ્તકાલય
ટાવર રોડ • સુરત

અણવર: (લે. પન્નાલાલ પટેલ, રૂ. ૭-૫૦) સિદ્ધહસ્ત નવલિકાકાર પન્નાલાલ પટેલની ૧૬ ટૂંકી વાર્તાઓનો ૨૯૧ પાનાંનો આ સંગ્રહ એની છેલ્લી લાંબી વાર્તા 'અણવર' પરથી નામાભિધાન પામ્યો છે. વ્યક્તિજીવન, વ્યવહારજીવન અને જાહેર જીવનમાંના કથાક્ષમ પ્રસંગોને નિરૂપતી આ વાર્તાઓ શૈલીથી માંડીને શિલ્પ સુધી લેખકની વિશેષતાને જારી રાખે છે. ૧૨મી કૃતિ 'વાર્તા હાઈકુ' મર્મનર્મનો મજાનો નમૂનો બની રહી છે. નવાનવા પ્રયોગો તરફ પીઠ લેખકની પીઠ હજુ ફરી નથી એની પ્રતીતિ કરાવતી આ વાર્તાઓ એકંદરે રસપ્રદ બની રહે છે.

પ્રણયનાં જૂજવાં પોત: પ્રણયના ફલક પર ગાંધી-સત્ય ને પશ્ચિમના સત્ય વચ્ચેના સંઘર્ષની ૪૨ પ્રકરણમાં વહેંચાએલી અને ૫૬૦ પૃષ્ઠોમાં વિસ્તરેલી એ જ લેખકની આ નવલકથાની કથનશૈલી નાવીન્યમય ન હોવાછતાંય, તેમાંનું સંઘર્ષનું સફળ નિરૂપણ નવીનતાનો આનંદ આપ્યા વગર રહેતું નથી. (રૂ. ૧૪-૫૦)

અજવાળી રાત: જાણીતા વાર્તાકાર પીતાંબર પટેલનો ૨૪૫ પાનાનો ૧૫ વાર્તાઓનો આ સંગ્રહ એમના ડઝન ઉપરાંત વાર્તાસંગ્રહમાં એકનો ઉમેરો કરે છે. છેલ્લાં બે-અઢી વર્ષમાં વિવિધ સામયિકોમાં પ્રગટ થએલી અને એકંદરે વાંચવી ગમે તેવી આ વાર્તાઓ વાર્તાકારની સફળતા ટકાવી રાખે છે. (રૂ. ૭-૫૦)

રથચક્ર: (મૂ. લે. પેંડસે, અનુ૦ ગોપાળરાવ વિદ્વાંસ, રૂ. ૧૧.) ૧૯૬૪માં દિલ્હીની સાહિત્ય અકાદમીનું રૂ. ૫૦૦૦નું પારિતોષિક પ્રાપ્ત કરી જનાર આ મરાઠી કૃતિ ખરેખર એક માતબર નવલકથા છે, જેનાં ૩૮૭ પૃષ્ઠમાં લગ્નજીવનના સનાતન રથચક્રને કળામય રીતે આલેખવાનો સુભગ પ્રયાસ છે. શ્રી પેંડસેએ પોતાની નવલકથાઓથી મરાઠીમાં એક નવો યુગ સ્થાપ્યો છે, તેની પ્રતીતિ આ નવલકથા દ્વારા થાય છે માનવીના આંતરસંઘર્ષને સફળતાથી નિરૂપતી આ નવલકથાના અનુવાદથી એક ઉત્તમ નવલકથાનો આપણે ત્યાં ઉમેરો થાય છે.

પ્રગતિ પ્રકાશન • મૉસ્કો
પી. પી. એચ. બુક સ્ટૉલ
૧૯૦ બી. ખેતવાડી મેઈન રોડ • મુંબઈ-૪

ઉપર્યુક્ત સંસ્થા તરફથી, ભારત સરકારનાં પ્રકાશનોની જેમ, બાળોપયોગી વાર્તાઓની પુસ્તકશ્રેણી પ્રગટ થઈ છે. કલ્પના સાથે જિજ્ઞાસાને પોષે, પ્રાચીન સાથે અર્વાચીનનો સેતુ સધાય, એ રીતે આ શ્રેણીનું આયોજન થયું છે. જો કે અનુવાદોની ભાષા કૃત્રિમ બની ગઈ છે. આપણા દેશની સંસ્કૃતિમાં ઊછરેલાં બાળકોને રશિયાની સંસ્કૃતિના કેટલાક પ્રસંગો-રિવાજો વિચિત્ર લાગે તે સ્વાભાવિક છે. અનુવાદમાં એવી સામગ્રી ટાળી શકાઇ હોત. કાચા પૂઠાનાં છતાં રંગીન ચિત્રોથી શોભતાં આ પુસ્તકો બાળકોને જરૂર ગમશે તો ખરાં જ.

૧) **લેવ તોલ્સ્તોયની બાળવાર્તાઓ**: પૃ. ૪૧, રૂ. ૧; ૨) **શુકુર્બેક બેઇશેનાલીયેવનું શિંગાળું ઘેટું**: પૃ. ૨૨, ૮૦ પૈસા; ૩) **કૂકડેકૂક કલગી લાલ**: (રશિયન લોકકથા): પૃ. ૧૪, ૬૦ પૈસા; ૪) **માશા અને રીંછ** (રશિયન લોકકથા): પૃ. ૧૦, ૪૦ પૈસા; ૫) **સૌથી જોરાવર કોણ?** (લે. વલેરી સૂસ્લોવ): પૃ. ૧૪, ૮૦ પૈસા; ૬) **જંગલના જીવ**: જંગલી પ્રાણીઓનો રંગીન ચિત્રો સાથે ટૂંક પરિચય આપતી પુસ્તિકા. પૃ. ૧૬, ૬૫ પૈસા.

બાલગોવિંદ પ્રકાશન
ગાંધી રોડ • અમદાવાદ-૧

ગાંધીતત્ત્વ મીમાંસા: ગાંધીજી મૌલિક વિચારસરણી લઈ વિશ્વફલક પર આવ્યા ત્યારે અનેકોની મીટ એમના તરફ મંડાઈ હતી. ગાંધીજીના સાચા અભ્યાસી ડૉ. શાંતિલાલ મ. દેસાઇએ આ પુસ્તકમાં ગાંધી-માનસ અને દર્શનને સ્ફુટ કરવાનો યોગ્ય પ્રયાસ કર્યો છે. ગાંધી-અભ્યાસમાં રસ ધરાવનાર પ્રત્યેકને આ પુસ્તક માર્ગદર્શક થઈ પડશે. પાકું પૂઠું, રૂ. ૪-૫૦.

એક્સપો '૭૦ના દેશમાં: તાજેતરમાં જાપાનમાં થએલા એક્સપો '૭૦ના વિશ્વમેળા પ્રસંગે શ્રી ઇશ્વરભાઇ પટેલને જાપાનનો ટૂંકો પ્રવાસ કરવાની તક મળેલી. એ દરમિયાન યુદ્ધોત્તર જાપાનની કાયાપલટનાં પરિબળોનો એમણે ત્યાંની સંસ્થાઓ, વ્યક્તિઓ, સ્થાનો આદિનો એમણે મેળવેલો પરિચય રજૂ કર્યો છે.

આ પુસ્તિકા એ દિશામાં પથદર્શક બને તેવી છે. કાચું પૂંઠું, પૃ. ૮૫, રૂ. ૨

આંગણાનો બગીચો અને ફૂલો: જેમને અવકાશ અને રુચિ છે તેઓ આજે પોતાનાં નિવાસસ્થાનોને પ્રાકૃતિક ઓપ આપવા નાનકડા બગીચાઓ આંગણામાં ઉગાડે છે. આ બાબતમાં કઈ જમીન તથા કયા હવામાનમાં કયા ફૂલછોડ કેવી રીતે ઊછરી શકે તેની માર્ગદર્શક માહિતી આપતી આ પુસ્તિકાના અનુભવી અને નિષ્ણાત લેખક છે ઇસ્માઇલભાઈ નાગોરી. કાચું પૂંઠું, પૃ. ૭૨, રૂ. ૧-૫૦.

આપણા જુગતરામકાકા: ગાંધીજીની જીવનદૃષ્ટિથી રંગાએલા અનેક મહાનુભાવોમાં સૂરતના રાનીપરજ વિભાગમાં બાપુબોધી જીવનકળાના સન્નિષ્ઠ શિક્ષક જુગતરામભાઇએ શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી છે. એમનાં જીવન અને કાર્યને મૂલવતા આ સંક્ષિપ્ત ચરિત્રના લેખક છે મનુભાઇ પંડિત. કાચું પૂંઠું, પૃ. ૧૧૨, રૂ. ૨.

બાલવાડી: સન્નિષ્ઠ બાલશિક્ષક જુગતરામ દવેએ ગાંધીચીંધ્યા 'બુનિયાદી શિક્ષણ'ના માર્ગે બાલશિક્ષણના જે પ્રયોગો કર્યા છે અને એ અનુભવમાંથી પૂર્વબુનિયાદી શિક્ષણ પદ્ધતિ વિચારી કાઢી છે તેના પરિપાકરૂપ આ પુસ્તિકા માબાપ અને બાલશિક્ષકોને ખૂબ જ માર્ગદર્શક અને પ્રેરણા પૂરી પાડનારી છે. પાકું પૂંઠું, રૂ. ૪.

બાલનાટકો અને બાલ-રંગભૂમિ: વાર્તારસિયાં કલ્પનારંગી બાળકોને નાટકો જોવાં ગમતાં જ હોય છે. આપણે ત્યાં બાલનાટકો અને બાલરંગભૂમિના ક્ષેત્રે શોચનીય દારિદ્ર્ય છે. એ દિશાની વિચારણાનો આ પુસ્તકમાં પ્રશસ્ય પ્રયાસ છે. ત્રણ ભાગમાં એના પૈકી પહેલો ભાગ ગુજરાતીમાં અને બીજો-ત્રીજો ભાગ અંગ્રેજીમાં છે. ચંદ્રવદન મહેતા, પ્રાગજી ડોસા, મધુકર રાંદેરિયા વગેરે અધિકારી નાટ્યવિદોની કલમે લખાએલા આ લેખો બાલનાટ્ય પ્રવૃત્તિમાં રસ ધરાવનારને માર્ગદર્શક થઈ પડશે. કાચું પૂંઠું, રૂ. ૨.

વિદેશ ૧-૨-૩: નાના બનતા જતા આજના વિશ્વમાં બાળકોને વિદેશોના પરિચય કરાવવાના હેતુથી શરૂ કરાએલી 'વિદેશ પરિચય-માળા'ની શ્રેણીની આ ત્રણ પુસ્તિકાઓ અનુક્રમે વિદેશના લોકો, ખોરાક અને ઘરોના પરિચય આપે છે. સરળ ભાષામાં રજૂ થએલી ધીરજલાલ ગજ્જરની આ પુસ્તિકાઓ બાળકો માટે જ્ઞાનવર્ધક બનશે. કાચું પૂંઠું. દરેકના ૭૫ પૈસા

આ છે રશિયા: રશિયન પ્રજા અને પ્રવૃત્તિઓના મુગ્ધભાવે પરિચય કરાવતું શ્રી વિજયગુપ્ત મૌર્યનું 'ઓળખવા જેવા દેશો' શ્રેણીનું આ પ્રથમ પુસ્તક અનેક આકૃતિઓ છતાં ય કોઈ પણ દેશ કેવી અદ્ભુત પ્રગતિ કરી શકે તેની શાખ પૂરે છે. પાકું પૂંઠું. રૂ. ૩-૫૦.

નૅશનલ બુક ટ્રસ્ટ

વિક્રેતા: વોરા ઍન્ડ કંપની
ગાંધી માર્ગ અમદાવાદ-૧

આર. જી. ભાંડારકર: ત્રિખંડ પંડિત રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરનાં જીવન અને કાર્યને સંક્ષેપમાં વિશદતાથી મૂલવતા એચ. એ. ફડકેના પુસ્તકનો મુરલી ઠાકુરે કરેલો ગુજરાતી અનુવાદ. કાચું પૂંઠું, પૃ. ૮૨, રૂ. ૨.

નેહરુ બાળ પુસ્તકાલયની શ્રેણીમાં પ્રગટ થએલાં નીચેનાં સાત પુસ્તકો રંગીન આલેખનોથી સુશોભિત અને સુંદર છપાઈવાળાં હોઈ બાલભોગ્ય બને તેવાં છે. બાળકપ્રિય નેહરુનું આ સાચું તર્પણ છે. આ શ્રેણીમાં પ્રકાશિત થએલાં પહેલાં બે પુસ્તકો—**બાપુ ભાગ ૧ અને ૨**—ના મૂળ લેખક છે એફ. સી. ફ્રીટ્સ; અનુ૦ ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૃ. ૬૪; ત્રીજું પુસ્તક **કાશ્મીર**: મૂળ લેખિકા માલા સિંગ, અનુ૦ શાન્તા ગાંધી, પૃ. ૪૮; **પક્ષી-જગત**: પક્ષીઓના સરળ પરિચય કરાવતી જમાલ આરાની ચોથી પુસ્તિકા, અનુ. વિજયગુપ્ત મૌર્ય, પૃ. ૬૨. **આપણી નદીઓ**: આપણી પ્રમુખ નદીઓના રસિક પરિચય કરાવતું પાંચમું પુસ્તક, લે૦ લીલા મજુમદાર. પૃ. ૬૪; **સ્વર્ગની યાત્રા**: બાળકોની કલ્પના અને જિજ્ઞાસાને ઉત્તેજે-પોષે તેવી વાર્તાઓની પુસ્તિકા, લેખિકા: લીલાવતી ભાગવત, અનુ૦ જયંત બક્ષી. પૃ. ૬૪; **આનંદને અજવાળાંની વાતો**: ઉપર્યુક્ત શ્રેણીનું આ છઠ્ઠું પુસ્તક આનંદપ્રદ નિર્દોષ બાલવાર્તાઓ રજૂ કરે છે. લે૦ મનોજ દાસ, અનુ. મૂળશંકર ભટ્ટ. પૃ. ૬૪. પ્રત્યેક પુસ્તકનું પૂંઠું કાચું, અને કિ. રૂ. ૧-૫૦

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ-૯

નાણાકીય સિદ્ધાંતો: સ્વતંત્ર ભારતઅર્થશાસ્ત્ર ને આર્થિક સમસ્યાઓના અભ્યાસ તરફ જ્યારે શિક્ષણસંસ્થાઓનું કાર્ય વિસ્તર્યું છે ત્યારે અનુભવી અધ્યાપક જ્યૉર્જ એન. હામના અંગ્રેજી પુસ્તક 'Monetary Theory'ના સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્વાન અનુભવી પ્ર. ડૉ. જ. દી. અધ્વર્યુએ કરેલો આ ગુજરાતી અનુવાદ સ્નાતક-અનુસ્નાતક કક્ષાના સર્વ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે તેવો છે. નાણાકીય સિદ્ધાંતોની ચર્ચામાં લેખકે જૂના-નવા સિદ્ધાંતકારોનો અહીં સુભગ સમન્વય કરી વિષયને વિશદતાથી વિદ્યાર્થીભોગ્ય બનાવ્યો છે. આ સિદ્ધાંતોની છણાવટ ભારતીય સંદર્ભમાં યોગ્ય રીતે અનુભવી શકાય તે હેતુથી ઉદાહરણાર્થે ભારતીય અનુભવો અને તારતમ્યોનો ઉપયોગ કર્યો છે તે આ પુસ્તકની ગુણવત્તામાં ઉમેરો કરે છે. ગુજરાત યુનિવર્સિટીનો આ પ્રશંસ્ય પ્રયાસ છે. પાકું પૂંઠું, પૃ. ૫૦૪, રૂ. ૧૦.

અવિદ્યા—અ પ્રૉબ્લેમ ઑવ ટ્રુથ ઍન્ડ રીઆલિટી: પ્રા. એસ્તર એ. સૉલોમન પીએચ. ડી. માટે મુંબાઈ યુનિવર્સિટીમાં રજૂ કરેલા મહાનિબંધના આ ગ્રંથ-સ્વરૂપમાં ભારતીય દર્શનો અને વિવિધ તત્ત્વ-વિચારસરણીમાં અવિદ્યાનું સ્થાન શું છે એના પર મૌલિક ચર્ચા અને તારણ જોવા મળે છે. બે ખંડમાં વહેંચાએલા આ અંગ્રેજી પુસ્તકમાંની શાસ્ત્રીય છણાવટ તદ્‌વિષયમાં રસ ધરાવનાર અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓને પણ ઉપયોગી થઈ પડશે. વિષયની રજૂઆત અને છણાવટ તથા મૌલિક તારણો પ્રાધ્યાપિકા એસ્તરબહેનની આ વિષયની ઊંડી સૂઝ તથા તેમના તલસ્પર્શી જ્ઞાનની પ્રતીતિ કરાવી રહે છે. ગુજરાત યુનિવર્સિટીનો આ પ્રયાસ પણ આવકાર્ય છે. પાકું પૂંઠું, પૃ. ૫૭૨, રૂ. ૧૦.

ગાણિતિક સંખ્યાશાસ્ત્રનો પરિચય: પ્રા. પાકુલ જી. હૉએલના વિશદ અંગ્રેજી પુસ્તકનો તે જ વિષયના આપણા વિદ્વાન આચાર્ય દિ. ચે. વશીએ કરેલો આ અધિકૃત અનુવાદ ગુજરાતી માધ્યમ દ્વારા આજે કેળવણી અપાઈ રહી છે ત્યારે આ વિષયમાં વિદ્યાર્થીઓને ઘણો ઉપયોગી થઈ પડશે. પાકું પૂંઠું, પૃ. ૫૬૪, રૂ. ૧૮.

ગુજરાતરાજ્ય લોકસાહિત્ય સમિતિ

રાજ્ય શિક્ષણભવન • અમદાવાદ ૧

ગુજરાતી લોકસાહિત્ય માળા—મણકો ૧૨: આપણા મહામૂલા ધન સમાં પણ અત્યારે ભૂલાતાં જતાં ગુજરાતનાં લોકગીતોને ગ્રંથસ્થ કરવાની જે પ્રશસ્ય પ્રવૃત્તિ ઉપર્યુક્ત સમિતિએ કરી છે, તેમાં જુદા જુદા પ્રદેશનાં ગીતોને રજૂ કરતાં ૧૧ પુસ્તકો પ્રસિદ્ધ થઈ ગયા છે. આ ૧૨મા પુસ્તકમાં ભાલ-નળકાંઠાનાં, ધંધુકા તાલુકાનાં, ઝાલાવાડ-ગોહિલવાડ વગેરેનાં વિવિધ પ્રસંગનાં લોકગીતો રજૂ થયાં છે. પાકું પૂંઠું, પૃ. ૩૨૦, રૂ. ૪.

મણકો ૧૩: ઉપર્યુક્ત શ્રેણીના આ ૧૩મા મણકામાં વણકર, સથવારા, સરાણિયા, પ્રજાપતિ, ભરવાડ વગેરે કોમોનાં લોકગીતો ઉપરાંત ચુંવાળ, વઢિયાર આદિ પ્રદેશનાં લોકગીતો પણ આપવામાં આવ્યાં છે. પાકું પૂંઠું, પૃ. ૩૦૪, રૂ. ૪.

ઓખામંડળની લોકકથાઓ: ઓખામંડળના વાઘેરોના ઇતિહાસ સાથે લોકસાહિત્યના અભ્યાસી લેખક પુષ્કર ચંદરવાકરે

ા પુસ્તકમાં ઓખામંડળની શૌર્ય-સાહસ ને
ાદ્ધા-અંધશ્રદ્ધાભરી ૧૪ લોકકથાઓ સંગ્રહી છે.
ાકું પૂંઠું, પૃ. ૨૧૧, રૂ. ૩.

લોકસાહિત્યની લાખેણી વાતો : ાલત ભટ્ટને કચ્છ તેમજ સૌરાષ્ટ્રના પ્રવાસ રમિયાન જે જે લોકકથાઓ સાંભળવા મળી ાને અહીં ગ્રંથસ્થ કરી છે. મરદાનગીની આ થાઓ સરસ લખાઈ છે. પૃ. ૧૯૨, રૂ. ૨-૫૦.

મરદાઈ માથાં સાટ : જોરાવરસિંહ તદવની કલમે લખાએલી મરદાઈની ૨૫ લોક-ાાર્તાઓ સાથે 'લોકકથા : ઉદ્ભવ, સ્વરૂપ ને વેકાસ' નામનો આમાંનો લેખકનો લેખ પણ એમની અભ્યાસનિષ્ઠા અને સૂઝની પ્રતીતિ રાવી આપે છે. પાકું પૂંઠું, પૃ. ૧૬૦, રૂ. ૨-૫૦.

કચ્છ–કથામૃત : શૌર્ય, ત્યાગ, ટેક અને આત્મ-સમર્પણભરી કચ્છ પ્રદેશની ૨૩ લોક-વાર્તાઓનો આ સંગ્રહ કચ્છના ભવ્ય ભૂતકાળનું દર્શન કરાવી જાય છે. સં. દુલેરાય કારાણી. પાકું પૂંઠું, પૃ. ૧૯૨, રૂ. ૨-૫૦.

નવાં પ્રકાશનો

જીવનમાંગલ્ય : 'નવચેતન' સામયિકના નિષ્ઠાવાન તંત્રીશ્રી ચાંપશી ઉદેશીએ આમાં ભારતીય સંસ્કૃતિને કેન્દ્રમાં રાખી માનવજીવન-ને ઉપયોગી થાય તેવા સનાતન અને યુગવ્યાપી ૪૧ ચિંતન-લેખો આપેલા છે. એમના લખાણ પાછળ એક પ્રકારની નિખાલસતા હમેશાં ડો-કાયા કરે છે. જીવનઘડતર માટે ઉપયોગી લેખો-નો આ સંગ્રહ આજના સંઘર્ષમય યુગમાં મનુષ્યને આશા, હિમ્મત અને સત્ત્વનું ભાથું પૂરું પાડે તેવો છે. પ્ર૦ નવચેતન કાર્યાલય, અમદાવાદ–૭. પાકું પૂંઠું, પૃ. ૧૭૫, રૂ. ૨–૫૦

આત્મચિંતન : સુપ્રસિદ્ધ ઍડવોકેટ સી. પી. શાહના, આત્મચિંતન અને તત્ત્વજ્ઞાનને લગતા લેખોના સંગ્રહની આ બીજી આવૃત્તિ મુમુક્ષુઓને નવદર્શન કરાવે તેવી છે. સાચા મુમુક્ષુને આ પુસ્તક વિના મૂલ્યે આપવાની લેખકની જિજ્ઞાસા હોઈ, શ્રી સી. પી. શાહ, દેસાઈ ફળિયા, નવા દહેરા, ભરૂચ, એ સરનામે પત્રવ્યવહાર કરવો. કાચું પૂંઠું, પૃ. ૨૮૮, રૂ. ૫

વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય : એ વિષયો પર વિશદ તત્ત્વવિચારણા કરતું શ્રી 'વિશ્વવંદ્ય'ની નિરાડંબરી શૈલીમાં લ-ખાએલું આ પુસ્તક શ્રેયસ્સાધકને માટે અચૂક ઉપયોગી છે. પુરુષાર્થ વિના શ્રદ્ધા ફળતી નથી એનું દર્શન આ લેખોમાં કરાવવામાં આવ્યું છે. પ્ર૦ શ્રી નૃસિંહ પ્રકાશન વતી, ૨૨, જગન્નાથ પૂજાલાલ ડૉકટર, ગોવાલિયા ટૅંક રોડ, મુંબાઈ-૨૬. પાકું પૂંઠું, પૃ. ૨૨૫, રૂ. ૩-૫૦.

ક્રાંતિ : ફેંક કરી છૂટવાની તમન્નામાંથી પ્રતિભાશાળી માનવ બચતો નથી. પ્રવર્તમાન સંજોગો સાથે પોતાની નવીન વિચારધારાથી એ સંઘર્ષમાં આવે છે અને જન્મે છે ક્રાંતિ. પ્રત્યેક મહાપુરુષનો જીવન ઇતિહાસ એટલે આવી કોઈ ને કોઈ પ્રકારની ક્રાંતિ, એ વાતને ચર્ચતું પુસ્તક; લે૦ યુ. એન. દર્શનદાસ; પ્ર૦ શ્રી દર્શન ગ્રંથ-માળા, ઉદાસીન સંતકુટિર, સિહોર; કાચું પૂંઠું, પૃ. ૭૭, રૂ. ૨-૨૫.

મહાત્મા શ્રી મેકણદાદા : કચ્છના સેવાભાવી સંત મેકણદાદાની વાતો અને ભજન-સાખીઓ લગભગ પ્રત્યેક કચ્છવાસીને પરિચિત છે એવા કર્મવીરની જીવનગાથા સાથે એમનાં ભજનો-સાખીઓ પણ આ પુસ્તકમાં સામેલ થએલાં છે. જીવનોપયોગી પ્રેરકચરિત્રનું પુસ્તક: લે૦ ડૉ. મોહનદાસ ધર્મદાસ કાપડી; પ્ર૦ લેખક ૪૧ મહાલક્ષ્મી સોસાયટી, નયા અંજાર (કચ્છ), કાચું પૂંઠું, પૃ. ૨૮૮, ધર્મલાભ અર્થે વિનામૂલ્યે.

કર્મયોગી છગનબાપા : મહાપુરુષોનાં જીવનચરિત્રો એ પ્રજાજનો માટેની પ્રેરણા-સરિતા છે. કર્મયોગી છગનબાપાના જીવન અને સેવાની મૂલવણી કરતું આ પુસ્તક આપણને કર્મયોગનો મહિમા સમજાવે છે. એનું વાચન જરૂર જીવનપરિમલ પમરાવશે. પ્ર૦ હરિલાલ રૂગનાથ રાચ્છ, ૧૪૨, જૈન સોસાએટી, શિવ, મુંબઈ–૨૨, કાચું પૂંઠું, પૃ. ૯૮, રૂ. ૧.

રાધા–માધવ : ભારતીય સંસ્કૃતિનાં એ

બે પ્રમુખ પાત્રોને સ્થૂળથી પર, સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનથી નિહાળવાનો પ્રયત્ન કરતી મૂળ હનુમાનપ્રસાદ પોદ્દારની પુસ્તિકાનો રાજેન્દ્રસિંહ વિ. રાયજાદાનો અનુવાદ. પ્ર૦ અનુવાદક : પોતે, પોસ્ટ સોંદરડા, કેશોદ (જિ. જૂનાગઢ). કાચું પૂંઠું, પૃ. ૬૪, રૂ. ૧-૫૦.

શ્રી પેથડશા : ઇસ્વી. ૧૩મી સદીમાં થઈ ગએલા મહામંત્રી પેથડશાનું, તત્કાલીન સામાજિક–ઐતિહાસિક પૃષ્ઠ-ભૂમિકામાં રચાએલું જીવનચરિત્ર. સંપાદક મુનિશ્રી જયપ્રભવિજયજી, પ્ર૦ શા મોતીચંદ ન., ધર્મસિંહ, જયચામરાજ નગર, હુબલી. પાકું પૂંઠું, પૃ. ૧૨૦, રૂ. ૧-૫૦.

વરસ્યો મેઘમલ્હાર : ભક્ત કવિ નરસિંહની દૌહિત્રીઓ તાના અને રીરીએ સ્વ-શીલ-રક્ષા કાજે કરેલા અગ્નિસ્નાનની વાતને કેન્દ્રમાં રાખી આ બે કથાનાયિકાનું સ-રસ કલામય ચિત્ર આ નવલમાં સુપ્રસિદ્ધ મરાઠી લેખિકા કુ. સુમતિ ક્ષેત્રમાડેએ રોચક શૈલીમાં આપ્યું છે. અનુવાદક : ગોપાળરાવ વિદ્વાંસ; પ્ર૦ સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ. નવિગામ ક્રૉસ લેન, મુંબઈ-૧૪. પાકું પૂંઠું, પૃ. ૨૬૦, રૂ. ૧૨.

હિમાલયદર્શન : જગતભરના આકર્ષણરૂપ નાગાધિરાજ હિમાલયના પ્રવાસનું સચિત્ર, સરળ પુસ્તક. લેખિકા : વીરમતિબહેન ત્રિવેદી, કાચું પૂંઠું, પૃ. ૧૬૩, રૂ. ૩.

બીજગણિતના અવયવો : બીજગણિતમાં અવયવો પાડવા માટેની સ્વતંત્ર નવતર રીતિઓનું શ્રી લાભશંકર મહેતાએ આ પુસ્તિકામાં નિરૂપણ કર્યું હોઈ શાળાના વિદ્યાર્થીઓને એ ઉપયોગી બની રહેશે. જીવનયોગ પ્રકાશન, સરસ્વતિસદન, રામજી ટેકરા, વલસાડ કાચું પૂંઠું, પૃ. ૩૬, ૭૫ પૈસા, ટ. ખર્ચ ૨૫ પૈસા

મંથન : હરજીવન થાનકી પોતાના શિક્ષણવ્યવસાય દરમિયાન જે મંથનોમાંથી પસાર થયા છે તે નિરૂપતા એમના ૪૫ લેખોનો સંગ્રહ. કાચું પૂંઠું, પૃ. ૧૫૨, રૂ. ૫-પ્ર૦ લેખક, આર્યકન્યા ગુરુકુલ, પો. બો. નં. ૧, પોરબંદર.

રાજ્યશાસ્ત્ર-વિચાર : રાજ્યશાસ્ત્રના ઊંડા અભ્યાસી અને લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑાવ પોલિટિકલ સાયન્સના સ્થાપક-સંચાલક પુરુષોત્તમ ગણેશ માવળંકરનું રાજ્યશાસ્ત્ર વિષેનું ઊંડુ મનન અહીં આપવામાં આવેલા ૨૨ લેખોમાં સુપેરે વ્યક્ત થયું છે. આપણાં નાગરિકોને લોકશાહીના યુગમાં રાજકીય સજગતા જાળવવા આ લેખો ઉપયોગી થઈ પડશે. સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧. કાચું પૂંઠું, પૃ. ૧૫૫, રૂ. ૩-૫૦.

પ્રેમળ જ્યોતિ : સેવાભાવી પુરુષ ડૉ. રસિકલાલ શાહની જીવનકથા. લે. ઈલા રસિકલાલ શાહ. પ્ર૦ સેવાસંઘ સાર્વજનિક ઑસ્પિટલ, મોડાસા. પાકું, પૃ. ૨૩૨, કિ. દર્શાવી નથી.

આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૪, ૧૭૯૯ શ્રીરંગપટ્ટણના યુદ્ધમાં ટીપુનું મૃત્યુ. હિંદમાં સામ્રાજ્ય સ્થાપવા મથતા અંગ્રેજોને હાંકી કાઢવાના હૈદરના પ્રયત્નો જારી રાખનાર ટીપુનો કાંટો કાઢવા તેની સાથે મૈત્રીના કરાર કરી બીજી બાજુ અંગ્રેજોએ એના અમલદારો ફોડયા અને યુદ્ધની તૈયારી કરી. ૩૦ હજારની સેના સાથે અચાનક હુમલો કર્યો. આગલાં યુદ્ધોથી નિર્બળ ટીપુએ એનો આરંભમાં તો સફળ સામનો કર્યો, પણ એના ખૂટલ અમલદારોના પાપે અંગ્રેજ સેના શ્રીરંગપટ્ટણ પહોંચી ગઈ. ત્યાં પણ દગો રમાયો અને મુઠ્ઠીભર માણસો સાથે ટીપુએ કેસરિયાં કર્યાં. કિલ્લાને દરવાજે મોટું ધીંગાણું મચ્યું. ઘાયલ ટીપુ પર એક અંગ્રેજ અમલદારે ગોળી છોડી ને ટીપુ મરાયો. ત્રીજે દિવસે ટીપુના પુત્ર ફતહ હૈદર અને પ્રધાન પુર્ણિયાએ શરણાગતિ સ્વીકારી. દક્ષિણનો વાઘ જતાં અંગ્રેજોનો માર્ગ મોકળો બન્યો.

તા. ૫, ૧૯૪૩ શિષ્ટ સમાજમાં સંગીતની પ્રતિષ્ઠા કરનારાઓમાંના એક પુરુષાર્થી ભારતના ગાયનાચાર્ય વઝે બુવાનું અવસાન. બહુ નાની વયે ઘર છોડી મુંબાઈ, ઇંદોર, બનારસ ને ગ્વાલિયર જઈ કપરી ગરીબી ને



અપમાનો વેઠી એમણે અનેક નામી ગાયકો પાસે ગાયનકળાની કપરી સાધના કરી. તે પછી આગ્રા, જયપુર, દિલ્હી, રીવા, અમરાવતી, બરેલી થઈને આજીવિકા મળી જતાં એક વર્ષ નેપાળમાં રહ્યા. આ પછીનો એમનો જીવનકાળ એમના ગાયનની સિદ્ધિનો કાળ છે. એમાં પ્રતિષ્ઠા અને પૈસા બંને મળ્યાં, રેડિયો પર પણ એમના સંગીતને એ કાળે વધુમાં વધુ પુરસ્કાર મળતો. કૉલંબિયા કંપનીએ પણ એમનાં ગાયનની રેકૉર્ડ્સ ઉતારી. પોતાની મુશ્કેલીઓને યાદ રાખી એમણે શિષ્યોને કશી કૃપણતા રાખ્યા વિના પોતાની કળા શીખવી. કેસરબાઈ, મોઘુબાઈ, બાબુરાવ પેંઢારકર, વિનાયકરાવ કાગળકર, ગુરુરાવ દેશપાંડે વગેરે એમનાં જ શિષ્યો. ઉત્તરાવસ્થામાં ગાયન અશક્ય થઈ પડયું ત્યારે 'સંગીતકલાપ્રકાશ' નામે બે અભ્યસનીય ગ્રંથ લખ્યા. સ્થૂળ અને ગૌર શરીર, મસ્તી ને આનંદભરી નિર્મળ આંખોવાળા એ નમ્ર ગાયનાચાર્ય છેવટના સાતઆઠ વર્ષ અનેક બીમારીમાં પીડાયા હતા.

તા. ૨૧, ૧૫૦૨ જોઆઓ ડી નૉવાએ સેન્ટ હેલિના ટાપુ શોધ્યો.



સેન્ટ હેલિના ટાપુ પરનું એક દૃશ્ય. અહીંથી નજીકમાં નજીકનો દેશ આફ્રિકા પણ ૧૨૦૦ માઈલ દૂર છે.

ઇ. ૧૬૫૯માં આજ માસની પાંચમી તારીખે ઇસ્ટ ઇંડિયા કંપનીના કૅપ્ટન ડટને આ ટાપુ કબજે કર્યો અને ઇ. ૧૮૨૧ની આ જ માસની પાંચમી તારીખે ત્યાં અંગ્રેજોની કેદમાં નૅપોલિયનનું અવસાન થયું.


તા. ૨૯, ૧૪૫૩ કૉન્સ્ટંટીનોપલ તુર્કોને હાથ ગયું. વિસ્તૃત રોમન સામ્રાજ્યને 'બર્બરો' સામે લડવાની અનુકૂળતા રહે એ દૃષ્ટિથી એશિયા



કૉન્સ્ટન્ટીનોપલમાં કોન્સ્ટન્ટાઈનનું સ્મારક અને પાછળ ત્યાંની છ મિનારવાળી અહમદ મસ્જિદ

અને યુરોપની સીમા પર આવેલી જૂની ગ્રીકવસાહત બાયઝેન્ટિયમની પાસે ઈ. ૩૨૮થી ૩૩૦માં સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને કૉન્સ્ટન્ટીનોપલ વસાવ્યું. આગળ જતાં રોમન સામ્રાજ્યના બે ભાગ પડી જઈ પૂર્વનું એ એક મહાન સામ્રાજ્ય બન્યું. રોમન રસમો અને ખ્રિસ્તી ધર્મવાળું આ બાયઝેન્ટાઈન સામ્રાજ્ય હૂણ, આરબ ને તુર્કો સામે સતત લડતું રહીને યે સદીઓ સુધી ટકી રહ્યું. પણ બીજી બાજુ ઑટોમન તુર્કોએ એની ચોપાસના પ્રદેશો જીતી લઇ એને અટૂલું પાડી દઈને અંતે તેના પર ચડાઈ કરીને એ જીતી લીધું. આ હારથી યુરોપ આખું હચમચી ગયું. ઇતિહાસના મધ્યયુગ અહીં પૂરો થયો. અહીંથી નાસેલા વિદ્વાનો અને પંડિતોએ ઇટાલીમાં ને તે પછી યુરોપભરમાં એક નવી જાગૃતિ પસારી ને 'રિનેસાં'નો ત્યારથી આરંભ થયો.

તા. ૩૦, ૧૮૯૧ ગઈ સદીના ગુજરાતના એક અગ્રગણ્ય કેળવણીકાર અને સમાજ સુધારક મહીપતરામ રૂપરામ નીલકંઠનું અવસાન. ૧૮૧૯માં એમનો જન્મ. ૧૮૫૪માં પૂનાની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ત્રીજા વર્ષની



પરીક્ષા ઊંચે નંબરે પાસ કરી તેઓ ત્યાં જ જોડાયા તે દરમિયાન મુંબાઈની ત્યારની બધી જ સાહિત્યિક ને સમાજસુધારક સંસ્થાઓ સાથે એમણે સંબંધ બાંધી દીધેલો ને કરસનદાસ મૂળજીની ગેરહાજરીમાં થોડો સમય 'સત્ય પ્રકાશ'નું તંત્રીપદ પણ સંભાળેલું. ૧૮૫૭માં અમદાવાદ હાઇસ્કૂલમાં એક્ટિંગ હેડમાસ્તર બન્યા પણ ત્યાંથી ઈલાકાના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર હોપે એમને પોતાના ડેપ્યુટી બનાવ્યા. આ પછી 'હોપ વાચનમાળા' કમિટીમાં એમણે કરેલી કામગીરીને સરકારે એમને 'રાવસાહેબ' બનાવીને બિરદાવેલી. ઈ. ૧૮૬૦માં ટ્રેનિંગ શાળાઓનો અનુભવ લેવા સરકારે એમને ઇંગ્લૅંડ મોકલ્યા પણ એ પરદેશગમન માટે જ્ઞાતિએ એમને બહુ હેરાન કરેલા. ઈ. ૧૮૬૧માં તેઓ અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં પ્રિન્સિપલ બન્યા તે સાથે સરકારી ભાષાંતરકાર તરીકે પણ કામ કર્યું. 'ગુજરાત શાળાપત્ર,' 'પ્રાર્થનાસમાજ', 'વિધવા પુનર્વિવાહ સભા', 'હિંદુ સંસારસુધારા સમાજ', 'નૅશનલ ઇન્ડિયન એસોસીએશન', 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટી', અંજુમને હિમાયતે ઇસ્લામ' વગેરે અનેક સંસ્થાઓના મંત્રી કે પ્રમુખ તરીકે તેમણે કામ કરેલું. છેવટ અનાથ છોકરાઓને પાદરીઓ ખ્રિસ્તી બનાવી દેતા તેની સામે એક યોજના વિચારેલી પણ એ અમલી બને તે પહેલાં કૉલેરામાં એમનું અવસાન થયું. પાછળથી એમના મિત્રો-શિષ્યોએ 'મહીપતરામ અનાથ આશ્રમ' સ્થાપી એમની એ યોજનાને મૂર્ત કરી.

ચડતા દિનનું પારખું, નિત આવે મે'માન
પડતા દિનનું પારખું, આંગણ ના'વે શ્વાન.

ચીનના મહર્ષિ કૉન્ફ્યુશિયસને રાજ્ય માટે ત્રણ મહત્ત્વની વસ્તુઓ કઈ એમ પૂછતાં તેમણે કહ્યું કે 'પૂરતું અન્ન, પૂરતું લશ્કર અને પ્રજાનો વિશ્વાસ'. 'એ ત્રણે એક સાથે ન મળે તેમ હોય તો એમાંથી શું જતું કરવું, એમ પૂછતાં ઉત્તર મળ્યો: 'પહેલાં લશ્કર અને પછી અન્ન; પણ પ્રજાને જો રાજ્યકર્તામાં વિશ્વાસ ન હોય તો રાજ્ય ન જ ટકી શકે'.

કહેવતોના અર્થ: 'ઊંબું વેચીને ડફોળ બન્યા.' —વેપારમાં મોટો લાભ થવાની લાલચ આપનાર વાણિયાની વાતમાં ફસાઈને તેનાં નાણાં માટે પોતાની ભેંશ વેચી નાખનાર ખેડૂત, અંતે પોતાનો ચાલુ ગુજારો આપતું સાધન પણ ગુમાવવાની મૂર્ખાઈ કરી બેઠો એ દૃષ્ટાંત ઉપર રચાએલી આ કહેવતને પાત્ર આપણા તાજા રાજકારણના પાટલીબદલુઓ પણ નથી બન્યા? રોજ સોનાનું એક ઇંડું મૂકતી મુરઘીને, તેના પેટમાંનાં બધાં ઈંડાં એકસામટાં મેળવવાની લાલચે કાપી નાખનાર ડફોળનું દૃષ્ટાંત તો દુનિયાભરના લોકો જાણે છે.

અનેકાર્થી શબ્દ: **સરસ્વતી**: બ્રહ્માની પત્ની; બ્રહ્મદેવની જ્ઞાનશક્તિ; બ્રહ્માના વામાંગમાંથી ઉત્પન્ન થએલી અને સ્વયંભૂ મનુની સ્ત્રી શતરૂપા; એ નામની નદી; એ નદીને કિનારે બાર વર્ષનો સત્ર કરનાર સોમવંશી અંત્યનારને સાક્ષાત્ પ્રકટ થઈ પરણનાર—જેનાથી એને ત્રસ્નુ નામે પુત્ર થયો (આ રીતે પુરાણોમાં બીજી અનેક સરસ્વતી નામક નારીવિશેષનાં વર્ણન છે); સંન્યાસીના દસ પ્રકારોમાંનો એક—જેમકે દયાનંદ સરસ્વતી; એ નામનો સંગીતનો ૧૮ માત્રાનો તાલ; ગાયત્રીની ૨૪ શક્તિઓમાંની એક; ૬૪ યોગિની પૈકીની એક; શરીરની ૧૪ નાડીઓ પૈકી એક—સુષુમ્ણા; સોમવલ્લી વનસ્પતિ; માલકાંકણી નામે વનસ્પતિ; હિંડોલ રાગની આઠ માંહેની એક રાગિણી.


૧ થી ૯ સુધીના કોઈ પણ અંક વડે નિઃશેષ ભાગી શકાય એવી સંખ્યા : ૨૫૨૦

૯ અને ૧૦ એ બંને, પાસેપાસેથી એવી સંખ્યા છે કે જેમાં પહેલી વર્ગ છે અને બીજી ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર છે. આ તો સાદી બાબત છે, પણ આવાં બીજાં જૂથ શોધવાનું ઉચ્ચ ગણિતશાસ્ત્રના અભ્યાસીઓ જ કરી શકે. તમને રસ ખરો? — મ. ના. ખત્રી

કપડાની કાળી ચમક પાછી લાવવા ઠંડું ચહાનું પાણી ને ઍમોનિયાનું મિશ્રણ તે પર લગાડવું.



જોહાનિસબર્ગના એક ડૉ. રેમન્ડ એ. ડાર્ટનો મત છે કે સફરજનનો ગર કાઢવાનું જે સાધન વપરાય છે એ પ્રકારનું સાધન માણસ અઢી લાખ વર્ષથી વાપરે છે!



દૃષ્ટિફેરની ગમ્મત: બાજુના ચિત્રમાં સામાન્ય નજરે તો એક ટેબલને આપણે ઉપરથી જોતા હોઇએ એમ દેખાશે. પણ દૃષ્ટિફેર થતાં એવું પણ દેખાશે કે પાછલા બે પાયા જેના નીચે છે, અને આગલા બે પાયા ડાબી તરફ ઉપર છે, એવા ટેબલને તળિયેથી જાણે આપણે જોઈએ છીએ. એક વખત ચિત્રને ઊલટાવીને જોશો તો એ ખ્યાલ પકડાશે.



સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૭૧નું વર્ષ દુનિયા પરથી જાતીય ભેદભાવો દૂર કરવા માટેના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે નક્કી કર્યું છે. આ વિચારને પ્રોત્સાહન આપવા અને એ પ્રતિ સૌ રાષ્ટ્રોને સજાગ રાખવા માટે યોજેલી આ સંજ્ઞામાં રાષ્ટ્રસંઘનો દ્યોતક પાંદડીઓની ડાંખળીઓ વચ્ચે વિવિધ જાતિ, રંગ અને વંશના એક્યનું સૂચક અને સચોટ આલેખન છે.

તમને વધુ સુખની જરૂર નથી એનું ભાન થાય એ જ મોટામાં મોટું સુખ છે.

હાથામાંથી છૂટું નીકળી આવેલું છરીનું પાનું બેસાડવા માટે બે ભાગ રાળ અને એક ભાગ ચાકનો બારીક ભૂકો હાથાના કાણામાં ભરી દઈ છરીનો એ છેડો લાલ તપાવી અંદર જોરથી બેસાડી દેવો. રસાયણ ઓગળી ઠંડું પડતાં સજ્જડ ચોસ લઈ લેશે.

'પરીક્ષામાં જો હું તારા કરતાં વધારે માર્ક લાવું તો તારે મારી સાથે પરણવું પડશે.'
'અને જો હું વધારે માર્ક લાવું તો?'
'તો... પછી હું તારી સાથે પરણીશ, બસ!'

ઊંઘ ન આવતી હોય તો એ માટેની ગોળી લેવાને બદલે આંખ ને કપાળ પર ઠંડા પાણીનું પોતું મૂકવું અને ટાઢક લાગે પછી તાલબદ્ધ શ્વાસોચ્છ્વાસ કરવાથી ઘણો લાભ થશે.




કલાકણિકા: છે તો માત્ર માટીનું જલપાત્ર, પણ કૉંગોના આફ્રિકન કારીગરે એને સ્ત્રીની દેહાકૃતિ આપીને એક આગવી નજાકત ઊપજાવી છે.



△ નવનીત

ચિત્રકાર: વાસુદેવ સ્માર્ત

▽ શિશિર



દેવ સ્માર્તનાં બે ચિત્રો. પહેલું રોજિંદા ગ્રામજીવનનું સાદગીસભર સૌન્દર્ય સ્ફુટ
। બીજું કવિ કાલિદાસના ઋતુસંહારમાંના શિશિર વર્ણનને. પહેલાની સપાટ
અને બીજાની કાવ્યમય રેખાના લયવળાંકો ચિત્રવિષયને સચોટતા આપે છે.
▽(બ્લૉક: ગુજરાતી કવિતાના ઋતુપત્ર 'કવિલોક'ના સૌજન્યથી)